Each soul is potentially divine.

The goal is to manifest this Divinity within,
by controlling nature, external and internal.

Do this either by work, r worship, or psychic control,
or philosophy, by one or more, or all of these—and be free.

This is the wh le f Religion.

Doctrines, or dogmas rituals book, or
temples forms, are but secondary details.

Raja Yoga — Swami Vivekananda

દરેક આત્મા ભાવથી પરમાત્મા છે

અંદર રહેલા આ પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો એ ધ્યેય છે

આ ધ્યેયને કર્મથી ભક્તિથી, યોગથી, તત્ત્વદર્શનથી–એક યા અનેક સાધનો વડે અથવા તો સર્વ સાધનો વડે-સિદ્ધ કરો

ધર્મનો સાર આ છે

સિદ્ધાન્તો, માન્યતાઓ, ક્રિયાઓ, ધર્મગ્રંથો, મંદિરો, પ્રતીક–આ બધી ગૌણ બાબતો છે

રાજયોગ — સ્વામી વિવેકાનંદ

મુદ્રક અને પ્રકાશક [illegible]
શ્રી મહોદય પ્રી. પ્રેસ–ભાવનગર.

સ્વ. મોતીચંદ ગિરધર કાપડિયા



જન્મ
સં. ૧૯૩૫ માગશર વદ ૨
તા. ૭-૧૨-૧૮૭૯

સ્વર્ગવાસ
સં. ૨૦૦૭ ફાગણ વદ ૫
તા. ૨૭-૩-૧૯૫૧



પ્રકાશકનું નિવેદન

સ્વ૦ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના એક આદ્ય સંસ્થાપક હતા અને એ સંસ્થાની સ્થાપના ઈ. સ. ૧૯૧૫માં થઈ ત્યારથી જીવનના લગભગ અન્તકાળ સુધી તેમણે મંત્રી તરીકે એ સંસ્થાની અનેકવિધ સેવાઓ બજાવી હતી. આ તેમની વર્ષોભરની અપૂર્વ સેવાની કદર તરીકે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તેમના સહકાર્યકર્તાઓએ તા. ૨૦-૩-૪૯ ના રોજ સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના પ્રમુખપણા નીચે સુન્દરાબાઈ હૉલ (મુંબઈ)માં યોજાયેલ એક જાહેર સંમેલનમાં શ્રી મોતીચંદભાઈને રૂ. ૭૦૦૦૧) ની થેલી અર્પણ કરી હતી. આ રકમમાં પોતા તરફથી રૂ. ૫૦૦૦) ઉમેરીને તેમણે સાહિત્ય પ્રવૃત્તિમાં એ રકમનું વ્યાજ તેમજ મુદ્દલ ખરચવું એવી લાગણીપૂર્વક કુલ રૂ. ૭૫૦૦૧) ની રકમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને પુનઃ સુપ્રત કરી હતી. આ રકમના ઉપયોગ સંબંધમાં તા. ૪-૨-૫૧ ના રોજ મળેલી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિએ જે યોજના કરી હતી તેમાં એક કલમ નીચે મુજબ હતી:—

"સન્માન થેલી ખાતે વિદ્યાલયને પ્રાપ્ત થયેલી રકમમાંથી રૂ. ૨૦૦૦૦) સુધીની રકમ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાના પ્રગટ તેમ જ અપ્રગટ લેખો તેમ જ પુસ્તકોમાંથી પસંદ કરીને યોગ્ય લાગે તે લેખો તેમ જ પુસ્તકો પ્રગટ કરવા પાછળ ખરચવી."

આ ક્રમ અનુસાર સ્વ. મોતીચંદ કાપડિયાએ લખેલા અધ્યાત્મ-કલ્પદ્રુમ ની ત્રીજી આવૃત્તિ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી આજથી કેટલાંક વર્ષ પહેલાં પ્રગટ કરવામાં આવી છે અને આજ આજથી ૩૯ વર્ષ પહેલાં શ્રી જૈન ધર્મ પ્રસારક સભા (ભાવનગર) તરફથી પ્રગટ કરવામાં આવેલા શ્રી મોતીચંદ કાપડિયા રચિત 'જૈન દૃષ્ટિએ યોગ' ની બીજી આવૃત્તિ પ્રગટ કરતાં આજે અમને ખૂબ આનંદ થાય છે. આ પુસ્તક પુન: પ્રગટ કરવાની અનુમતિ આપવા માટે અમે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો આભાર માનીએ છીએ.

આજે જ્યારે યોગ શું ? તે જાણવા તરફ લોકરુચિ વધારે ને વધારે સતેજ થતી દેખાય છે ત્યારે આ પુસ્તકનું પુન: પ્રકાશન માત્ર જૈન સમાજના જ નહિ પણ યોગના વિષયમાં અભિરુચિ ધરાવનાર વિશાળ શિષ્ટ સમાજના પણ અધિક આવકારને પાત્ર બનશે એવી અમે આશા રાખીએ છીએ. લેખક આ પુસ્તકના આમુખમાં જણાવે છે તેમ મૂળ તો જૈન યોગી આનંદઘનજીના પદોનો અભ્યાસ કરતાં તે પદોનું સવિસ્તર વિવેચન લખવા તરફ લેખક આકર્ષાયા અને એ પદોમાં જ્યાં ત્યાં યોગના પારિભાષિક શબ્દો આવતા હોવાથી એ પદો સુગમ બને તે હેતુથી એ વિવેચનના ઉપોદ્ઘાતરૂપે યોગ ઉપર એક નાનો સરખો નિબંધ તૈયાર કરવાની લેખકને જરૂર લાગી. પરિણામે પ્રસિદ્ધ જૈન આચાર્યોએ લખેલા અનેક યોગગ્રંથોના તારણરૂપ એક નિબંધ લેખકે તૈયાર કર્યો. લખતાં લખતાં એ નિબંધ એટલો મોટો થઈ ગયો કે તેને ઉપોદ્ઘાતરૂપે 'આનંદઘનપદરત્નાવલિ'ના લખાણ સાથે જોડી શકાય એ

કરતાં એક સ્વતંત્ર પુસ્તકરૂપે પ્રગટ કરવાનું લેખકને વધારે ઠીક લાગ્યું અને તે રીતે આ પુસ્તકનો જન્મ થયો

શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી આનંદઘનપદ રત્નાવલિ ના પ્રથમ ભાગની બીજી આવૃત્તિ પ્રગટ કરવાની વિચારણા થઈ રહી છે તે પ્રગટ થાય તે પહેલાં તે પદોની યૌગિક પરિભાષા સમજવામાં વાચકોને સરળતા પ્રાપ્ત થાય એ હેતુથી તૈયાર કરવામાં આવેલા આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવે તે સર્વથા ઉચિત જ છે યોગના વિષયમાં જૈન દર્શન એક વિશિષ્ટ દૃષ્ટિ ધરાવે છે અને તેને લગતી જૈન પરિભાષા પણ અનોખી છે આ દૃષ્ટિ તેમ જ પરિભાષાનો આ પુસ્તક દ્વારા વાચકોને સારો પરિચય થશે એવી આશા છે

ગોવાલીઆ ટેંક રોડ
મુંબઈ ૨૬ તા. ૨૬-૧-૧૯૫૪

ચંદુલાલ સારાભાઈ મોદી
ચંદુલાલ વર્ધમાન શાહ
મંત્રીઓ : શ્રી મહાવીર જૈન વિદ્યાલય



આમુખ

યોગના સંબંધમાં લોકોમાં સામાન્ય રીતે બહુ ગેરસમજૂતી ચાલે છે. યોગ શબ્દની આજુબાજુ એટલી જડતા આચ્છાદિત થઈ ગઈ છે કે આજે યોગ સામાન્ય પ્રજાથી વેગળ અગમ્ય વિષય હોય એવી લોકમાન્યતા થઈ ગઈ છે. જોગી, જતી, સંન્યાસી, વેરાગી એ નામથી ઓળખાતા વર્ગોમાં આજે કોઈ જડીબુટ્ટીનો ચમત્કાર હોય તેઓ સમ્મતિ નાખી દેનારા હોય, કુદરતની અજોડ શક્તિને વશ કરનાર હોય એવો ખ્યાલ લોકોમાં પેસી ગયો છે. સ્વાર્થ સાધવાની ઇચ્છાવાળા સાંસારિક વસ્તુઓ કે સિદ્ધિઓની ઇચ્છાવાળા અને લોકોના વહેમ અને ભૂખ પર આજીવિકા ચલાવનારાઓએ લોકોના આ જાતના વિચારને ઉત્તેજન આપવા ઘણું કર્યું છે એમ પણ જણાય છે. આ ખ્યાલ વધુ જોરો છે. યોગ એ મોક્ષપ્રાપ્તિનો પરમ શ્રેષ્ઠ ઉપાય છે તેને જડીબુટ્ટી કે ચમત્કાર સાથે ખાસ સંબંધ નથી અને બરાબર વિચાર કરતાં લબ્ધિ તથા સિદ્ધિઓ યોગમાર્ગમાં રખડતા બનાવનાર છે અને આત્માનો અધઃપાત કરનાર છે તેમ જ વિશિષ્ટ પુરુષો તેનો ખાસ કારણ વગર ઉપયોગ કરતા નથી એમ શાસ્ત્રદૃષ્ટિએ બતાવવાની ઘણી જરૂર લાગી.

સાથે એમ પણ જણાયું કે સમ્યક્ત્વ-ચારિત્ર જેવા યોગમાં અતિ ઉપયોગી બતાવનાર વિષયના સંબંધમાં ઘણા ખાસ અભ્યાસવાળી પ્રજાઓ એટલી જડતા બતાવે છે કે તેઓ હજુ પોતાનો આત્મા ઉન્નતિક્રમમાં વિશેષ આગળ વધી શકે

છે એમ માનીને જ આવે છે આ બાબતમાં વિગતથી ખુલાસો
આધારપૂર્વક કરવાની બહુ જરૂર લક્ષમાં આવી. યોગનો વિષય
સામાન્ય રીતે ધારવામાં આવે છે તેવો અગમ્ય નથી તેમ જ
સમકિત જેવો અતિ મહત્ત્વનો આત્મગુણ પ્રાપ્ત કરવો તે
બાળકનો ખેલ પણ નથી; એ બન્ને બાબત ખુલાસો કરવાની
જરૂર હતી. આ ખુલાસો કરવાની યોગ્ય તક હાથ ધરવા
પહેલાં સારી રીતે તે વિષય સમજવા માટે એ દૃષ્ટિપૂર્વક
અભ્યાસ કરવાની જરૂર હતી. આખુ વિષય ઉક્ત વિચાર અને
અભ્યાસનું પરિણામ છે

આનંદઘનજીના પદોમાં યોગજ્ઞાન ભરેલું છે તેનું વિવેચન
લખતાં તેની પ્રસ્તાવના સાથે ઉપોદ્ઘાતરૂપે યોગ સંબંધી
કાંઈક વિસ્તારપૂર્વક લેખ લખવાની આવશ્યકતા ખાસ જણાઈ
જ્યાંસુધી આવા વિષય પર વિચાર કરી તેનું આંતર રહસ્ય
સમજવામાં ન આવે ત્યાંસુધી પદોમાં રહેલ રહસ્ય પ્રાપ્ત થવામાં
ઘણી અગવડ આવશે એમ ધારી યોગના વિષયને સારા આકાર-
માં મૂકી પદો પરના વિવેચનને ઉપોદ્ઘાત તરીકે લખવા
કરવા નિશ્ચય થયો. જ્યારથી આ વાતનું સ્મરણ છે ત્યાં એક માસ
સુધી સંવત ૧૯૭૦ ની શરૂઆતમાં રહેવાનું થતા આ વિષયની
રૂપરેખા વિચારવામાં આવી અને કેટલોક ભાગ લખ્યો. ત્યાર
પછી તે પૂરો કરતાં જણાયું કે વિષય કાંઈક વધારે મોટો થશે
અને ઉક્ત વિવેચનનું કદ અસલ યોજના કરતા વધારે મોટું
થતું બન્નેને એક જ પુસ્તકમાં છપાવવાથી ગ્રંથ મોટો થઈ
જાય તો કેટલીક અગવડ ઓછી થાય એમ ધારવામાં આવ્યું
અને તેથી આ યોગનો વિષય જે [illegible] ગ્રંથના ઉપોદ્ઘાત

ક્રમવાર વધતા જાય છે અને તેનાં મૂળ કારણો અને ચારિત્ર
સાધનો કેવી ઉત્તમ રીતે યોજવામાં છે તે પર પ્રાથમિક વિવે-
ચન આ વિષયમાં કરવામાં આવ્યું છે. આજે વિષય બહુ
ઉંડા હેતુથી લખવામાં આવ્યો છે અને તેનો દરેક વિભાગ
રહસ્યથી ભરપૂર કરવા ખાસ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ
વિષયમાં આઠ દ્રષ્ટિ પર વધતી ચેતનની પ્રગતિ કેમ અને ક્યારે
થાય છે તે પહેલાં ઓઘ દ્રષ્ટિમાં તેની કેવી સ્થિતિ હોય છે
અને યોગમાર્ગમાં તેની કેવી વર્તના રહે છે, એની મૂળ
શૈલીમાં ક્યાં સાધનો ઓછાં કરવાં જોઈએ અને યોગપ્રાપ્તિમાં
કેટલો અવકાશ છે તે પર ખાસ વિવેચન કર્યું છે. યોગના બહુ
બહુ ભેદો યોગીઓના ભેદો અને ઉત્ક્રાંતિમાં પ્રત્યેકની સ્થિતિ
બતાવતાં અત્યંતર સાધનો પર સહજ વિવેચન કર્યું છે. આટલો
વિષય વાંચતાં યોગ ની બાબત પર પ્રેમ થશે તો આગળ
ગુણસ્થાનમાં ચેતનની ઉત્ક્રાંતિ પ્રવચનમાતા જ્ઞાનના અને
ચારિત્રના વિષયને અંગે જૈનોનું વર્તન અને ખાસ કરીને
પાતંજલ યોગ અને જૈન યોગની સરખામણી કરવામાં આવશે.
જૈન માનસશાસ્ત્ર (Psychology) અતિ વિશાળ અને ખાસ
અભ્યાસ કરવા લાયક છે. આજે વિષય આત્માના નિશ્ચય પર
લખાયલો છે અને ચારિત્રધર્મ Ethics નો વિષય બહુ એટલો
જ ઉત્તમ છે. આ જ્ઞાન અને ચારિત્રના વિષયને અંગે અનેક
સવાલો ઉપસ્થિત થાય છે તે ખાસ સમજવા જેવા છે અને
તેને માટે જૈન ગ્રંથોમાં એટલું બધું લખાયલું છે કે તે
વાંચવા માટે એક જિંદગી પણ પૂરતી ન થાય. યોગના
રહસ્યપૂર્ણ વિષયો માટે બીજાં પુસ્તકો આવશે ત્યાં સુધી

શક્ય તેટલાં સાધનો હાલ એકઠાં કર્યાં છે આ પ્રાથમિક વિષય પર જિજ્ઞાસુઓને પ્રેમ થશે તો આગળ આ વિષયના બીજા ભાગમાં યોગનું રહસ્ય વિસ્તારથી વિચાર છે. મનને અને યોગને કેવો સંબંધ છે ચિત્તનો નિરોધ ક્યારે કરવો, કરવો કે નહિ, વિશિષ્ટ દશામાં મનને કેમ પ્રવર્તાવવું વિશિષ્ટ સ્થાનમાં મન કેમ પ્રવર્તે છે વિગેરે અનેક અગત્યના પ્રશ્નો પર વિચાર કરવા અને મનોગુપ્તિના વિષયને અંગે જે ગેરસમજુતી ચાલે છે તે દૂર કરવા માટે આગળ પ્રયત્ન કરવા ઈચ્છા છે. આ વિષયમાં આઠ દૃષ્ટિની વિચારણાને અંગે ઘણાં નિયમબદ્ધ પર વિચાર બહુ સંક્ષેપમાં કર્યો છે તે પણ સવિસ્તર સમજવા યોગ્ય છે આ વિષય અગત્યનો છે એમ જિજ્ઞાસુઓ ધારે છે એમ જણાતા તે પર વિશેષ લખવા ઈચ્છા છે

ધ્યાનના વિષય પર અહીં ખાસ વિવેચન કર્યું છે એ વિષય યોગના મધ્યબિન્દુ જેવો છે એ પર હજુ પણ ઘણી વિચારણા થઈ શકે તેમ છે મારા કહેવાનો આશય એ છે કે જૈન વિચારણાથી જાણવામાં આવે અને યોગ શબ્દનો અર્થ કે તેનો ભાવ સમજવા પ્રયત્ન કરવામાં આવે તો જૈન ગ્રંથોમાં યોગ ભર્યો છે. એના પર પૃથક્કરણ કરી યોગ્ય વિવેચન કરવાની જરૂર છે એક મોટા વિદ્વાન્ મહાત્મા સાથે વાત કરતાં યોગની બાબતમાં તેઓએ પોતાની તદ્દન અજ્ઞતા જણાવી, પરંતુ તેઓનાં વ્યાખ્યાન–જાહેર ભાષણ સાંભળતાં તેઓ બોલતા હતા તે સર્વ યોગની જ વાત હતી એમ જણાતા માલૂમ પડ્યું કે હજુ લોકો યોગ શબ્દથી જ ડરે છે યોગમાં આગળ કંઈ કરવા જેવું નથી તેમ એ વિષય તદ્દન નિરુપયોગી હાથ ધરવા યોગ્ય પણ નથી.

વળીકે મુદ્દાનો હતો તે જુદો બહાર પાડવાનો નિર્બંધ થયો. શરૂઆત પર લખાણ પ્રસ્તાવના જેમ જ નહિ તેથી અત્ર મુદ્દાની વાત કરી ગ્રંથની શરૂઆત કરી છએ.

જેમનો ગ્રંથ અગમ્ય નથી એ આ લેખ વાંચવાથી જરૂર જણાશે. એ વખતી વખતે સારી ભાષામાં ચારિત્ર્યાદિક વિષય બતાવવા નવું પુસ્તકો જણાઈ છે તો પણ બની શકે ત્યાંસુધી ચારિત્ર્યાદિક સંબંધ વિવેચન વગર અથવા સુધારા વગર ગ્રંથમાં ભાગ લીધો નથી અને આવા જેમ અને તેમ વારંવાર શાખા મથાળ કર્યો છે એમાં પ્રાય રચનાના ભેદ જોય તો તે ગ્રંથની મહત્વને અર્થે બનવાજોગ છે વળી અતિ ઉત્પત્તિ બતાવ નાર વિચારો સારી ભાષામાં બતાવવા જ્યાં મેળવાર ત્રિકાલ થઈ જવા પણ સંભવ છે એ બન્ને બાબતમાં પૂરતી સંભાળ રાખતા જ્યાં પણ રચના થઈ હોય તો તે ધ્યાન બહાર તે પર ધ્યાન ખેંચવા આ વિજ્ઞપ્તિ છે.

આ પછી બાકી વખત અમુક પ્રાચીન જૈનસંપ્રદાયના એક વિભાગ પર વિચાર કરી શકીએ છીએ, પરંતુ કે આખું જ્ઞાન હાલમાં લોકને લીધે આપણે નવું લખાણ એમ વિચારી શકતા નથી આવ અજિત જ્ઞાનને પરિણામે બાકી વખત અમુક બનાવોનો આપણને સુઝાડે થતો નથી અને તેને પરિણામે ધર્મિક માણસોને દુઃખી થતાં જોઈને અથવા અધમ પતિત માણસોને સુખ ભોગવતા જોઈને, પૈસા વિષયોમાં તેને માટે જવાબદાર વ્યક્તિને આરામ ભોગવતાં જોઈને અને નિર્દોષ વ્યક્તિને મરી જતાં જોઈને અને એવી એવી અનેક વિરોધવાળી સ્થિતિ જોઈને મનમાં મુંઝાઈએ છીએ અને આ બધા શીતળમાં કોઈ આવ્યા હશે કે નહિ

તેને માટે અનેક વિચાર આવે છે. જ્યારે દૃષ્ટિ વિશાળ થાય છે ત્યારે અવલોકનનો પ્રદેશ મોટો થતો જાય છે અને તે વખતે ઘણા ખુલાસા સ્વતઃ થતા જાય છે. અવલોકનપ્રદેશ મોટો કેમ કરવો તે યોગ બહુ સારી રીતે બતાવે છે અને એની કેટલીક ચાવીઓ પર વિવેચન આ વિષયમાં વાંચવામાં આવશે. જ્યાંસુધી એક ભવના આગળ પાછળના બનાવો પર જ વિચાર કે દૃષ્ટિ રહે ત્યાંસુધી અનેક પ્રકારની ગેરસમજુતી થાય છે, પરંતુ વિશેષ વિશાળ દૃષ્ટિ થતાં તે સર્વ દૂર થાય છે.

સર્વથી અગત્યની બાબત મહત્ત્વ પ્રાપ્ત કરવાની છે. ચેતનની ઉત્ક્રાન્તિ કરાવવા માટે અનેક ગુણો અગત્યના છે અને તે ગુણો પર વિચારણા કર્યા પછી તેને અમે વધુ નીચી સ્થિતિથી માંડી કેટલો આગળ વધે છે, કેવી રીતે વધે છે, વધવામાં તેને કેવાં સાધનો મળે છે તે સર્વ પર વિચાર કરવાની ખાસ જરૂર છે. ખાસ કરીને જ્યાંસુધી ચેતનની ઉત્ક્રાન્તિ કેવી રીતે થાય છે તેનો વિચાર બરાબર થતો નથી ત્યાંસુધી વ્યવહારની ઘણી બાબતોમાં ગુંચવાડા થયા કરે છે અને અનેક વિશુદ્ધ ગુણો વ્યવહારુ રીતે અમલમાં મૂકવાનું કે આદરવાનું રહસ્ય શું છે અને તેનો અંતર્હેતુ શો છે તે સમજવાની આવશ્યકતા લાગતી નથી તેમ જ તે લાભ ન સમજાય ત્યાંસુધી ભાન વગરનું વર્તન થાય છે. આ બાબતનો યોગ્ય ખુલાસો આ વિષયમાં થઈ જશે.

ચેતનની ઉત્ક્રાન્તિ કેવી રીતે થાય છે, તેને વાસ્તવિક સુખ ક્યાં અને કેમ મળે છે. તેનો હાલનો સુખનો ખ્યાલ કેવો ખોટો છે, તેની ઉત્ક્રાન્તિ વખતે તેનામાં આત્મીય ગુણો કેવા

ક્રમસર વધતા જાય છે અને તેનું પૂર્ણ સ્વરૂપ અને પશ્ચાત્
સાધનો કેવી ઉત્તમ રીતે યોજાયેલાં છે તે પર માર્મિક વિવે-
ચન આ વિષયમાં કરવામાં આવ્યું છે. આ વિષય બહુ
ગૂઢ હેતુથી લખવામાં આવ્યો છે અને તેનો દરેક વિભાગ
રહસ્યથી ભરપૂર કરવા ખાસ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ
વિષયમાં આઠ દૃષ્ટિ પર વધતાં ચેતનની પ્રગતિ કેમ અને ક્યારે
થાય છે તે પ્રત્યેક યોગ દૃષ્ટિમાં તેની કેવી સ્થિતિ હોય છે
અને પરમદશામાં તેની કેવી વર્તના રહે છે એની પૂર્ણ
રીતમાં આ સાધનો જોડાયેલાં જોઈએ અને ક્રિયામાર્ગનાં
કેટલાં અંગો છે તે પર ખાસ વિવેચન કર્યું છે. યોગના આઠ
આઠ ભેદો, પ્રાણીઓના ભેદો અને ઉત્ક્રાન્તિમાં પ્રત્યેકની સ્થિતિ
બતાવતાં અન્તર આત્માનો પર સહજ વિવેચન કર્યું છે. આટલો
વિષય વાંચતાં યોગ ની બાબત પર પ્રેમ થશે તો આગળ
ગુણસ્થાનમાં ચેતનની ઉત્ક્રાન્તિ પ્રવચનમાતા જ્ઞાનના અને
ચારિત્રના વિષયને અંગે મૈત્ર્યાદિ ભાવના અને ખાસ કરીને
પાતંજલ યોગ અને જૈન યોગની સરખામણી કરવામાં આવશે.
જૈન માનસશાસ્ત્ર (Psyobology) અતિ વિશાલ અને ખાસ
અભ્યાસ કરવા લાયક છે. આ વિષય આગામી નિબંધ પર
રાખ્યો છે અને ચારિત્રધર્મ Ethics નો વિષય પણ એટલો
જ ઉત્તમ છે. આ જ્ઞાન અને ચારિત્રના વિષયને અંગે અનેક
બાબતો ઉપસ્થિત થાય છે તે ખાસ સમજવા યોગ્ય છે અને
તેને માટે જૈન ગ્રંથોમાં એટલું બધું લખાયલું છે કે તે
વાંચવા માટે એક જિંદગી પણ પૂરતી ન ગણાય. એના
રહસ્યભૂત વિષયો માટે નીચે વાંચશો ત્યારે ખાત્રી થશે

સામાન્ય તેટલું સાધનો હાલ એકઠાં કર્યાં છે આ પ્રાથમિક વિષય પર જિજ્ઞાસુઓને પ્રેમ થશે તો આગળ આ વિષયના બીજા ભાગમાં યોગનું રહસ્ય ચિતરવા વિચાર છે મનને અને યોગને કેવો સંબંધ છે, ચિત્તનો નિરોધ શા માટે કરવો, કરવો કે નહિ, વિવિધ દશામાં મનને કેમ પ્રવર્તાવવુ, વિવિધ સ્થાનમાં મન કેમ પ્રવર્તે છે વિગેરે અનેક અગત્યના પ્રશ્નો પર વિચાર કરવા અને મનોગુપ્તિના વિષયને અંગે જે ગેરસમજુતી ચાલે છે તે દૂર કરવા માટે આગળ પ્રયત્ન કરવા ઇચ્છા છે. આ વિષયમાં વ્યાપક દૃષ્ટિની વિચારણાને અંગે મુદ્દાસર વિષયવાર પર વિચાર બહુ સંક્ષેપમાં કર્યો છે તે પણ સવિસ્તર સમજવા યોગ્ય છે આ વિષય અગત્યનો છે એમ જિજ્ઞાસુઓ ધારે છે એમ જણાતાં તે પર વિશેષ લખવા ઇચ્છા છે.

ધ્યાનના વિષય પર અહીં ખાસ વિવેચન કર્યું છે એ વિષય યોગના મધ્યબિન્દુ જેવો છે એ પર હજુ ઘણું ઘણું વિચારવા જેવું રહે તેમ છે મારો કહેવાનો આશય એ છે કે જ્યારે વિચારણાથી વાંચવામાં આવે અને યોગ શબ્દનો અર્થ કે તેનો ભાવ સમજવા પ્રયત્ન કરવામાં આવે તો જૈન શાસ્ત્રમાં યોગ ભર્યો છે. એના પર પૃથક્કરણ કરી યોગ્ય વિવેચન કરવાની જરૂર છે એક વખત વિદ્વાન્ મહાત્મા સાથે વાત કરતાં યોગની બાબતમાં તેઓએ પોતાની વધુ અસફળતા જણાવી, પરંતુ તેઓનું વ્યાખ્યાન–જાહેર ભાષણ સાંભળતાં તેઓ બોલતા હતા તે સર્વ યોગની જ વાત હતી એમ જણાતાં માલૂમ પડ્યું કે હજુ લોકો યોગ શબ્દથી જ ડરે છે યોગમાં આવું કાંઈ કરવા જેવું નથી તેમ એ વિષય વધુ વિચારણીય હાથ ધરવા યોગ્ય પણ નથી.

વિષયને સાદી ભાષામાં મૂકવા જતાં અનેક વખત ઘણી મુશ્કેલી છે. અતિ પ્રવૃત્તિવાળો ધંધો, અભ્યાસની ઓછાશ અને ઝુકાવે ભરી શકે તેવા સત્ત્વનો અભાવ આવ અથવા અભાવ અને તેવા પ્રથમ કામ કરવાની ઓછી શક્તિને લઈને આ નવીન પ્રકારના વિષયમાં દોષ થવા સંભવિત છે. જે લખાણમાં આવ્યું છે તે જૈનના યોગગ્રંથો પૈકી હરિભદ્રસૂરિનો યોગદૃષ્ટિસમુચ્ચય ઉપાધ્યાયજી શ્રીમદ્યશોવિજયજીની દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા, શ્રી હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર, શ્રી શુભચંદ્રમુનિનો જ્ઞાનાર્ણવ વિગેરે પરથી વાંચી વિચારી સમજીને લખ્યું છે. કામ અનુકરણ કરવાની દૃષ્ટિ બીલકુલ નથી; છતાં પ્રમાદ છદ્મસ્થ સ્થિતિ અને વિષયનો અલ્પ પરિચય ધ્યાનમાં રાખી દોષ માટે ક્ષમા કરી વિષયાલોચનમાં પ્રવૃત્તિ કરવા અને દોષ સુધારી શકે તેવી રીતે મારી સાથે રૂબરૂ અથવા પત્રદ્વારા ચર્ચા કરવા વિજ્ઞપ્તિ કરી આ લઘુ લેખની પ્રસ્તાવના પૂર્ણ કરું છું. છેવટે આ લેખ બહુ વિગતથી વાંચી જવા માટે પંન્યાસ શ્રી આનંદસાગર ગણિ તથા ભાઈ [illegible] કુંવરજી આણંદજીનો આભાર માની લેખની આ વાત હાલ બંધ કરું છું.

મુંબઈ. ૫ ૪૨ [illegible]
પૌષ [illegible] સં. ૧૯૭૦ } મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

વિષયાનુક્રમણિકા





જૈન દૃષ્ટિએ યોગ

સુખનો ખ્યાલ-આરોહક્રમ

વ્યક્ત રીતે અથવા અવ્યક્ત રીતે સર્વ જીવોની ઇચ્છા સુખ મેળવવાની રહે છે એના અંતર આશયમાં સુસ્પષ્ટ રીતે જિંદગીના સુખો ઉત્કૃષ્ટ પ્રકારે ભોગવવાની અને પોતાની અવસ્થાની સ્થિતિ સુધારવાની ઉત્કટ ઇચ્છા દેખાઈ આવે છે પ્રત્યેક પ્રાણીમાં જેટલે દરજ્જે વિકસ્વરતા થયેલી હોય છે તેના પ્રમાણમાં તેનો સુખનો ખ્યાલ ફરતો રહે છે તદ્દન [illegible] અવસ્થામાં રહેલા જીવોને આ ખ્યાલ સ્થૂળ હોય છે મનુષ્યત્વ પ્રાપ્ત કરેલ પ્રાણીઓમાં પણ સુખનો ખ્યાલ અક્રમ જેવો હોય છે કેટલાક પ્રાણીઓ ઇંદ્રિયના ભોગોમાં સર્વસ્વ માની લે છે કેટલાક ધનપ્રાપ્તિમાં સર્વસ્વ માની લે છે કેટલાક કીર્તિ વધારવાના ખ્યાલમાં રમ્યા કરે છે—આવા જીવો બાળકની જેવી લાગણી, તેથી જરા આગળ વધેલા જીવો વાંચન ને મનનમાં આનંદ માની સ્થૂળ જીવોથી ઊંચી પંક્તિ પર આવે છે તેઓને માનસિક રતિથી ઘણી લાગણી, તેથી સહજ આગળ વધેલા પ્રાણીઓ બાહ્ય વસ્તુઓના ત્યાગમાં આનંદ માને છે અને આ લોકનાં દેખાતાં ધન યૌવન, સંયોગને

અભિમુખ થાય છે આ સર્વ બાહ્ય આત્માઓ છે. પૌદ્ગલિક અને
આત્મીય વસ્તુઓ વચ્ચેનો તફાવત સમજીને પૌદ્ગલિકનો ત્યાગ
કરનાર અને આત્મીય ગુણોનો સતત અવબોધ કરી પ્રગતિ કરનાર
પ્રાણીઓ તેથી પણ અલગ હોય છે એ વર્ગને અંતરાત્મ કક્ષામાં
વર્તનાર કહેવામાં આવે છે તેઓને કોઈ પણ કામ કરતી વખતે
અંતરાત્મામાંથી ધ્યાન વિશુદ્ધ મળે છે અને તદનુસાર તેઓ
વર્તન કરે છે. આ બન્ને પ્રકારના બાહ્યાત્મા અને અંતરાત્માનું
સ્વરૂપ હવે પછી વિચારવામાં આવશે. અત્ર કહેવાની મતલબ એ
છે કે-સુખનો ખ્યાલ જુદા જુદા વિકાસક્રમમાં જુદા જુદા પ્રકારનો
હોય છે અને આદ્યક્રમમાં એટલે અતિ સ્થૂલતા હોય છે તેથી
તરતમે તેમાં ન્યૂનાધિક્ય સ્પષ્ટ રીતે પ્રગટ થઈ આવે છે. ઘણી
માનસભવમાં જ સર્વસ્વ માને છે અથવા કે ધાન પરિપૂર્ણ
પ્રાપ્તિ કે સ્વાધીન હોવાથી સુખ અનુભવે છે તેઓને એથી વધારે
પોતાની શક્તિની સ્થિતિ સુધારવાનો વિચાર બહુ અલ્પ હોય
છે અથવા નહિ જેવો હોય છે. મનુષ્યજાતિમાં એથી ઊલટી રીતે
અનેક પ્રકારના વિકાસક્રમ પર સ્થિત થયેલા પ્રાણીઓ જોવામાં
આવે છે કેટલાક વધુ સ્થૂળ વૃત્તિ પર આરોહ કરી તેમાં જ
જીવન પૂર્ણ કરનાર અને કેટલાક માનસિક અને આત્મીય
વિકાસક્રમમાં ઘણા આગળ વધી જઈ સ્થૂળ સામગ્રીને અવગણ-
નાર જોવામાં આવે છે આ બીજા પ્રકારના જીવોનો સુખનો
ખ્યાલ અને તેને પ્રાપ્ત કરવાના માર્ગો તદ્દન નવીન પ્રકારના
અને બહુ ઊંડો વિચાર પ્રેરનાર માલૂમ પડી આવે છે આથી
એક વાત તો ખાસ પ્રાણીઓના સંબંધમાં નીકળી આવે છે
અને તે એ છે કે-સર્વ પ્રાણીઓનું સાધ્ય પોતાની વર્ત

માન સ્થિતિના કરતાં વિશેષ સારી સ્થિતિ પ્રાપ્ત કર
વાનુ રહે છે અને તેને માટે પોતાની યોગ્યતા અને
પ્રકાશ અનુસાર સાધનો તે એકઠાં કરવા મથે છે

વિકાસક્રમમાં ન્યૂનાધિક્ય

*વિકાસક્રમમાં પ્રત્યેક પ્રાણીઓમાં ન્યૂનાધિક્ય સ્પષ્ટ જોવામાં
આવે છે અને તેનુ કારણ પણ તેવુ જ વિવિધ છે સામાન્ય
અજ્ઞાન, તેનુ અનિશ્ચયપણુ તેને પ્રાપ્ત કરવામા અસ્થિરતા,
પ્રયત્નની ખામી, અંતરાય, આંતર અને બાહ્ય પ્રતિબંધો આવે
તેની સામે થવાની અશક્તિ અને દૃઢ ભાવના તેમ જ વિનિયોગની
બેદરકારી–આવા કારણોને લીધે પ્રત્યેક પ્રાણીનો વિકાસક્રમ
ઓછો વધતો સ્પષ્ટ જણાય છે છતાં એવી સ્થિતિ દરમ્યાન
પણ પ્રત્યેક પ્રાણી પોતાના વિકાસ પ્રમાણે સુખનો ખ્યાલ
કર્યા કરે છે અને તેને પ્રાપ્ત કરવા સાધનો એકત્ર કરે છે
વર્તમાન જીવનથી વિશિષ્ટ જીવન ભોગવવાની પ્રબળ ઇચ્છા
તેના સ્થૂળ અથવા વિપુલ આકારમાં પ્રત્યેક પ્રાણીમાં હોય છે
એટલી વાત આટલા ઉપરથી સ્પષ્ટપણે સમજાય છે સુખ શું છે

* વિકાસક્રમ એટલે Stages of Evolution. અહીં પ્રત્યેક
પ્રાણી વિકાસમાં કેટલી હદે વધેલ છે તે પર વિચારણા છે કેટલીક ક્રિયા
કરવાથી વિકાસમાં હાનિ અને ઉપરાંત અધઃપાત પણ થાય છે તે વાત
ધ્યાનમાં રાખવાની છે એકદર વિકાસ આગળ જ વધ્યા કરે છે એમ
સમજવાનુ નથી. Theory of Evolution ઉત્ક્રાન્તિવાદ અને જૈન
ઉત્ક્રાન્તિવાદમાં આ મોટો તફાવત છે જૈન પ્રગતિમાર્ગમાં નીચે ઉતરી
ક્રિયા થાય તો પાત પણ થાય છે અને ચઢેલ સોપાન પાછા ઉતરી
જવાય છે એ ધ્યાનમાં રાખવુ છે

અને ક્યાં છે? તેનો જવાબ કેટલાકને ભિન્ન આત્મપ્રદેશમાંથી
સ્થૂળ આકારમાં મળે છે, કેટલાકને કાંઇક શુદ્ધ આત્મપ્રદેશમાંથી
મધ્યમ આકારમાં મળે છે અને કેટલાકને શુદ્ધ આત્મા તરફથી
સુસ્પષ્ટ ચોખ્ખો જવાબ મળે છે. આવા સુખના ખ્યાલ તરફ દોરાઈને
તે અનેક પ્રકારનાં સાધનો આદર સહિત કે તે વગર મેળવતો
જાય છે અને પોતાની માન્યતા પ્રમાણે તેમાંથી સુખ મેળવવા
માટે પ્રયાસ કરે છે અને સાધનની સ્થિરતા, ઉદ્યમ અને બીજા
સંયોગો અનુકૂળ થાય તે પ્રમાણમાં તે સુખ પ્રાપ્ત કરે છે

બહિરાત્મા—અંતરાત્મા

આવા અતિ મહત્ત્વના વિષયનો વિચાર કરતાં આપણે
સર્વ પ્રાણીઓને બાદ કરી માત્ર મનુષ્યનો જ વિચાર કરીએ,
કારણ કે મનુષ્ય સિવાયની ગતિમાં વિકાસ બહુ અલ્પ થાય
છે અતિ સુખમાં આસક્ત દેવો અથવા અતિ દુઃખમાં રક્ત
નારકીના જીવો વિકાસ કરવાનો ખ્યાલ બહુ ઓછો કરે છે અને
તિર્યંચનો વિકાસક્રમ બહુ અલ્પ હોવાથી આપણે હવે પછીનો
વિષય મનુષ્યજીવનને અંગે જ વિચારીએ તો વિષય વધારે
સ્પષ્ટ થઈ જશે અને વારંવાર વિકાસક્રમમાં તદ્દન નીચી
પાયરીએ રહેલા જીવો સંબંધી વાત કરવાની જરૂર નહિ રહે.
સાધ્યદશા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મનુષ્યના આત્માના બે ભિન્ન
વિભાગ પાડી શકાય. એક બહિરાત્મા અને બીજા અંતરા-
ત્માઓ. સાધ્યસ્થાન પ્રાપ્ત કરેલ આત્માને પરમાત્મા કહે-
વામાં આવે છે જે અંતરાત્માઓનું સાધ્યસ્થાન છે. બહિરાત્મ

બહિરાત્મભાવ લક્ષણ

દશામાં વર્તતા જીવો શરીરને આત્મા
સમજે છે, આત્મવિભ્રમથી સ્વસ્વરૂપ
બરાબર સમજતા નથી અને પિંડમાં એકઠા બધા આશ્રવ

રહે છે કે લગભગ તેની ચેતના આખી ઢાંકી ગઈ હોય એમ
સાધ્યસાધન કરનારાઓને સ્પષ્ટ જણાય છે દેહાત્મબુદ્ધિ એનામાં
એટલી બધી હોય છે કે તે પોતાના શરીરને જ આત્મા સમજે
છે શરીરને સુખ-દુઃખ થાય તો તે પોતાને થયું એમ સમજે
છે, શરીરથી અન્ય પ્રાણીઓના આત્માને પર સમજે છે પુત્ર
તથા અંગનાને પોતાનાં સમજે છે ધન વિગેરે પોતાના તાબામાં
રહેલા પદાર્થ ઉપર સ્વબુદ્ધિ ઉત્પન્ન કરે છે અને તેવી બુદ્ધિને
પરિણામે સંસારસ્થિતિના બીજ તે નિરંતર વાવ્યા કરે છે અને
પછી તેનાં જે ફળો મળે છે તે સર્વ તે સહન કરે છે આવો
બહિરાત્મભાવ ત્યાગ કરી આત્મામાં આત્મબુદ્ધિ રાખી જેઓ
વિકાસક્રમમાં આગળ વધેલા હોય છે તેવા આત્માઓને અંત
રાત્મા કહેવામાં આવે છે એ દશામાં વર્તતા તેનામાં આત્મમતિ
આત્મબુદ્ધિ એવી હોય છે કે પછી તેને
અંતરાત્મદશા લઘુ બાહ્ય રૂપ રંગ વૈભવવિલાસમાં આનંદ
લાગતો નથી તે સ્વસંવેદ સ્થિતિ પ્રાપ્ત
કરે છે તેને પોતાની અજ્ઞાનની બાહ્ય ક્રિયાઓમાં કેટલો ભ્રમ
હતો તે જણાઈ આવે છે આત્મસ્વરૂપ બરાબર ઓળખવામાં
આવે છે આત્માની અચિંત્ય શક્તિ અને તેના અનંત ગુણોનો
ખ્યાલ આવે છે અને તેનામાં એક એવા પ્રકારની શાંતિ આવી
જાય છે કે એનું વર્ણન કરવું પણ મુશ્કેલ થઈ પડે. એ
અંતરાત્મદશામાં વર્તતા જીવો વિકાસક્રમમાં ઘણા વધતા જાય છે
અને તેઓમાં તેટલા માટે જુદા જુદા વિકાસક્રમના સોપાન પર
સ્થિતિ જોવામાં આવે છે આ અંતરાત્મદશામાં વર્તતા ચેતનો
નું સાધ્યસ્થાન પરમાત્મદશા છે એ દશામાં વર્તતા ચેતનો

નિર્લેપ, નિષ્કલ (શરીર રહિત) શુદ્ધ નિષ્પન્ન નિરૂપ અને
નિર્વિકલ્પ હોય છે. એ દશામાં વર્તતા સર્વ સદ્ગુણોનો એકી
વખતે આવિર્ભાવ હોય છે એ સર્વોત્કૃષ્ટ મહોત્તમ દશા પ્રાપ્ત
કરવાનું સાધ્ય સર્વ વિશુદ્ધ માર્ગગામી ચેતનોનું હોય છે અને
તે મહોત્તમ આદર્શ હોવાથી સાધ્યમાર્ગ પર પ્રયાસ કરનાર
સર્વ જીવોના શુદ્ધ લક્ષસ્થાન પર તે સ્થિત રહે છે. આવી રીતે
સાધ્યમાર્ગ પર પ્રયાસ કરનારા જીવોના જે કે મોટા વિભાગ
પાછળ તેઓ પણ પ્રગતિમાં અથવા વિકાસક્રમમાં ઓછાવત્તા વધારે
આગળ વધેલા હોય છે કોઈ ઘણું વધુ પ્રથમ પગથિયે હોય
છે અને કોઈ તેથી આગળ વધેલા હોય છે. પ્રાણીઓના વર્તન
નું બરાબર અવલોકન કરવાથી વિકાસક્રમના ક્યા પગથિયા
ઉપર તે છે તે સમજાય તેવું છે બાહ્ય દશા અને આંતર દશામાં
પણ કેટલીક વખત મોટો તફાવત માલૂમ પડે છે અને તે
સર્વનું બારિક અવલોકન કરવાની અતિ આવશ્યકતા છે નહિ
તો કેટલીક વાર વર્તન સ્થૂળ દૃષ્ટિથી અવલોકન કરતાં વિકાસ
ક્રમનું હોય તેથી વધુ ઉલટું ભાન થાય છે

સુખપ્રાપ્તિપ્રયાસ

સુખ પ્રાપ્ત કરવાની સર્વ જીવની ઇચ્છા સાથે તેના વિકાસ-
ક્રમમાં-ઉત્ક્રાન્તિમાં આવી રીતે જે મોટો તફાવત રહે છે તે
ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે સુખસાધનનો પ્રશ્ન છે એ
તો હવે સ્પષ્ટ જણાય તેવી હકીકત છે અને ઉત્કૃષ્ટ સુખ સર્વ
પ્રાણીઓનું સાધ્ય છે. સ્થૂળ સુખમાં આનંદ
માનનાર પ્રાણીઓ પોતાનું સાધ્યસુખ
પ્રાપ્ત કરવા માટે વ્યવહાર કરે છે; પૈસા
કમાવા માટે અનેક પ્રકારની ધમાધમ કરે છે રાત્રિદિવસ

સ્થૂળ સુખના સાધ્ય પ્રાણીઓના પ્રયત્નો

ઉત્પન્ન કરે છે સાધારણ શક્તિવાળા પણ દુરાચાર મગજ વાળા શેઠીની ગુલામગીરી કરે છે ધનના વિચારમાં નિવૃત્તિ લેશ પણ લેતા નથી અને તેવી રીતે શરીરબળને એક યંત્ર માફક ચલાવે છે એવી જ રીતે વિષયસુખો પ્રાપ્ત કરવા માટે પુત્ર સંતતિ કે સ્ત્રી આદિ મેળવવા માટે અનેક પ્રકારના વલખાં મારે છે વિત્તૈષણા પુત્રૈષણા અને દારૈષણા

એષણા આવા જીવોનું એટલું ધ્યાન રોકે છે કે ચિત્ત, મન અને શરીરને જ તે સાધ્ય અથવા પ્રાપ્ય તેમજ પુરુષાર્થનું પરમ ફળ તરીકે માને છે અને તેની ખાતર તે યોજના કરતો ચાલ્યો જાય છે. તેઓનો અને પોતાનો સંબંધ વિચાર્યા વગર અને તેની સ્થિતિનો ખ્યાલ કર્યા વગર તે મળે તો તેમા આનંદ માનીને અને ન મળે તો તેને માટે અનેક પ્રકારના ક્લેશ, ખેદ અને દુર્ધ્યાન કરીને જીવન પૂર્ણ કરે છે અને અંતે જે સ્થિતિમા આવ્યો હોય છે તેના કરતાં અથવા બહુધા તેથી અધમ સ્થિતિ પ્રાપ્ત કરવા યોગ્ય કર્મનો સંચય કરી ભવાટવીમાં રખડ્યા કરે છે. એનું સાધ્યસ્થાન કલ્પનિક હોવાથી અને તેમાં તેણે જે સુખ માન્યું છે તે વાસ્તવિક સુખ ન હોવાથી કલ્પનિક સાધ્ય પ્રાપ્ત કરવાના પ્રયાસમા તે અનેકવાર પાછો પડે છે અને છેવટે જે સુખ હસ્તી ધરાવતું નથી અને વાસ્તવિક સુખ નથી તે પ્રાપ્ત કરી શકતો નથી અને કરે છે તો તેમા તેને આનંદ આવતો નથી અને કદી સહજ મળે તો પણ તેની એષણા વિશેષ મેળવવાની વધી જાય છે તેથી તે કદિ પણ સ્થિર શાન્તિ-સુખી

શક્તિ મેળવી નથી. સુખનું આવું સ્વરૂપ જેઓ સમજી ગયા છે તેઓ વિકાસક્રમમાં આગળ વધેલા મુક્ત પુરુષો તેથી વાસ્તવિક સુખ શું છે અને ક્યાં છે તેની વિચારણા કરી શોધ કરે છે ત્યારે તેઓને સમજાય છે કે સંસારમાં વાસ્તવિક સુખ છે જ નહિ અને અત્યાર સુધી પોતાનો સુખનો ખ્યાલ હતો તે વધુ સ્થૂળ હતો, અસત્ય હતો, અસ્થિર હતો. તેટલા ઉપરથી તેઓ પોતાની વિશેષ વિવેચનશક્તિનો ઉપયોગ કરી નિશ્ચય કરે છે કે—સુખ બહારથી લેવા જવાનું નથી અન્ય પાસેથી લેવાનું નથી, તે પોતામાં જ છે પોતામાંથી પ્રગટ કરવાનું છે અને તે પ્રગટ કરતી વખતે, કરવાના પ્રયાસમાં અને પ્રગટ થયા પછી જે આનંદ—જે સુખ પ્રાપ્ત થાય છે તે નિરવધિ છે, નિરુપમ છે, આત્મિકપૂર્ણ છે. આવા સુખનો ખ્યાલ થયા પછી તેઓ તેને પ્રાપ્ત કરવા અને પોતાની ઉત્ક્રાંતિમાં વધારો કરવાના માર્ગોની અને સાધનોની શોધ કરે છે અને પોતાની અનુકૂળતા પ્રમાણે તે માર્ગોને અને સાધનોને આદરી વિકાસક્રમમાં વધારો કરતો રહે છે કોઈ ક્રિયામાં, કોઈ બાહ્ય અભ્યંતર તપમાં, કોઈ જનહિતના વિવિધ કર્મયોગમાં, કોઈ જ્ઞાનપ્રાપ્તિમાં અને કોઈ ભક્તિમાર્ગમાં આત્મકલ્યાણનું સાધન છે એવી દૃષ્ટિથી આનંદ માની તે સર્વને સાધન બનાવી અને તેમાંથી પોતાને અનુકૂળ પડતા માર્ગો પસંદ કરી આત્મપ્રગતિના રસ્તે વધારો કરતો જાય છે અને છેવટ અને છેવટ સાધ્યનું સામીપ્ય થાય તેને માટે પ્રયત્ન કરે છે. સાધનો અનેક પ્રકારનાં છે અને સાધ્યને પ્રાપ્ત કરવાના પ્રયાસમાં સાધનના

મુક્ત પુરુષોના સુખ માટે પ્રયત્નો

અધિકાર અને વિકાસ પ્રમાણે તે વધતો ઓછો ભાગ ભજવે છે. આત્મ-કલ્યાણપ્રાપ્તિનાં આવાં અનેક સાધનોમાં આગળ તરીકે રહેલું યોગ એક અતિ અગત્યનું સાધન છે. વિકાસક્રમમાં

મોક્ષપ્રાપ્તિનું એક અગત્યનું સાધન-યોગ

તેના અધિકારીઓ કેવી રીતે પ્રગતિ કરે છે અને તેનાં જુદાં જુદાં અંગો કેવા પ્રકારનાં છે, તે અંગ પર રહેલા જીવોનું વર્તન કેવા પ્રકારનું હોય છે અને તે વિકાસના માર્ગ ઉપર રહેલા જીવોની દૃષ્ટિ કેવી હોય છે તે અત્ર પ્રસ્તુત છે. તેથી આત્મપ્રાપ્તિના અન્ય સાધનોને બાજુ પર મૂકી આપણા પ્રસ્તુત યોગના વિષય પર આવી તેનો જુદી જુદી રીતે વિચાર કરીએ. અહીં સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે કે આત્મપ્રાપ્તિ માટે યોગ એ એકનું જ સાધન નથી, પણ ઘણાં સાધનો પૈકી એક અતિ અગત્યનું સાધન છે. આટલો ઉપોદ્ઘાત કરી આપણે યોગનો સહજ વિચાર કરીએ.

‘યોગ’ શબ્દાર્થ

પ્રથમ યોગના વિષયમાં પ્રવેશ કરતાં યોગ શબ્દનો અર્થ વિચારવો યોગ્ય છે. યુજ્ ધાતુ ઉપરથી આ શબ્દ નીકળ્યો છે. એ ધાતુનો અર્થ ‘જોડવું’ એમ થાય છે. જે જોડે એટલે જે આત્માની સાથે ચેતનને જોડે તેનું નામ યોગ કહેવાય છે. સમાધિ અર્થમાં વપરાતો એક બીજો યુજ્ ધાતુ છે. તેમાંથી પણ યોગ શબ્દ બને છે. સમાધિ એ યોગનું જ એક અંગ હોવાથી અને તેનો સમાવેશ યોગ શબ્દમાં થતો હોવાથી એ અર્થ અત્ર લીધો નથી. ચેતનની સ્પષ્ટ

સમાધિ શબ્દનો અર્થ લઈને યુજ્ ધાતુમાંથી તે શબ્દ નીકળ્યો છે એમ લેવામાં હરકત નથી. એ પ્રમાણે શબ્દવિચારણા કરીએ તો યોગ એટલે આત્માની સ્વરૂપસ્થ સ્થિતિ કરાવી આપે તે એવો અર્થ નીકળે છે. આ બન્ને યુજ્ ધાતુ જુદા છે

યોગમાં ગુરુસ્થાન

એ યોગની બાબતમાં વિચાર કરતાં એક બીજી અગત્યની બાબત પણ શરૂઆતમાં જ કહી દેવી જરૂરની છે. યોગના અંગો તેના ધ્યાનના પ્રકાર અને તેની લગભગ સર્વ ક્રિયાઓ અને ખાસ કરીને યોગના આગળનાં અંગોનો વ્યવહાર કરવામાં ગુરુની બહુ આવશ્યકતા છે. પ્રત્યક્ષ ગુરુમહારાજ હોય છે તે તેઓ ખાસ સંયમજ્ઞાન બહુ સારી રીતે પ્રાપ્ત થયા છે અને પોતે યોગના વિકાસમાર્ગમાં કયા અધિકાર-સ્થાન ઉપર છે તે બરાબર જણાઈ આવે છે. ગુરુમહારાજની આજ્ઞા વગર અને પોતાનો અધિકાર સમજ્યા વગર બહુ ઊંચી હદની પોતાની અનુભૂતિ કરવા જતાં પ્રબળ આવેશ લાગી જઈ ખાસ નુકસાન થાય છે અથવા યોગપ્રક્રિયા ઉપર અભાવ કે અશ્રદ્ધા આવી જાય છે. વળી યોગની કેટલીક મુદ્રાઓ અને આસનો ગુરુપરંપરાની ખાસ અપેક્ષા રાખે છે અને તેટલા માટે મુમુક્ષુ પ્રાણીએ યોગમાર્ગ પર પ્રગતિ કરવાની ઇચ્છા હોય તો તે વિષયમાં નિષ્ણાત થયેલા ગુરુની સન્મુખ તે વિષયનાં પ્રતીક અને પ્રકરણો સારી રીતે અભ્યાસ કરવો અને અભ્યાસ કરીને પછી પણ ગુરુમહારાજની આજ્ઞા પ્રમાણે યોગમાં પ્રગતિ કરવી. આ બાબતમાં ઊંડા સમજનાર યોગને અંગે યોગ-

યોગને બાધક
[illegible]

ત્યારમાં પ્રવૃત્તિ કરી પોતાને આગળ વધેલ સમજવાની ભૂલ કરે છે ત્યારે વસ્તુતઃ તે જરા પણ આગળ વધેલ હોતો નથી. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય શ્રી યોગશાસ્ત્ર ગ્રંથની શરૂઆત કરતા ઉપોદ્ઘાતમાં જ કહે છે કે–યોગશાસ્ત્રની રચના તેઓ શાસ્ત્રસમુદ્રનો અભ્યાસ કરીને સદ્ગુરુથી પ્રાપ્ત થયેલ સંપ્રદાયજ્ઞાનથી અને આત્મસંવેદન પ્રમાણે કરે છે. આ સામાન્ય લાગતી હકીકત બહુ અગત્યની છે. એકલા શાસ્ત્ર વાંચનથી યોગ જેવા વિષયમાં પ્રવેશ થઈ શકતો નથી એ ખાસ સમજવા લાયક હકીકત છે. આ અગત્યના વિષયમાં અભ્યાસને ઉવેખનારને માટે અત્ર વિચાર કરતા નથી, કારણ કે તેઓ તો વહન નકામા છે, પરંતુ ઘણી વાર આત્મવંચના પણ બહુ થાય છે અને યોગાભ્યાસના એક પગથીઆને યોગની ઉચ્ચ ક્રિયા માની લેવાની ભૂલ કરતા ઘણા સાત્વિક જન વિમાર્ગે દોરવાઈ ગયેલા પણ લોક જોવામાં આવે છે. આથી આ બાબત ઉપર શરૂઆતમાં જ ભાર મૂકવામાં આવ્યો છે. શ્રી આનંદઘનજી મહારાજ એકવીસમા શ્રી નમિનાથજીના સ્તવનમાં સમય પુરુષના અંગો ગણાવે છે ત્યાં સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ સાથે પરંપરાનો અનુભવ એટલે સાંપ્રદાયિક જ્ઞાનને તેઓ ગણાવે છે અને એમાંના એક પણ અંગને છેદનારને દુર્ભવ્ય [illegible] તેઓ જણાવે છે. આ ઉપરાંત યોગનો કોઈ પણ ગ્રંથ વાંચતી વખત અથવા યોગના વિષયમાં સ્થિત થયેલા મહાત્માનો સંગ કરતી વખત એકદમ જણાવવામાં આવે છે કે–સદ્ગુરુનો યોગ કરીને તેઓની પાસે યોગનો અભ્યાસ કરવો. [illegible]

બાબત મહત્ત્વની થતી લેખમાં આવે છે તેથી આ બાબતમાં અહીં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. કેટલાક યોગની નિદ્રા સ્થિતિ માનનારના મતમાં આવી રીતે આત્મભાવના કરવા લેખાયું આવ્યું છે તેનું કારણ પરંપરાજ્ઞાનની ઉપેક્ષા અને યોગાભ્યાસમાં આગ્રહિત વધુ છે. આ બાબતના વિષયમાં શ્રી આનંદઘનજી મહારાજ પદોમાં પણ વારંવાર સૂચના કરે છે. ચાલીશામ ચાની ગીતામાં આ જ વિચાર તેઓશ્રી બતાવે છે અને અન્યત્ર પણ જ્યાં જ્યાં તેવો વિચાર તેઓશ્રી બતાવે છે ત્યાં વિવેચનમાં તે પર ધ્યાન ખેંચવામાં આવ્યું છે

‘યોગ’ વ્યાખ્યા

યોગ શબ્દનો અર્થ વિચારતાં ગુણસ્થાનની બાબત આવી વિચારી લીધી. હવે મૂળ વિષય ઉપર આવતાં યોગ શબ્દની વ્યાખ્યા વિચારીએ. ત્યાં પાતંજલ યોગદર્શનકાર યોગની વ્યાખ્યા કરતાં કહે છે કે–યોગ ચિત્તવૃત્તિનિરોધ। એટલે ચિત્તવૃત્તિના નિરોધને અથવા ચિત્તવૃત્તિની સંસ્કારશેષ અવસ્થાને એ વ્યાખ્યા પ્રમાણે યોગ કહેવામાં આવે છે. આ વિષયમાં પતંજલિની યોગ શબ્દની વ્યાખ્યા અને જૈનની યોગ શબ્દની વ્યાખ્યા મળતી થતી નથી. ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહેવાને બદલે તેના મૂળ અર્થમાં युज्यते इति योगः। સાધ્ય સાથે ચેતનજીને જે જોડી દે છે તેને અહીં યોગ કહેવામાં આવે છે. આ અર્થમાં જૈન પરિભાષામાં યોગ શબ્દ વપરાયો હોય એમ લાગે છે. યોગ શબ્દની સીધી રૂપ વ્યાખ્યા ખાસ લેવામાં આવી નથી. યોગવિંશિકા ગ્રંથમાં યોગ શબ્દનું વર્ણન કરતાં (ખાસ

૧૧ મી)* શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે—“ અયોગને યોગોમાં ઉત્કૃષ્ટ યોગ કહેવામાં આવે છે અને તે મોક્ષની સાથે જોડનાર છે સર્વસંન્યાસ એ તેનું સ્વરૂપ છે ” અહીં એક રીતે જોતાં યોગ શબ્દનું સ્પષ્ટ વર્ણન પ્રાપ્ત થાય છે. સર્વ ત્યાગનો અર્થ યોગ છે અને તે મોક્ષ સાથે પ્રાણીને જોડે છે તેથી તેને જોડનાર તરીકે યોગ કહેવામાં આવે છે. આથી પતંજલિની વ્યાખ્યા જે ઉપર જણાવવામાં આવી છે તે અત્ર બેસતી નથી એમ સ્પષ્ટ થયું હશે. ચિત્તની તદ્દન નિરોધાવસ્થા અથવા શૂન્ય સમાધિસ્વરૂપ જૈન દૃષ્ટિએ કોઈ પણ પ્રકારે ઉપયોગી નથી એ આગળ ઉપર સ્પષ્ટ કરવામાં આવશે. સમિતિ, ગુપ્તિનું સ્વરૂપ વિચારતાં આ સંબંધી વિશેષ નિર્ણય થશે. અત્ર યોગ શબ્દ ઉપર જણાવેલા બન્ને અર્થમાં કોઈ કોઈ જગ્યા પર વપરાયો છે એટલું વિચારી પ્રસ્તુત વિષયને અંગે આપણે ચેતનની ઉત્ક્રાન્તિ નવા પ્રકરણમાં વિચારી જઈએ.

ચેતનની ઉત્ક્રાન્તિ

કર્માવૃત્ત સ્થિતિમાં નિગોદની અંદર આ જીવ અનંત કાળ રહે છે ત્યાં નદીપાષાણયોગે ત્યાંથી અકામ નિર્જરા થતાં કોઈ વખત વ્યવહાર નિગોદમાં આવી સૂક્ષ્મ સ્વરૂપ છોડી બાદર સ્થિતિ પ્રાપ્ત કરે છે એવી રીતે વધતાં વધતાં આ જીવ પૃથ્વી આદિ એકેન્દ્રિય દશામાં, ત્યારપછી બે ત્રણ ચાર ઇંદ્રિયવાળી સ્થિતિમાં અને ક્રમે કરીને તિર્યંચ પંચેન્દ્રિય સ્થિતિમાં

---

* अतस्त्वयोगो योगानां योगः पर उदाहृतः ।
मोक्षयोजनभावेन सर्वसंन्यासलक्षणः ॥ योगदृष्टिसमुच्चय (११)

આવે છે. કોઈક શુભ પરિણામ થતાં કર્મનિર્જરા અનાભોગ અવ્યક્ત રીતે કરી ઊંચે આવે છે અને વળી કોઈ કોઈ વાર પાછો નીચે ઉતરી જાય છે આવી રીતે અથડાતાં પછડાતાં તે જ્યારે પંચેંદ્રિયગતિમાં આવે છે ત્યારે તે આત્મસ્વરૂપ-વિચારણાની અવસ્થામાં આવે છે. પંચેન્દ્રિયગતિમાં પણ મનુષ્ય-ગતિમાં ઉત્ક્રાંતિક્રમ બહુ સારો પ્રાપ્ત થાય છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. મનુષ્યગતિમાં આવીને પણ આર્ય દેશની પ્રાપ્તિ, આયુષ્યની સ્થિતિ, શરીરનું સ્વાસ્થ્ય, ગુરુમહારાજનો યોગ, ઉત્ક્રાન્તિ કરવાની ઇચ્છા, જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ, પૃથક્કરણ કરી વિવેચન કરવાની શક્તિ એ પ્રમાણે અનેક પ્રકારની અનુકૂળતા પ્રાપ્ત થાય તો જ ઉત્ક્રાન્તિક્રમમાં ચેતન આગળ વધે છે નહિ તો મનુષ્યનો ભવ પૂર્ણ કરી વળી પાછો સંસારમાં રખડી જાય છે અને ભવાંતરમાં ભટકે છે આવી સ્થિતિ હોવાથી મનુષ્યજન્મની દુર્લભતા વિચારી પ્રાપ્ત થયેલ સામગ્રીઓનો પૂરેપૂરો સારી રીતે લાભ લેવાની આવશ્યકતા સમજવા સારુ જીવો મનુષ્યગતિમાં પણ ઉત્ક્રાન્તિક્રમમાં પૃથક્ પૃથક્ સોપાન પર રહેલા હોય છે એ ધ્યાનમાં રાખવાનું છે. જુદા જુદા ઉત્ક્રાંતિક્રમનાં સોપાનો પર ઇતિહાસ આગળ વિવેચન થશે ત્યારે જણાશે કે ઉત્ક્રાંતિક્રમમાં પણ કેટલી તરતમતા હોય છે. મનુષ્ય-ગતિમાં રહેલા જીવોનું વર્તન જોતાં ઘણી વખત ખેદ થશે. ઘણાખરા મનુષ્યો અનેક પ્રકારનાં આર્ત રૌદ્ર ધ્યાન કરી, અધમ વૃત્તિ આદરી અનેક પ્રકારની ધમાધમ કરી, આત્મા જેમ તેમ ચાલ્યા જાય છે. અભ્યાસનાં પ્રયોગમાં

ઉત્ક્રાંતિમાં તરતમતા

આનંદ માની, લગ્ન વિવાહાદિ પ્રસંગોમાં સુખ માની, મરણ
વિયોગાદિ પ્રસંગોમાં શોક કરી, કાં તો તદ્દન આળસુ અથવા
તો તદ્દન પ્રવૃત્તિમય જીવન વહન કરી સાધ્ય અને હેતુના
નિર્ણય વગર જીવન પૂર્ણ કરે છે, ધનની એષણામાં, પુત્ર
પરિવારની વૃદ્ધિ કરવામાં, તેઓના ખોટા વેષ ભજવવામાં,
માન કીર્તિના અમળપણાની અસ્થિરતા જાણવા છતાં તેની
પ્રાપ્તિના પ્રયાસમાં અનેક પ્રકારની ધામધુમ કરી વ્યવહાર
ચલાવે છે અને પ્રાપ્ત થયેલ ભોગપદાર્થનો કોઈ પણ પ્રકારનો ઉપ
યોગ કર્યા વગર અથવા બહુધા દુરુપયોગ કરીને જીવનયાત્રા
પૂર્ણ કરે છે અને ઘણુંખરું અનેક પ્રકારના હીન કર્મો વિષય
કષાય દ્વારા એકઠાં કરી વિશેષ ભારે થઇ ભવાંતરમાં ચાલ્યો
જાય છે અને પોતાના ચેતનને અથવા સ્વને એવી કફોડી
સ્થિતિમાં મૂકે છે કે જ્યાંથી ઉત્થાન અથવા તેમાં પ્રાપ્ત થયેલ
સામગ્રી ફરીવાર પ્રાપ્ત કરતાં અનેક ભવો
સામગ્રીનો દુરુપયોગ કરવા પડે. આ અતિ વિપરીત સ્થિતિમાં
આવી રહેલા ચેતનજીના વ્યવહારનો ખ્યાલ
કરવા બહુ વિચારવા લાયક સ્થિતિ પ્રાપ્ત થાય તેમ છે એને
પુત્ર નહિ હોય તો પણ ધનની પાછળ ગાંડો થઈ જઈ, પુત્ર
સંતતિ હશે તો પુત્ર ધન ભેગી જનાર પિતાનો કેટલો આધાર
માને છે તેનો ખ્યાલ કર્યા વગર ધન પાછળ લાગી રહેશે,
માન-કીર્તિ માટે અનેક પ્રયાસો કરશે અને આવી અનેક રીતે
વિભિન્ન જીવનમાંથી તેને બહાર નીકળવાનો કાંઇ પ્રસંગ
આવશે તો તેના સંયોગ અપૂરતો તેને સંસારમાં ચોંટી રાખશે
અને તેવા સંયોગોમાં કોઈ બીજો ભોગવશે હશે તો તેને પણ

સંસારમાં ભેળવીને લઈ જાય છે. આવી રીતે અનેક પ્રકારે વિવિધ
જીવન પૂર્ણ કરી જીવ સંસારને વધારતો જાય છે જેટલો
જાય છે, તેની વિશેષ નજીક જતો જાય છે અને મનુષ્યજીવન
એક ક્ષણમાં ગુમાવીએ તો, ફરી જાય છે જીવન અસારતી છે
તે આટલા ઉપરથી જણાવ્યું હતું. હવે આવા પ્રકારની મનુષ્ય
જીવનની મુખ્યત્વે કરીને સ્થિતિ છે એટલું જણાવ્યા પછી સાથે
એટલું પણ જણાવી દેવું જોઈએ કે આવા માની લીધેલા
વ્યવહારથી વિરક્ત થઈ કેટલાક એક જીવો સંસારથી ઉંચા
આવતા જાય છે, મનુષ્યભવની દુર્લભતા
સમજવાથી મહાત્માઓ વિચારે છે ચેતન અને પુદ્ગલનો સંયોગ
ક્ષણિક છે એમ જાણે છે તે સંબંધનાં
કારણો અને તે કારણોને મેળવનાર શક્તિનો સંબંધ મનમાં
લાવે છે શુદ્ધ ચેતનજીનું સ્વરૂપ સમજવા યત્ન કરે છે અને
તે સમજી તેને પ્રાપ્ત કરવા—તે પ્રકટ કરવા નિશ્ચય કરે છે,
વિચાર કરે છે અને તેને યોગ્ય સામગ્રી મેળવવા સાધનો બનતા
પ્રયાસો એવાં કરવા નિશ્ચય કરે છે આત્મવિકાસ જીવની આવી
દશા હોય છે. ભવસ્થિતિ પરિપાક થઈ હોય અને ચેતનજી
ઉંચા આવવાની સામગ્રીની જ અપેક્ષા રાખતો હોય તે
પ્રાણી આવી મહાસુંદર સ્થિતિ પ્રાપ્ત થાય છે અને તેવી સુંદર
સ્થિતિનો લાભ લઈ આવા મહાત્માઓ પોતાની ઉન્નતિના ક્રમમાં
વધારો વધારો કરે છે આવા જીવોની જે અતિ ઉચ્ચ સ્થિતિ
ધીમે ધીમે ક્રમ પ્રમાણે થતી જાય છે તેનો વિચાર હવે કર
વાનો છે તેનાં સાધનો સંબંધી વિચાર કરતાં ત્યારે જણાશે
કે આવા જીવોનું સાધન લક્ષ્ય યોગમાર્ગ પર હોય છે અને

તેને અંગે તેઓ નવું આત્મોન્નતિ ક્રમસર કરતાં આવ્યા જાય છે આ પ્રશ્નનું ઉદ્દિષ્ટ હોવાથી આપણે આવા જીવો ઉન્નતિ ક્રમમાં આગળ વધે ત્યારે તેઓની સ્થિતિ-માનસિક અને આત્મીય-કેવી રીતે પ્રગતિ કરતી જાય છે તે પ્રથમ ટૂંક દૃષ્ટિ દ્વારા વિચારશું અને ત્યારપછી પ્રગતિ કરવાના સાધનો પૈકી યોગનાં અંગો અને ખાસ કરીને ધ્યાનવિષય પર વિચાર કરશું

'યોગ' સંબંધી ખોટો ખ્યાલ

અહીં એક વાત આ પ્રસંગે કહી દેવી પ્રાસંગિક છે. સામાન્ય રીતે લોકોમાં યોગ શબ્દની સાથે કંઈ અતિ વિચિત્ર ખ્યાલ પ્રસરી રહેલો જણાય છે તેઓ યોગી એટલે જોગી અને તે ઉપરથી જડીબુટ્ટી આપનાર મંત્રતંત્ર સમજનાર, સિદ્ધિ દ્વારા લોકનું સુખદુ કરનાર, વ્યાધિઓ મટાડનાર અને એવી અસાધારણ ચમત્કાર દેખાડનાર વૃત્તિનો ખ્યાલ કર્યા કરે છે આથી યોગ શબ્દનો અને તેના મૂળ હેતુનો નાશ થતો હોય એમ મારું માનવું છે જીવની અચિંત્ય શક્તિ છે અને આત્મીય શક્તિદ્વારા કુદરતની કેટલીક સામાન્ય રીતે ન જણાયલી સત્તાઓ વિશુદ્ધ આત્મજીવન વહન કરનારને પ્રાપ્ત થઈ શકે છે અને પ્રાપ્ત થયેલી હોય છે એમ માનવામાં વાંધો આવતો નથી અને એવી અનેક ચમત્કારની વાતો સાંભળવામાં આવે છે પરંતુ એ યોગ નથી. યોગને અંગે થતી સિદ્ધિઓમાં જો

સિદ્ધિ અને પ્રગતિનો સંબંધ

આ જીવન દુભાઈ જાય તો વિષયવૈરાગ્ય કર્યાં સ્વરૂપવૈરાગ્ય ન હોવાથી તેની પ્રગતિ થતી અટકી પડે છે તેનું આત્મધન પૌદ્ગલિક

ધ્યાનમાં રૂકાવટ જવાથી વધારે ઉન્નત થઈ શકાતું નથી અને તેથી આવી સિદ્ધિઓ પ્રાપ્ત થાય તો પણ તેનો ઉપયોગ વાસ્તવિક રીતે તેઓ કરી શકતા નથી. એક સરખી ચોવીસે કલાક ક્રોડ સુવર્ણની વૃષ્ટિ કરનાર નંદિષેણનો યોગ કેવો ઉત્કૃષ્ટ હોવો જોઈએ, પરંતુ યોગની પ્રક્રિયા કરતાં જતાં પૌદ્ગલિક સિદ્ધિનો લાભ લેવા ગયા એટલે તે વખતે તો તદ્દન યોગભ્રષ્ટ થયા; ગૌતમસ્વામીએ અક્ષીણમહાનસ લબ્ધિથી તાપસોને ક્ષીરાન્ન જમાડ્યું તેનો આશય અને પ્રતિબોધની વૃત્તિ કરવાનો હતો, નહિ તો તેઓ પણ યોગભ્રષ્ટ જ થાત અને આપણે સનત્કુમાર ચક્રવર્તીના વ્યાખ્યાનમાં તેઓના દીક્ષા પછીના પ્રબંધમાં વાંચીએ છીએ કે તેઓને કુષ્ઠાદિ વ્યાધિ હતા, શરીર મહાવ્યથા થતી હતી અને પોતાની પાસે એવી લબ્ધિ હતી કે પોતાના થૂંકથી શરીરને સુવર્ણથી પણ વધારે તેજસ્વી બનાવી શકે પરંતુ એવી લબ્ધિનો ઉપયોગ તેઓએ પોતાને માટે કદિ કર્યો ન હતો. સ્થૂળ પૌદ્ગલિક બાબતમાં શક્તિ જનાર મન વચનમાં ઇચ્છાવાળા રહેનારને તેટલા માટે એવી કહેવાય નહિ, તેના અભ્યાસથી યોગના અભ્યાસમાં અથવા તેની પ્રક્રિયામાં પ્રવેશ કરવો નહિ અને તેવી પ્રવૃત્તિને માન આપવાનો એનો વિચાર થાય તેમજ સનત્કુમારની પશ્ચાત્ અવસ્થાનો સારી રીતે વિચાર કરવો. યોગશાસ્ત્રના પ્રથમ પ્રસ્તાવની આદિની આખાની ટીકા કરતાં આ વિષય પર સારો ઉલ્લેખ થયો છે હકીકત એમ છે કે યોગની પ્રક્રિયાથી આવી અનેક પ્રકારની લબ્ધિ-સિદ્ધિઓ સહજ પ્રાપ્ત થઈ જાય છે પણ તે પ્રાપ્ત કરવા માટે અથવા પ્રાપ્ત થયેલ હોય તેના ઉપયોગ માટે યોગસાધન

પ્રાપ્ત કરવાની ભૂલ કદિ કોઈએ કરવી નહિ. પૌદ્ગલિક દશામાં આ જીવની આસક્તિ એટલી બધી છે કે જો આ સંબંધમાં પ્રથમથી ચેતવણી ન મળે તો બહુ આગળ વધી ગયા પછી પણ સ્ખલના થવાનો બહુ સંભવ રહે છે. આટલા ઉપરથી લોકોમાં યોગીના સંબંધમાં જે ખોટો ખ્યાલ બેસી ગયો છે તે કાઢી નાખવાની ખાસ જરૂર છે. શુદ્ધ આત્મદશાને પ્રાપ્ત કરવાની સ્થિતિમાં જોડનાર સ્થિતિને યોગ કહેવામાં આવે છે અને તે સ્થિતિમાં વધારે આગળ પ્રગતિ પામેલા પ્રાણીઓને યોગી કહેવામાં આવે છે. એમાં જેટલે અંશે પૌદ્ગલિક વાંછા હોય છે તેટલે અંશે યોગભ્રષ્ટતા સમજવી. આ સંબંધી સંસારી જીવોના વિચારથી દોરવાઈ ન જતાં શુદ્ધ તાત્ત્વિક દૃષ્ટિથી ખ્યાલ કરી સત્ય હકીકત સમજવાની ખાસ જરૂર છે

સિદ્ધિ અને યોગભ્રષ્ટતા

આવી અનેક પ્રકારની અણિમા, લઘિમાદિ સિદ્ધિઓનું વર્ણન યોગશાસ્ત્રમાં પૂરી રીતે ગ્રંથકારે કર્યું છે અને પાતંજલ આચાર્યે યોગદર્શનના તૃતીય પાદમાં કહ્યું છે, પરંતુ છેવટે કહે છે કે–એ સર્વ સિદ્ધિઓ પુરુષસાક્ષાત્કાર કરાવનાર સંપ્રજ્ઞાત યોગની પ્રતિબંધક છે, કારણ કે તેઓ કહે છે કે–મન જ્યાંસુધી વિષયથી અત્યંત વિરામને પામ્યું નથી ત્યાંસુધી તે એકાગ્ર થઈ ધ્યેય પ્રતિ સ્થિર થતું નથી અને એ સિદ્ધિનો ઉપયોગ કરવા વિષય યોગદશા અંતઃકરણ વિકળ થાય છે. અંતઃકરણમાં પ્રાપ્ત થયેલ દૃઢતા ક્ષીણ થઈ જાય છે અને અંતઃકરણની શુદ્ધ સાત્ત્વિક અવસ્થા ક્રમે ક્રમે જતી રહે છે. સ્થિરતા જતી રહી ચંચળતાને સ્થાન આપે છે અને અંતે તે સાધક યોગના પરિણામી ફળને

અનુસર્યા વિના માર્ગ આગળ યોગમાર્ગે થાય છે.* કેટલે તો
લોકોમાં આવ્યું છે કે—અનુષ્ઠાનદશામાં આગળ ન વધનારી
ઈચ્છા રાખનારને આવી સિદ્ધિઓ કામની છે, પરંતુ જેને વિશેષ
આત્મિક હેતુથી યોગસાધના કરવી હોય તેમણે આ સિદ્ધિઓ
ઉપેક્ષા કરવા યોગ્ય છે. જૈન શાસ્ત્રકારો આવો જ વિચાર
બતાવીએ તો પૌદ્ગલિક હોવાના લીધેથી બાહ્યસિદ્ધિ જ છે જ
સિદ્ધિમાં પરિપૂર્ણતા માની તેનો લાભ લેવા વિચાર કરે છે.
આદિ એમની ઈચ્છા સિદ્ધિસ્થાન પ્રાપ્ત કરી ક્રમ ક્રમથી સહિત
થઈ આગળમાં સ્થિર થવાની હોય છે તેઓ આ સિદ્ધિઓના
ઉપયોગને ચાલુ રાખનાર આત્મ પરમાત્મામાં રમણતા કરનાર
તરીકે તેની અન્ય પૌદ્ગલિક વસ્તુઓની પેઠે ઉપેક્ષા કરી છે
આશય નથી છે

સાધક જીવોનો ઉત્ક્રાંતિક્રમ

હવે આપણે સાધક જીવોનો ઉત્ક્રાંતિક્રમ વિચારીએ. અહીં
જણાવી દેવાની જરૂર છે કે આ ઉત્ક્રાંતિક્રમ શ્રીહરિભદ્રસૂરિ
મહારાજના બનાવેલા શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ ઉપરથી તેમજ
તેના આશય મુજબની ગુજરાતી સવાસો ગાથારૂપ આઠ દૃષ્ટિની સજ્ઝાય,
જેના બનાવનાર પ્રસિદ્ધ મહાત્મા શ્રીમાન્ યશોવિજય ઉપાધ્યાય
છે તેમના અનુસાર સરળ રીતે સંક્ષેપમાં સૂચવ્યો છે. એ
ક્રમ બહુ વિચાર કરી સમજવા યત્ન કરવો અને એમણે બની
શકે તેમણે ઉપરોક્ત મૂળ ગ્રંથો જોવા.

---

* પાતંજલયોગદર્શન પાદ ત્રીજું સૂત્ર ૩૭ અને તે પર વાર્તિક

ગુણસ્થાન-ઉન્નતિનાં સોપાન

તેનો ઉત્ક્રમ સમજાવવા માટે ચૌદ ગુણસ્થાનરૂપ વિભાગ કરવામાં આવ્યા છે જેમ જેમ ચેતન-આત્મા ગુણ સ્થાનમાં આગળ વધતો જાય છે તેમ તેમ તેના આત્મીય ગુણો અવિચ્છિન્નપણે પ્રકટ થતા જાય છે અને છેવટે જ્યારે ચૌદમા ગુણસ્થાનના છેડે તે પહોંચે છે ત્યારે તેને તદનતર સર્વે જ આત્માની પૂર્ણ પ્રાપ્તિ થાય છે એ ચૌદ ગુણસ્થાનમાં ઉત્ક્રમ કેવા પ્રકારનો થાય છે તે પણ બહુ સારી રીતે સમજવા યોગ્ય છે અને જૈન ગ્રંથો એ વિષયમાં બહુ સારી રીતે પ્રકાશ નાખે છે કર્મગ્રંથ, કમ્મપયડી, પંચસંગ્રહ વિગેરે આ વિષયના ખાસ ગ્રંથો હોવા ઉપરાંત મૂળ સૂત્રોમાં પણ તે વિષયનું વર્ણન બહુ બારિક રીતે અનેક સ્થાનો પર આપવામાં આવ્યું છે આવા યોગના વિષયમાં પ્રવેશ કરનારે કર્મગ્રંથાદિક તો સારી રીતે વાંચીને સમજવા જ જોઈએ તેથી આપણે ગુણસ્થાનનો ઉન્નતિ ક્રમ બતાવવા માટે અહીં રોકાશું નહિ. એટલું જ જણાવશું કે-મિથ્યાત્વ ગુણસ્થાનથી આગળ ચાલતાં ચતુર્થ ગુણસ્થાને અવિરતિ સમ્યગ્દૃષ્ટિની દશા પ્રાપ્ત થાય છે તે વખતે હવે પછી વિવેચન કરવામાં આવનારી ચતુર્થ દૃષ્ટિથી આગળ વધવામા આવે છે પાંચમા ગુણસ્થાને દેશવિરતિ થાય છે અને ત્યારપછી આગળ વધતા ઉત્તમ ગુણસ્થાનની પ્રાપ્તિ થતાં અનેક આત્મીય ગુણો પ્રકટ થાય છે કર્મનો નાશ થતો જાય છે અને છેવટે સર્વ કર્મથી રહિત સ્થિતિ પ્રાપ્ત થાય છે યોગના અભ્યાસીઓ આ સ્થિતિ-ગુણસ્થાનનો ક્રમ, તેમાં થતો આરોહ અને અવ રોહ સમજી શકે તેવાં સાધનો સારી રીતે આપ્યાં છે અભ્યાસ

કરવાની શક્તિથી ઠેઠ પ્રયત્ન સુધી ગત ગણવામાં આવે તો ક્રમની વિવિધતા, તેનાં બંધસ્થાનો, તેનો ઉદયમાન, તેની સત્તામાં રહેવાની સ્થિતિ વિગેરે બહુ અગત્યની બાબતોનું સૂક્ષ્મ જ્ઞાન મળી શકે તેમ છે આત્ર વ્યવસ્થા જોડેલો છે કે—ઉત્ક્રાન્તિક્રમ બતાવવા માટે ગુણસ્થાનની રચના અને તેનું સ્પષ્ટ જ્ઞાન બહુ ઉપયોગી છે તેને માટે કમ્મપયડિ ઉપરાંત ગ્રંથોનો મિશ્ર કરવા ભલામણ કરી આવેલું એ વિષયમાં એટલું બાકી રહે કે કર્મના અગત્યના વિષયને જૈન ગ્રંથોમાં બહુ સારો ઉલ્લેખ થયેલો છે અને એ વિષયનું સ્પષ્ટીકરણ બહુ સારી રીતે કરેલું છે. પાંચમા ગુણસ્થાનની આગળ પ્રગતિ કરતી વખતે બહુ સ્પષ્ટતાથી અને સપાટાબંધ ઉન્નતિ થાય છે એ ગુણસ્થાન-નો અગત્યનો વિષય દૃષ્ટિના વિષયની વિચારણામાં પ્રસંગે પ્રસંગે હવે સાથે વિચારવામાં આવશે.

આઠ દૃષ્ટિ—ઉન્નતિની સીડી

આ ગ્રંથનો ઉન્નતિક્રમ બતાવવા માટે આઠ દૃષ્ટિનો ઉપયોગ બહુ સુંદર રીતે કરવામાં આવ્યો છે. એ વાત વિચારપૂર્વક સમજાવવા વિષયનો વિચાર કરતાં દરેક સાધક મુમુક્ષુ પોતે ઉન્નતિ ક્રમની કઈ હદ સુધી પહોંચેલ છે તેનો વિચાર કરશે. શુદ્ધ શાંત અવસ્થામાં સ્થિત થયેલા ચેતનજીને પૂછશો તો તે જવાબ આપશે કે ઉન્નતિક્રમમાં પોતે ક્યાં સુધી વધેલ છે હવે આપણે દૃષ્ટિ શબ્દનો અર્થ વિચારીએ.

દૃષ્ટિ શબ્દની અર્થવિચારણા

સત્શ્રદ્ધાસંગી બોધને દૃષ્ટિ કહેવામાં આવે છે. (યોગદૃષ્ટિ-

સમુચ્ચય ગાથા ૧૭મી) પોતાના અભિપ્રાય ઉપર આત્મતત્ત્વનો નિર્ણય કરવો તે જેમ પ્રતિકૂળ છે તેમજ અંધશ્રદ્ધા રાખવી તે પણ ઉપયોગ વગરનું છે વિચારપૂર્વક શ્રદ્ધા રાખવી નિર્ણય કરવો અને સત્ય સ્વરૂપનું જ્ઞાન કરવું એનું નામ દષ્ટિ કહેવાય છે. એવા પ્રકારની દષ્ટિથી હલકી પ્રવૃત્તિ અટકી પડે છે અને શુભ પ્રવૃત્તિ તરફ ગમન થાય છે જેમ જેમ દષ્ટિ ઉઘાડ થતી જાય છે તેમ તેમ ઉત્ક્રાંતિક્રમમાં ઉચ્ચ પ્રકારના બોધની પ્રાપ્તિ થતી જાય છે આવા પ્રકારના દર્શનને દષ્ટિ કહેવામાં આવે છે જેટલી જેટલી આત્માની વિશુદ્ધતા થઈ હોય એટલે જેટલે જેટલે અંશે તેના ઉપર લાગેલાં કર્મો સંબંધ ઉદય આવીને ખરી ગયાં હોય અને સંબંધ ઢીલા થયા હોય તેટલે અંશે તેને સત્ય જ્ઞાન સ્પષ્ટ રીતે થતું જાય છે અને તેના પ્રમાણમાં તે ઉત્ક્રાંતિક્રમમાં આગળ વધતો જાય છે આવી રીતે વિચારતાં જેટલા ભેદો ઉત્ક્રાંતિસ્થાનના થઈ શકે તેટલા દષ્ટિના ભેદ થાય કારણ કે દરેક ચેતન ઉત્ક્રાંતિક્રમમાં જુદી જુદી અવસ્થા પર સ્થિત થયેલ હોય છે એ દરેકનું વર્ણન કરવું વચન અગોચર છે તેથી તેના મુખ્ય આઠ વિભાગ પાડી આઠ દષ્ટિદ્વારા ચેતનનો ઉત્ક્રાંતિક્રમ અત્ર બતાવ્યો છે મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા એ આઠ દષ્ટિનાં આઠ નામ છે એ પ્રત્યેક દષ્ટિ પર સ્થિત થયેલ ચેતનજી કેટલો વિકાસ પામેલ હોય છે તે આપણે નીચે વિચારશું

ઓઘદષ્ટિ

ઉપરની આઠ દષ્ટિમાં પ્રથમ મિત્રા અને તે પહેલાની ગણ

દૃષ્ટિએ (તારા, બલા અને દીપ્રા) મિથ્યાદૃષ્ટિને પણ સંભવે છે. મિથ્યાદૃષ્ટિ જીવો ક્રમવિકાસમાં બહુ પાછળ પડેલા હોય છે. તેમાં કેટલાક અનંત સંસારી અને કેટલાક તો દુર્ભવી અને અભવી પણ હોય છે. આવા જીવોમાં પણ મહાવિશુદ્ધ ચાર દૃષ્ટિવંત જીવો કેમ હોઈ શકે એ સહજ પ્રશ્ન થાય છે કારણ કે આપણે હવે પછી જ્યારે એ પ્રથમની ચાર દૃષ્ટિનું સ્વરૂપ વિચારશું ત્યારે જણાશે કે એમાં ઠી ચેતનનો ક્રમવિકાસ થયેલો વધી ગયેલો હોય છે. એ હકીકત સ્પષ્ટ કરવા માટે પ્રથમ આપણે ઓઘદૃષ્ટિનું સ્વરૂપ વિચારવું પડશે. ઓઘદૃષ્ટિ એટલે જનસમૂહની સામાન્ય દૃષ્ટિ. વિચાર કર્યા વગર ગતાનુગતિક ન્યાયે વડિલના ધર્મને અનુસરવું, બહુજનસંમત કે પૂર્વ ધર્મના અનુયાયી થવું, પોતાની આત્મનો ઉપયોગ ન કરવો એનું નામ ઓઘદૃષ્ટિ કહેવામાં આવે છે. સઘન વાદળાં આકાશમાં ચડી આવ્યાં હોય ત્યારે જેમ ચંદ્રનીત દર્શન અતિ મંદ થાય અને વાદળાં વગરની રાત હોય ત્યારે વિશેષ દર્શન થાય, વળી ભૂત જીવની દૃષ્ટિ વિકારી અને શુદ્ધ પુરુષની દૃષ્ટિમાં જેમ ફેર હોય છે તેમાં પણ વિવેકી અને અવિવેકી પ્રાણીઓનાં દર્શનમાં ફેરફાર હોય છે—એવી રીતે ગ્રહવાળી અથવા બાળજીવની કે અવિવેકી પ્રાણીની દૃષ્ટિથી જે સામાન્ય દર્શન થાય તે ઓઘદૃષ્ટિ દર્શન સમજવું. બહુધા એવી સ્થિતિમાં રહેલા જીવો સામાન્ય દર્શન કરતા જ નથી, કરવાનો વિચાર પણ કરતા નથી અને કરવાની સન્મુખ પણ થતા નથી અને

પ્રથમની ચાર મિથ્યાદૃષ્ટિ

ઓઘદૃષ્ટિમાં સામાન્યદર્શન

કોઈ સહજ વિચાર કરે છે તો તેનું દર્શન ક્રમવિચિત્રતાને લીધે આવરણવાળું હોવાથી અતિ અસ્પષ્ટ અથવા તદ્દન નહિ જેવું થાય છે અનેક દર્શનો આ સંસારમાં નીકળ્યાં છે તે આ ઓઘદૃષ્ટિને લઈને થયેલાં છે એમ સમજવું તેઓ એક વખત ધ્યાનમાં રાખી એક દૃષ્ટિબિન્દુથી અમુક પદાર્થ તરફ જોઈ રહે છે અને તેથી તેઓનું દર્શન ક્વાપિ આવરણ રહિત-સ્પષ્ટ થઈ શકતું નથી. એકાંત દૃષ્ટિએ અમુક વસ્તુ તરફ જોવામાં આવે ત્યાં મનમાં પ્રથમથી ધારી રાખેલું પરિણામ જ આવે અને તેવે પ્રસંગે પોતાના મનમાં ધારી રાખેલા પરિણામથી ઊલટી કોઈ બાબત જોવામાં આવે તો તે પસાર કરી દેવામાં આવે એમ સ્વાભાવિક રીતે જ બને છે. જ્યાં એકાન્ત બુદ્ધિ હોય ત્યાં આવું પરિણામ અનિવાર્ય છે અને આવી રચનાઓ આ જીવે અનેક પ્રસંગે કરેલી વિવેકદૃષ્ટિવાળા જોવામાં આવે છે આ પ્રમાણે હોવાથી આવી ઓઘદૃષ્ટિ ઉપર રહેલી આઠ દૃષ્ટિઓને જુદી પાડવા માટે આઠ દૃષ્ટિનું સમુચ્ચય નામ યોગદૃષ્ટિ પાડવામાં આવ્યું છે. અનાદિ કાળથી મિથ્યાત્વભાવમાં વર્તતો આ ચેતન જ્યારે ઓઘદૃષ્ટિ તજી દે છે ત્યારે તે ઉત્વિક્રમમાં આગળ વધે છે. અનંત સંસારમાં ભ્રમણ કર્યા જ્યારે તેની સામ્યસામીપ્ય દશા થાય છે અને તેની ભવસ્થિતિ પરિપક્વ થાય છે ત્યારે તે અત્ર કહેવામાં આવતી યોગદૃષ્ટિ પૈકીની પ્રથમ દૃષ્ટિ પ્રાપ્ત કરે છે સંસાર અનંત છે અને ચેતને તેમાં અનંત ભવો કર્યા છે પરંતુ ઉત્વિક્રમમાં જ્યારે તેની સ્થિતિ આગળ વધવાની હોય છે ત્યારે તે ઓઘદૃષ્ટિ મૂકી યોગદૃષ્ટિમાં આવે છે જૈન પરિભાષામાં કહીએ તો કેટલા

પુદ્ગલપરાવર્તમાં તેની આ સ્થિતિ થાય છે. અનંતાં વર્ષોનું એક પુદ્ગલપરાવર્ત થાય છે. અનંતાં પુદ્ગલપરાવર્ત* ફરી આ ચેતન ચોરાશી લાખ જીવાયોનિમાં રખડપાટ કરે છે—એ પ્રમાણે રખડતાં રખડતાં જ્યારે તેને છેલ્લું પુદ્ગલપરાવર્ત પ્રાપ્ત થાય છે ત્યારે તે આ યોગદૃષ્ટિની પ્રાપ્તિ કરે છે.

પ્રથમ યોગદૃષ્ટિ-પ્રાપ્તિનો કાળ

આ પ્રમાણે હકીકત હોવાથી એ કે પ્રથમની ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વભાવ વર્તતો હોય છે અને યોગદૃષ્ટિની અપેક્ષાએ આ દૃષ્ટિવંત જીવોને ગુણવિકાસ થયો ગણાય નહી કારણ કે હોય છે અને દૃષ્ટિ શબ્દની વ્યાખ્યામાં આવ્યું જોયું છે કે સત્શ્રદ્ધાએ બોધને દૃષ્ટિ કહેવામાં આવે છે—એવા સત્શ્રદ્ધાને બોધ અહીં પ્રથમની ચાર દૃષ્ટિમાં ખરી રીતે થઈ શકે છે તેથી મિથ્યાત્વમાં વર્તતા જીવોને પણ યોગદૃષ્ટિવાળા કહેવામાં આવ્યા છે અને તેથી તે ચાર દૃષ્ટિનો સમાવેશ યોગદૃષ્ટિમાં કર્યો છે. એ ચાર દૃષ્ટિમાં વર્તતા જીવોની પ્રગતિ ઓઘદૃષ્ટિમાં વર્તતા જીવો કરતાં ઘણી વધારે હોય છે અને કર્મ

---

* પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ જાણવા માટે પ્રવચનસારોદ્ધાર ગ્રંથ જોવો. તેનું સ્વરૂપ અહીં લખવાથી ગ્રંથને વિસ્તાર વધી જાય. સાધારણ રીતે અનંતા વર્ષો એક પુદ્ગલપરાવર્ત થાય છે. એના સૂક્ષ્મ બાદર અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભેદ થાય છે એવા અનેક પુદ્ગલપરાવર્ત સુધી આ પ્રાણી સંસારમાં રખડે છે. એમાંથી સન્મુખ થાય એવા છેલ્લા પરાવર્તનમાંથી અહીં વાત ચાલે છે. આ પરાવર્ત કાળથી [illegible]

ક્રમે વિશેષ વધતી જાય છે એટલું ધ્યાનમાં રાખવાનું છે જ્યારે પશ્ચાત્‌ની સ્થિરાદિક ચાર દૃષ્ટિમાં મોક્ષ પ્રતિ જવા માટે જે પ્રયાણ શરૂ કર્યું હોય તે અટકતું નથી, આગળ આગળ પ્રગતિ થયા જ કરે છે, ત્યારે પ્રથમની ચાર દૃષ્ટિમાં વખતે પતન પણ થઈ જાય છે, આગળ વધેલો જીવ પાછો પણ પડી જાય છે અને એમ એમ કરતાં આગળ વધે છે જેવી રીતે પ્રયાણ કરનાર માણસ રાત્રિએ શયન લે છે, તેવી રીતે સ્થિરાદિક આગળની ચાર દૃષ્ટિવાળો જીવ દેવગતિ વિગેરેમાં જઈ સુખ ભોગવી આવે છે અને વળી પાછો મનુષ્યગતિ પ્રાપ્ત કરી મોક્ષ તરફનું પ્રયાણ આગળ ચલાવે છે આટલી હકીકત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે હવે આપણે એ આઠે દૃષ્ટિમાં વર્તતા જીવોની સ્થિતિ અને એનો ઉત્ક્રાંતિક્રમ સંક્ષેપમાં વિચારી જઈએ.

૧. મિત્રાદૃષ્ટિ

પ્રથમ મિત્રાદૃષ્ટિમાં યોગનું પ્રથમ અંગ 'યમ' પ્રાપ્ત થાય છે અહિંસા, સત્ય, અસ્તેય, મૈથુનવિરમણ અને અપરિગ્રહતા આ સુપ્રસિદ્ધ પાંચ યમ છે એ પાંચ યમો સામાન્ય પ્રકારે અહીં પ્રાપ્ત થાય છે આ દૃષ્ટિમાં બોધ તૃણની અગ્નિ જેવો સમજવો. જેમ ખડનો તાપ એકદમ થઈ ભડભડ બળી જાય તેવો એટલે તદ્દન સૂક્ષ્મ—સામાન્ય પ્રકારનો—વિજળીના ચમકારા જેવો બોધ અહીં થાય છે એ દૃષ્ટિનું લક્ષણ 'અખેદ' છે એટલે આ પ્રથમ દૃષ્ટિમાન્ જીવને શુભ કાર્ય કરતાં જરા પણ કંટાળો આવતો નથી, ત્યાં પ્રયત્ન કરતાં તે કદિ થાકી જતો નથી અને શુભ પ્રવૃત્તિ કરતાં તેને થાક ચઢી જતો

નથી. એ ભૂમિકામાં 'અદ્વેષ'ની હદ સુધી આત્મા વધે છે, એટલે એને એવી રીતે શુભ પ્રવૃત્તિ અહેતુકની વિચારણા તરફ અખેદ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે અન્ય અશુભ પ્રવૃત્તિ કરનાર તરફ અદ્વેષ ઉત્પન્ન થાય છે. અહીં આવીને તત્ત્વ અને મુક્તિ તરફ અદ્વેષ ઉત્પન્ન થાય છે. અત્યાર સુધી પુદ્ગલપરાવર્તમાં રખડતો પ્રાણી પુદ્ગલને તત્ત્વ માનતો હતો અને તેના વિયોગને અતત્ત્વ માનતો અને અર્ધાપત્તિથી આવીને તત્ત્વ અને મુક્તિ તરફ દ્વેષ હતો; આ તેનો દ્વેષ હવે મંદ થતો જાય છે અને તેથી જ આગળ પ્રગતિ કરતા હવે પછી તેને તત્ત્વજિજ્ઞાસા ઉત્પન્ન થશે. આ હકીકત બહુ સૂક્ષ્મ વિચારથી સમજવા યોગ્ય છે. એમાં તત્ત્વરુચિ કેમ પ્રગટે છે અને વધે છે તે દરેક દૃષ્ટિમાં આપણે લક્ષમાં રાખવા યોગ્ય છે. આ ઉપરાંત એને અહીં કરુણાનો અંશ ઉત્પન્ન થાય છે તેથી તે સમજે છે કે અન્ય જીવો જે કુદેવ અને કુગુરુ પર દેવગુરુબુદ્ધિ રાખે છે અથવા અશુભ કર્મોમાં પ્રવૃત્તિ કરે છે તેઓ આપણા દયાને પાત્ર છે. તેઓ ઉપર દ્વેષ કરવો અનુચિત છે. કર્મને પરવશ પડી રહેલા એવી અધમ દશા ભોગવે. તેઓ ઉપર દ્વેષ કરવો એ મરેલાને મારવા તુલ્ય છે. આવા પ્રકારની કરુણા ભાવનાનું બીજ તેનામાં પ્રગટ થાય છે. કરુણાને અંગે આવા પ્રકારનો અદ્વેષ ગુણ અહીં આવીને પ્રાપ્ત થાય છે. ટૂંકામાં તો દૃષ્ટિમાં વર્તતા જીવો અન્યનાં કર્મોની ચિંતા કરતા જ નથી, પણ કદાચ કરે છે તો તેનામાં કરુણાનો અંશ ઉત્પન્ન થવાથી જ કરે છે પણ તેઓ નકામી વાતો અથવા નિરર્થક તર્ક-વિતર્કમાં

થઈ જતા નથી. પ્રાણી આત્માની સમીપ આવતો હોવાથી તેને કંઈક સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેથી તે બોધદષ્ટિ મૂકી દઈ ઉત્ક્રાંતિક્રમમા આગળ વધે છે એટલે તેનામાં ઉપરોક્ત અદ્વેષ ગુણસ્થાન આવે છે એ ભાવને બતાવનારો શબ્દ Toleration (પરમતસહિષ્ણુતા*) છે આવી સ્થિતિમાં રહેલા પ્રાણીઓ પરમત આદરતા નથી પણ પરમતમા આસક્ત પ્રાણીઓનુ અધાર્મિકપણુ તેમને ખેદ કરાવે છે, છતા તેને તેના ઉપર દ્વેષ આવતો નથી. અહીં દર્શન તદ્દન મંદ હોય છે એ તો દૃષ્ટિના સાદૃશ્યથી સમજવુ. હવે આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી

---

* પરમતસહિષ્ણુતા શબ્દનો અર્થ ખાસ વિચારવા યોગ્ય છે. કોઈ પણ પ્રાણીને ખોટે માર્ગે દોરાતો અથવા અન્યને દોરતો જોઈને તેના ઉપર દયા લાવવી અને બોધદ્વારા તેના ઉદ્ધારની વિચારણા કરવી અને તેવો માર્ગ લેવો એ સહિષ્ણુતા છે અને તેનુ નામ અદ્વેષ છે. જોરજુલમ કરી-મારીને મુસલમાન કરવાનો માર્ગ અયોગ્ય છે પરંતુ બોધ આપીને સમજાવવાનો માર્ગ પ્રશસ્ત છે. એવો યોગ્ય માર્ગ લઈ બોધ આપવા છતાં પણ પ્રાણી માર્ગ ઉપર ન આવે તો પછી પ્રયત્ન કરનાર વિચારે છે કે બિચારા પ્રાણીની કર્મપરિસ્થિતિ હજુ પરિપાક થઈ નથી. આવા વિચારથી તેના ઉપર કરુણા લાવે, પણ તેના ઉપર દ્વેષ કરે નહિ—એનુ નામ સહિષ્ણુતા કહેવાય છે. કોઈ પણ પ્રાણી અન્યની હિંસા કરતો હોય તેને હિંસા કરતો અટકાવવો અને તેની પોતાની હિંસા પણ થવા ન દેવી એ માર્ગ જેમ આવશ્યક સ્વભાવ છે તેમ કોઈ પ્રાણીને સુધારવાનો પ્રયત્ન કરતાં કોઈને નુકસાન થાય તેવો માર્ગ લેવો તે અયોગ્ય છે. કોઈને નુકસાન ન થાય તેવો માર્ગ લેવો તે આવશ્યક છે. આવી બાબતો ધ્યાનમાં રાખીને યોગ્ય પ્રવૃત્તિ કરવી. સહિષ્ણુતા શબ્દમાં આવે તો પ્રતિકારમાં જે એનો સમાવેશ થયો છે કે કદિ બને નહિ.

નથી. એ ઉત્ક્રમમાં 'અદ્વેષ'થી દૂર સુધી આગળ વધે
છે, એટલે એને જેવી રીતે શુભ પ્રવૃત્તિ
અદ્વેષગુણની વિચારણા વગર અભેદ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે
અન્ય અશુભ પ્રવૃત્તિ કરનાર વગર અદ્વેષ
ઉત્પન્ન થાય છે. અહીં પ્રાણીને વસ્ત્ર અને મુક્તિ વગર અદ્વેષ
ઉત્પન્ન થાય છે અત્યાર સુધી પુદ્ગલદશામાં રમતો પ્રાણી
પુદ્ગલને વસ્ત્ર માનતો હતો અને તેના વિયોગને અવસ્ત્ર
માનતો અને અર્થાપત્તિથી પ્રાણીને વસ્ત્ર અને મુક્તિ વગર દ્વેષ
હતો; આ તેનો દ્વેષ હવે મંદ થતો જાય છે અને તેથી જ
આગળ પ્રગતિ કરતા હવે પછી તેને તત્ત્વજિજ્ઞાસા ઉત્પન્ન થશે.
આ હકીકત બહુ સૂક્ષ્મ વિચારથી સમજવા યોગ્ય છે. એમાં
તત્ત્વરુચિ કેમ પ્રગટે છે અને વધે છે તે દરેક દૃષ્ટિમાં ખાસ
લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. આ ઉપરાંત એને અહીં કરુણાનો
અંશ ઉત્પન્ન થાય છે તેથી તે સમજે છે કે અન્ય જીવો જે
કુદેવ અને કુગુરુ પર દેવગુરુબુદ્ધિ રાખે છે અથવા અશુભ
પ્રવૃત્તિમાં પ્રવૃત્તિ કરે છે તેઓ બાપડા દયાને પાત્ર છે, તેઓ
ઉપર દ્વેષ કરવો અનુચિત છે કર્મને પરવશ રહી જીવો એવી
અધમ દશા ભોગવે તેઓ ઉપર દ્વેષ કરવો એ મરેલાને
મારવા તુલ્ય છે. આવા પ્રકારની કરુણા ભાવનાનું બીજ તેનામાં
પ્રગટ થાય છે. કરુણાને લઈને આવા પ્રકારનો અદ્વેષ
ગુણ અહીં પ્રાણીને પ્રાપ્ત થાય છે. બાકી ખરું તો દૃષ્ટિમાં વર્તતા
જીવો અન્યનાં કર્મની ચિંતા રાખતા જ નથી, પણ દયા
રાખે છે તો તેનામાં કરુણાનો અંશ ઉત્પન્ન થવાથી જ રાખે
છે પણ તેઓ નકામી વાતો અથવા નિરર્થક વાદ-વિવાદમાં

પડી જતા નથી. પ્રાણી સામ્યની સમીપ આવ્યો હોવાથી તેને કાંઈક સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેથી તે એકદૃષ્ટિ મૂકી દઈ ઉત્ક્રાંતિક્રમમાં આગળ વધે છે એટલે તેનામાં ઉપરોક્ત અદ્વેષ ગુણસ્થાન આવે છે એ ભાવને બતાવનારો શબ્દ Toleration (પરમતસહિષ્ણુતા*) છે આવી સ્થિતિમાં રહેલા પ્રાણીએ પરમત આદરતા નથી, પણ પરમતમાં આસક્ત પ્રાણીઓનું અવાસ્તવિકપણું તેમને ખેદ કરાવે છે, છતાં તેને તેના ઉપર દ્વેષ આવતો નથી. અહીં દર્શન તદ્દન મંદ હોય છે એ તો તૃણાગ્નિના ચાદરથી સમજવું ઘટે. આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી

---

* પરમતસહિષ્ણુતા શબ્દનો અર્થ ખાસ વિચારવા યોગ્ય છે કોઈ પણ પ્રાણીને ખોટે માર્ગે દોરવો અથવા અન્યને દોરવો એટલે તેના ઉપર દયા લાવવી અને ગોપવ્યા તેના ઉદ્ધારની વ્યવસ્થા કરવી અને તેમ ભાર્યું સેવો એ સહિષ્ણુતા છે અને તેનું નામ અદ્વેષ છે જોરજુલમ કરી-મારીને મુસલમાન કરવાનો ભાવ અયોગ્ય છે પરંતુ બોધ આપીને સમજાવવાનો યત્ન પ્રશસ્ય છે એવો યોગ્ય ભાવ હોય બોધ આપવા છતાં પણ પ્રાણી ધ્યાન ઉપર ન આવે તો પછી પ્રયત્ન કરનાર વિચારે છે કે બિચારા પ્રાણીની કર્મપરિણતિ હજુ પરિપાક થઈ નથી. આવા વિચારથી તેના ઉપર કરુણા લાવે, પણ તેના ઉપર દ્વેષ કરે નહિ—એનું નામ સહિષ્ણુતા કહેવાય છે. કોઈ પણ પ્રાણી અન્યની હિંસા કરતો હોય તેને હિંસા કરતો અટકાવવો અને તેની પોતાની હિંસા પણ થવા ન દેવી એ જેમ આવશ્યક કર્તવ્ય છે તેમ કોઈ પ્રાણીને સુધારવાનો પ્રયત્ન કરતાં કોઈને નુકસાન થાય તેવો ભાવ સેવવો તે અયોગ્ય છે કોઈને નુકસાન ન થાય તેવો માર્ગ સેવવો તે આવશ્યક છે. આવી ધારણા રાખીને યોગ્ય પ્રવૃત્તિ કરવી. સહિષ્ણુતા સમજવામાં આવે તો પ્રતિકારમાં જે અનેક સવાલો થાય છે તે કદિ બને નહિ.

યોગબીજની વાવણી કરે છે વીતરાગ પરમ ભગવાન્ વગેરે આદેયબુદ્ધ કુશળ ચિત્ત રાખી તેઓને નમસ્કાર-પ્રણામ કરી તેઓની ભાવના હૃદયમાં રાખી તેમના જેવા થવાના આશયને યોગબીજ કહેવામાં આવે છે એવા પ્રકારના યોગબીજની આ દૃષ્ટિમાં વાવણી થાય છે અને તેનું ફળ ઉત્તરોત્તર દૃષ્ટિમાં પ્રગતિ કરતાં પ્રાપ્ત થતું જાય છે. અહીં સ્થિત થયેલો આત્મા જે શુભ કાર્ય કરે છે તે ઉપાદેય બુદ્ધિથી કરે છે સંજ્ઞાની પીડા ક્ષયોપશમની વિશિષ્ટતાથી ઉત્પન્ન થયેલા ભાવયુક્ત કરે છે અને ફળની અપેક્ષા રાખ્યા વગર કાર્યના શુદ્ધત્વની આદર જ તે કામ કરે છે આવી રીતે [illegible] કરાયેલા કામમાં નિષ્કામ વૃત્તિ હોવાથી તેની પ્રગતિ આગળ વધતી જાય છે તો પણ હજુ તે આત્મા દશામાં વર્તતો હોય છે ત્યાં તેનાં કાર્યનું ફળ આગળ જતાં મોક્ષપ્રાપ્તિરૂપ થાય છે તેથી મોક્ષનું પ્રયાણ

મોક્ષપ્રયાણની શરૂઆત

તેનું વાસ્તવિક રીતે અહીંથી શરૂ થયું જાય છે. ધર્મનો ઉપદેશ કરનાર અને સન્માર્ગ બતાવનાર વિશુદ્ધ યોગીનું વૈયાવૃત્ય આ પ્રાણી ઉપકારબુદ્ધિથી સારી રીતે કરે છે અને તેમાં પણ તે કદી આશય અથવા કદી કોઈ વગેરે એ માર્ગ જતો નથી. આ દૃષ્ટિમાં રહેલા પ્રાણીને ભવ વગેરે–સંસાર વગેરે સ્વાભાવિક રીતે જ ઉદ્વેગ આવે છે; એને આ સંસારના વિષયો તથા ધમાધમ પ્રવૃત્તિ તથા ધનોપાર્જન, કીર્તિ પાલન અને અહંકારપોષણ વગેરેમાં એક પ્રકારની કંટાળો લાગે છે એમાં તે અસ્થિરતા, ક્ષણિકપણું અને નીરસપણું જોઈ શકે છે અને તેથી જેમ બને તેમ કરીને ચાલી ગયેલા આયુષ્યને

કામ તરફ અપ્રીતિ થાય અથવા વૃદ્ધાવસ્થા થતાં પછી સ્ત્રી ઉપર ઉદ્વેગ થાય તેવો ઉદ્વેગ સાંસારિક સર્વ કાર્યો તરફ

પ્રથમ દૃષ્ટિમાં
અપૂર્ણ વર્તન

સાધારણ રીતે તેને થાય છે એ ઉદ્વેગ એવા પ્રકારનો થઈ જતો નથી કે જેથી તે સર્વસ્વનો ત્યાગ કરી દે પરંતુ તેને હવે સંસાર ઉપર કંટાળો આવવા માંડે છે મતલબ તેને અહીં સંસારથી આગળ વધી જવાના માર્ગ પર પડવાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. અહીં તે પ્રાણી કેટલાંક વ્રત-નિયમો પણ લે છે છતાં તેનું મન તે વ્રતાદિકમાં બહુ પ્રવેશ કરતું નથી પણ સામાન્ય રીતે ઉપર ઉપરથી પ્રસંગત પાલન કરી સામાન્ય પ્રકારે આ દશામાં વર્તતો પ્રાણી ત્યાગ વૈરાગ્ય તરફ અભિલાષ બતાવે છે સારાં સારાં શુદ્ધ ધર્મનાં પુસ્તકો લખાવવાં, પુષ્પ વસ્ત્રાદિથી તેની પૂજા કરવી, પુસ્તક લિખિતનું પાત્રને દાન દેવું પોતે સારાં સારાં પુસ્તકોનું વાંચન કરવું પુસ્તકો સારાં મેળવવા માટે પ્રયત્ન કરવો, પુસ્તકમાં બતાવેલી સારી સારી રહસ્યની વાતો યોગ્ય પુરુષ પાસે સમજીને પ્રકાશવી પુસ્તકોનાં સ્વાધ્યાય, મનન, નિદિધ્યાસનાદિ કરવાં-એવી રીતે જુદે જુદે પ્રકારે જ્ઞાનપ્રાપ્તિ તરફ તેને સ્વાભાવિક રીતે આકર્ષણ થાય છે અને તેને માટે જુદી જુદી દિશામાં તે પ્રયત્ન કરે છે અભ્યાસ આદરે છે અને તે તરફ અનેક રીતે રુચિ દર્શાવે છે તે અનેક મોટાં કાર્યો કોમના, દેશના અથવા જગતના હિતનાં કરે છે પણ તે મન વગરનાં કરતો નથી. સારી રીતે પોતાની ચેતનાને જાગ્રત કરી આત્મિક શુદ્ધવૃદ્ધિ માટે મહાન કાર્યો કરે છે તે પણ સ્વોત્કર્ષ દર્શાવવા અભિ-

માનવૃત્તિથી વિમુખ કરતો નથી. વળી તેને દુઃખી જીવ ઉપર દયા આવે છે, ગુણવાન ઉપર અદ્વેષ થાય છે, મત્સરનો ત્યાગ થાય છે અને સર્વ ઉચિત રીતે વર્તન કરવાની ટેવ પડતી જાય છે અને તે વૃત્તિમાં ધીમે ધીમે પણ ક્રમસર સુધારો થતો જાય છે. અનેક પ્રકારના અવંચક પૈકી અહીં તેને પ્રથમ થાય છે. અવંચકપણું ત્રણ પ્રકારનું છે: યોગાવંચક, ક્રિયાવંચક, અને ફલાવંચક. મનને શુદ્ધ રીતે પ્રવર્તાવવું તે યોગાવંચક; વચન અને કાયાને યોગ્ય રીતે શાસ્ત્રવિહિત રીત્યા પ્રવર્તાવવાં તે ક્રિયાવંચક અને આ ત્રિ-

અવંચકત્રય

અવંચકપણાને યોગે મિથ્યાત્વ કષાયાદિના ત્યાગથી શુભ ગતિ પ્રાપ્ત કરે તે ફલાવંચક; અથવા સત્પુરુષોનો યોગ તે યોગાવંચક, સત્પુરુષોને નમસ્કારાદિ કરવા તે ક્રિયાવંચક અને સત્પુરુષોથી ધર્મસિદ્ધિ કરવી તે ફલાવંચક. આ સર્વે અવંચકત્રય ભદ્રમૂર્તિ મહાત્માને આ દૃષ્ટિમાં વર્તતા પ્રાપ્ત થાય છે અને તેને લઈને સર્વ શુભ સંયોગો મળતા જાય છે. આવી સ્થિતિ આ પ્રથમ દૃષ્ટિમાં થાય છે તેનું કારણ એ છે કે—આ દશામાં વર્તતા પ્રાણીના ભાવ મળ અલ્પ થયાં હોય છે અને આવા પ્રાણીનો આશય અતિ ઉત્કૃષ્ટ—આત્મપ્રાપ્તિનો હોય છે. જેવી રીતે રત્નાદિ શુભ દ્રવ્ય ઉપર મળ હોય તે દૂર કરવાથી તેમાંથી જ્યોત્સ્ના બહાર આવે છે તેવી રીતે આવા પ્રાણીના ભાવમળની અલ્પતા થવાથી તે જરૂર પોતાનું સત્તાસ્વરૂપ સવિશેષપણે પ્રગટ કરતો આગળ વધતો જાય છે. એ કે આવા પ્રાણીને હજુ મળ રહ્યો હોય છે પણ તે અલ્પ હોય છે તેથી જેમ સાધારણ વ્યાધિવાળા

પ્રાણીઓને વિશેષ દેશનાગતિ વ્યવહારમાં પણ થતી નથી તેવી રીતે આદ્ય અવંચ ભાવમળવાળા પ્રાણીઓ ધર્મસિદ્ધિ માટે આગળ વધ્યા જાય છે

અહીં સાધારણ રીતે એવો પ્રશ્ન ઉપસ્થિત થશે કે–આદ્ય અવંચકત્રય જેવા મહાનિર્મળ ગુણોને પ્રાપ્ત કરનાર પ્રાણી પણ જો પ્રથમ દૃષ્ટિમાં હોય તો પછી ઘણાખરા પ્રાણીઓને ઉપરનાં ગુણસ્થાનકો કેમ પ્રાપ્ત થાય? ધર્મનાં બીજ વાવનાર, સત્કાર્યથી ઉદ્વેગ પામનાર અને

દૃષ્ટિવાન્ પ્રાણી પર વિચારણા

ઉત્તમ સંયોગો પ્રાપ્ત કરનાર પ્રાણી પણ હજુ પ્રથમ દૃષ્ટિમાં હોય અથવા પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકે જ વર્તતો હોય (અહીં જણાવી દેવાની જરૂર છે કે—આ પ્રથમ દૃષ્ટિમાં વર્તતા જીવો મિથ્યાત્વ ગુણસ્થાનકે વર્તતા હોય છે) તો પછી ઘણાખરા પ્રાણીઓને તો ઊંચા સ્ટેજનું સ્થાન આ દૃષ્ટિમાં જ મળે નહિ. પછી સમ્યક્ત્વપ્રાપ્તિ અને ચતુર્થ કે પંચમ ગુણસ્થાનકની વાત તો શી કરવી? આ પ્રશ્ન સાધારણ છે અને ખરેખર વિચારમાં નાખે તેવો છે પરંતુ એનો જવાબ એ જ છે કે—આ વસ્તુસ્થિતિ છે સાધારણ બાહ્ય ક્રિયા માત્ર કરવાથી પોતાની જાતને ઉન્નત થયેલી માનનાર ઘણુંખરું આત્મવંચના કરે છે. અતિ વિશાળ વિચાર કરીને જ્ઞાની મહારાજે અહીં દૃષ્ટિ રચના અને તેની સંકલના બતાવી છે તે ઉપરથી પોતાની જાતે વિચાર કરવાનો છે કે—આપણે ઉત્ક્રાંતિક્રમમાં કઈ કક્ષામાં વર્તીએ છીએ! પોતે ઉન્નત થયેલા હોય એમ માનનાર કદાચ

આ રીતે વિચારણાથી સમ્યક્ત્વ દૃષ્ટિના સ્વરૂપનાથી પોતાને કેટલી હદે નપેલ ન જોઈ શકે તો તેમાં અન્યનો દોષ નથી. સૂક્ષ્મતાથી સમજવામાં રહેવું અથવા ધાર્મિક અવસ્થા ધારણ કરવા કરતાં મૂળ સ્થિતિ સમજી તે હદ સુધી ચેતનજીને લાવવાનો વિચાર કરવો એ જ લાભ છે અને એને અંગે પ્રાપ્ય થોડી સમજણ આવતી હોય તો તે આગ્રહ દૂર કરવા યોગ્ય છે. પ્રકૃતિ મોહાધિકારના જીવો પોતાને સમકિતી માની લેવાની ભૂલ કરે છે તે હવે પછીની મિત્રા દૃષ્ટિ અને આ દૃષ્ટિમાં રહેલા જીવો સંબંધી વિવેચન વાંચવાથી પોતાની સમજના સમજી જશે અને વિચારશે કે મહાનિયમ સમકિત જેવી શુદ્ધ દશાએ પહોંચવા માટે બહુ કરવાની—ઘણાં સાધનો યોજી કરવાની જરૂર છે જ્યાં પોતાને પગ મૂકવાનો પણ અધિકાર ન હોય ત્યાં એકદમ પ્રયાણને બદલે પાંચમી દૃષ્ટિની વાતો કરવી એ એક રીતે હસવાનું છે. પ્રસંગવશાત્ આપણે અન્ય વાત ઉપર ઉતરી ગયા, પરંતુ યોગને અંગે આવી અનેક પ્રકારની સમજણ નથી જોવામાં આવે છે તે દૂર કરવાની ખાસ જરૂર હોવાથી આટલો વિસ્તાર પ્રાસંગિક કરવામાં આવેલ છે.

આ પ્રથમ મિત્રાદૃષ્ટિમાં વર્તતા જીવોને બીજકથા સાંભળીને મનમાં બહુ આનંદ આવી જાય છે. એ તો સર્વેશ ભગવાનની અદ્ભુતતાની, સામ્યતાની, ગૌતમ જૈન સંબંધીની કથા સાંભળી ઉલ્લસિત થઈ જાય છે; એને એવી વાતો ઉપર એટલો આનંદ ઉપજે છે કે તેનું વર્ણન કરી શકાય નહિ.

બીજી દૃષ્ટિ પર વિવેચન કરવા પહેલાં અહીં જણાવવું ઠીક

થઈ પડી કે ઘણાખરા જીવો ઓઘદૃષ્ટિ પર જ હોય છે, તેઓ
યોગદૃષ્ટિ પર આવ્યા જ હોતા નથી.
બહોળતાએ જીવોના ઉત્ક્રાન્તિક્રમમાં અથવા ઉત્ક્રાન્તિમાં જ્યારે
દૃષ્ટિ ઘણો વધારો થાય, ભવસ્થિતિ બહુ અલ્પ
રહે અને સંસારનો છેડો નજીક આવે
ત્યારે જ આ યોગદૃષ્ટિમાં અવાય છે યોગના ઉપર મોટી મોટી વાતો કરનાર હઠયોગાદિના પ્રયોગ કરનાર અને સમાધિ સુધીનો દેખાવ કરનાર પ્રાણીઓ ઘણીખરી વખત ઓઘદૃષ્ટિમાં જ હોય છે કારણ કે જ્યાંસુધી વસ્તુતત્ત્વનો શુદ્ધ પ્રતિભાસ બોધ થતો નથી ત્યાંસુધી શારીરિક કે માનસિક બુદ્ધિવૈભવથી કોઈ ખાસ લાભ થતો નથી. સાધારણ રીતે શરીરસ્વાસ્થ્ય અથવા કીર્તિપ્રસારનો લાભ થાય તેને અત્ર કોઈ ગણતરીમાં ગણવામાં આવતો નથી; વસ્તુતઃ તે સ્થિતિમાં કોઈ પણ પ્રકારનો આત્મિક લાભ થતો નથી. આ પ્રમાણે હકીકત હોવાથી દ્રવ્યયોગી અને ભાવયોગીની વચ્ચેનો તફાવત બરાબર ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે કેવળ બાહ્ય ક્રિયા કરનાર યોગીઓ અથવા સાધુઓ અથવા જતિ ભલે તે હોય તેને દ્રવ્યયોગી કહેવામાં આવે છે ઉત્ક્રાન્તિક્રમમાં તેઓ પ્રથમ દૃષ્ટિમાં પણ આવેલા નથી એમ સમજવું જ્યારે તત્ત્વબોધપૂર્વક ચર્યા કરવામાં આવે અને સાથે ઉપર જણાવેલા અવંચક યોગ અદ્વેષ વિગેરે ગુણો પ્રગટ થાય ત્યારે ભાવયોગીપણાની ખાસ શરૂઆત થાય છે

૨. તારાદૃષ્ટિ

બીજી તારાદૃષ્ટિમાં યોગનું દ્વિતીય અંગ નિયમ પ્રાપ્ત થાય છે નિયમ પાંચ છે-શૌચસંતોષતપઃસ્વાધ્યાયેશ્વરપ્રણિ

આસનાદિ વિષયમાં શરીરની અને મનની શુદ્ધિ તે શૌચ
પ્રારબ્ધને નિષ્પ્રયોજન જણાવી વિવેક અન્યની અસ્પૃહા તે
સંતોષ, અનેક પ્રકારના તપ તેમજ શ્રી
પાંચ નિયમ   મુખ્ય જિનવાણી પવિત્ર, સૂત્ર ગ્રંથ વિગેરે
નું અધ્યયન તે સ્વાધ્યાય અને દેવગુરુને
નમસ્કાર કરવા અને આત્મતત્ત્વનું ચિંતવન કરવું તે ઈશ્વર-
પ્રણિધાન. આ પાંચ નિયમો અહીં પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિમાં
બોધ છાણના અગ્નિ કણ જેવો હોય છે એટલે છાણના
અગ્નિનો કણ જેમ ગરમીમાં વધતો જાય છે અને થોડો વખત
ટકે છે તેમ પ્રકાશનો બોધ અહીં થાય છે. પ્રથમ દૃષ્ટિમાં
તૃણના અગ્નિ જેવો બોધ હતો તેનાથી અહીં વધારે બોધ થાય
છે પરંતુ તે લાંબા કાળ સુધી ટકી શકે તેવો હતો નથી.
પ્રથમ દૃષ્ટિમાં જેમ અદ્વેષ ગુણ પ્રાપ્ત થાય છે તેમ અહીં
'જિજ્ઞાસા' ગુણ પ્રાપ્ત થાય છે એટલે તત્ત્વજ્ઞાન મેળવવાને માટે
ઈચ્છા અર્થાત્ મનમાં અભિલાષા ઉત્પન્ન થાય છે. જેવી રીતે
બાળકને સારાં સારાં રમકડાં, વસ્ત્રાભૂષણ વિગેરે લેવાની નવું ઉમંગ
થાય છે અને નવું નવું જાણવાની પ્રબળ ઇચ્છા થાય છે તેવી
રીતે અહીં પ્રાણીને તત્ત્વબોધ પ્રાપ્ત કરવાની પ્રબળ જિજ્ઞાસા
ઉત્પન્ન થાય છે. પ્રથમ દૃષ્ટિમાં જે શુભ કાર્યો કરવામાં આવતાં
હેમ થતો હતો તે અહીં વિશેષ સ્પષ્ટ રીતે થાય છે અને તે
તે કાર્ય સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના નિયમો આદરે છે.
મનની એક સરખી સ્થિતિ આ અવસ્થામાં ટકી શકતી નથી.
શુભ ઉત્તેજન મળવું વખતે જે શુભ વિચારો ઉત્પન્ન થાય
છે તેવા સ્થાયી બની રહેતા નથી; તેટલા માટે એવા શુભ

મનમાં ઊઠેલા વિચારોને પ્રથમ દબાવી રાખવા માટે ખાસ જરૂરનું છે કે એક વખતે ઊઠેલા વિચારોને અંગે કરેલા નિર્ણયોને નિયમના આકારમાં ફેરવી નાખવા. એને નવીન લોકો અમુક 'પ્રીન્સીપલ' કર્યા કહે છે તે આ નિયમ છે માત્ર તે કરેલા નિયમોથી અવિચ્યુતિ થાય—અચલન ન થાય તે માટે તેના ઉપર વેગપૂરતું શીલ મારવામાં આવે છે પ્રથમ દૃષ્ટિવાળા જીવને પણ નિયમો હોઈ શકે છે પણ તેના કરતાં અહીં સુસ્પષ્ટ રીતે નિયમો હોય છે વળી પાંચમી દૃષ્ટિએ જે જ્ઞાનપૂર્વક વિરતિભાવના સમ્યગ્જ્ઞાનપૂર્વક નિયમો કરવામાં આવે છે તેવા અહીં હોતા નથી પરંતુ અન્ય નિયમો બહુ સારી રીતે અહીં પણ કરવામાં આવે છે અને તેથી યોગનું એક અતિ સુંદર અંગ અહીં પ્રાપ્ત થાય છે

યોગકથા પ્રેમ

આ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીને યોગકથા ઉપર બહુ પ્રેમ આવે છે એને સંસારી કે બખારી વાતો ઉપર આનંદ આવતો નથી, પણ કોઈ મન વચનકાયાના યોગોને કેવી રીતે વશ કરવા, કોણે વશ કર્યા શા ઉપાયથી વશ કર્યા એવી એવી વાતો કરે છે ત્યારે તે સાંભળવાની આ પ્રાણીને બહુ રુચિ થાય છે જેવી રીતે પ્રાકૃત જીવોને શૃંગારી કથામાં ભળવા બહુધા તો તદ્દન વિષયાનંદની કથામાં આનંદ આવે છે તેવી જ રીતે એવી કથાઓ ઉપર વિજય મેળવવા સાથે સમતાની, વૈરાગ્યની શાંતરસના જ્ઞાનની, વિષયના નાશની અને એવી એવી યોગકથાઓ ઉપર આ પ્રાણીને બહુ આનંદ આવે છે અને એવી કથા કરનાર જે ખરેખરા યોગીઓ હોય છે તેના તરફ તેને બહુમાન પેદા થાય છે પ્રથમ

જેને તે હણોય કે આકુલ કરીને તિરસ્કાર કરતો હતો તેના
તરફ હવે બહુ જ માનની લાગણીથી તે જુએ છે વળી એવા
યોગીઓનો યથાશક્તિ અશનપાનાદિવડે ઉપચાર કરે છે તેઓનો
પોતાની ઉપર પરમ ઉપકાર છે એ વાત મનમાં બહુ સારી
રીતે સમજે છે અને તેઓનો ઉપચાર કરવો તે પોતાની ફરજ
સમજે છે આવી રીતે ઉપચાર કરવાની ટેવથી તેને પોતાને
અનેક પ્રકારનાં લાભાન્તરાય કર્મો પૂર્વબદ્ધ હોય છે તે નાશી
જાય છે અને તેના હિતનો ઉદય થાય છે તેમજ તેના આધિ
વિગેરેનો નાશ સ્વાભાવતા જ થઈ જાય છે અને તે આવી શિષ્ટ
પુરુષોમાં યોગ્ય સન્માનને પાત્ર થાય છે. આ દૃષ્ટિમાં વર્તતા
પ્રાણીને સંસાર ઉપર સવિશેષ ખેદ પ્રાપ્ત થાય છે ઉચિત કાર્ય
કરવામાં તે કદિ પાછું વાળીને જોતો નથી અને અજાણપણે
પણ કદિ અનુચિત ક્રિયા તે કરતો નથી. તેને મનમાં એમ
થાય છે કે આ સંસારની વિચિત્રતા ઘણી જબરી છે અને જ્યાં
જ્યાં ત્યાં એવો અનુભવ થાય છે કે તેનો વિચાર કરતાં કાંઈ
નિર્ણય થતું નથી, શાસ્ત્રો અનેક છે તેનો પાર પામવો
મુશ્કેલ છે અને આપણું આયુષ્ય અને બુદ્ધિબળ થોડું છે
તેથી શિષ્ટ પુરુષો કહે તે પ્રમાણયુક્ત છે. શિષ્ટ એનું નામ
કહેવાય કે જેમણે સંપૂર્ણ વિચાર કરીને પરસ્પર વિરોધ ન
આવે તેવી વાતો કરી હોય અથવા તેવી

શિષ્ટ પ્રામાણ્ય

વાત કરતા હોય. એ લક્ષણ પ્રમાણેના
શિષ્ટ પુરુષોને શોધી કાઢી તેઓ જે વચન
કહે તે પ્રમાણ કરે છે જૈનામાં સમજણ એટલું બધું આવી
જાય છે કે જેવી રીતે શુદ્ધ સોનું હોય તો તેને જેમ વાણીઓ

તેમ વર્તે છે તેવી રીતે આની પાસે કોઈ પણ હિતશિખામણ કહે તો તે બહુ સરળપણે આદરે છે અને તે વાત જો શિષ્ટ સમ્મત હોય તો તે પોતાને લાભ કરનાર જાણી આદરે છે આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી કદ-કદાગ્રહ છોડી દે છે તેનામાં પરમત સહિષ્ણુતા આવી જાય છે પોતે શિષ્ટસમ્મત માર્ગે ચાલે છે પણ પોતાથી વિપરીત માર્ગે ચાલનાર ઉપર દ્વેષ ન રાખતા તેઓને બનતી રીતે સુમાર્ગ પર લાવવા પ્રયત્ન કરે છે અને તેમ કરતાં જો તે વળી ન શકે તો તેના કર્મ આડે છે એમ વિચાર કરી પોતે વિરમી જાય છે પણ તેને સાંસારિક કે શારીરિક નુકશાન કરવાનો વિચાર કરતો નથી. વળી પોતે સત્ય માર્ગની શોધ માટે પોતાના જાતને ઉઘાડી રાખે છે અને પોતાનું તે સારું એ વાતને બાજુ ઉપર રાખી કોઈ પણ પ્રકારના કદ-કદાગ્રહને ત્યાગી સારાની-સત્યની-કલ્યાણમાર્ગની શોધમાં આગળ વધનો જાય છે વળી એ ઉપરાંત આ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીનો ઉન્નતિ ક્રમ એટલો વધી જાય છે કે એ પ્રાણી પોતામાં ન હોય તેવા ગુણ હોવાનો દેખાવ કદિ પણ કરતો નથી. અછતા ગુણ માટે માન લેવાની દાંભિક વૃત્તિ આ કાળમાં કેટલી વધી ગયેલી છે તેનો ખ્યાલ કરનાર આ ઉન્નતિમાર્ગ પર પોતાની કેટલી પ્રગતિ થાય છે તેનો વિચાર કરી શકશે. પ્રથમ દૃષ્ટિ કરતા આ બીજી દૃષ્ટિમાં ઉન્નત દશા કેટલી આગળ વધે છે તે જોવામાં આવ્યું હશે. અહીં તત્ત્વજિજ્ઞાસા થવા ઉપરાંત સપાટી ઉપરનો ખ્યાલ કરતાં સહજ ઊંડાણમાં ઉતરાય છે અને તેટલા પૂરતી આત્મ જાગૃતિ વિશેષ થાય છે. જેટલે દરજ્જે આત્મજાગૃતિ વિશેષ થાય તેટલે અંશે ઉન્નતિક્રમમાં વધારો થયો સમજવો.

૩. બલાદૃષ્ટિ

ત્રીજી બલાદૃષ્ટિમાં આત્મનું દર્શન કંઈક વિશેષ દૃઢ થાય છે અહીં સુધીમાં કષાયોની નરમાશ ઠીક આવી જાય છે તેથી હવે તેની ઉત્ક્રાન્તિ બહુ સારી રીતે થાય છે. આ સુખા-સનમાં અને પરાવર્તનોમાં તેને બે ઉચાટ જેવો ન હોય બે વિચારો આવતા ન હોય, જેવું અસ્થિર મન મગજ અનેક અનુભવનું ન હોય, તેવા તેવા મગજ સાથે તે સ્વાસ્થ્ય અહીં સ્પષ્ટ રીતે જુએ છે. આ દૃષ્ટિમાં પ્રાણી જ્યારે વર્તતો હોય છે ત્યારે તેનામાં એક એવા પ્રકારની સ્થિરતા આવી જાય છે કે તેથી તેને અસત્ વસ્તુ ઉપર તૃષ્ણા થતી અટકી જાય છે. સામાન્ય રીતે પૌદ્ગલિક પદાર્થો પ્રાપ્ત કરવા માટે આ જીવને બહુ તૃષ્ણા હોય છે અને તે તૃષ્ણાને લઈને તે અનેક પ્રકારનાં દુઃખો સહન કરીને પણ વસ્તુપ્રાપ્તિ માટે પ્રયત્ન કર્યા કરે છે. પ્રાપ્તિ તો કર્માધીન છે પણ તૃષ્ણાને લીધે તે અનેક રીતે વલખાં મારે છે—આવા પ્રકારની તૃષ્ણા એટલે સ્વરૂપ અત્યંત બહુ વિસ્તારથી વિચાર્યું છે તે અહીં નિવૃત્તિ પામી જાય છે અને તેથી તેનામાં પ્રવૃત્તિઓમાંથી એવી સારી આવી જાય છે કે તેને 'આસન' નામના ત્રીજા યોગાંગની પ્રાપ્તિ થાય છે એ સર્વ યોગાંગનું સ્વરૂપ હવે પછી વિચારવાનું છે. પ્રથમની બે દૃષ્ટિમાં જેમ અદ્વેષ અને જિજ્ઞાસા ગુણ પ્રાપ્ત થાય છે તે પ્રમાણે અહીં

શુશ્રૂષા ગુણ

'શુશ્રૂષા' ગુણની પ્રાપ્તિ—તત્ત્વશુશ્રૂષા અતિ સુંદર ઉત્પન્ન થાય છે. એની તત્ત્વ શુશ્રૂષા કેવી પ્રબળ હોય છે તેનું આ બલાદૃષ્ટિ દર્શક આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ કહે છે કે—બહુ સુંદર

યુવાન પત્નીની સાથે પરિપૂર્ણ સામગ્રીવાળો સુખી પ્રાણી જેમ દિવ્ય ગાયન સાંભળવાની ઇચ્છા રાખે અને તેના શ્રવણમાં તેને જેમ મઝા પડે તેમ આ દષ્ટિમાં વર્તતા જીવને તત્ત્વશ્રવણની ઇચ્છા પ્રબળ થાય છે અને તેમાં તેને મઝા પડે છે. બીજી દષ્ટિમાં જે તત્ત્વની જિજ્ઞાસા થઈ હતી તે આગળ વધીને અહીં શ્રવણેચ્છા બહુ સારી રીતે થાય છે. વિલાસયોગ્ય સ્વાધીન સર્વ સંપત્તિવાળો રાજા નવપરિણીત સ્ત્રી સાથે જ્યારે સુંદર વાદ્ય વનમાં બેસી ગીત શ્રવણ કરે, ઉસ્તાદ ગાયકો હાવભાવ સુદ્ધ નાટક કરે અને સાથે અભિનય-મુજરા કરતા જાય—આવા પ્રકારનું ગાન સાંભળવાની અને નૃત્ય જોવાની જેમ સર્વ પ્રાણીને તીવ્ર ઇચ્છા થાય છે તેમ આ દષ્ટિને પ્રાપ્ત થયેલા જીવને તત્ત્વ શ્રવણની અતિ પ્રબળ ઇચ્છા થાય છે. એને તત્ત્વશ્રવણમાં એવો આનંદ આવે છે કે તેનું વર્ણન થઈ શકે નહિ. ઉપરનું દષ્ટાન્ત તો માત્ર એ હકીકત સમજાવવા માટે આપવામાં આવ્યું છે બાકી એના મનમાં જે ઇચ્છા થાય છે તે તો અતિ વિશાળ સર્વોપરિ અને નિરંતર વૃદ્ધિ પામતી હોય છે. આ દષ્ટિમાં બોધ કાષ્ઠ અગ્નિના કણ જેવો હોય છે. એ બોધ તૃણના અગ્નિથી વિશેષ છે. એટલા વિશિષ્ટ બોધને લીધે તેના ઉપર વિશેષ સ્થિતિ થાય છે અને તેથી સ્મૃતિ પણ સાધારણ રીતે વધારે રહે છે. આત્મપ્રયોગ ઉપર ધ્યાન વિશેષ રહે છે અને તેથી આત્મસાધન તરફ કાંઈક વધારે યત્ન થાય છે. અહીં જો કે તેને મિથ્યાત્વ હોય છે તો પણ તે સમ્યક્ત્વની નજીક આવતો જાય છે. તેથી અન્ય દેવાદિના કરેલા ચમત્કાર વિગેરે દેખીને તે ડગમગાઈ જતો નથી. આવી રીતે ડગમગાઈ જવું તેને

ક્ષેપ દોષ' ત્રીજામાં આવે છે તે દોષ અહીં નાશ પામે છે.

ક્ષેપ દોષ

તેનું કારણ એ છે કે પ્રથમ દૃષ્ટિમાં પ્રાણીને શુભ કાર્ય કરવામાં જે અનુદ્વેગરૂપ ગુણ પ્રાપ્ત થયો હોય છે તે અહીં સુધીમાં સારી રીતે વિકસિત થાય છે. ઉદ્વેગને લીધે જ ક્ષેપ થાય છે અને તેનો પ્રતિપક્ષી અનુદ્વેગ ગુણ અહીં વિશેષ વિકસિત થયો હોવાથી ક્ષેપ દોષ દૂર થાય છે. અત્યાર સુધી દેવદર્શન અને શુભ કૃત્ય કરતાં આ પ્રાણીને સામાન્ય રીતે બહુ ત્વરા હોય છે. જેમ તેમ કરીને જેમ તેમ જલદી આટોપી દેવાની વૃત્તિ રહે છે, પરંતુ અહીં આ દૃષ્ટિને એટલી સ્થિરતા પ્રાપ્ત થાય છે કે જેથી દરેક શુભ કાર્યમાં ત્વરા-ઉતાવળ કરવાની પદ્ધતિ હોય છે તે નાશી જાય છે અને તેનાં દરેક શુભ કાર્યમાં એક પ્રકારની શાંતિ-યોગ્યતા દેખાય છે. તેની વૃત્તિમાં શાન્તિથી કાર્ય કરવાનો ઉમંગ થતો જાય છે અને કાર્ય સારિયા ભાવ પ્રકટ થાય છે.

આ દૃષ્ટિનું ખાસ લક્ષણ ઉપર જણાવ્યું તેમ તત્ત્વશ્રવણની ઝંખના (શુશ્રૂષા) છે. જેવી રીતે એક કૂવો ખોદવામાં આવે પણ જો તેમાં પાણીની શેર આવતી ન હોય તો કૂવો નકામો થઈ પડે છે; પાણીની સારી આવક હોય તો જ કૂવાની ઉપયોગિતા થાય છે, તેવી રીતે આ પ્રાણીને જે તત્ત્વશ્રવણ અહીં થાય છે તે એકરૂપ ઉદકપ્રવાહની શિર

શુશ્રૂષા વિના

શુભ ભાવની. આ શુશ્રૂષા ગુણનો લાભ ઘણો છે, કારણ એ છે કે પ્રાણીને તત્ત્વશ્રવણનો લાભ ન મળે તો પણ શુશ્રૂષા ગુણથી જ તેને

અનેક કર્મનો ક્ષય થાય છે અને એવા પ્રકારનો કર્મક્ષય થવો તે ઉત્કૃષ્ટ બીજનું કારણ છે શ્રવણ વગર આવો લાભ કેવી રીતે થાય એવો સહજ પ્રશ્ન થશે, પરંતુ તેનો ઉત્તર તદ્દન સાદો છે શ્રવણની ઈચ્છા કરવાથી શુભ પ્રવૃત્તિ જરૂર થાય છે અને તેથી શ્રવણ પ્રાપ્ત થવામાં અંતરાય કરનાર કર્મનો નાશ થાય છે; એને પરિણામે ઉત્ક્રાન્તિમાં આગળ વધવા જરૂર શ્રવણ પ્રાપ્ત થાય છે એ અતિ અગત્યની સ્થિતિ ઉત્પન્ન થવાનું કારણ શુશ્રૂષા ગુણ હોવાથી તે પોતે જ મહાલાભ કરનાર છે એમ કારણમાં કાર્યારોપ કરવાથી કહી શકાય સાધારણ રીતે તો ઘણાં વ્યાખ્યાનો સાંભળવામાં આવે છે વાંચનો શ્રવણ કરવામાં આવે છે ઉપદેશો કર્ણપટ પર આવી પડેલા છે પરંતુ તે શ્રવણથી જ્યાંસુધી મનમાં અસર ન થાય અને શરીર ઉલ્લાસ પામે નહિ ત્યાંસુધી બહેરા આગળ ગાન કરવા જેવું થાય છે; તેથી અહીં શુશ્રૂષા-શ્રવણેચ્છા ઉત્પન્ન થાય છે તે મહાલાભ કરનારી છે અને તે ઉત્ક્રાંતિક્રમમાં આ જીવને બહુ સારી રીતે આગળ વધારનારી થઈ પડે છે. આ દૃષ્ટિમાં એક ખાસ હકીકત જાણવા જેવી ઉત્ક્રાંતિક્રમમાં બને છે અને તે એ છે કે—શુભ કાર્ય કરતાં બહુધા એમાં વિઘ્ન થતા નથી એટલે આરંભ કરેલ શુભ કાર્યો સારી રીતે પાર પડી જાય છે ઘણા પ્રાણીઓ શુભ કાર્ય આદરીને જરા પ્રત્યવાય આવતાં અટકી પડે છે પરંતુ અહીં બહુધા અંતરાય થતો જ નથી અને કદિ થાય છે તો તેનું નિવારણ કરવાનું ઉપાયકૌશલ્ય પ્રાપ્ત થઈ જાય છે તેથી વિઘ્નને પણ લાભના રૂપમાં તે ફેરવી નાખે છે અહીં કોઈ પણ પ્રકારનો ઈચ્છાપ્રતિબન્ધ થતો નથી એટલે ઉપાદાન કે એવી કોઈ વસ્તુઓમાં

પ્રતિબન્ધ થતો નથી અને આવી રીતે સાવદ્યત્યાગથી અને ઇચ્છાપ્રતિબન્ધના અભાવથી અથવા અટકાવથી ઉત્ક્રમ બહુ સારી રીતે પ્રગતિમાં મૂકાય છે અને એ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીને અભ્યાસ થતો જાય છે બીજી દૃષ્ટિ કરતાં અહીં ઉત્ક્રાંતિમાં વિશેષ પ્રગતિ થાય છે અને એટલો વધારો થાય છે કે સમ્યક્ત્વનું સામીપ્ય સ્પષ્ટ જણાય છે સાધારણ રીતે અમુક વિચાર માત્રની ઉત્પત્તિથી પોતાની જાતને સમ્યક્ત્વવાન્ અથવા સમકિતી માનનારને તો અહીં શીખ લેવાનું સ્થાન જ નથી એ સ્પષ્ટ રીતે આ દૃષ્ટિમાં વર્તતા જીવોનાં લક્ષણો ઉપરથી સમજાયું હશે.

૪ દીપ્રાદૃષ્ટિ

પ્રાણાયામ ચતુર્થ અંગ

ચોથી દીપ્રાદૃષ્ટિમાં યોગના ચતુર્થ અંગ પ્રાણાયામનો લાભ પ્રાપ્ત થાય છે એ પ્રાણાયામ અંગ સંબંધી વિવેચન હવે પછી થશે, પરંતુ અહીં એટલું જણાવી દેવું જોઈએ કે અહીં પ્રાણાયામનો લાભ થાય છે તેનો અર્થ એ સમજવાનો છે કે—બાહ્ય ભાવનો અહીં રેચક થાય છે અંતર ભાવનો પૂરક થાય છે અને સ્થિરતા ભાવનો કુંભક થાય છે એટલે કે રેચક પૂરક અને કુંભક નામના પ્રાણનો જે આયામ થાય છે તે આ અર્થમાં સમજવાનો છે. આગળ કહેવામાં આવશે ત્યારે સ્પષ્ટ સમજાશે કે બાહ્ય અથવા સ્થૂલ અર્થમાં જે પ્રાણાયામ શબ્દ વપરાય છે તેવા પ્રકારના પ્રાણાયામથી આત્મિક ઉન્નતિમાં બહુ લાભ થતો નથી. અહીં પ્રાણાયામ શબ્દ આ પ્રમાણે ભાવિક અર્થમાં સમજવાનો છે અને આવા પ્રકારના પ્રાણાયામથી ચોથીએ

દુરુત્ત થાય છે તે હવે જાણી જણાશે. આવા પ્રકારના પ્રાણાયામથી પ્રશાંતવાહિતાનો લાભ થાય છે અહીં બોધ દીપપ્રભા જેવો થાય છે એટલે પ્રથમ ત્રણ દૃષ્ટિમાં જે

પ્રશાંતવાહિતા

વહન સાધારણ તૃણ, ગોમય કે કાષ્ઠાગ્નિના કણ જેવો બોધ હોય છે તેના કરતાં અહીં વિશિષ્ટ બોધ થાય છે પ્રયોગ વખતે સ્મૃતિ પણ સારી રહે છે અને જો કે યોગનું ઉત્થાન અહીં મટતું નથી પણ ઉન્નતિ એટલી બધી થાય છે કે તેને લીધે પ્રથમ ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે અને હજુ વિશિષ્ટ ઉન્નતિ કરવાની બહુ નજીક આવી જાય છે અને તેને લઈને ઉત્થાન દોષના ક્ષય થવાની બહુ નજીક તે આવી જાય છે અહીં 'શ્રવણ' ગુણ પ્રાપ્ત થાય છે; અત્યાર સુધી સાંભળવાની ઇચ્છા (શુશ્રૂષા) થઈ હતી તે હવે શ્રવણ કરે છે તેથી બોધ વધારે સ્પષ્ટ આકાર થાય છે અને અહીં તેના પ્રથમ જેવા

ધર્મપ્રીતિની વિપુલતા

બીજના અંકુરો ફળરૂપે સહજ ઊગવા માંડે છે એ દશામાં વર્તતા પ્રાણીને ધર્મ ઉપર એટલી બધી પ્રીતિ થાય છે અને આવરણનાં ક્ષય ઉપર એટલી બધી અરુચિ થઈ જાય છે કે તે ધર્મને માટે પ્રાણ છોડે પણ ધર્મનો ત્યાગ કરતો નથી, કોઈ તેના પ્રાણ લે તો કબૂલ કરે પણ ધર્મ છોડવાની અથવા ધર્મના નિયમો છોડવાની હા પાડે નહિ એવું દૃઢ વર્તન તેનું થઈ જાય છે એ પોતે સમજે જાય છે કે પ્રાણ જશે તો ભવાન્તરમાં પણ જાનની પેઠે ધર્મ સાથે આવનાર છે અને ધર્મ જશે તો શરીર કંઈ પ્રાણ આવવાનું નથી તેમ ભવાંતરમાં સાથે આવવાનું

પણ નથી, તેથી શરીર કરતાં પણ ધર્મની તે વિશેષ દરકાર કરે છે. તત્ત્વશ્રવણ કરવા ઉપર તેને પ્રીતિ થાય છે તેથી જેમ ખારા પાણીનો ત્યાગ કરી મધુર જળ ગ્રહણ કરવાથી બીજનું અંકુરિત થઈ જાય છે તેવી રીતે યોગોત્થાન વગર જ તેનામાં બીજ રોપાઈ જાય છે અને તે ઉત્પત્તિમાં પછી આગળ નથી જાય છે ખારા પાણીના જેવો અહીં ભવયોગ સમજવો અને તત્ત્વશ્રવણને મધુર જળ તુલ્ય સમજવું અહીં બીજના ક્ષેપણને લીધે ચેતનની ઉન્નતિ જરૂર થાય છે તેનું કલ્યાણ થાય છે અને તે આગળ વધવા માંડે છે. જો કે હજુ તેને સમ્યગ્જ્ઞાન સંવેદનપૂર્વક થયું નથી તેથી તેને સૂક્ષ્મ બોધ હોતો નથી તો પણ ગુરુભક્તિના સામર્થ્યથી તેને તીર્થંકરદર્શન થઈ શકે છે અને તેથી તેને સમાપત્તિ થતાં તે સામાપત્તિ કરતું થઈ જાય છે અને ઉત્તરોત્તર પોતાની સ્થિતિ જરૂર સારી થતી જાય એવા પ્રયોગોમાં પોતાની જાતને ચેતન મૂકી દે છે સૂક્ષ્મ બોધ તો વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિથી થાય છે આ અવેદ્યસંવેદ્ય પદ હોવાથી સૂક્ષ્મ બોધ હોતો નથી, છતાં અપવર્ગોન્મુખનું ક્રમ અહીં સ્પષ્ટ રીતે પ્રાપ્ત થાય છે આ વેદ્યસંવેદ્ય પદ પર નીચે વિચાર કરવામાં આવ્યો છે તે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે

વેદ્યસંવેદ્ય પદ

પ્રથમની ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્ય પદ હોય છે એનું વર્ણન શ્રીમાન્ હરિભદ્રસૂરિએ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં બહુ વિસ્તારથી કર્યું છે. બાકીની હવે પછી વિચાર કરવાની ચાર દૃષ્ટિમાં વેદ્યસંવેદ્ય પદ હોય છે. અહીં પ્રસંગે સંક્ષેપથી એ પદ પર વિચાર કરીએ, કારણ કે ચતુર્થ દૃષ્ટિને છેડે

મોટો બનાવ બને છે તેને આ સંવેદ્ય પદ સાથે સંબંધ છે

અવેદ્યસંવેદ્ય પદનું વર્ણન

આ વિચારણાથી બન્ને પદની ઉત્ક્રાન્તિમાં કેટલો મોટો તફાવત છે તે જણાશે. અવેદ્યસંવેદ્ય પદમાં મિથ્યાત્વ છે બોધ ઉપર ઉપરનો છે, સંસાર ઉપર રુચિ છે પાપમાં આસક્તિ છે ભવાભિનંદીપણું છે, અસત્યારોપયુક્તતા છે. એ પ્રથમની ચાર દૃષ્ટિમાં વર્તતો પ્રાણી ક્ષુદ્ર (કૃપણ) લાભરતિ, દીન (અનિષ્ટમાં આક્રમણ થશે એવું જોનારો) મત્સરી, બીકણ, માયાવી, મૂર્ખ અને સંસારમાં આસક્ત હોય છે અને એવા અફલ આરંભ કરે છે કે જેનું વાસ્તવિક ફળ કાંઈ મળે નહિ. આવા મહાત્મા પ્રાણીને ક્વચિત્ બોધ થઈ જાય છે તો પણ તે સ્ફુટ થતો નથી. જેવી રીતે વિષને સ્પર્શ કરેલું અન્ન નકામું થઈ જાય છે તેમ પુદ્ગલાસક્ત પ્રાણીને બોધ થાય છે તો પણ તે નકામો થઈ જાય છે આ પદમાં રહેલો પ્રાણી વિપર્યાસ કર્યા કરે છે હિતાહિત બરાબર સમજતો નથી, નકામો ખેદ પામે છે અને વર્તમાનદર્શી હોઈ દીર્ઘ દૃષ્ટિથી પોતાને લાભ કેમ, કેવી રીતે અને ક્યારે થાય તે જોઈ શકતો નથી. આવી સ્થિતિ હોવાથી જન્મ, જરા, મૃત્યુ વ્યાધિ, રોગ, શોક વિગેરે ઉપદ્રવોથી ભરપૂર સંસારને જોઈને પણ તેનાથી તે ઉદ્વેગ પામતો નથી. ઊલટો સંસારને પોષતો જાય છે તે અકૃત્યને કૃત્ય સમજે છે કૃત્યને કરતો નથી અને દુઃખને સુખની બુદ્ધિથી વધારી દે છે ખસ-ખારજ થઈ હોય તેને ખણવાથી શાંતિ થતી નથી પણ તેના નાશથી શાંતિ થાય છે ખણવાથી તો ખરજ વધે છે, પરંતુ આ વાત પ્રથમની ચાર દૃષ્ટિમાં બરાબર સમજાતી નથી

તેથી ભવજને તોડવા માટે અપૂર્વનો ઉલ્લાસ સોંપે છે પણ ભવજ ન જ આવે તેવો ઉપાય યોજવાનો વિચાર સમ્યગ્ બોધ વગર તેને થતો નથી. અનેક પ્રકારની પરીક્ષા કરીને અનેક પ્રકારનું કર્મઆદિક અવેદ્યસંવેદ્ય પદમાં વર્તતો પ્રાણી મોટું કરે છે અને મનુષ્ય ભવનો લાભ લેવાને બદલે સંસાર વધારી મૂકે છે જેમ માછલું આંકડામાં સ્હેજ માંસ ખાવાના લોભથી પ્રાણ ખોઈ બેસે છે તેવી રીતે અવેદ્યસંવેદ્ય પ્રાણી અંધતામાં આસક્ત થઈ સંસારમાં રખડ્યા કરે છે. વિષયસેવન ક્ષણિક ઉલ્લાસ આપે છે પણ મહાભયંકર દુઃખ આપનાર કર્મને જોઈ શકતો નથી. આવા અવેદ્યસંવેદ્ય પદને સત્સંગ અને આગમના યોગથી છેદી દેવું. આ ભૂમિકા પ્રાપ્ત કરીને જરૂર અવેદ્યસંવેદ્ય પદ પર વિજય મેળવી લેવો, નહિ તો તેના પર જય થતો નથી અને પાછો સંસારમાં અધઃપાત થાય છે. યથાપ્રવૃત્તિકરણ સુધી આવીને ઘણા જીવો પાછા સંસારમાં પડી જાય છે અને સંસારમાં રખડ્યા કરે છે તેથી આ ચતુર્થ ભૂમિકા પ્રાપ્ત થતાં જ અવેદ્યસંવેદ્ય પદ પર વિજય મેળવવાનો વિચાર જરૂર રાખવો અને તે માટે આત્મવીર્યની સ્ફુરણા કરવી. આ પદ પર વિજય મેળવવાથી

કુતર્ક વિષમ ગ્રહ

આનો કુતર્કરૂપ વિષમ ગ્રહ પર વિજય મળે છે. કુતર્કનો ગ્રહ આ પ્રાણીને એટલો આકરો લાગેલો છે અને ખાસ કરીને આ વર્તમાન સમયમાં તેનાથી બચવાની એટલી બધી જરૂર છે કે તેને માટે ખાસ ચેતવણી આપવી એ અપ્રાસંગિક નહિ ગણાય. ઘણી વખત શાબ્દિક દલીલ એટલી વધે છે કે મૂળ હેતુનો નાશ થાય

જોવામાં આવે છે. જૈન શાસ્ત્રકાર કહે છે કે ' તમે સર્વ વાત વિશ્વાસપૂર્વક સમજીને વિચારો પણ કુતર્ક કરશો નહિ. તમે પ્રથમ પરીક્ષા કરો કે તમારા ગુરુ શુદ્ધ છે કે નહિ, તેઓએ બતાવેલ માર્ગ તમને વ્યવહારદૃષ્ટિથી-નૈશ્ચયિકદૃષ્ટિથી ઉચિત લાગે છે કે નહિ, તેઓના કહેલા દ્રવ્યાનુયોગના સ્વરૂપમાં કોઈ પણ જગાએ વિરોધ છે કે નહિ. આ પ્રમાણે શોધ કરી તેઓના સિદ્ધાંતનો નિર્ણય કરી પછી તમે તેઓના બતાવેલા માર્ગનો આદર કરો. જ્યાં તમારી નજર ન પહોંચી શકે તમારું જ્ઞાન પ્રવેશ ન કરી શકે તેવા અતીંદ્રિય વિષયોમાં તમારે થોડું ઘણું તો તેઓનું વચનપ્રામાણ્ય માનવું પડશે, પરંતુ જે વાત તેઓ જણાવે તે તમારા તર્કમાં ઉતરતી ન હોય તો તપાસો પૂછો, મનન કરો સમજવા યત્ન કરો. નકામા કુતર્કો કરી, સત્યનું નિકંદન કરવાનો અતિ નિંદ્ય માર્ગ પસંદ કરશો નહિ."

કુતર્કો કેવા કેવા થાય છે તે સંબંધી શ્રી હરિભદ્રસૂરિએ ઉક્ત યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં અનેક દૃષ્ટાન્તો આપ્યાં છે એમ તે પ્રસ્તુત નથી અથવા લખવાની જરૂર નથી. નવીન સંસ્કાર વાળાઓ કુતર્ક કોને કહે છે અને તે કેમ ઉત્પન્ન થાય છે તે ગુરુ સમજી શકાય તેવી બાબત છે કુતર્કગ્રહના પેદા થવાનાં અન્ય અનેક કારણો છે બોધરોગ, શમમાં અપાય, શ્રદ્ધાભંગ, મિથ્યાભિમાન વિગેરે. આવા સર્વ કારણોનો ત્યાગ કરવો ઉચિત છે કારણ કે તેઓ ભ્રાંતિને એકદમ વધારનાર છે અને અસારમાં વાત કરાવનાર છે અતીંદ્રિય વિષયમાં શુષ્ક તર્કથી કામ થતું નથી એને માટે અનુમાન કરવાની શક્તિ

જન્ય આશય. જેમ કે રત્નની પ્રાપ્તિ તે બુદ્ધિનો વિષય છે, તેનું જ્ઞાન તે જ્ઞાનજન્ય છે અને જ્ઞાનાનુસાર તેની પ્રાપ્તિ થયા પછી વ્યવસ્થા કરવી, કિંમત આંકવી અને તે વાટે વેચવું વિગેરે તે અસંમોહજન્ય છે. શુભ ક્રિયા તરફ આદર, કરવામાં પ્રીતિ, વિઘ્નનો નાશ, તેને જાણવાની જિજ્ઞાસા અને તજ્જ્ઞોની સેવા એ શુભ અનુષ્ઠાન કહેવાય છે. આમાં પ્રથમ બોધ-બુદ્ધિપૂર્વક કર્મ કરવામાં આવે છે તે સંસારફળ આપનાર થાય છે, જ્ઞાનપૂર્વક કર્મ થાય છે તે મુક્તિનું અંગ છે. આગળ પર લઈ જનારી મોક્ષ તરફ પ્રયાણ કરાવનાર છે અને અસંમોહ વૃત્તિથી કર્મ થાય છે તે અતિ વિશુદ્ધ હોવાથી તત્કાળ નિર્વાણ-મોક્ષસ્થાન પ્રાપ્ત કરાવનાર થાય છે. પ્રથમની ચાર દૃષ્ટિમાં વર્તતા પ્રાણીઓ અતીંદ્રિય વિષયમાં સત્ય હકીકત જાણવાની શક્તિ નથી, એવી બાબતનું જ્ઞાન યોગજ્ઞાન વગર થઈ શકતું નથી. ભર્તૃહરિ જેવા વિદ્વાનો પણ કહી ગયા છે કે-એવા અતીંદ્રિય વિષયમાં એકલો શુષ્કવાદ ચાલતો નથી હેતુવાદપૂર્વક દીર્ઘ કાળ સુધી વિચાર કરે ત્યારે કાંઈક નિશ્ચયાત્મક જ્ઞાન થઈ શકે છે. આ પ્રમાણે હોવાથી એકલા કુતર્ક ઉપર આધાર રાખી અતીંદ્રિય વિષયમાં ચર્ચા કરવા કરતાં સારી રીતે બોધ કરવો અને કાંઈક વિશેષ જ્ઞાન થાય ત્યારે હેતુવાદની ચર્ચા કરવી કે જેથી તેનું કાંઈ યોગ્ય ફળ બેસે.

ચાર દૃષ્ટિમાં બોધના પ્રકાર

આ ચાર દૃષ્ટિ સુધી જીવને વખતે દરેકને અભિનિવેશ હોય છે કાં તો પોતાની માન્યતા સત્ય છે એમ માનીને આગ્રહમાં આવે છે કાં તો શિષ્ટ પુરુષની યોગ્ય પરીક્ષા કર્યા વગર પણ તેને અનુસરવામાં આવે છે કાં તો સૂક્ષ્મ બોધ વગર એકલા

વાથી અનાદરથી ઉત્પન્ન કરવામાં આવે છે આવા અવેદ્યસંવેદ્ય પદમાં વર્તતા જીવો જ્યારે પોતાની ભવસ્થિતિ પરિપાક થાય છે ત્યારે સૂક્ષ્મ બોધ પ્રાપ્ત કરી વેદ્યસંવેદ્ય પદ પામે છે

ગ્રંથીભેદ-સમ્યક્ત્વ

અહીં જરા પારિભાષિક વાત પણ કહી દઈએ. આ વેદ્ય-સંવેદ્ય પદની પ્રાપ્તિ થાય છે તે પહેલાં અપૂર્વકરણદ્વારા ગ્રંથીભેદ કરી જીવ સમકિત પામે છે આ સર્વ જૈન પરિભાષામાં વાત થઈ. તે એટલી સૂક્ષ્મ હકીકત છે કે તે પર આખો ગ્રંથ લખી શકાય અને ખાસ કરીને તે વિષયના અભ્યાસી પાસે આ ગતિ અગત્યની ઉત્ક્રાન્તિ વખતે થતી સ્થિતિ જે જીવનપ્રવાહમાં મોટો ફેરફાર કરનારી છે તેનો અભ્યાસ કરીને સમજવા યોગ્ય છે ટૂંકામાં કહીએ તો અહીં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય વેદ-નીય મોહનીય, નામ, ગોત્ર અને અંતરાય કર્મની અનુક્રમે ત્રીશ, ત્રીશ, ત્રીશ સીત્તેર વીશ, વીશ અને ત્રીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે તેમાંથી સર્વ સ્થિતિ ખપાવી દઈ બાકી એક કોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી કાંઈક ઓછી રાખે એવા ઉદાસી પરિણામને 'યથાપ્રવૃત્તિ' કરણ કહેવામાં આવે છે આવી સ્થિતિ મિથ્યાત્વ દશામાં વર્તતા જીવ અનંત વાર કરે છે ત્યાર પછી અનંતાનુબંધી કષાયની ચોકડી ખપા-વવા, જ્ઞાનને આદરવા અને અજ્ઞાનને ત્યજવા જે પ્રયાસ થાય છે તે સ્થિતિને અપૂર્વકરણ કહે છે એ અંતર્મુહૂર્ત સ્થિતિને ખપાવી દે તે વખતે મહાતીવ્ર કષાય (અનન્તાનુબંધી)ની ચોકડીનો નાશ થાય છે અને તે સ્થિતિને ગ્રંથીભેદ કર્યો કહે

ચામાં આવે છે આ ગ્રંથીભેદ તે અનાદિ મિથ્યાત્વની ગાંઠને ભેદવારૂપ સમજવો અને તે સ્થિતિ પ્રાપ્ત થતાં જ ત્રીજું અનિવૃત્તિકરણ થાય છે અને પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે સામાન્ય સ્પષ્ટ દર્શન થાય છે અને તે સ્થિતિ પ્રાપ્ત થયા પછી સંસારની મર્યાદા બંધાઈ જાય છે પ્રથમની ચાર દૃષ્ટિમાં વર્તતા જીવને આ સ્થિતિ પ્રાપ્ત થવાની ભજના છે પાંચમી સ્થિરદૃષ્ટિ જેના પર હવે વિવેચન કરવાનું છે તે પ્રાપ્ત થાય ત્યારે નિશ્ચય સમ્યગ્ બોધ થાય છે પ્રથમની ચાર દૃષ્ટિમાં જેના ઉત્કૃષ્ટ પરિણામ વર્તતા હોય છે તે તો આપણે ઉપર જોઈ ગયા છીએ. એવા અતિ ઉચ્ચ સમ્યક્ત્વસામીપ્ય દશામાં આવવાની જે પોતાની યોગ્યતા થઈ છે એમ લાગતું હોય તો જ પોતામાં સમ્યક્ત્વ હોવાનો ભ્રમ પણ માની શકાય. ઘણાખરા પોતામાં સમ્યક્ત્વ હોવાનો ખ્યાલ કરે છે તેને સમ્યક્ત્વનો વધુ સામાન્ય વિચાર હોવાથી તેઓ નકામી આત્મવંચના કરે છે એ ચાર દૃષ્ટિનું સ્વરૂપ વાંચવાથી જ સમજાઈ જશે.

ગ્રંથીભેદનું મહત્ત્વ

હવે આ ગ્રંથીભેદ એ જીવનપર્યંતમાં અથવા સંસારભ્રમણમાં અતિ અગત્યનો વિષય છે તેથી તેનો અંતરભાવ સમજવા જરા પ્રયાસ કરવાની જરૂર છે. સામાન્ય રીતે એ અતિ પરિવર્તન કરનાર સ્થિતિનો ખ્યાલ પણ આવવો મુશ્કેલ છે ગ્રંથીભેદ કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી આ જીવની વર્તનામાં મોટો મોટો ફેરફાર થઈ જાય છે કે તેનું વિવેચન કરવું હવે આવશ્યક જણાય અને તે પર હવે વિચાર કરીએ. ચરમ પુદ્ગલપરાવર્તમાં જ્યારે ચેતન વર્તતો હોય છે ત્યારે તેને પ્રથમની ચાર દૃષ્ટિ પ્રાપ્ત થાય

વર્ણેથી અનાયાસ ઉલ્લેખ કરવામાં આવે છે. આવા અવેદ્યસંવેદ્ય પદમાં વર્તતા જીવો જ્યારે પોતાની ભવસ્થિતિ પરિપાક થાય છે ત્યારે સૂક્ષ્મ બોધ પ્રાપ્ત કરી વેદ્યસંવેદ્ય પદ પામે છે.

ગ્રંથીભેદ—સમ્યક્ત્વ

અહીં જરા પારિભાષિક વાત પણ કરી લઈએ. આ વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિ થાય છે તે એટલે અપૂર્વકરણદ્વારે ગ્રંથીભેદ કરી જીવ સમકિત પામે છે. આ વાત જૈન પરિભાષામાં વાત થઈ. તે એટલી સૂક્ષ્મ હકીકત છે કે તે પર આખો ગ્રંથ લખી શકાય અને ખાસ કરીને તે વિષયના અનુભવ પછી આ અતિ અગત્યની ઉત્ક્રાન્તિ વખતે થતી સ્થિતિ જે જીવનપ્રવાહમાં મોટા ફેરફાર કરનારી છે તેનો અભ્યાસ કરીને સમજવા યોગ્ય છે. ટૂંકમાં કહીએ તો અહીં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર અને અંતરાય કર્મની અનુક્રમે ત્રીશ, ત્રીશ, ત્રીશ, સીત્તેર, વીશ, વીશ અને ત્રીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે તેમાંથી સર્વ સ્થિતિ ઓછી થઈ જાય એક કોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી કાંઈક ઓછી રહે એવા ઉદાસી પરિણામને 'યથાપ્રવૃત્તિ' કરણ કહેવામાં આવે છે. આવી સ્થિતિ મિથ્યાત્વ દશામાં વર્તતા જીવ અનંત વાર કરે છે. ત્યાર પછી અનંતાનુબંધી કષાયની ચોકડી ઓછી થાય, જ્ઞાનને આદરવા અને અજ્ઞાનને ત્યાગવા જે પ્રયાસ થાય છે તે સ્થિતિને અપૂર્વકરણ કહે છે. એ અંતર્મુહૂર્ત સ્થિતિને ઓળખી દે તે વખતે મહાતીવ્ર કષાય (અનંતાનુબંધી)ની ચોકડીનો નાશ થાય છે અને તે સ્થિતિને ગ્રંથીભેદ કર્યો કહે-

વામાં આવે છે આ ગ્રંથીભેદ તે અનાદિ મિથ્યાત્વની ગાંઠને
ભેદવારૂપ સમજવો અને તે સ્થિતિ પ્રાપ્ત થતાં જ ત્રીજું
અનિવૃત્તિકરણ થાય છે અને પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય
છે સામાન્ય રૂપમાં કથન થાય છે અને તે સ્થિતિ પ્રાપ્ત થયા
પછી સંસારની મર્યાદા બંધાઈ જાય છે પ્રથમની ચાર દૃષ્ટિમાં
વર્તતા જીવને આ સ્થિતિ પ્રાપ્ત થવાની યોજના છે પાંચમી
સ્થિરાદિ જેના પર હવે વિવેચન કરવાનું છે તે પ્રાપ્ત થાય
ત્યારે વાસ્તવિક સમ્યગ્ બોધ થાય છે પ્રથમની ચાર દૃષ્ટિમાં કેવા
ઉત્કૃષ્ટ પરિણામ વર્તતા હોય છે તે તો આપણે ઉપર જોઈ ગયા
છીએ એવા અતિ ઉદાત્ત સમ્યક્ત્વસામીપ્ય દશામાં આવવાની
એ પોતાની યોગ્યતા થઈ છે એમ લાગતું હોય તો જ પોતામાં
સમ્યક્ત્વ હોવાનો સંભવ પણ માની શકાય ઘણાખરા પોતામાં
સમ્યક્ત્વ હોવાનો ખ્યાલ કરે છે તેને સમ્યક્ત્વનો વધુ સામાન્ય
વિચાર હોવાથી તેઓ નકામી આત્મવંચના કરે છે એ ચાર
દૃષ્ટિનું સ્વરૂપ વાંચવાથી જ સમજાય તેવું

ગ્રંથીભેદનું મહત્ત્વ ખરી આ ગ્રંથીભેદ એ જીવનપરાવર્તનમાં
અગત્ય સંસારમાર્ગમાં અતિ અગત્યનો
વિષય છે તેથી તેનો આવશ્યક સમજવા બહુ પ્રયાસ કરવાની
જરૂર છે સામાન્ય રીતે એ અતિ પરિવર્તન કરનાર સ્થિતિ
નો ખ્યાલ પણ આવવો મુશ્કેલ છે ગ્રંથીભેદ કરીને સમ્યક્ત્વ
પ્રાપ્ત થયા પછી આ જીવની વર્તનામાં કેટલો મોટો ફેરફાર
થઈ જાય છે કે તેનું વિવેચન કર્યું હવે આપણાક નવુંરી
અને તે પર હવે વિચાર કરીએ. ચરમ પુદ્ગલપરાવર્તમાં જ્યારે
ચેતન વર્તતો હોય છે ત્યારે તેને પ્રથમની ચાર દૃષ્ટિ પ્રાપ્ત થાય

છે અને ગ્રંથીભેદ કર્યા પછી તો અર્ધપુદ્ગલપરાવર્તના અંદર જરૂર મુક્તિ થાય છે. આ મહાપાતકથી નિવૃત્તિ થાય છે અને પરમ આત્માનંદમાં વિલાસ થાય છે. આ ગ્રંથીભેદ કર્યા પછી કેટલાક જીવ આત્માઓની ઉન્નતિ તો એટલી જલદી થાય છે કે અન્તર્મુહૂર્ત જેટલા વખતમાં તેઓ સાધ્ય પ્રાપ્ત કરે છે અને કેટલાકની મંદ પ્રગતિ થાય છે, પરંતુ એટલું તો ચોક્કસ છે કે એક વાર ગ્રંથીભેદ થયો એટલે વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તની અંદર તો સાધ્યસ્થાન પ્રાપ્ત થવાનું જ. આ પ્રમાણે હોવાથી ગ્રંથીભેદ એ અતિ અગત્યની બાબત ગણવામાં આવી છે. ગ્રંથીભેદ થયા પછી સમ્યક્ત્વ થાય તેને કેટલાક જીવો વમી પણ નાખે છે અને પાછા અપક્રાન્તિ પામી સંસારમાં ઉતરી જાય છે, પરંતુ આટલી દશા પ્રાપ્ત કરી પાછો પડી ગયેલો ચેતન કેટલીક મુદતે વળી પાછો ઉન્નત થઈ પૂર્ણ સ્થિતિ પર જરૂર આવી જાય છે અને પ્રગતિ કરે છે. જૈનના ઉત્ક્રાન્તિવાદ Theory of Evolutionમાં એક ખાસ નોંધી લેવા જેવી બાબત એ છે કે-ઉત્ક્રાન્તિ પામેલો જીવ તે જ દશામાં રહે છે અથવા તેથી આગળ વધ્યો જાય છે એટલું જ નહિ પણ અધમ આચરણો કરે તો તે પાછો નીચે પણ ઉતરી જાય છે. ટૂંકામાં એને ઉત્ક્રાન્તિ અપક્રાન્તિવાદ અથવા Theory of Evolution and Involution of Soul કહી શકાય.

આ અતિ અગત્યની પ્રસ્તુત બાબત ઉપર વિચાર કરી હવે આપણે પાંચમી દૃષ્ટિ પર વિચાર કરીએ. અહીં એટલું જણાવવું અગત્યનું થઈ પડે છે કે-આ દૃષ્ટિ પ્રાપ્ત કરનાર જીવ

[illegible] સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તેથી તેની મનોભાવના અને વર્તનમાં અને પ્રાકૃત પ્રાણીઓના દરમિયાન છતાં વર્તન વતનમાં, વિચારમાં અને ઉચ્ચારમાં મોટો તફાવત પડી જાય છે. એ વતનના વિચારમાં ઊંચા ગુણો—જેવા કે ન્યાયસંપન્ન વિભવ, દાક્ષિણ્ય, દયા વડીલને માન વિગેરે તો તેનામાં પ્રથમની ચાર દૃષ્ટિમાં આવી જાય છે એટલે કે નીતિનાં ધોરણમાં ઊંચાં તત્ત્વો અથવા સદ્ગુણો તો તેનામાં જ્યારે તે માર્ગાનુસારી થાય છે ત્યારે જ આવી જાય છે તેથી ધોરણમાં ઊંચા સદ્ગુણવાળો તે હોવો જ જોઈએ એમ કહેવાની જરૂર નથી, છતાં એટલું જણાવવું જોઈએ કે એવા સદ્ગુણોનો તેનામાં સદ્ભાવ હોય છતાં તે સમ્યક્ત્વવાન્ હોય કિંવા ન હોય પણ જેઓ નીતિના ધોરણમાં ઊંચા નિયમો પાળતા ન હોય તેનામાં સર્વશંકિત સમ્યક્ત્વનો સદ્ભાવ હોવો અસંભવિત છે. જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તેનામાં ઉચ્ચ સદ્ગુણો અવશ્ય હોવા જોઈએ. અતિ ઉચ્ચ નીતિના નિયમો પાળનાર પ્રાણી જ ભગવાનના સમ્યક્ત્વનો અધિકારી થઈ શકે છે એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કારણ કે શ્રદ્ધાનને અંગે વતનનો નિયમ થઈ જાય છે. પોતાનામાં સમ્યક્ત્વનું અસ્તિત્વ માનનારનું ઢંગધડા વગરનું વર્તન જોઈ તેઓની માન્યતા ઉપર ચોટ થાય તો તેમાં આશ્ચર્ય જેવું નથી. સમ્યક્ત્વ ઉચ્ચ સદ્ગુણો વગર હોઈ શકે અથવા ટકી શકે એમ માનવું એ ભૂલ છે. જો કે સમ્યક્ત્વ તે શુદ્ધ શ્રદ્ધાન છે પરંતુ ત્યાં ઉત્તમ ગુણોનો અદ્ભુત સદ્ભાવ હોવાનો સંભવ છે. તેમ હોય તો જ સમ્યક્ત્વ સ્થિર રહી પણ શકે છે નહીં તો સમકિતથી ચ્યુત થતાં વાર લાગતી નથી.

ચતુર્થ દૃષ્ટિને છેડે ધર્મસંન્યાસ પ્રાપ્ત થાય છે. એ ધર્મસંન્યાસ સામર્થ્યયોગનો એક ભેદ છે અને તેના પર હવે પછી વિચાર કરવામાં આવશે. અત્ર તે ધર્મસંન્યાસપ્રાપ્તિ બાબત ઉપર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે તત્ત્વથી ધર્મસંન્યાસ તો આઠમા ગુણસ્થાનકના છેડામાં અને સામાન્ય રીતે આ ગુણસ્થાનકની શરૂઆતમાં લબ્ધ થાય છે અહીં ધર્મસંન્યાસની ઉપલબ્ધિ થાય છે તે અજ્ઞાનાવરણના ક્ષયોપશમને ઉપલક્ષીને બની શકે છે.

૫. સ્થિરાદૃષ્ટિ

પાંચમી સ્થિરાદૃષ્ટિમાં તત્ત્વબોધ રત્નપ્રભા તુલ્ય હોય છે એટલો બોધ થાય છે તેટલો દીર્ઘ કાળ બન્યો બન્યો જ રહે છે એ કે તે વતન શુદ્ધ કોઈ શકતો નથી. રત્નમાં જેમ કાંઈ ઓછા હોય છે તેમ હજુ તેમાં એકાન્ત શુદ્ધિ હોતી નથી, આ પ્રથમની ચાર દૃષ્ટિમાં જે ઉપર ઉપરનો બોધ હતો તે કરતાં અહીં વધુ સ્થિર બોધ થાય છે અને અજ્ઞાનગ્રંથિનો ભેદ થવાથી ચેતનને અહીં આત્માનો સાક્ષાત્કાર થાય છે વળી અત્યાર સુધી એને તત્ત્વજ્ઞાનમાં તેમ જ સમજણની સ્થિરતા વિશેષમાં કાંઈક શાક થયા કરતી હતી તે અત્ર વિરમી જાય છે અને બોધ સમ્યક્ પ્રકારનો અને સૂક્ષ્મ થાય છે અત્યાર સુધી આ ચેતનની પ્રવૃત્તિ ઇન્દ્રિયગ્રામમાં ચતુષ્પદ હતી, જેમાં તેને આસક્તિ હતી અને પુદ્ગલમાં લોલુપતા હતી તે અત્ર ટળી જાય છે અને તેની ત્યાંની પ્રવૃત્તિનો વિજય થાય છે સ્થિરવિમર્શમાં ઇન્દ્રિયને ન જોડવારૂપ પ્રત્યાહાર નામનું યોગનું

આ જ અહીં પ્રાપ્ત થાય છે. પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષયો છે તેમાં ઇંદ્રિયોને ન જોડતાં સ્વચિત્ત સ્વરૂપાનુસારી તેને બનાવી દેવી તેનું નામ પ્રત્યાહાર એ તેનો મૂળ અર્થ છે અને તે યોગાંગ અહીં ચેતનને પ્રાપ્ત થાય છે. ચેતન અહીં

ઇંદ્રિયનિરપેક્ષ પર વિજય

સૂક્ષ્મ બોધ ગુણ પ્રાપ્ત કરે છે એટલે અદ્વેષ દૃષ્ટિ સુધી અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા અને શ્રવણ ગુણ હતા તેને બદલે અહીં સૂક્ષ્મ બોધ ઉત્પન્ન થાય છે. વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્ત થવાથી આવું સુંદર પરિણામ આવે છે એમ સમજી લેવું. સામાન્ય રીતે એની વાતો પણ એવા પ્રકારની થઈ જાય છે કે તેને અવિચારેલ બહુ અલ્પ લાગે છે; વિચાર કરીને બાલકોની વાતો પ્રાયઃ બાપ વગરની હોય છે જેમ નાના બાળકો ધૂળનાં ઘર બનાવે અથવા લાકડાના નાનાં ઘર બનાવે તેવી આ સંસારની ક્રીડા તેને લાગે છે. તેને એમ જણાય છે કે સંસારચક્રમાં ફરતાં આ પ્રાણી ભવભવમાં નવાં નવાં ઘર માંડે છે તેમાં અનેક પ્રકારની રચનાઓ કરે છે અને તેને પોતાનું ઘર માને છે—એ સર્વ બાળકની ક્રીડા જેવું છે. બાળચાપલતા છે. વિચારતાં મનમાં હાસ્ય આવે તેવી તે બાબત છે. અહીં તેની ભવવાસના ઘણી ઓછી થવાથી અને તેનો ચેતન-ગુણ પ્રગતિ પામેલ હોવાથી તેને અનેક ઋદ્ધિ-સિદ્ધિઓ મળી આવે છે પરંતુ આ જીવ સમજે છે કે તે સર્વ પૌદ્ગલિક છે, અનાત્મીય છે, સંસારને વધારનાર છે અથવા સંસારમાં રખડાવનાર છે. એ શુદ્ધ આત્મતત્ત્વમાં રમણ કરવાં ભાવના લાવે

આઠ લાભ પર વિજયતા

મૃગતૃષ્ણા અથવા ગંધર્વ નગર જેવા અસ્થિર ઐંદ્રજાલિક છે એમ સમજીને તેના ઉપર જરા પણ આસક્તિ વગર તે નિજ સ્વભાવના સુખો ચોપે છે અને તેમાં શાંતિ પામે છે, તેમાં રમણ કરે છે અને તેમાં રંજિત થાય છે. તે સમજે છે કે— આંતર જ્યોતિ જે અભૂત હોવાથી બાધા કરનાર નથી અને પીડ વગરની છે તે જ લોકમાં પરમ તત્ત્વ છે અને બાકી સર્વ ઉપદ્રવ કરનાર દુઃખમય છે અને વસ્તુતઃ ત્યાજ્ય છે આવી રીતે વિવેકજ્ઞાન પ્રાપ્ત થવાથી યુક્ત થયેલ ચેતન મત્યાકારમાં ચિત્તને જગાવીને ધર્મમાં બાધા કરનાર બાબતોનો પરિત્યાગ કરવા માટે પ્રયત્ન કરે છે. તે સમજે છે કે ધનલક્ષ્મી એ વસ્તુતઃ લક્ષ્મી નથી અને બુદ્ધિમાનને તેમાં આનંદ આવતો પણ નથી અને ભોગનો વિસ્તાર તો પાપી મિત્ર છે. સુજ્ઞ મિત્ર વળી સાચી સલાહ આપી સુખ અપાવનાર નથી. તેનામાં જીવ દયા એટલી વધી ગયેલી હોય છે કે તે સમજે છે કે ધર્મથી જે ભોગપ્રાપ્તિ થાય છે તેનો ભોગ ભોગવવો તે પણ સંસારવૃદ્ધિ માટે જ થાય છે. તે સમજે છે કે પુણ્ય સુવર્ણ શૃંખલા છે અને તેથી ચંદન જેવા શીતળ પદાર્થોથી ઉત્પન્ન થયેલ અગ્નિ જેમ આખા વનને બાળી નાખે છે તેમ ધર્મ જનિત સુખ પણ જો તેમાં આસક્ત થવાય તો સંસાર વધારી કર્મશત્રુને વિસ્તારી મૂકે છે. આ પ્રમાણે તે સમજતો હોવાથી ધર્મજનિત ભોગની પણ તે ઈચ્છા રાખતો નથી અને આવા વિશુદ્ધ વિચારોને લીધે તે ધાર્મિક કામ કરે છે તેમાં પણ ભૌતિક ફળની ઈચ્છા રાખતો નથી. આવી રીતે નિસ્પૃહી સારે કરેલ શુભ ક્રિયા કર્મની મહાનિર્જરાનું કારણ થાય છે. આવી

રતિ ભોગની ઇચ્છાથી વિરતિ થાય છે અને ત્યાગ સુસ્પષ્ટ રીતે સમજપૂર્વક થાય છે અહીંથી તેના ભાવનાથી આત્મધ્યાનની શરૂઆત થાય છે અને કહ્યું છે કે તેનામાં તે ગુણની વ્યક્તતા થવાની શરૂઆત જ થયેલી હોય છે છતાં તેનું અસ્તિત્વ સહુ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનાર સારી રીતે જોઈ શકે છે વળી

યૌગિક ગુણપ્રાપ્તિ

આ દૃષ્ટિમાં યોગીઓ જે કેટલાક સુંદર ગુણો કહે છે તે સર્વને ચેતન ઓછેવધતે અંશે જરૂર પ્રાપ્ત કરે છે જેમકે તેનામાં ચપળતાનો નાશ થાય છે સ્થિરતા ગુણ વૃદ્ધિ પામે છે રોગ રહિત શરીર પ્રાપ્ત કરે છે હૃદયની કઠોરતા દૂર થાય છે, તેમ જ તેના શરીરના મળાદિક અલ્પ થઈ જાય છે તેના શરીરમાં સુગંધી પ્રસરે છે તેનામાં સૌમ્યતા સારી રીતે દેખાય છે તેની સૌમ્ય પ્રસન્ન મૂર્ત્તિ સર્વને આકર્ષક થઈ પડે છે તેના સ્વર સુંદર થઈ જાય છે તે અનેક પ્રકારે ધર્મનો પ્રભાવ પ્રકટ કરે એવી સારી સ્થિતિમાં મૂકાઈ જાય છે જનપ્રિય થઈ જાય છે અને તેનામાં મહાબુદ્ધિ ઉત્પન્ન થાય છે-વિગેરે વિગેરે અનેક શુભ ગુણો અથવા સંયોગો તેને પ્રાપ્ત થઈ આવે છે. ઉત્ક્રાંતિક્રમ પર ચઢેલી તેની ચેતનામાં આવા શુભ સંયોગો સ્વાભાવિક રીતે જ આગત થઈ જાય છે તે પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતો જ નથી પરંતુ શુભ

શુભ સંયોગોના સ્વતઃ પ્રાપ્તિ

વર્તન કરનારના વિકસિત આત્માઓ આવા મહાન્ સામ્રાજ્યમાં ઉદ્ગમન કરે ત્યારે તેને કોઈ પણ પ્રકારની ઇચ્છા વગર પણ શુભ અનુકૂળ સંયોગો જરૂર પ્રાપ્ત થઈ જાય છે પાંચમી દૃષ્ટિમાં ચેતન એટલો વિકાસ પામી જાય છે કે

મીમાંસા ગુણ

વળી અહીં ચેતનને મીમાંસા ગુણ પ્રાપ્ત થાય છે અને સદ્વિચારશ્રેણિ બહુ સારી રીતે પ્રાપ્ત થાય છે અને તેથી તત્ત્વના અભ્યાસ વિચારો ઉપર અંકુશ આવી જાય છે આ મીમાંસા ગુણ બહુ લાભ કરનાર થાય છે કારણ કે તત્ત્વજ્ઞાનને અંગે થયેલ સ્થિરતા ગુણ સાથે જ્યારે શુભ વિચારશ્રેણિ ચાલવા માંડે છે ત્યારે પછી પ્રગતિમાં એકદમ બહુ સારી રીતે વધારો થતો જાય છે આ દૃષ્ટિમાં બોધ તારાની પ્રભા જેવો હોય છે એટલે તારાની પ્રભા જેમ એકસરખો પ્રકાશ આપે છે તેમ આ દૃષ્ટિમાન્ પ્રાણીને બોધનો પ્રકાશ સ્થિર હોય છે; જેમ તૃણ ગોમય આદિનો પ્રકાશ વધઘટ ઘણી થાય છે તેવું આ પ્રકાશમાં અસ્થિરત્વ નથી પણ એકસરખો સ્થિર પ્રકાશ આવ્યો આવે છે. અલબત્ત, એ પ્રકાશ ચંદ્ર કે સૂર્યના પ્રકાશ જેટલો તેજસ્વી નથી પણ તેવો સંપૂર્ણ પ્રકાશ પામવાના આદિ સ્વરૂપે આ સ્થિર પ્રકાશ નાના રૂપમાં પ્રાપ્ત થાય છે અહીં તારાનો પ્રકાશ કેવો થાય છે તેનું સ્વરૂપ બતાવતા શ્રી હરિભદ્રસૂરિ કહે છે કે આ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીનું પ્રવૃત્તિથી જ નિરતિચાર ચારિત્ર હોય છે અનુષ્ઠાન શુદ્ધ હોય છે પ્રમાદ રહિત વર્તન હોય છે ચેતનનો શુભ વસ્તુમાં વિનિયોગ થાય છે અને આશય ઉદાર અને ગંભીર થાય છે આ દૃષ્ટિમાં કેટલો બધો વધારો થઈ જાય છે તે આથી જણાયું હશે. અતિ ઉદાર આશયમાં વર્તતા ચેતનની માનસિક સ્થિતિ અહીં કેવી થાય છે તે હવે આપણે વિચારીએ છીએ, પરંતુ એ પહેલાં એક વાત જરા સ્પષ્ટ કરી નાખીએ. તે વાત એ છે કે—આ દૃષ્ટિમાં ચેતન વર્તતો હોય

[illegible]

મીમાંસા ગુણ

વળી અહીં ચેતનને મીમાંસા ગુણ પ્રાપ્ત થાય છે અને ધારિ ધારણેવિધિ બહુ સારી રીતે પ્રાપ્ત થાય છે અને તેથી નકામા અસ્વસ્થ વિચારો ઉપર અંકુશ આવી જાય છે. આ મીમાંસા ગુણ બહુ લાભ કરનાર થાય છે કારણ કે તત્ત્વજ્ઞાનને અંગે [illegible] સ્થિરતા ગુણ સાથે જ્યારે શુદ્ધ વિચારશ્રેણિ ચાલવા માંડે છે ત્યારે પછી પ્રગતિમાં એકદમ બહુ સારી રીતે વધારો થતો જાય છે. આ દૃષ્ટિમાં બોધ તારાની પ્રભા જેવો હોય છે એટલે તારાની પ્રભા જેમ એકસરખો પ્રકાશ આપે છે તેમ આ દૃષ્ટિમાન્ પ્રાણીને બોધનો પ્રકાશ સ્થિર હોય છે, જેમ તૃણ ગોમય આદિનો પ્રકાશ ઝબક ઝબક થાય છે તેવું આ પ્રકાશમાં અસ્થિરત્વ નથી પણ એકસરખો સ્થિર પ્રકાશ આવ્યો આવે છે. અલબત્ત, એ પ્રકાશ ચંદ્ર કે સૂર્યના પ્રકાશ જેટલો તેજસ્વી નથી પણ તેવો સંપૂર્ણ પ્રકાશ પામવાના આદિ સ્વરૂપે આ સ્થિર પ્રકાશ નાના રૂપમાં પ્રાપ્ત થાય છે. અહીં તારાનો પ્રકાશ કેવો થાય છે તેનું સ્વરૂપ બતાવતા શ્રી હરિભદ્રસૂરિ કહે છે કે 'આ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીઓ પ્રકૃતિથી જ નિરતિચાર આચાર હોય છે, અનુષ્ઠાન શુદ્ધ હોય છે, પ્રમાદ રહિત વર્તન હોય છે, ચેતનનો શુભ વસ્તુમાં વિનિયોગ થાય છે અને આશય ઉદાર અને ગંભીર થાય છે. આ દૃષ્ટિમાં કેટલો નવો વધારો થઈ જાય છે તે આથી જણાયું હશે. અતિ ઉદાર આશયમાં વર્તતા ચેતનની માનસિક સ્થિતિ અહીં કેવી થાય છે તે હવે આપણે વિચારીએ, પરંતુ એ પહેલાં એક વાત જરા સ્પષ્ટ કરી નાખીએ. તે વાત એ છે કે—આ દૃષ્ટિમાં ચેતન વર્તતો હોય

છે ત્યારે તેનામાં પ્રમાદ હોતો નથી તેથી આપણે એમ અનુમાન કરી શકીએ કે અનુક્રમે આ દૃષ્ટિમાં વર્તતો જીવ સર્વવિરતિ ગુણ પ્રાપ્ત કરી અપ્રમત્ત ગુણસ્થાનક સુધી પહોંચેલો હોય છે. આપણે વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિ વખતે જોઈ ગયા છીએ કે ત્યાં સમ્યગ્ બોધ તથા ઉત્તમ પ્રકારની આચરણ પ્રવૃત્તિ કરતો જીવ છે. આ સમ્યગ્ બોધ થતાં પછી તે યમનિયમ કરે છે અને પ્રથમ દેશથી તેનો આદર કરે છે અને પછી સર્વથી આચરણ કરી વિશુદ્ધ થાય છે. યમને દેશથી આદરતાં તેને દેશવિરતિ ગુણ અને સર્વથા આદરતાં તેને સર્વવિરતિ ગુણ કહે છે. પ્રથમ અને દ્વિતીય દૃષ્ટિએ યમનિયમમાં થાય છે તે એથી સમજવા. અહીં પંચમ દૃષ્ટિમાં સમ્યગ્ જ્ઞાનપૂર્વક જે યમનિયમ થાય છે તે અતિ વિશુદ્ધ સમજવા. એ યમનિયમના આચરણથી જે પ્રાણીને દેશવિરતિ, સર્વવિરતિ ગુણ પ્રાપ્ત થાય છે તેને પંચમ અને છઠ્ઠું ગુણસ્થાનક અનુક્રમે હોય છે અને જ્યારે તેને સર્વવિરતિ ભાવના વર્તતાં અપ્રમત્ત ગુણ પ્રાપ્ત થાય છે એટલે ઉદ્વેગક્ષય આદિ વિવિધ ગુણોમાં અવશ્ય તત્પરતા થાય છે ત્યારે સપ્તમ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. આ છઠ્ઠી સ્થિરાદૃષ્ટિમાં જ્યારે પ્રાણી આવે છે ત્યારે તે સાતમા ગુણસ્થાનકમાં વર્તે છે. આ દૃષ્ટિમાં વર્તતા મુમુક્ષુજનો બહુ વિવિધ રીતે લાભ લે છે અને ચેતનને અનુભવ પૌદ્ગલિક આનંદમાં રસ આવતો જ નથી અને પ્રીતિ-ભક્તિ-વચનાનુષ્ઠાનો ધ્યાન કરી દીધેલો હોવાથી ચિત્ત આ ચીજ આનંદની જ ચિંતવના કર્યા કરે છે અને એ પૌદ્ગલિક આનંદનો ભાગ બહુ વિરલ અનુભવ કરે નહિ એવો જ છે કે જેને ફરી અને આત્મિક

બાબતના જ વિચાર આવ્યા કરે છે એની શુભ વૃત્તિ એટલી બધી સારી થઈ જાય છે અને એનાં બાહ્ય આચાર અને ક્રિયા અનુષ્ઠાન પણ એવાં શુદ્ધ થઈ જાય છે કે એ સ્વાભાવિક રીતે જ સર્વ પ્રાણીઓને પ્રિય થઈ જાય છે તેના ઉપર સર્વને બહુ પ્રેમ આવે છે અને તેના તરફ કુદરતી રીતે જ બહુ રાગ થઈ આવે છે એનું પોતાનુ મન તો ધર્મની બાબતોમાં જ એકાગ્ર થઈ જાય છે અને તે ધર્મની જ અથવા તે સંબંધની જ વાતો કરે છે તે હજુ ભોગનો સર્વથા ત્યાગ કરતો નથી અને કેટલીક વાર પ્રથમ ગુણસ્થાનકે આઠ અવસ્થામા પણ વર્તતો હોય છે જ્યાં તેના આત્મની નિર્મળતા હોવાને લીધે અને ભોગઆસેવનમાં બુદ્ધિભાવ ન હોવાને લીધે તે કદાચ ભોગો ભોગવે છે તો પણ તેને લીધે તેનો સંસાર વૃદ્ધિ પામતો નથી. શુભ ક્રિયાના ફળ તરીકે તેની ઇચ્છા વગર પણ કેટલીક વાર પુણ્યકર્મનો ઉદય તેને પ્રાપ્ત થઈ જાય તેનાં ફળ ભોગવવા પડે છે તે જન તે ભોગવે છે પણ તેમાં આસક્તિ રાખતો ન હોવાથી ભોગસેવનમા સામાન્ય રીતે પ્રાપ્ત થતુ જોર તેના સંબંધમાં આવતુ નથી અને તેથી તે ભોગસેવન કરતા છતા પણ

નિમિત્તનો લાભ

પ્રગતિ કરતો જાય છે શુભ પુણ્યોદયજન્ય ભોગોના આસેવન વખતે વળી તે શુભ ક્રિયાએ કરી વિશુદ્ધ નિમિત્તો એકઠા કરી તે સાધનોને ઇષ્ટ આધ્યાત્મિકમાં પ્રગતિ કરાવનાર તરીકે ફેરવી નાખે છે આવી રીતે શુભ પુણ્યોદય વખતે પ્રાકૃત મનુષ્યો જ્યારે આકરા કર્મ બાંધે છે ત્યારે આ પ્રજ્ઞાવાન બુદ્ધિમાન મહાત્મા કર્મની નિર્જરા કરી આગળ પ્રગતિ કરે છે એક ને એક જ ક્રિયા આવી રીતે

ઘણા ઘણા મનુષ્ય પરત્વે સાચું અને પ્રત્યક્ષ ફળ આપનારી થઈ શકે છે એ વાત ખાસ લક્ષ્યમાં રાખવાની છે કર્મનો બંધ ચિત્તની વૃત્તિ ઉપર—આત્મીય વર્તન ઉપર આધાર રાખે છે. શાસ્ત્રકાર સદાચારને વિશેષ જોરથી મહત્ત્વ બતાવે છે કે એ ચિત્ત-વૃત્તિને નિર્મળ કરનાર છે દરેક પ્રકારની આત્મિક પ્રવૃત્તિને અંગે કેવું પરિણામ થાય છે તે પર ધ્યાન રહે છે તેથી સદાચારને પણ તેને અંગે જ ઉપયોગી ગણવામાં આવે છે

શ્રુતધર્મ ઉપર એને એવો રાગ હોય છે કે જેમ યુવતિની ચતુર યુવાન પ્રેમ કરે પણ લાગ મળે ત્યારે પ્રેમથી ફરીને જઈ પોતાના હૃદયવલ્લભ પતિને મળવાનું તેનું મન રહ્યા કરે છે તેમ આ દશામાં વર્તતો પ્રાણી ભલે સાંસારિક કાર્યો કરે તો પણ તેનું મન શ્રુતવાંચન, શ્રવણ અને મનન તરફ વળવા લલચાયા કરે છે આ સુંદર સ્થિતિ પ્રાપ્ત થવાનું કારણ જ્ઞાન ઉપરનો તેનો અભ્યાસ અને તેને પ્રાપ્ત થયેલ મીમાંસા ગુણ છે એમ સમજવું વળી આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી આત્મજ્ઞાનને લેતી તેથી જરા પણ મુંઝાઈ ન જતાં તેના ઉપર ધ્યાન દઈને ચાલે છે તેને વશ થાય છે અને તેના વડે તેટલા અલૌકિક પોતાના ઉપર આવે તો તેથી ડરી જઈ તેમાં ડૂબી જતો નથી. યોગને તે સ્વરૂપથી પ્રાપ્તિકર જોઈએ આધાર સમજે છે અને તેમાં આસક્ત ન થતાં તેને યોગને

યોગ માયા પરત્વે
પર વિજયવતી
સમભાવ

તો પણ આસક્ત દશામાં રહી પોતે આત્મિક ઉન્નતિમાં આગળ વધતો જાય છે એ દશામાં વર્તતો પ્રાણી સાંસારિક યોગને તત્ત્વ માનતો નથી અને તેથી તેના પ્રતિ [illegible] અને

નથી. મીમાંસા ભાવને લીધે એને સર્વથા મોહ વર્તતો નથી અને માયા મમતા આ ચેતનને સંસારમાં રખડાવનાર રૂલાવનાર અને લૂંટી ખાનાર છે એમ સમજે છે તેથી તે તેને અસર કરતા નથી અને કદિ કરે છે તો બહુ ઓછી અસર કરે છે; તેથી આ દૃષ્ટિમાં આવ્યા પછી આત્મિક ઉન્નતિ બહુ સારી થઈ જાય છે અને ચેતન આગળ આગળ વિકાસ પામતો જાય છે અહીં ભવઉદ્વેગ બહુ સારી રીતે થઈ જાય છે અને સંસાર પરનો રાગ તદ્દન નાશ પામી અપાની સ્થિતિ પર આવી જાય છે માયા મમતા કેવી રીતે પ્રાણીને હેરાન કરે છે તે શ્રી આનંદઘનજીના પદોમાં અને તે પદના વિવેચનમાં વારંવાર જોવામાં આવશે, કારણ કે એનું વર્ણન કરવામાં શ્રી આનંદઘનજી મહારાજે પોતાની શક્તિનો વારંવાર ઉપયોગ કર્યો છે અને તેને વસ્તુરૂપે બતાવવા અત્યંત પ્રયાસ કર્યો છે તેથી તે પર વિવેચન કરવા ન રોકાતા અત્ર એટલું જ બતાવીએ છીએ કે તે માયા મમતા ઉપર આ પ્રાણીને અહીં અંતઃકરણપૂર્વક વિરાગ ઉત્પન્ન થાય છે શ્રુતધર્મમાં આ દશામાં વર્તતા પ્રાણીનું મન બહુ આકર્ષાયેલું રહે છે તે બતાવવા ઉપર દૃષ્ટાંતરૂપ એનું દષ્ટાંત આપ્યું છે તે ઉપરાંત શ્રી આનંદઘનજી મહારાજે પ્રભુના પદમાં ઘણાં દાખલા આપ્યાં છે તે સર્વ વિચારવાં. આવી રીતે શ્રુતધર્મે ઉપર આક્ષેપક ચિત્તવૃત્તિવાળા સદૃષ્ટિમાન્ ચેતન આ કાન્તા દૃષ્ટિમાં ઘણી બહુ સારી રીતે પ્રગતિ કરે છે અને ધર્મધ્યાનનાં સાધનોનો બહુ સારી રીતે લાભ લે છે એનાં કર્મની પ્રચુરતા ધીમે ધીમે ઘટતી જાય છે કારણ આવી

અમુક અમુક મનુષ્ય પરત્વે ખાસ અને આશય રૂપ આપનારી થઈ શકે છે એ વાત ખાસ લક્ષમાં રાખવાની છે કર્મનો બંધ ચિત્તની વૃત્તિ ઉપર-આત્મીય વર્તના ઉપર આધાર રાખે છે વ્યવહાર સદાચારને વિશેષ એટલા માટે બતાવે છે કે એ ચિત્ત-વૃત્તિને નિર્મળ કરનાર છે દરેક પ્રકારનું આત્મિક પ્રગતિને અંગે કેવું પરિણામ થાય છે તે પર ધ્યાન રહે છે તેથી સદાચારને પણ તેને અંગે જ ઉપયોગી ગણવામાં આવે છે

શ્રુતધર્મ ઉપર એને એવો રાગ હોય છે કે જેમ ગૃહિણી પરદેશ ધન કમાવા જાય પણ લાગ મળે ત્યારે પ્રેમથી હરેક થઈ પોતાના દુઃખશીલ પતિને મળવાનું તેનું મન સદા કરે છે તેમ આ દશામાં વર્તતો પ્રાણી અનેક સાંસારિક ક્રિયા કરે તો પણ તેનું મન શ્રુતશ્રવણ, મનન અને મનન તરફ ચાલ્યા કરતું રહે છે આ સુંદર સ્થિતિ પ્રાપ્ત થવાનું કારણ જ્ઞાન ઉપરનો તેનો આદરભાવ અને તેને પ્રાપ્ત થયેલ મીમાંસા ગુણ છે એમ સમજવું વળી આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી આચાર્યાદિને દેખી તેથી જરા પણ ગુસ્સો ન કરતાં તેના ઉપર પ્રેમ દૃષ્ટિ રાખે છે તેને વશ રહે છે અને તેના ગુણ તરફ લક્ષ્ય પોતાના ઉપર આવે તો તેથી કંઈ પણ તેમાં ન્યૂનતા આવતી નથી. ભોગને તે સ્વરૂપથી ભાસ્યા જેવા અસાર સમજે છે અને તેમાં આસક્ત ન થતાં તેને ભોગવે તો પણ અસંગ દશામાં રહી પોતે આત્મિક ઉન્નતિમાં આગળ વધતો જાય છે. એ દશામાં વર્તતો પ્રાણી સાંસારિક ભોગને તત્ત્વ માનતો નથી અને તેથી તેમાં કદિ પણ આસક્ત થતો

ભોગ ભાવ ભવતા
પર નિરાસક્ત
સ્વભાવ

કોઈ ઉપર શમતો જ નથી, પણ તેની પાડોશમાં—તેની આજુ બાજુમાં પણ તેના વૈરત્યાગભાવનું વાતાવરણ એટલું દઢ હોય છે કે તેની નજીકમાં રહેતા અન્ય પ્રાણીઓ પણ પોતાનું કુદરતી વૈર ભૂલી જઈ અરસપરસ હળીમળીને રહે છે આવી જ રીતે બીજા યમોનું પણ સમજી લેવું વળી એવા બોધથી અહીં સંકલ્પવિકલ્પનો ત્યાગ થાય છે અને પ્રશમ સુખ પ્રવર્તે છે આ પ્રમાણે આ સૂર્યપ્રભા સદૃશ બોધનું ફળ થાય છે એમ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે અને તેનું કેવું વિશિષ્ટ પરિણામ આવે છે તે આપણે હવે પછી વિચારીએ છીએ. આ દૃષ્ટિમાં ધ્યાન નામનું સાતમું યોગનું અંગ પ્રાપ્ત થાય છે અન્તર્મુહૂર્ત સુધી એક વસ્તુ ઉપર ચિત્તની સર્વથા એકાગ્રતાને ધ્યાન કહેવામાં આવે છે તે પર વિવેચન આગળ કરવામાં આવશે. ધ્યેય વસ્તુમાં એકાકાર વૃત્તિનો પ્રવાહ થવો તેનું નામ ધ્યાન કહેવામાં આવે છે ધારણામાં વૃત્તિનું એક દેશમાં સ્થાપન કરી ધ્યેય વસ્તુનું સ્વરૂપ રચવામાં આવે છે અને તે સિદ્ધ થવાથી તે વસ્તુમાં જે વૃત્તિનો એકાકાર પ્રવાહ ચાલે છે તે ધ્યાન છે આ ધ્યાનમાં જે પ્રવાહ ચાલે છે તે સતત ધારારૂપ હોતો નથી પણ મધ્યે વિચ્છેદવાળો હોય છે એ વિચ્છેદ દૂર થવાથી જ્યારે અવિચ્છિન્ન પ્રવાહ સતતરૂપે ચાલ્યા કરે છે ત્યારે તે સમાધિ કહેવાય છે આવી રીતે ધારણા ધ્યાન અને સમાધિમાં શું તફાવત છે તે આ ઉપરથી સ્પષ્ટ થયું હશે. સમાધિ શબ્દ જે અર્થમાં અત્ર વાપર્યો છે તેની પ્રાપ્તિ આઠમી દૃષ્ટિમાં થવાની છે તે હવે પછી જણાશે. અહીં તત્ત્વબોધને અંગે પ્રતિપત્તિ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે એટલે અહીં તત્ત્વની આરાધના

ક્યારેય વર્તતાં વિકાર કર્મોત્પત્તિ થતી નથી અને [illegible]
જેમ છે તેનો જોગ [illegible] પરિહાર થઈ જાય છે એટલે એ
નાશ થતો જાય છે આવી રીતે કર્મની [illegible] અને
નાશ વધારે થવાને લીધે ચેતનજી [illegible] આવે છે અને
[illegible] જેમ [illegible] તરીને ઉપર આવે છે તેમ તે
[illegible] ઉપર ઉપર આવતો જાય છે અને [illegible]
નષ્ટ થતો જાય છે આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી [illegible]
મનને [illegible] આમને અતિ [illegible] માને છે, [illegible]
ઉપર તેને એટલો વિશ્વાસ આવી જાય છે કે તેનાથી તે [illegible]
શકે છે અને તેનાથી [illegible] પણ [illegible] થઈ જાય [illegible]

૭ પ્રભાદૃષ્ટિ

આવતી પ્રભાદૃષ્ટિમાં બોધ સૂર્યની પ્રભા જેવો [illegible]
છે સૂર્યની પ્રભા જેમ [illegible] વખત [illegible]
[illegible] [illegible] [illegible] પ્રકાશ આપે છે તેમ
આ દૃષ્ટિમાં [illegible] છે તે [illegible]
[illegible] છે એ [illegible] નિમિત્ત બને છે [illegible]
[illegible] એ ચિત્તની એકાગ્રતા [illegible] તે [illegible]
[illegible] [illegible] ઘણી [illegible] [illegible]
[illegible] [illegible] તે પણ તેની [illegible]
ઉપર [illegible] પણ વિપરીત અસર થતી નથી અનુભવ [illegible]
[illegible] [illegible] અને [illegible] થઈ જાય છે [illegible]
વિવેચન [illegible] [illegible] ઉપરાંત [illegible] [illegible] તેનામાં [illegible]
[illegible] [illegible] [illegible] થઈ જાય છે કે તે પોતે તે [illegible]

વિચારતાં સ્વવશ એટલું સુખ અને પરવશ એટલું દુઃખ એ જ બુદ્ધિ પ્રાપ્ત થાય છે અત્યાર સુધી આ વાત તેણે પુસ્તકમાં વાંચી હતી કે અનુમાનરૂપે જાણી હતી તેનો હવે એને અહીં અનુભવ થાય છે અને તે વાત તેનામાં બરાબર દૃઢ થાય છે તે સમજે છે કે પુણ્યયોગથી કેટલીકવાર આવું સુખ માનતો હતો પણ વાસ્તવિક રીતે તે પરવશ હોવાથી દુઃખરૂપ છે કારણ કે પુણ્ય એ પણ કર્મ છે અને તે આત્મીય ન હોવાથી પર છે અને પરાધીનને વશ સુખ હોય જ નહિ તેથી પુણ્યથી થતું અથવા લાગતું સુખ પણ દુઃખ જ છે આ વાત તેના મનમાં સ્પષ્ટ થવાથી ધ્યાનથી થતા શમસુખનો બરાબર શોધમાં તે પડી જાય છે અને તેની પ્રાપ્તિ માટે અનેક સાધનો એકઠાં મેળવી તે પ્રાપ્ત કરવા તે મથ્યો રહે છે અને પછી અંશે શમ સુખ અહીં તે પ્રાપ્ત કરે છે જેમ સુકોમળ શય્યામાં પતિ સંબંધથી થતું પૌદ્ગલિક સુખ કુમારી કન્યા સમજી ન શકે અને શહેરવાસીનાં સુખ સામગ્રીઓ સમજી ન શકે તેમ અગાઉની દૃષ્ટિવાળા જીવો આ દૃષ્ટિમાં ધ્યાનથી અનુભવાતા સુખનો ખ્યાલ કરી શકતા નથી. અહીં જે સુખ થાય છે તે સ્વવશ હોવાથી અપરિમિત આનંદ આપે છે

અહીં કર્મમળ ક્ષીણપ્રાય થઈ જાય છે અહીં જે ધ્યાનમાં પ્રાણી વર્તે છે તે ધર્મધ્યાન અથવા શુક્લધ્યાનના ભેદોમાં આવી શકે તેવું ધ્યાન હોય છે ધર્મધ્યાનના પ્રથમ પાયાથી આગળ વધી તે ધ્યાનમાં આગળ વધતો જાય છે અને શુક્લધ્યાનની હદ સુધી આવી જાય છે વળી અહીં અસંગ અનુષ્ઠાન વર્તે છે કોઈ જાતિનાં ફળની ઇચ્છા વગર શાસ્ત્રમાં—આગમમાં

આનું સૂક્ષ્મ રીતે ભાન છે. આમાં જે વિચારણા થઈ હોય છે
તે આ દૃષ્ટિમાં આસ્વાદરૂપે વૃદ્ધિ પામે
પ્રતિપત્તિ ગુણપ્રાપ્તિ છે. કાર્યક્રમ કેવો છે તે આ ઉપરથી
વિચારણા જ સમજાશે. પ્રથમ કોઈ પણ બાબત
વિચારક્ષેત્રમાં આવે છે અને પછી ક્રમ
ક્ષેત્રમાં આવે છે. છઠ્ઠી દૃષ્ટિમાં મીમાંસા એટલે વિચારણા વધતી
થઈ તે અહીં પ્રતિપત્તિ એટલે આસ્વાદરૂપે થાય છે. વળી
યોગમાં વૃદ્ધિ થતાં ઉપરાંત રાગ વ્યાધિઓનો અહીં મૂળ
ઉચ્છેદ થાય છે એટલે બાહ્ય અને અભ્યન્તર આધિ, વ્યાધિ
કે ઉપાધિ અહીં રહી નથી. અહીં શમપ્રધાન ચિત્તની અપૂર્વ
સ્થિરતા પ્રાપ્ત થાય છે તેનું ફળ એટલું વિશિષ્ટ થાય છે કે-
તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. અહીં શમસુખ પ્રાપ્ત થાય છે
તેનું મુખ્ય કારણ ધ્યાન-ચિત્તની એકાગ્રતા છે. કારણ કે એ
ધ્યાનથી થતાં સુખમાં નિયમબાધન પર છૂટ થાય છે અને તેમાં
વિવેકનું બળ એટલું બધું હોય છે કે સ્વાભાવિક રીતે એ
ધ્યાનને પરિણામે શમભાવ પ્રગટી નીકળે.
શમસુખ-સુખસ્વરૂપ એક બાજુએ ધ્યાનની એકાગ્રતા, બીજી
બાજુએ તત્ત્વબોધની પ્રતિપત્તિ અને વળી
તેની સાથે વિવેકજ્ઞાન-એને લઈને જે સુખ થાય તે અપરિમિત
અને પૂર્ણ અનનુભૂત થાય એમાં જરા પણ આશ્ચર્ય જેવું નથી.
સુખનો અત્યાર સુધી પ્રાણીને જે ખ્યાલ થયો હોય છે તે અહીં
અસાધારણ રૂપે પ્રકટ થાય છે. સમ્યગ્ બોધ થયા પછી સૂત્ર
સુખમાં કાંઈ બાકી નથી એમ જો તે અનુભવે જ હોય છે પરંતુ
એને અહીં અનુભવ થતાં સમજાય છે કે સુખનું પણ ઘણું

વગર વેદ્ય પ્રમાણ બહુ સારી રીતે આગળ વધે છે અને તે નિત્યપણું પ્રાપ્ત થઈ ચૂકે છે. આ અસંગ અનુષ્ઠાન તે સાંખ્યની પ્રશાંતવાહિતા, બોધનો વિસભાગ પરિક્ષય, શૈવનો શિવ વર્ત્મ અને યોગીઓ જેને ધ્રુવાધ્વા (ધ્રુવ માર્ગ) કહે છે તેને મળતું પરિણામ ઉપજાવે છે, પરંતુ તેમાં તફાવત એટલો છે કે—જ્યારે અન્ય માર્ગોમાં સમ્યગ્ બોધ ન હોવાથી યોગદૃષ્ટિ વર્તતી હોતી નથી ત્યારે અહીં અસંગ ક્રિયામાં મહાઉત્કૃષ્ટ આત્મદશા વર્તતી હોય છે. પ્રશાન્તવાહિતા વિગેરે અપુનર્બંધક-ની સ્થિતિને બતાવે છે. અગાઉ તેની અલ્પ માત્રા હતી તે આ ઉત્તમ દશાને પામી વધુ તીવ્ર થાય છે. આટલો ફેર ધ્યાનમાં રાખી માનસિક પરિવર્તનને અંગે આ અસંગ અનુષ્ઠાનને ઉપરની બાબતો સાથે સરખાવી શકાય. નિરોધ સંસ્કારની વૃદ્ધિ અથવા પ્રાબલ્ય અને વ્યુત્થાન સંસ્કારની ન્યૂનતાને પાતંજલયોગદર્શનકાર પ્રશાન્તવાહિતા કહે છે. એનાથી સમાધિ થઈ એકાગ્રતા થાય છે અને છેવટે સંસ્કારશેષ દશા પ્રાપ્ત થાય છે જે કેવલ આત્માના નાશ જેવી હોવાથી જૈનની સ્યાદ્વાદ દૃષ્ટિએ ઉપકારી નથી. અહીં વક્તવ્ય એ છે કે—અન્ય યોગદર્શનકારોએ પ્રશાન્તવાહિતામાં જે સ્થિતિ વર્ણવી છે તેવી સ્થિતિ અસંગ અનુષ્ઠાનથી થાય છે અને તેમાં સમ્યગ્ બોધની વિશેષ ઉત્તમ દશાની વિશેષતા છે. અહીં અપ્રમત્ત અવસ્થામાં વર્તતા ઉત્તમ ધ્યાનની પ્રાપ્તિ થતી હોવાથી આ દૃષ્ટિ આત્મપ્રગતિમાં બહુ વિશેષ બતાવે છે. અહીં શાન્ત વહન સ્પષ્ટ રીતે સમીપ દેખાય છે અને એ ભોગોની ઇચ્છા માટે એટલી હદ સાધન થાય છે કે તેનાં સુખની કલ્પના પાસે દેવલોકનાં અથવા

બતાવેલી વિધિયુક્ત અનુષ્ઠાન સ્વાભાવિક રીતે થાય, તેવી ક્રિયાને અસંગ અનુષ્ઠાન કહેવામાં આવે

અસંગ અનુષ્ઠાન

છે એનું વિશેષ વિવેચન શ્રીપાળ રાજાના રાસમાં મહોપાધ્યાયજીના સંબંધમાં પવિ-ત્રિપાદપદ્મે ઉપાધ્યાયજી મહારાજે બહુ યુક્તિપુરઃસર બતાવ્યું છે ત્યાંથી વિષ, ગરલ, તદ્‌હેતુ અને અમૃત અનુષ્ઠાનોની હકીકત વાંચી લેવી. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ શ્રી ષોડશક ગ્રંથમાં ચાર પ્રકારનાં અનુષ્ઠાનો બતાવે છેઃ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાન. સ્ત્રીનું પાલન જેમ રાગથી કરવામાં આવે છે તેવી રીતે પ્રીતિથી—રાગપૂર્વક અનુષ્ઠાન કરવું તે પ્રીતિ અનુષ્ઠાન કહેવામાં આવે છે. માતાનું પાલન ભક્તિથી થાય છે તેવી રીતે ભક્તિપૂર્વક અનુષ્ઠાન કરવું તે ભક્તિ અનુષ્ઠાન. શાસ્ત્ર અથવા શિષ્ટ પુરુષોની આજ્ઞા પ્રમાણે અનુષ્ઠાનો કરવાં તે વચનાનુષ્ઠાન. સ્વાભાવિક રીતે શિષ્ટ વચનાનુસાર વર્તન થઈ જાય તે અસંગ અનુષ્ઠાન. આ ચોથા પ્રકારના અસંગ અનુષ્ઠાન પર અહીં સ્થિતિ થાય છે એમ બતાવવાનો આશય હોય એમ મારું માનવું છે. આવી રીતે સાતમી દૃષ્ટિમાં અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. જેમ દંડના પૂર્વપ્રયોગથી ચાક ભમ્યા કરે છે તેમ અસંગ અનુષ્ઠાનમાં સ્વાભાવિક રીતે શિષ્ટ વચનાનુસાર અનુષ્ઠાન થાય છે એમ સમજવું. એ બહુ ઉપયોગી વિષય પર વિવેચન કરવા જતાં બહુ લંબાણ થઈ જાય તેમ હોવાથી અત્ર તે પર વિશેષ ઉલ્લેખ કર્યો નથી. વક્તવ્ય એટલું છે કે અહીં એ ઉપરોક્ત અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે તેને લીધે પ્રાણીની પ્રવૃત્તિ બહુ સારી થઈ જાય છે, મહાત્મા (શિષ્ટ)

આપનાર અને અંતરંગ પર અસર કરનાર થાય છે એવા સૂક્ષ્મ બોધને લઈને ચિત્તની એકાગ્રતા બહુ સારી રીતે થવા ઉપરાંત વિકલ્પનો નાશ થાય છે અને ભ્રાન્તિ બહુ જલદી ઘટી જાય છે અહીં તત્ત્વબોધને અંગે 'પ્રવૃત્તિ' ગુણ પ્રાપ્ત થાય છે તેને લઈને આત્મસુખમાં સંપૂર્ણ રીતે પ્રવર્તન થાય છે અગાઉની દૃષ્ટિમાં જે પ્રતિપત્તિ તત્ત્વબોધને અંગે થઈ હતી તે અહીં પ્રવૃત્તિમાં પરિપૂર્ણતા પામે છે એને લઈને એ પ્રાણી જે ક્રિયા કરે છે તેમાં તેને કોઈ પણ પ્રકારનું દૂષણ લાગતું નથી અને તેને ક્રિયામાં એટલો રસ આવે છે કે તેનું વર્ણન થઈ શકે નહિ. અહીં ક્રિયા આત્મીય સુખમાં પ્રવૃત્તિરૂપ સમજવી, બાહ્ય ક્રિયાઓનો અહીં ઉપયોગ નથી કારણ કે અંતરંગ પ્રવૃત્તિ થતી હોય ત્યાં બાહ્ય શાસ્ત્રની નિયામણાની જરૂર રહેતી નથી એ દશામાં વર્તતો પ્રાણી જે જે ક્રિયાઓ કરે છે તેમાં માનસિક દૂષણ લાગતાં નથી. જેમ ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણી વિગેરે ઉપર આરોહણ કરવામાં આવે છે તેમ અહીં પ્રાણી એક પ્રકારની સુખશ્રેણી ઉપર આરોહણ કરે છે અને અનેક આત્મીય સુખો પ્રાપ્ત કરે છે. આ ઉત્કૃષ્ટ દૃષ્ટિમાં વર્તતા તેના વચનનો વિલાસ, તેના શરીરનો બંધ અને તેનું સર્વ વર્તન ચંદનની સુગંધની જેમ સર્વત્ર સુગંધ વિસ્તારનાર થાય છે એટલે તેની આજુબાજુનું વાતાવરણ પણ તેના ગુણને વિસ્તારનાર થઈ પડે છે. તેનામાં ક્ષમાદિક ધર્મો એટલા બધા અસર કરનાર થઈ

ચંદ્રિકા જેવો બોધ, તેની વિચારણા

સુખશ્રેણી પર આરોહણ

અનુત્તર વિમાનમાં સુખ પણ કિંમત વગરનું લાગે છે આ દૃષ્ટિ બહુ ઉન્નત દશા પ્રાપ્ત કરેલ સમાચારવિરહિત અવસ્થિતિવાન ધારણ કરેલ અપ્રમત્ત યતિને જ હોઈ શકે છે અને એ દશામાં અપ્રમત્ત યતિ થયા પછી સાધ્ય પ્રાપ્ત કરી શકે એવી સુંદર સ્થિતિમાં મૂકાઈ જાય છે

૮ પરાદૃષ્ટિ

આઠમી પરાદૃષ્ટિમાં સમાધિ નામનું યોગનું આઠમું અંગ પ્રાપ્ત થાય છે. અહીં જૈન દૃષ્ટિએ સમાધિ કોને કહેવામાં આવે છે તે વિચારવું પ્રાસંગિક ગણાશે, કારણ કે જેને પતંજલિ સમાધિ કહે છે તે તો આત્મલક્ષ કરનાર હોવાથી તેનો અત્ર ઉપયોગ નથી. આ બાબતમાં વિસ્તારથી ખુલાસો કરતા શ્રીમદ્યશોવિજયજી મહારાજ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાની વૃત્તિમાં કહે છે કે–એક વસ્તુમાં એકાગ્રતા કરવી તેનું નામ સમાધિ છે ધ્યાનમાં વિક્ષેપ કરનાર સંસ્કારોનો અભિભવ થાય છે અહીં તેનો સર્વથા અભિભવ થાય છે તે એટલી હદ સુધી થાય છે કે પછી પૂર્ણ આત્મભાવ પાછી ગતિ થતી નથી. તાત્પર્ય એ છે કે–પૂર્વ અવસ્થામાં જે વિક્ષેપનો ક્ષયોપશમ થયો હોય છે એટલે કાંઈક શાંત થયા હોય છે અને કાંઈક અંદર સુપ્ત દશા હોય છે તેનો અહીં સર્વથા અભિભવ થાય છે. જેમ માટી વિરૂપ ધર્મોનો ત્યાગ કરીને સ્વરૂપ ધર્મનો સ્વીકાર કરે છે તેવી રીતે અહીં સમજવું આ દૃષ્ટિમાં ચન્દ્રની ચંદ્રિકા જેવો સૂક્ષ્મ બોધ થાય છે જે બોધ સતત ચાલુ રહે છે અને સૂર્યની કાંતિ પણ આંખને આંજી દેનાર થતો નથી, પરંતુ શાંતિ

લબ્ધિઓ પ્રાપ્ત થાય છે અને ક્રમશઃ—મોહનીય કર્મ ઉપર
પૂરો ઘેરો ઘાલવામાં આવે છે. આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકથી
ધર્મસંન્યાસની પ્રાપ્તિ થાય છે અને પછી તેમાં ઉત્તમ એટલો
વધારો થઈ જાય છે કે ચેતનજી અનેક ઉપર આઠમાદિ ગુણોને
લઈને ઉત્તમ ઉત્ક્રાન્તિ કરી અનેક કર્મો પર વિજય મેળવી
સયોગી ગુણસ્થાનક પ્રાપ્ત કરવા તૈયાર થાય છે તે વખતે તેનાં
ઘનઘાતી ચાર કર્મો—જ્ઞાનાવરણીય દર્શનાવરણીય મોહનીય અને
અંતરાય તેનો સર્વથા ક્ષય થઈ જાય છે. મનોયોગ તેને અહીં
રહે છે અને સામાન્ય કર્મો પણ રહે છે ત્યાર પછી વિશેષ
પરોપકાર કરી તે પોતાના સર્વ યત્નને અંગે અનેક પ્રાણીઓના
અંધકારતમસ્‌ને છેદી નાખે છે અને પોતે આત્માનંદમાં મસ્ત
રહી સ્વાભાવિક આનંદની પરાકાષ્ઠા અનુભવે છે. એવી ઉત્કૃષ્ટ
દશામાં કેટલોક વખત પૃથ્વીતળને પાવન કરી છેવટે મનોયોગ
આદિ પર પૂર્ણ જય મેળવી શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરી સર્વ
કર્મો પર વિજય મેળવી બાકીનાં ચાર અઘાતી કર્મો—વેદનીય,
નામ, ગોત્ર અને આયુષ્ય—નો પણ ક્ષય કરી અયોગી અવસ્થા
પ્રાપ્ત કરી નિવૃત્તિસ્થાન પ્રાપ્ત કરે છે સાધ્યસ્થાન પ્રાપ્ત કરે છે
અને ત્યાં સદા કાળ રહે છે એ સ્થિતિમાંથી વિચ્યુતિ નથી,
ફરી કર્મપ્રદેશમય સંસારમાં આવવાનું નથી જન્મમરણવિયોગનું
કામ નથી, અનંત જ્ઞાનદર્શનમાં રમણ કરવારૂપ ચારિત્રના
અતિ ઉત્કૃષ્ટ આત્મીય આનંદમાં મસ્ત રહી આ સાધ્યદશામાં
અનંત આનંદ અનુભવવાનો છે અને સંપૂર્ણ તાત્વિક ગુણાનંદ
રસને નિરંતર આસ્વાદવાનો છે—આ સ્થિતિ પ્રાપ્ત કરવી
એ આપણું સર્વનું સાધ્ય છે અને એને માટે આ સર્વ પ્રયત્ન

પડે છે કે તેનુ વર્ણન સામાન્ય રીતે કરવુ મુશ્કેલ પડે. અહીં વર્તન નિરાલંબન પ્રાપ્ત થાય છે એટલુ કે એને આત્મીય ક્રમની એટલી કિંમત સ્ફુટ રીતે આવે છે કે તે અન્ય કોઈની અપેક્ષા કરે એવી સ્થિતિ અહીં રહેતી નથી. અહીં ચિત્તના આઠ દોષો પૈકી છેલ્લો દોષ જે સંસાર પર આસંગ છે તેનો નાશ થાય છે આત્મીય હિતમાં જ પ્રવૃત્તિ થાય છે અને ઇષ્ટની પ્રાપ્તિ તરફ એકદમ ગતિ થાય છે એના વર્તનમાં ક્ષાન્તિ, મુક્તિ, સંયમ વિગેરે મૂળ ઉત્તર ગુણો એટલા પ્રગટ દેખાઈ આવે છે અને એ આત્મીય ગુણપ્રાપ્તિમાં એટલો અપ્રમત્ત રહે છે કે એની ઉત્ક્રાન્તિ બહુ જલ્દી થઈ જાય છે અહીં પણ તેનુ વર્તન જોઈએ તો કેટલીક વાર સામાન્ય મુનિ જેવુ લાગે પણ ફળમાં બહુ ફેર છે. આત્મીય વસ્તુસ્થિતિ સમજી ક્રિયા કરનારને અને ગતાનુગતિક રીતે કરનારને ફળ પ્રાપ્તિમાં ઘણુ અંતર હોય છે. અત્યાર સુધી તેની ક્રિયાથી સાંપરાયિક કર્મનો ક્ષય થતો હતો તે હવે ઐર્યાપથિકી કર્મનો ક્ષય થવા માંડે છે. મતલબ તેનો કર્મક્ષય અહીં એટલો મજબૂત થાય છે કે ફરી વાર એને સંસારમાં આવવુ ન પડે એવી રીતે તેને ઉખેડને માટે દૂર ફેંકી દે છે અહીં પ્રશમસુખ પ્રાપ્ત થયો હોય છે તે પરાકાષ્ઠાને પામે છે સર્વ દોષો ક્ષીણ થઈ જાય છે, અને

સાંપરાય કષાય હેતુ વિચિત્ર. ઐર્યાપથિક: પ્રથમ સમયે બંધાય, બીજે સમયે ભોગવાય અને ત્રીજે સમયે વળી જાય તેને ઐર્યાપથિક કહેવામાં આવે છે તેથી રીતે આ કર્મ સંસાર વધારનાર હોવાથી આત્માના ગુણોની ખોટ પાડે છે અને તેથી તેને સાંપરાયિક કર્મ એવુ નામ આપવામાં આવે છે

આવે તે પહેલાં તે અનંત પુદ્ગલપરાવર્તો કર્યા કરતો હોય છે અને જ્યારે તે અંતિમ પુદ્ગલપરાવર્તમાં યોગપ્રાપ્તિનો સમય આવે છે ત્યારે જ તેને યોગદૃષ્ટિ પ્રાપ્ત થાય છે એનું કારણ એ છે કે—યોગ અંતરંગનો વિષય છે એથી બાહ્ય દૃષ્ટિથી લોકપંક્તિ અનુસાર કદાચ ગમે તેટલી ક્રિયા કરવામાં આવે અને દેખા ખી ત્યાગ વૈરાગ્ય પણ બતાવવામાં આવે તેથી યોગપ્રાપ્તિ થતી નથી માર્ગાનુસારીપણું પણ અંતિમ આવર્તમાં જ પ્રાપ્ત થાય છે તેથી સંસારરસિક ભવાભિનંદી પ્રાણીને યોગજ્ઞાન અથવા યોગપ્રક્રિયા સમજાતી નથી ઉપર ચતુર્થ ભૂમિકા પ્રાપ્ત થયા પછી વેદ્યસંવેદ્ય પદનું લક્ષણ બતાવતાં ભવાભિનંદી જીવનું સ્વરૂપ બતાવ્યું છે ન ઉપરથી તે જણાયું હશે. બતાવેલ પ્રાણી ક્ષુદ્ર, લાભશીલ, દીન, મત્સરી, ભયવાન, માયાવી, અજ્ઞ અને વ્યર્થ ક્રિયા કરનાર હોય છે એ ઉત્કૃષ્ટ ભૂમિકાની પહેલા અવેદ્યસંવેદ્ય પદમાં જેની સ્થિતિ હોય છે તેથી પણ વધારે અધમ સ્થિતિ બાહ્ય દૃષ્ટિમાં વર્તતા પ્રાણીની હોય છે લોકોની પ્રીતિ પ્રાપ્ત કરવાના હેતુથી અથવા પોતાની માનપૂજા વધારવાના હેતુથી અંતઃકરણની મલિનતા સાથે જે બાહ્ય દૃષ્ટિથી શુભ ક્રિયા કરવામાં આવે તેને પણ લોકપંક્તિ કહેવામાં આવે છે અને તે અંતિમ પહેલાંના સર્વ પુદ્ગલાવર્તમાં પ્રાણીને વર્તતી હોય છે આથી ઉપર ઉપરથી શુભ ક્રિયા કરનાર પણ યોગભૂમિકાથી આઘા વગરનો હોય છે એ ખાસ સમજવા જેવું છે ઘણા દંભી પ્રાણીઓ પોતે ભૂમિકારૂઢ છે એમ બતાવી લોકોને છેતરવા પ્રયત્ન કરે છે તેનાથી બચી જવાની ખાસ

છે. એ સ્થિતિમાં જે આનંદ છે તે પ્રગટ થઈ શકે તેમ નથી. સ્થૂળ આનંદને અને એને કોઈ પણ પ્રકારનો સંબંધ નથી અને એવા સ્થૂળ આનંદને આનંદ માનનારને આ અંતર આત્મપ્રદેશમાં થતા આનંદનો અને પરમાત્મતત્ત્વનો પૂર્ણ પ્રકાશ કેવો સુંદર છે આનંદ કે યોગાનંદ છે તે સમજાય તેમ પણ નથી. આવા ઉત્કૃષ્ટ આનંદની ભૂમિકારૂપ આઠ દૃષ્ટિ વિવેચન યોગદૃષ્ટિની વિચારણા માટે કર્યું. હવે યોગને અંગે ઉપસ્થિત થતા કેટલાક અગત્યના પ્રશ્નો આપણે વિચારીએ.

યોગને અંગે પ્રાપ્ત થતા કેટલાક મહત્ત્વના પ્રશ્નો

યોગલક્ષણ

યોગનું લક્ષણ બતાવતાં શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે—મોક્ષમાં આત્મા મોક્ષ સાથે જોડનાર હોવાથી તેને યોગ કહેવામાં આવે છે.* મોક્ષ મુખ્ય હેતુને ધ્યાનમાં રાખી જે વ્યાપાર કરવામાં આવે તે મોક્ષ સાથે યોજનાર હોવાથી તેને યોગ કહેવામાં આવે છે. આ શબ્દ તેની વ્યાખ્યા નથી પણ માત્ર જે યોગ શબ્દનું લક્ષણ બતાવ્યું છે તે બહુ યોગ્ય છે એમ લાગે છે. ચિત્તવૃત્તિનો નિરોધ એટલે યોગ એમ જે પતંજલિ યોગનું લક્ષણ આપે છે તે ઉચિત નથી, તે વાત આપણે સ્પષ્ટ રીતે રીતે જાણી. યોગભૂમિકા પર કરેલા વિવેચનથી અનુભવમાં આવ્યું હશે કે ઓઘદૃષ્ટિ તજી યોગદૃષ્ટિમાં આવી

* જુઓ મૂળ શ્લો. વિવરણ યોગ છે.

मोक्षेण योजनादेव योगो ह्यत्र निरुच्यते, लक्षणं तेन तन्मुख्यहेतुव्यापारतास्य तु ॥

द्वात्रिंशद्द्वात्रिंशिका—[illegible]

આવે છે. પહેલાં તે અનંત પુદ્ગલપરાવર્તમાં ફર્યા કરતો હોય છે અને જ્યારે તે અંતિમ પુદ્ગલપરાવર્તમાં યોગપ્રાપ્તિનો સમય આવે છે ત્યારે જ તેને યોગદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. એનું કારણ એ છે કે યોગ અંતરંગનો વિષય છે એટલે બાહ્ય દૃષ્ટિથી શાસ્ત્રોક્ત અનુસાર ભલે ગમે તેટલી ક્રિયા કરવામાં આવે અને દેખાવથી ત્યાગ વૈરાગ્ય પણ બતાવવામાં આવે તેથી યોગપ્રાપ્તિ થતી નથી. માર્ગાનુસારીપણું પણ અંતિમ આવર્તમાં જ પ્રાપ્ત થાય છે તેથી સંસારરસિક ભવાભિનંદી પ્રાણીને યોગજ્ઞાન અથવા યોગપ્રક્રિયા સમજાતી નથી. ઉપર ચતુર્થ ભૂમિકા પ્રાપ્ત થયા પછી વેદ્યસંવેદ્ય પદનું લક્ષણ બતાવતાં ભવાભિનંદી જીવનું સ્વરૂપ બતાવ્યું છે તે ઉપરથી તે જણાયું હશે. ભવાભિનંદ પ્રાણી ક્ષુદ્ર, યાંચાશીલ, દીન, મત્સરી ભયવાન, માયાવી, અજ્ઞ અને વ્યર્થ ક્રિયા કરનાર હોય છે. એ ઉત્કૃષ્ટ ભૂમિકાની પહેલાં અવેદ્યસંવેદ્ય પદમાં જેવી સ્થિતિ હોય છે તેથી પણ વધારે ખરાબ સ્થિતિ ઓઘ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીની હોય છે. લોકોની પ્રીતિ પ્રાપ્ત કરવાના હેતુથી અથવા પોતાની માનપૂજા વધારવાના હેતુથી અંતઃકરણની મલિનતા સાથે જે બાહ્ય દૃષ્ટિથી શુભ ક્રિયા કરવામાં આવે તેને પણ લોકપંક્તિ કહેવામાં આવે છે અને તે અંતિમ પહેલાંના સર્વ પુદ્ગલાવર્તમાં પ્રાણીને વર્તતી હોય છે. આથી ઉપર ઉપરથી શુભ ક્રિયા કરનાર પણ યોગભૂમિકામાં આવ્યા વગરનો હોય છે એ ખાસ સમજવા જેવું છે. ઘણા ઢોંગી પ્રાણીઓ પોતે ભૂમિકારૂઢ છે એમ બતાવી લોકોને છેતરવા પ્રયત્ન કરે છે તેનાથી બચી જવાની ખાસ

જરૂર છે. જ્યાં સુધી આ લક્ષ્યપૂર્વક અંતરંગ દૃષ્ટિથી વિશિષ્ટ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી ત્યાં સુધી યોગભૂમિકા પ્રાપ્ત થાય એ અશક્ય છે. મહાન્ ધર્મની બાબતમાં પણ એથી અલ્પતા હોય અને મોટી મોટી ક્રિયાઓ કે તેના આરંભો કરવામાં આવે તો તેથી લાભ થતો નથી એટલું જ નહિ પણ તે ઘણ ક્રિયાઓ વિપરીત ફળ આપનાર થાય છે. ક્રિયા થઈ છે તેથી એકલા જવાનું નથી, તે ક્રિયાથી લાભ પ્રાપ્ત કરવા કેવા વિચાર કેળવવાની ખાસ જરૂર રહેલી છે એ ખાસ વિચારવા યોગ્ય છે અને એને અમે લક્ષમાં રાખવાની ખાસ ભલામણ એ છે. યોગમાર્ગને અનુસરવાને માટે અંતરંગ વૃત્તિ કેળવણી તેના ઉપર બહુ આધાર રહે છે. આથી આ લોકપંક્તિને સમજવાની બહુ જરૂર છે.

બાહ્ય લોકપંક્તિ–યોગાભાસ

બાહ્ય દૃષ્ટિથી લોકપંક્તિ અનુસાર દાન, સદાચરણ, સન્માન વિગેરે શુભ ફળ આપે છે પણ જે વિશિષ્ટ ધર્મપ્રાપ્તિના હેતુથી તે ક્રિયાઓ કરવામાં આવે છે તે હેતુ તેથી જરા પણ સિદ્ધ થતો નથી. મતલબ, જેમ કેટલીક વખત ધનપ્રાપ્તિ માટે ખેતી કરવામાં આવે છે પણ યથાયોગ્ય પ્રવૃત્તિના અભાવે ખેતીને પરિણામે પણ ધનની પ્રાપ્તિ થતી નથી પણ ખોટ જાય છે તેમ લોકપંક્તિ અનુસાર બાહ્ય ક્રિયા કરવાથી પુણ્યપ્રાપ્તિ થાય છે પણ યોગદૃષ્ટિએ ધનપ્રાપ્તિના અધમ–પૌદ્ગલિક હોવાથી નિસ્પૃહ વાળા સાધુઓની સત્ક્રિયા માફક ધર્મપ્રાપ્તિ જરા પણ થતી નથી, તેથી એની પ્રાપ્તિને અર્થે એ ક્રિયાઓ કરવામાં

આવી હોય છે તેની અપેક્ષાએ તે વચન નિષ્ફળ નીવડે છે. વચન ભૂલ ભાવી સમ્મૂર્છિમની પેઠે અનાભોગથી ક્રિયા કરે તેના કરતાં આ ક્રિયા કાંઈક સારી ગણાય, પણ તત્ત્વદૃષ્ટિએ તેમાં કર્મશુભાશયોની પ્રાપ્તિ ન હોવાથી એ ક્રિયા વચન નથી છે

કર્મશુભાશયો

કર્મશુભાશયો જે ક્રિયાશુદ્ધિના હેતુ છે તે પાંચ છે. યોગને અંગે કેટલી પ્રગતિ થઈ છે તેના ધોરણ તરીકે તેની ઘણી અગત્યતા હોવાથી તે પર ખાસ વિચાર કરવાની જરૂર છે. એનાથી ક્રિયાશુદ્ધિ કેટલી થઈ છે એ બહુ સારી રીતે જણાય છે અને તેને અંગે યોગમાં પ્રગતિ કેટલી થઈ તે પર ખાસ ધ્યાન રહે છે. એ પાંચ કર્મ શુભાશયો આ પ્રમાણે છે: પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ. પ્રણિધાન એટલે ક્રિયાનિષ્ઠપણું. તે એટલું સુંદર હોય છે કે વિહિત રીતે જે જે ક્રિયાઓ બતાવવામાં આવેલી હોય છે તે કરવામાં આવે છે અને ધર્મસ્થાનથી અવિચલિત સ્વભાવ પ્રાપ્ત થાય છે; તેની સાથે આ પ્રણિધાન આશયમાં પોતાના ધર્મસ્થાનથી નીચેના સ્થાનમાં વર્તતા પ્રાણી ઉપર તેને દ્વેષ આવતો નથી, પણ કરુણા આવે છે. તેનો સદાચારાભાવ અથવા ગુણહાનિ એમને તેઓ ઉપર દયા આવે છે, પણ તેના ઉપર વૈરબુદ્ધિ થતી નથી; પરોપકારમાં પ્રયત્નને તે બહુ સુંદર માને છે અને તેનું મન સાવદ્ય વસ્તુના ત્યાગપૂર્વક નિરવદ્યને આચરનાર હોવાથી પાપથી રહિત થાય છે. આવી રીતે પ્રથમ પ્રણિધાન આશયને અંગે આવા સુંદર આશય પ્રાપ્ત થાય છે. બીજા પ્રવૃત્તિ આશયમાં અધિ

કૃત ધર્મવિષયમાં નિરંતર પ્રવૃત્તિ થાય છે તેમાં એટલું ખાસ ધ્યાન ખેંચનારું છે કે-ધર્મવિષયમાં પોતે જે પ્રયત્ન કરતો હોય છે તેનાથી અધિક અધિક પ્રયત્ન કર્યા કરે છે અને તેને તેમાં જરા પણ ખેદ આવતો નથી. વળી એ પ્રવૃત્તિ એવી સ્થિર થાય છે કે એને અન્ય અભિલાષ કદાપિ થતો નથી એટલે પોતાના અધિકૃત વિષયમાં તે એક મનથી કામ ચલાવ્યા કરે જ અને તેમાં જ તેને આનંદ આવે છે તે એક સ્થાન આથી બીજા વિષયમાં મારું નાખ્યા કરતો નથી પણ સ્થિરતાથી એક સાધ્ય વિષયને અનતથી સાધ્યા કરે છે અને તેના મનની પરિણતિ સ્થિર હોય છે એટલે પોતે જે વિષય ઉપર સાધના માટે છે તેમાં એકદમ સ્થિરતા રહે છે આવા શુભ આશયને પ્રવૃત્તિ કહેવામાં આવે છે ત્રીજા વિઘ્નજયાશયમાં બાહ્ય અંતર આધિ અને મિથ્યાત્વ પર જય મેળવવા માટે યત્ન થાય છે જેમ અમુક માર્ગે પ્રવૃત્તિ કરતાં રસ્તામાં કંટક હોય તે દૂર કરવામાં આવે છે તેમ બાહ્ય વ્યાધિઓ અને શીત, ઉષ્ણાદિક પર જય મેળવવામાં આવે છે જ્વર વિકાર આદિના વ્યાધિનો નાશ કરવો તે અંતર આધિજય કહેવાય છે અને મોહવિભ્રમજનિતરૂપ મિથ્યાત્વ પર જય મેળવવો તે તૃતીય મિથ્યાત્વજય કહેવાય છે. બાહ્ય અને આંતર આધિ તથા મિથ્યાત્વરૂપ વિઘ્નો પ્રગતિ કરવામાં બહુ અટકાવ કરનાર થાય છે તે પર જય મેળવવાથી મહાન લાભ થાય છે એ તૃતીય વિઘ્નજય રૂપ શુભાશય સમજવો.* ચોથા સિદ્ધિરૂપ આશયમાં

* આ વિઘ્નજય આશયને જરા વધારે સ્પષ્ટ કરીને સમજવાની જરૂર છે ષોડશક ગ્રંથમાં બતાવવામાં આવ્યું છે કે [illegible]

વાસ્તિક અભ્યાસથી અપેક્ષા ધર્મની પ્રાપ્તિ થાય છે. અભ્યાસ કરનારને થતી ધર્મપ્રાપ્તિ અહીં ઉપયોગી નથી પણ અભ્યાસ થયા પછી થયેલી પ્રાપ્તિ ધર્મની છે એનું લક્ષણ એ છે કે—એમાં સાક્ષાત્ અનુભવ થાય છે એટલે આત્માનું આત્મા વડે આત્મામાં જ્ઞાન થાય એને અનુભવ કહેવામાં આવે છે તદુપરાંત તેની પ્રાપ્તિ થાય છે અથવા પ્રાપ્તિમાં અનુભવ થાય સહચારી હોય છે પોતાથી હીન ઉપર કૃપા—દયા

ગમન કરતાં મનુષ્યે ત્રણ પ્રકારના વિઘ્નથી સાવચેત રહેવાની જરૂર પડે છે ૧. માર્ગમાં કાંટા હોય તેની પીડા દૂર કરવા માટે પગમાં જોડા પહેરી લેવા કે જેથી તેને નકામી ગમનની પીડા ન થાય. ૨. રસ્તે પ્રયાણ કરતાં જો તેને જ્વરાદિ વ્યાધિ થઇ જાય તો તેનું પ્રયાણ આગળ ચાલી શકતું નથી, શરીરની અસ્તવ્યસ્ત સ્થિતિ થઈ જાય છે અને ધારેલી ગતિ અટકી પડે છે. જ્વરાદિ વ્યાધિનો જ્યારે સર્વથા નાશ થાય ત્યારે જ તેનું પ્રયાણ આગળ થઇ શકે છે ૩. પ્રથમના બે પ્રકારના વિઘ્નોને દૂર કરવા છતાં પણ તેનું ખાસ સમાધાનની એક ત્રીજી બાબત રહે છે અને તે એ છે કે દિશામોહથી પેઠે ખોટી દિશાએ અથવા કુમાર્ગે ચાલ્યો જતો ન હોય. આથી પોતાના સાધ્ય નગરનું સત્ય અવલોકન હેતુ જોઇએ અને ત્યાંથી તેટલા પ્રયત્નથી પણ તે દિશા ભૂલાય નહિ એવી તેની પ્રાપ્તિ હોવી જોઇએ. એ આ બાબતમાં રખવાના ભાગ તો પ્રથમના બે વિઘ્નજય કરી હોય તે પણ નકામા થઈ પડે છે તેવી રીતે મોક્ષમાર્ગ તરફ કરતાં પણ વિઘ્નો અહીં બતાવવામાં આવ્યાં છે તેના પર વિઘ્ન જેયવાની આવશ્યકતા વ્યાખ્યાકાર આ ત્રીજો આશય છે અહીં પણ પ્રકારનાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નો થાય છે. તે આ પ્રમાણે- શીત, આતપ વિગેરેથી ધર્માચારમાં જે ક્ષતિ થાય તે પ્રથમ જઘન્ય વિઘ્ન, રોગ, મન ધ્યાનને અંગે ધર્માચારમાં ક્ષતિ થાય તે મધ્યમવિઘ્ન અને

આવે છે પ્રથમ પ્રાણીઓ ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ રહે છે અને પોતાથી ઉત્તમ પ્રાણીઓ તરફ વિનય કરવા વૃત્તિ રહે છે આ સિદ્ધિ'રૂપ ચતુર્થ આશય સમજવો. પ્રથમ વિનિયોગ શુભ આશયમાં પોતાથી અવિકસિત પ્રાણીને ધર્મમાં જોડવાની બુદ્ધિ અને તે માટે હઠ પ્રયત્નને વિનિયોગ રૂપ શુભ આશય કહેવામાં આવે છે આ પાંચ પ્રકારના આશય વગર બને તેટલી ક્રિયા કરવામાં આવે તે ધર્મપ્રાપ્તિ માટે

પ્રણિધાન–સાધ્યલક્ષ્યના અભ્યંતર શોધન આશયને અંગે નિર્ણયવૃત્તિને આઘાત થાય અને પોતાની પ્રવૃત્તિ આદરે તે પ્રવૃત્તિ. આ બધું પ્રયત્નપૂર્વક આશયના વિધિઓ પર ધ્યાન બેસાડવો એ ઉપરોક્ત ત્રણ પ્રકારનો વિઘ્નજય સમજવો. આ ત્રણ પ્રકારના વિઘ્નજયરૂપ આશય હોય તો જ પરિણતિ સુધરતી જાય અને પ્રવૃત્તિની પવિત્રતા વાસ્તવિક પ્રાપ્ત થતી જાય છે અહીં ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે આત્મલક્ષ્યિના વર્તન પ્રત્યે પ્રવૃત્તિ વિઘ્નવિજય વિગેરે પર વિચારણા છે. એક સામાન્ય વિચાર હોય, એક અમુક પ્રવૃત્તિનો વિચાર હોય અને પ્રારબ્ધ પ્રવૃત્તિને પૂર્ણ સુધી જવે તેવા વિઘ્નો આવે તે પણ તેને દૂર કરી પહોંચવાની અને તેના નિવારણ કરવો એ ત્રણ આશયો અંગે હવે પછી કહેવામાં આવશે તે સિદ્ધ અને અવસ્થા સ્વરૂપમાં એ અમુક વર્તન થાય તેને અંગે હોય. અનુભવ થાય છે તે કરવાની પ્રાપ્તિ તેના વિઘ્નો વિગેરે પર કરી પ્રવૃત્તિ થાય છે અને તેમાં રહેલી વિચારણા બુદ્ધિ થાય છે તે વિસ્તારથી અનુક્રમે આવશે. આ પાંચ આશયો પ્રથમ ચેતના દૃષ્ટિબિન્દુથી ખાસ સમજવા યોગ્ય છે અને ખાસ કરીને તેને સમજવા માટે અમુક અધ્યાત્મિકવાદ સહ મેળવવું કે જેનું પ્રથ વર્તન બને પર થાય તેને અમલમાં લાવવા અંગે આ પાંચે આશયો કેવી રીતે કામ કરે છે તે વાસ્તવિક વિચારથી તેનું મનન અને અભ્યાસ વિશિષ્ટ રીતે લક્ષ્યમાં આવી જશે.

થતી નથી અને કેટલીક વખત ઉલટી નુકશાન કરનાર પણ થાય છે. આવી ક્રિયાઓ નુકશાન કરનારી કેવી રીતે થાય છે તે પણ સમજવા યોગ્ય છે. જ્યાં શુભ આશય ન હોય ત્યાં પ્રાણી પોતાની જાતને છેતરી અજ્ઞાનતાથી અથવા દંભથી એમ માને છે કે પોતે ઉત્ક્રાંતિક્રમમાં આવેલ છે, હવે જ્યારે તેનામાં તે કંઈ હોય નહિ ત્યારે તે ઉલટા ચીકણાં કર્મો બાંધી સંસાર વધારી મૂકે છે. કોઈ પણ પ્રાણી યોગભૂમિકા પામ્યો છે કે નહિ તેનો નિર્ણય કરવા માટે જેમ પ્રથમની ભૂમિકાઓમાં વિવેચન બતાવ્યું છે તેમ આ પાંચ આશયો કસોટી તરીકે બહુ ઉપયોગી છે. યોગી, વેશધારી વિગેરેના સંબંધમાં વિચાર કરતાં આ આશયો કેટલે દરજ્જે પણ થાય છે અથવા તેઓમાં તેમાંનું કંઈ પણ છે કે નહિ તે ખાસ વિચારવાનું છે. હકીકત એમ છે કે જ્યાંસુધી અંતરંગ આશય જેને ભાવ કહેવામાં આવે છે તે જાગ્રત થતો નથી ત્યાંસુધી ઉત્ક્રાન્તિ થતી નથી અને એવો ભાવ અંતિમ પુદ્ગલપરાવર્તમાં સાધ્યની નજીક પ્રાણી આવે ત્યારે જ થાય છે. જેમ રસવેધથી લોહનું સુવર્ણ થાય છે તેમ ભાવથી ક્રિયાનું મોક્ષહેતુત્વ થાય છે. એક કૂવો ખોદવો હોય તો ખનનના શ્રમને ક્રિયા સાથે સરખાવી શકાય, પરંતુ અંદર પાણીની સિરાઓ ઉત્પન્ન થવી તેને ભાવ સાથે સરખાવી શકાય. મતલબ જળપ્રવાહનું આગમન તો ભાવથી જ થાય છે. બાકી કૂપ ખનનથી કંઈ લાભ થતો નથી. જેમ તૃણની અંદર ઘીનો ભાવ શોધવો તેમ ક્રિયામાં યોગ શોધવો એ બરાબર છે. તૃણ જંગલમાં હોય તેમાં ઘી નથી, પરંતુ ગાય તેને ખાય, પચાવે, તેનું દૂધ થાય, તેનું દહીં થાય, તેને વલોવવામાં

આવે, તેનું ભાજન થાય, તેને તાત્ત્વિકમાં આવે, ત્યારે જ થાય
કે તેવી જ રીતે અંતિમ પુદ્ગલના આવર્તમાં આવ્યાથી યોગના
હેતુ છે તો પણ તે અવસર પછી રહે છે અમુક થઈ શકતી
નથી. આ સાથે જોડવું પણ લક્ષમાં રાખવાની જરૂર છે કે
આયુ જેમ ખાસ આપ્યા વગર છૂટી શકતી નથી અને થાય
ન આય તો સુખની પ્રાપ્તિ પણ થતી નથી તેમ શુભ અધ્ય-
વસાય પણ ક્રિયાની શુદ્ધિ અને શુદ્ધ ક્રિયાની પ્રવૃત્તિ વગર
ટકી શકતા નથી અને તે વગર ઇચ્છિત સુખની પ્રાપ્તિ થતી
નથી. ગૃહસ્થલિંગે કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર અથવા અન્ય લિંગે
તે દશા પામનારનું આયુષ્ય બે ઘડીથી વધારે હોય તો જરૂર
તે સાધુવૃત્તિ અને સાધુવેશ ધારણ કરે છે એમ શાસ્ત્રકાર
કહે છે તેનું આ કારણ છે. પ્રવૃત્તિ અને પરિણતિ બન્નેનો
અરસપરસ આવી રીતે સાપેક્ષભાવ રહે છે એ વાત બહુ
લક્ષમાં રાખવા જેવી છે સાથે એ પણ લક્ષમાં રાખવાનું
છે કે પરિણતિની શુદ્ધિ સાધ્ય છે અને ક્રિયાશુદ્ધિનો આધાર
તેના ઉપર જ રહે છે. ધાન્ય ગમે તેટલું પાક હોય તો પણ
પેટી કે મટકા જેવી જાય તે ખાય તો તેનાથી સુખની પ્રાપ્તિ
થતી નથી. આવી વાતની ખાતરી સ્થિતિ સુખને અંગે જેટલી
જરૂરની છે તેવી જ રીતે અંગે શુભ અધ્યવસાય-સ્થિતિ
સમજવી. આવી રીતે આપણે યોગનું લક્ષણ અને તેની
પ્રાપ્તિનો સમય અને તેને બતાવનારા આશયો વિચાર્યા. હવે
આપણે યોગના ભેદો સંબંધી વિચાર કરીએ.

યોગના ભેદો

યોગની પ્રાપ્તિને અંગે અનેક ગુણો ઉત્પન્ન થાય છે

અનુક્રમ પ્રમાણે ચારિત્રના ભેદો પ્રાપ્ત થાય છે અને શુદ્ધિક્રમ પ્રમાણે વિરતિમાં વધારો થતો જાય છે અને ક્રમસર પ્રગતિ થતી જાય છે યોગનું સ્વરૂપ સમજવા માટે યોગના કેટલાક વિભાગો પાડી તેનું સ્વરૂપ બતાવવા યોગવિજ્ઞાનીઓએ પ્રયાસ કર્યો છે તેના જુદી જુદી રીતે પાડેલા ભેદો પર આપણે હવે વિચાર કરીએ. ત્યાં ખાસ કરીને સમ્યગ્ શ્રદ્ધાન અને બોધ થયા પછી દેશથી અથવા સર્વથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે તે યોગને અંગે બહુ અગત્યની છે ચારિત્રના જેટલા ભેદો છે તે એક દૃષ્ટિએ યોગના ભેદો છે એમ સમજી લેવું સારૂં ચારિત્રની ભિન્નતાનાં કારણ બીજા દૃષ્ટિબિન્દુથી જોતાં યોગના પાંચ વિભાગ કરવામાં આવ્યા છે તે આપણે વિચારીએ. તે પાંચ ભેદ આ પ્રમાણે છે: અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય.

૧ અધ્યાત્મ યોગ

વૃત્તિયુક્ત પ્રાણી ઔચિત્ય જાળવીને મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત શિષ્ટવચનાનુસાર તત્ત્વચિંતવન કરે તે ચિંતવન-ને યોગીઓ 'અધ્યાત્મ' કહે છે. અધ્યાત્મ સંબંધી ઘણી જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવે છે આ લેખકે તેના સંબંધમાં અધ્યાત્મકલ્પદ્રુમના ઉપોદ્ઘાતમાં એક લેખ લખ્યો છે પરંતુ અધ્યાત્મ શબ્દની જે વ્યાખ્યા અહીં આપવામાં આવી છે તે કંઈક નૂતન છે એ વ્યાખ્યા શ્રીમાન્ યશોવિજયજી મહારાજે યોગભેદદ્વાત્રિંશિકામાં* આપી છે. તેના દરેકેદરેક

* ૧૮ મી બત્રીશી—શ્લોક ૨.

આવે, તેનુ ભાન થાય, તેને વ્યવહારમાં આવે, ત્યારે થી થાય છે, તેવી જ રીતે અંતિમ ધ્યેયના આનંદમાં આવીએ યોગના ક્ષેત્ર છે તો પણ તે અંદર પડી રહે છે આગળ થઇ શકતી નથી. આ માટે એટલું પણ લક્ષમાં રાખવાની જરૂર છે કે આમ એમ થાય ખાધા વગર ભૂખ ભાંગતી નથી અને થાક ન જાય તો સુખની પ્રાપ્તિ પણ થતી નથી તેમ શુભ અભ્યવસાય પણ ક્રિયાની શુદ્ધિ અને શુદ્ધ ક્રિયાની પ્રવૃત્તિ વગર ટકી શકતા નથી અને તે વગર ઇચ્છિત ફળની પ્રાપ્તિ થતી નથી. ગૃહસ્થલિંગે કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર અથવા અન્ય લિંગે તે દશા પામનારનું આયુષ્ય બે ઘડીથી વધારે હોય તો જરૂર તે સાધુવૃત્તિ અને સાધુવેશ ધારણ કરે છે એમ શાસ્ત્રકાર કહે છે તેનું આ કારણ છે પ્રવૃત્તિ અને પરિણતિ બન્નેનો આરસપરસ આવી રીતે સાપેક્ષભાવ રહે છે એ વાત ખૂબ લક્ષમાં રાખવા યોગ્ય છે વળી એ પણ લક્ષમાં રાખવાનું છે કે પરિણતિની શુદ્ધિ સાધ્ય છે અને ક્રિયાફળનો આધાર તેના ઉપર જ રહે છે ઘાસ ગમે તેટલું સાફ હોય તો પણ રાંધી કે મરતા જેવી ચાખ ઠે ભાવ તો તેનાથી સુખની પ્રાપ્તિ થતી નથી. આથી આપણી સારી સ્થિતિ સુખને અંગે જેટલી જરૂરની છે તેવી જ રીતે અત્રે શુભ અધ્યવસાય-સ્થિતિ સમજવી. આવી રીતે આપણે યોગનું લક્ષણ અને તેની પ્રાપ્તિનો સમય અને તેને બતાવનારા આશયો વિચાર્યા. હવે આપણે યોગના ભેદો સંબંધી વિચાર કરીએ.

યોગના ભેદો

યોગની પ્રાપ્તિને અંગે અનેક શંકાઓ ઉત્પન્ન થાય છે

સુખમાત્ર મુદિતા ભાવ, બીજો સારા હેતુભૂત સુખમાં જ તુષ્ટ વૃત્તિ જેમ કે આ ભવનાં સુખ થાય તેવી રીતે મિતાહારવિહારથી શરીરસ્વાસ્થ્ય થાય વિશેષ રીતે થતાં ભૌતિક સુખમાં આનંદ માનવો તે સદ્‌હેતુ મુદિતાભાવ ત્રીજો આ ભવ અને પરભવ બન્નેમાં સુખ થાય તેવા અનુબંધ કરાવનાર શુભ કર્મો કરનારને તજ્જનિત સુખપ્રાપ્તિ થાય તેમાં સંતોષ પામવો તે સદનુબંધ સુખ મુદિતા અને ચોથો મોહનીય કર્માદિ મહાતીવ્ર કર્મના નાશથી પ્રાપ્ત થતાં અવ્યાબાધ સુખમાં જે સંતોષવૃત્તિ થવી તે પણ મુદિતાભાવ. આવા પ્રકારનાં સુખો કોઈ પણ પ્રાણીઓ પ્રાપ્ત કરે, અન્ય કોઈને તે પ્રાપ્ત થાય તે જોઈ આપણા મનમાં સંતોષ થાય, અતિ આનંદ થાય અને જરા પણ અસૂયા ન થાય એ ચોથો મુદિતા ભાવ.

ચોથો ઉપેક્ષા ભાવ માધ્યસ્થ્યયુક્ત હોય છે એ પણ કરુણાથી, અનુબંધથી, નિર્વેદથી અને તત્ત્વસારથી એમ ચાર પ્રકારે થાય છે. જેમ કોઈ અપથ્ય ખાનાર રોગી ઉપર કરુણા આવવાથી તેને અપથ્ય સેવતા અટકાવી શકાશે નહિ એમ ધારીને અથવા તેમ કરવાનો પોતાનો અધિકાર નથી એવા ખ્યાલમાં તેને અપથ્ય સેવવાના પ્રયત્નથી નિવારવું કરવામાં ઉપેક્ષા કરે તે કરુણાજન્ય ઉપેક્ષા; ભવિષ્યમાં શું પરિણામ થવું સંભવિત છે એમ વિચાર કરી કોઈ અમુક પ્રવૃત્તિ કરે તેને અટકાવવામાં યત્ન ન કરવો તે જેમ કરે તેમ કરવા દે તે અનુબંધપરીક્ષાકારી ઉપેક્ષા, ભવ સુખ ભોગવી શકે તેવા સંયોગમાં હોય છતાં નિર્વેદથી તેવું પરિણામ જોઈ તે સુખની ઉપેક્ષા કરે તે નિર્વેદજન્ય ઉપેક્ષા અને સુખ દુઃખ કેવી રીતે થાય છે તેનો વિચાર કરી પોતાથી અન્ય

પ્રકાર ત્યાગ કરીને પ્રાપ્ત થનાર હોવાથી આત્મીય સુખની વિચારણા [illegible] સમજણી, ભાવનાદિનો વિકાસ એવા ક્રમ ક્રમ યોગ્યતાને અનુસરીને બતાવવામાં આવેલ હોય એમ જણાય છે [illegible] પ્રાપ્ત કરનાર મહાપુરુષની ચિત્તવૃત્તિ કેવી વિકાસ હોય છે તેનો ખ્યાલ આપવા સારુ તેવા [illegible] [illegible] હોય એમ જણાય છે. તેનો આશય એવા સુખના [illegible] હોય [illegible] પ્રયત્ન કરવાનું આખા લક્ષમાં રાખવાનું [illegible] [illegible] હોય એમ લાગે છે.

[illegible] દુઃખ દૂર કરવાની ઇચ્છા [illegible] [illegible] છે. અજ્ઞાનથી આધિવ્યાધિ પ્રાપ્ત થયા હોય તે [illegible] [illegible] ભોજન આપવા માટે તેના પર [illegible] [illegible] તેને ભોજન આપવું તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એમને તેને આહાર, ઔષધિ વિગેરે [illegible] [illegible] [illegible] વગેરે આપવાં તે દુઃખિતદયા [illegible] [illegible] [illegible] [illegible] એમને તેઓનાં સુખ ઉપર દયા આવે [illegible] [illegible] [illegible] તેઓ કઈ રીતે એવા [illegible] સુખના [illegible] [illegible] [illegible] [illegible] આત્મીય સુખ પ્રાપ્ત કરવા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરવા અને [illegible] રીતે [illegible] ઉપર [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે [illegible]–[illegible] કરવા.

[illegible] [illegible] [illegible] [illegible] સુખને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] સુંદર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ભોજનની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે

ચારે નિક્ષેપણે એટલા અગત્યનાં છે કે એના પર વિચાર કરવાથી મહાન્ વસ્તો દૃષ્ટિ સમીપ ખડી થઈ જશે. આ ચારે નિક્ષેપણે અધ્યાત્મ યોગની ઉપર જણાવેલી વ્યાખ્યાને અંગે પ્રાપ્ત થાય છે તે સારહ્ વ્યાખ્યા ફરી વાર વાંચી જવાથી સમજાશે.

અહીં મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત એવું જે વિશિષ્ટ તત્ત્વ ચિંતવનને અંગે આપવામાં આવ્યું તે મૈત્રી, પ્રમોદ, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવના સમજવી. એ ચાર ભાવનાનું સ્વરૂપ અધ્યાત્મકલ્પદ્રુમના પ્રથમ સમતાધિકારમાં સારી રીતે બતાવ્યું છે તેનાથી તદ્દન જુદી રીતે બહુ સંક્ષેપમાં અત્ર તે પર વિચાર કરશું. સુખચિંતા એટલે મૈત્રીભાવ. કોનું સુખ ઇચ્છવું અથવા ચિંતવવું તેના ચાર ભેદ પડે છે. જેણે આપણા ઉપર ઉપકાર કર્યો હોય તેનું સુખ ઇચ્છવું તે ઉપકારીસુખચિંતા, જે પોતાના સ્નેહી સંબંધી મિત્રો કે સગપણ સંબંધથી થયેલા હોય તેનું સુખ ઇચ્છવું તે સ્વજનસુખચિંતા. જે પ્રાણીઓને પોતે પોતાના આશ્રયે હોય અથવા જેને પોતાના પૂર્વપુરુષોએ પોતાના આશ્રયે હોય તેવા આશ્રિતના સુખનું ચિંતવન તે સ્વપ્રતિપન્નસુખચિંતા અને ઉપકાર સંબંધ કે આશ્રયનો ખ્યાલ કર્યા વગર સર્વ પ્રાણીઓનું સુખ ઇચ્છવું તે સામાન્યસુખચિંતા. આ મૈત્રી ચિંતવન જેના સુખનો વિચાર કરવામાં આવે તેને અંગે કરવામાં આવે છે અને તેના ભેદને અંગે અહીં ચાર ભેદ બતાવવામાં આવ્યા છે. તેના વિષય–સુખનો વિચાર કરીએ તો લૌકિક કૌટુંબિક પૌદ્ગલિક ઐહિક પારલૌકિક આત્મીય આદિ અનેક પ્રકારે પ્રચલિત સુખના ભેદો કરી શકાય અને તેવા પ્રકારનાં સુખના ભેદો લોકોમાં પ્રચલિત છે ચિંતવન

શબ્દ પર વિચાર કરવો યોગ્ય છે વૃત્તિક્ષય સુધી એમ જે અધ્યાત્મ શબ્દની વ્યાખ્યામાં કહેવામાં આવ્યું છે તે સમ્યક્બોધપૂર્વક અનુવ્રત અથવા મહાવ્રતરૂપ ધર્મને ધારણ કરનાર પ્રાણીને અપેક્ષીને લગાડ્યું છે એમ સમજવું અહીં અધ્યાત્મ શબ્દ મોક્ષના કારણ તરીકે સિદ્ધિ પામેલ યોગના ભેદ તરીકે જણાવેલ છે તેની યોગ્યતા સમ્યક્ત્વ થયા પછી જ પ્રાપ્ત થાય છે એમ આ વ્યાખ્યા ઉપરથી સિદ્ધ થાય છે. જો પહેલાની પ્રથમની ચાર ભૂમિકામાં પણ સામાન્ય પ્રકારનો યોગ હોય છે તેનો અત્ર સમાવેશ થતો નથી અને તેને માટે આગળ ઇચ્છા યોગ વિગેરે ભેદ પાડવામાં આવશે તેના પરના વિવેચનથી આ વાત વધારે સ્પષ્ટ થશે. યોગમાં વધુ નીચી ભૂમિકાએ રહેલાનો યોગ એટલો સામાન્ય છે કે તેના સંબંધમાં વક્તવ્યતા નહિ આવે એ અહીં જે અધ્યાત્મની વાત કરી છે તે પાંચમ ભૂમિકા-દૃષ્ટિ પર આરૂઢ થયેલા પ્રાણીની છે એમ વ્યાખ્યા ઉપરથી જણાય છે આવો પ્રાણી ઔચિત્યપૂર્વક કરે એમ કહ્યું તે ઉચિત પ્રવૃત્તિ કરે એમ સમજવું આવા યોગમાં પ્રવૃત્ત પ્રાણીની પ્રવૃત્તિ પોતાના આગળ વધેલા ગુણને અનુરૂપ જ હોય છે આવો પ્રાણી મૈત્ર્યાદિ ભાવ જેના પર હવે પછી વિચાર કરવામાં આવશે તેથી સંયુક્ત થઈ મહાઋષિઓએ બતાવેલ આગમાનુસાર તત્ત્વચિંતવન કરે તેનું નામ અધ્યાત્મ છે. જીવ, અજીવાદિ તત્ત્વ સ્વરૂપ, જીવનનો સંબંધ વિગેરે અનેક આત્મિક બાબતોનો શાસ્ત્રરીતિ અનુસાર વિચાર-ચિંતવન તેનું નામ અધ્યાત્મ છે આ તત્ત્વચિંતવનને અંગે ઔચિત્ય, વ્રતસમવેતત્વ, આગમાનુસારિત્વ અને મૈત્ર્યાદિ ભાવ સંયુક્તત્વ એ

સુખજન્ય મુદિતા ભાવ, બીજો ચાર હેતુજન્ય સુખમાં સંતુષ્ટ વૃત્તિ જેમ કે આ ભવનાં સુખ થાય તેવી રીતે મિતાહારાદિપણાથી શરીરસ્વાસ્થ્ય થાય વિગેરે રીતે થતાં ઐહિક સુખમાં આનંદ માનવો તે સહેતુ મુદિતાભાવ, ત્રીજો આ ભવ અને પરભવ બન્નેમાં સુખ થાય તેવા અનુબંધ કરાવનાર શુભ કાર્યો કરનારને તજ્જનિત સુખપ્રાપ્તિ થાય તેમાં સંતોષ પામવો તે સાનુબંધ સુખ મુદિતા અને ચોથો મોહનીય કર્માદિ મહાવીર્ય કર્મના નાશથી પ્રાપ્ત થતાં અવ્યાબાધ સુખમાં જે સંતોષવૃત્તિ થવી તે પણ મુદિતાભાવ. આવા પ્રકારના સુખો કોઈ પણ પ્રાણીઓ પ્રાપ્ત કરે, અન્ય કોઈને તે પ્રાપ્ત થાય તે જોઈ આપણી મનમાં સંતોષ થાય, અતિ આનંદ થાય અને જરા પણ અસૂયા ન થાય એ ચોથો મુદિતા ભાવ.

ચોથો ઉપેક્ષા ભાવ માધ્યસ્થ્યયુક્ત હોય છે. એ પણ કરુણાથી, અનુબંધથી, નિર્વેદથી અને તત્ત્વસારથી એમ ચાર પ્રકારે થાય છે. જેમ કોઈ અપથ્ય ખાનાર રોગી ઉપર કરુણા આવવાથી તેને અપથ્ય સેવતા અટકાવી શકાતી નહિ એમ ધારીને અથવા તેમ કરવાનો પોતાનો અધિકાર નથી એવા ખ્યાલમાં તેને અપથ્ય સેવવાના કાર્યથી નિવારણ કરવામાં ઉપેક્ષા કરે તે કરુણાજન્ય ઉપેક્ષા, ભવિષ્યમાં શું પરિણામ થવું સંભવિત છે એમ વિચાર કરી કોઈ અમુક પ્રવૃત્તિ કરે તેને અટકાવવામાં યત્ન ન કરવા તે જેમ કરે તેમ કરવા દે તે અનુબંધપર્યાલોચકારી ઉપેક્ષા, સર્વ સુખ ભોગવી શકે તેવા સંયોગમાં હોય છતાં નિર્વેદથી તેનું પરિણામ જોઈ તે સુખની ઉપેક્ષા કરે તે નિર્વેદજન્ય ઉપેક્ષા અને સુખ દુઃખ કેવી રીતે થાય છે તેનો વિચાર કરી પોતાથી અન્ય

કરનાર પરમ દશાને પ્રાપ્ત થનાર હોવાથી આત્મીય સુખની વિચારણા આમ સમજવી. ધ્યાનાદિનો વિષય એવા પ્રશમમાં લોકાદિને અનુસરીને ભાવનામાં આવેલ હોય એમ જણાય છે અથવા પરમ દશા પ્રાપ્ત કરનાર મહાપુરુષની ચિત્તપરિસ્થિતિ કેવી વિશાળ હોય છે તેનો ખ્યાલ આપવા સારુ તેવા લેખે બતાવ્યા હોય એમ જણાય છે તેનો આશય એવા સુખના ઉપાયો યોજવા તરફ પ્રયત્ન કરવાનું સાધ્ય લક્ષ્યમાં રાખવાનું નિશાન હોય એમ લાગે છે

બીજી કરુણાભાવનામાં દુઃખ દૂર કરવાની ઇચ્છા થાય છે તે ચાર પ્રકારની છે. અજ્ઞાનથી વ્યાધિગ્રસ્ત પ્રાણી દવા વગેરે તેના ખ્યાલવાળા શત્રુથી અપથ્ય ભોજન ખાવા માગે તેના પર એવી દયા લાવી તેને ભોજન આપવું તે મોહજન્યા કરુણા, બીજી દુઃખી પ્રાણીને જોઈને તેને આહાર, ઔષધિ વિગેરે જોઈતી વસ્તુ, ધન, ધાન્યાદિ આપવાં તે દુઃખિતદર્શનજન્યા કરુણા, સુખી પ્રાણીઓને જોઈને તેઓનાં સુખ ઉપર દયા આવે અને તેઓ કેવી રીતે એવા બાહ્ય સુખના ભોગ ખ્યાલથી બચી અપરિમિત આત્મીય સુખ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય એવી ઇચ્છા તે સંવેગજન્યા કરુણા અને કુદરતી રીતે અન્ય ઉપર કરુણા આવે જેમ ભગવાનને સર્વ જીવ કરું શાસનરસી એવો ભાવ થાય તે સ્વાભાવિક—અન્યહિતરૂપા કરુણા.

ત્રીજી મુદિતા ભાવ પ્રાણીઓનાં સુખને જોઈ રાજી થવારૂપ છે. એના પણ ચાર પ્રકાર છે. જેમાંથી સુખ પણ પરિણામે અત્યંત અહિત કરનાર થાય એ અપથ્ય ભોજનની પેઠે જે વિષમ સુખની પ્રાપ્તિ બીજાને થઈ હોય તેમાં સંતોષ થવો તે

દરરોજ વધારે વધારે અભ્યાસ કરી વિચારપૂર્વક આત્મ
તત્ત્વનું ચિંતવન કરવું અને અશુભ વિચારનો ત્યાગ કરવો
એનું નામ ભાવના કહેવામાં આવે છે. અભ્યાસના સંબંધમાં
એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે એ દીર્ઘ કાળ સુધી,
આંતરા વગર અને આદરપૂર્વક સેવન કરવામાં આવે છે ત્યારે
તે અભ્યાસને હૃદયમાં સ્થિર કરે છે. અહીં અભ્યાસ માટે ત્રણ
વિશેષણો બતાવ્યાં જે ખાસ વિચારવાયોગ્ય છે અને ત્રણે એક
સરખી રીતે ઉપયોગી છે. દીર્ઘ કાળ સુધી ભાવના કરવાનું કહેવાનું
કારણ એ છે કે—વિભાવસંસ્કારો આ જીવને અનાદિ કાળથી
એવા લાગી રહેલા છે કે જ્યાંસુધી તેનો અભિભવ શુભ
સંસ્કારોથી દીર્ઘ કાળ સુધી થાય નહિ ત્યાંસુધી ઉક્ત વિભાવ
સંસ્કારો વારંવાર પ્રાદુર્ભાવ થતા રહે છે. વળી અભ્યાસમાં
આંતરો ન પાડવો, કદાચ અભ્યાસ કરી અધ્યાત્મબળ પ્રાપ્ત
કરે અને પાછો બે વરસ મૂકી દે તો વિભાવસંસ્કારો તરત
જોરમાં આવી જાય છે અને આદર વગર કરેલ યોગક્રિયા કંઈ
પણ ફળ આપતી નથી અથવા નહિવત્ ફળ આપે છે. એ સ્પષ્ટ
ગમ્ય હોવાથી આ અભ્યાસ દીર્ઘ કાળ સુધી કરવો, આંતર
રહિત ચાલુ રાખવો અને તે દરમ્યાન અધ્યાત્મ ઉપર અંતઃ-
કરણથી આદર રાખવો. ભાવના અનેક પ્રકારની છે પણ નિષ્પન્ન
યોગીને માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્ય એ પાંચ
વિષયની ભાવના કરવા માટે શિષ્ટ પુરુષો ફરમાવી ગયા છે. એ
ભાવનાથી અભ્યાસ વધે છે, વિભાવ સંસ્કારો મંદ થાય છે અને
એક ભાવના બીજી વિશિષ્ટ ભાવનાઓને જન્મ આપે છે અને
એમ ઉત્તરોત્તર પ્રગતિ થતી જાય છે. અહીં ભાવનાયોગમાં

સર્વ પ્રાણીઓને કોઈ પણ દુઃખ ન થાઓ એવી ઇચ્છાથી થયેલી ભાવના તે તત્ત્વસાર ઉપેક્ષા.

નિષ્પન્ન યોગી આ ચાર ભાવનાને અનુસરીને સુખીની ઇર્ષાનો ત્યાગ કરે છે (મૈત્રી) દુઃખીની ઉપેક્ષાનો ત્યાગ કરે છે (કરુણા) પુણ્યવાન પ્રાણી ઉપર દ્વેષ છોડી દે છે (મુદિતા) અને અધર્મી પ્રાણી ઉપર સંક્લેશ અને તજી દે છે (ઉપેક્ષા). ઉપર જે વ્યાખ્યા આપેલી છે તેના પ્રકારના અભ્યાસયોગથી કર્મ પ્રકૃતિનો અને ખાસ કરીને પાપપ્રકૃતિનો ક્ષય થાય છે વીર્યનો ઉત્કર્ષ થાય છે ચિત્તની સમાધિ થાય છે વસ્તુસ્વરૂપનો બોધ થાય છે અને અનુભવની જાગૃતિ થાય છે. આ પ્રથમ અધ્યાત્મ યોગનું સ્વરૂપ આ પ્રમાણે વિચારવું એને માટે ગ્રંથાન્તરમાં બહુ વિવેચન છે તે પર અત્ર ઉલ્લેખ કરવાનો અવકાશ નથી, પરંતુ એ કેવો મહત્ત્વનો વિષય છે તે આટલી હકીકત ઉપરથી સમજવામાં આવી ગયું હશે. આવી રીતે યોગના સર્વ વિષયો પર વિવેચન કરવું જરૂરનું છે અત્ર તો સંક્ષેપથી તેનો નામ-નિર્દેશ કરી તે પર બહુ ટૂંક વિવેચન કર્યું. પ્રસંગે વળી તે સંબંધી વિવેચનો ભવિષ્યમાં કરવામાં આવશે. વાચકો પોતાની બુદ્ધિ સૂક્ષ્મ કરી ગીતાર્થ પાસે બરાબર સમજશે તો આ વિષય બહુ સારી રીતે સમજાશે. યોગ પ્રયત્ન કરવાથી વિષય સમજમાં અને પ્રક્રિયામાં આવી શકે તેવો છે

૨. ભાવના યોગ.

ભાવના યોગના સંબંધમાં અત્ર વિસ્તારથી વિવેચન કરવાની જરૂર નથી. જે અધ્યાત્મના વિષયમાં નિષ્ણાત થયેલ હોય તેનું

પ્રથમ અનિત્ય ભાવનામાં પ્રાણી વિચારે છે કે—આ
સંસારમાં પ્રાણી સંપત્તિ ઉપર રાચીમાચી રહે છે પણ એ તો સ્થિર
રહી શકતી નથી, અનેકને સંપત્તિ છોડી
૧ અનિત્ય ભાવના જવી પડે છે તે નજરે જોયું છે, ઘણા
પ્રાણીઓ મોટી સંપત્તિના માલીક હોય
તેને ભીખ માગતા જોયા છે ત્યારે એવી અસ્થિર સંપત્તિ ઉપર
આધાર કેમ રખાય? પ્રાણી પોતાના યૌવનમાં મસ્ત રહે તે પણ
તે કાયમ રહેતું નથી, વૃદ્ધાવસ્થા જરૂર પ્રાપ્ત થાય છે ત્યારે
અથવા તે પહેલા વ્યાધિથી શરીર ખરાબ થાય છે, શરીર પોતે
અનિત્ય છે અને તે પડવાનું છે અને કોઇનો અમરપટો આવ્યો
છે જ નહિ. આકાશમાં વિજળીનો ચમકારો થાય તેટલો વખત
જ રહે તેવી સંપત્તિ અથવા યૌવન ઉપર આધાર કેવી રીતે
રાખી શકાય? ધન ધાન્યને પણ ઘર માની તેમાં આસક્ત
રહેનાર પ્રાણી વસ્તુસ્વરૂપ સમજ્યો નથી; પોતાની આત્મ
પુણ્ય ભાવના કર્યા કરનાર સરવૈયાના આંકડા જોઇ રાજી
થનાર પોતાનું શું છે તે તપાસવા ઊભો રહેતો નથી, પૃથ્વી
કોઇની થઇ નથી કોઇ સાથે ગઇ નથી અને અત્યાર સુધીમાં
તેવું અનેક પતિઓ કર્યા છે આ પ્રમાણે દરેક બાબત માટે
વિચારવું. વસ્તુ પોતે નિત્ય નથી અને નિત્ય સંબંધ ન હોય
તે નાશવંત છે એ સંબંધને પરિણામે અંતે વિયોગ જરૂર થાય
તે કેવી રીતે કરવા યોગ્ય પ્રાણી શકાય? અનુત્તર વિમાનના
અપૂર્વ સુખ ભોગવનાર દેવોનો અંતે ત્યાંથી ચ્યવન થાય છે અને
થાય છે ત્યારે સુખ ભોગવેલ હોય છે તે પણ કડવું થઈ જાય
છે અને ખાસ ગર્ભ દુઃખમાં અવતરણ પડે છે ...

બાર ભાવના ભાવવી છે તેનું સંક્ષિપ્ત સ્વરૂપ વિચારી જવું પ્રાસંગિક ગણાશે.

ભાવના યોગમાં બાર ભાવના ઉપર અગ્રસ્થાન તેમ ખાસ અગત્યનો ભાગ ભજવે છે. જ્યાંસુધી ચિત્તમાં ભાવના ભાવવી નથી ત્યાંસુધી સંસારની રખડપટ્ટી મટી નથી. બાર ભાવનાનું ભાન નથી અને સાત્ત્વિક ભાવ પ્રગટ થતો નથી. હૃદયને અસર કરનાર હોવાથી ભાવનાઓ યોગમાં ખાસ અગત્યનો ભાગ ભજવે છે. અનેક પ્રકારના વિકલ્પો ચિત્તમાં વ્યાકુળતા ઉત્પન્ન કરે છે, એવી વિષમગ્રસ્ત અવસ્થાઓમાંથી ચિત્તને દૂર રાખનાર અને શાંત ભાવ જમાવનાર ભાવનાઓ વ્યાકુળતા દૂર કરે છે અને સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. આર્ત અને રૌદ્ર ધ્યાનમાં આસક્ત પ્રાણીઓ જ્યાંસુધી આ ભાવનાઓનો અભ્યાસ કરતા નથી, વારંવાર તેને ભાવતા નથી, નિરંતર તેમાં આસક્ત થતા નથી, ત્યાંસુધી વિષયોમાં આસક્ત ચિત્ત વારંવાર સંસાર તરફ ઘસડાઈ જાય છે, સંસારના ઉપર ઉપરથી ઉજ્જ્વળ લાગતા ભાવોમાં લપટાઈ જાય છે અને પરસ્પરમાં સ્વબુદ્ધિ કરી તદ્રૂપ થઈ પડે છે. સંસાર અતિ આકુળ છે, એકદુઃખની ખાણ છે, સુખની વાસના છે, વિસ્તારવાળું કેદ છે, ભ્રમનું મંદિર છે. એ સંસાર આખો નિસ્સાર છે. શાંત ભાવ યોગ્ય રીતે ભાવવાથી ચેતનને ઉન્નત બનાવે છે, પ્રગતિમાં મૂકે છે અને તેનો પગ પ્રગતિમાં પાછો ન હઠે એવી મજબૂત ભૂમિકા આપે છે. એ શાંત ભાવ જગાવવા માટે બાર ભાવના પર વિચાર કરવાનો છે. આપણે યોગમાં તેનું સ્વરૂપ આપ્યું અહીં જોયું કે તે પછી તેની અગત્ય અતિ વિશિષ્ટ છે તે જણાશે.

પરિસ્થિતિમાં આવે, ગમે તેટલું નમન કરે પણ કોઈ તેને શરણ
આપનાર થતુ નથી. તે ગમે તો વજ્ર

૨ અશરણ ભાવના પિંજરમાં પેસે અથવા ગમે તેનો આશ્રય લે,
મુખમા તૃણ લઈ જનાવરની પેઠે દીનતા

બતાવે, પરતુ જ્યારે તેનો સમય પૂરો થાય છે ત્યારે યમના
તાબામાં તેને ગયા વગર છૂટકો થતો નથી. મોટા ચક્રવર્તી કે
દેવતાઓ પણ યમનો દોર અટકાવી શકતા નથી અને ગમે
તેટલુ કરે તો પણ અંતે મરણ કોઈને ફરતુ નથી કમપાણ-
પીના વૃત્તિ જ્યાંસુધી તે સંસારમાં રહે છે ત્યાંસુધી એટલી
બધી રહે છે કે ગમે તેટલા સ્વજન સંબંધીઓ સ્નેહીઓ,
સ્ત્રી, પુત્ર કે માતા હોય તે કોઈ કર્મની આડે આવી શકતુ
નથી. કર્મ તેની અનેક પ્રકારે અસર જણાવ્યા જ કરે છે. આવા
વખતમાં પ્રાણીને જો કંઈ પણ આધાર હોય, કોઈનુ પણ શરણ
લઈ શકાતુ હોય તો તે માત્ર ધર્મનુ જ છે, જે કર્મનો ક્ષય
ક્ષય થાય ત્યારે તેમા શાંતિ જમાવે છે નવીન બંધ ઓછા
કરાવે છે અને એકંદરે પ્રાણીને પ્રગતિમાં ટેકો આપે છે
સાધારણ રીતે વૃદ્ધાવસ્થાનુ આવવુ જતુ જોર સંપત્તિ ચાલી
જવાનો ભય, શારીરિક સ્થિતિ પર આવતા આવતા વ્યાધિઓ
અને સંબંધીઓનો થવાનો વિયોગ પ્રથમ વિચારમાં જ પ્રાણીને
સૂકવી નાખે છે થાય છે ત્યારે મહાકષ્ટ આપે છે અને થવા
પછી એ પ્રકારની અતિ ક્લિષ્ટ લાગણી પછવાડે મૂકી જાય છે—
એવા વખતમાં પ્રાણીને ટેકો ધર્મ જ આપે છે એની ક્લિષ્ટ
લાગણી જે રોકેમા નથી ત્યાં અનેક આત્મભાવના બનાવો બને
છે આ એક બહુ વાત છે અહીં પ્રાણી વિચાર કરે છે કે—આ

સંધ્યાના રંગનાં છાંટા બહુ વિચાર કરીને સમજવા યોગ્ય છે. એ એટલો વખત ચમકારો કરે છે કે રંગ આપે છે તેટલો વખત ઉપર ઉપરથી આનંદ આપે છે પણ તે ટકતા નથી. આમ સાંસારિક સર્વ વસ્તુઓમાં, વિષયમાં અને તેની પ્રવૃત્તિમાં અનુભવ છે એ બહુ સૂક્ષ્મ રીતે સમજવું. મિત્ર, સ્ત્રી, સ્વજન વિગેરે સર્વેનો સંબંધ આવો અનિત્ય છે અને જરૂર વિયોગ થનાર છે અને આલંકારિક ભાષામાં કહીએ તો તે સ્વપ્ન જેવા ઉદ્ભવ જેવો છે. સ્વપ્નમાં જેમ કેટલું સુખ ભોગવાય, ઇંદ્રજાળમાં જેમ કેટલી ઋદ્ધિ આવી થઈ જાય પણ તે સર્વ ખોટું છે તેવી રીતે સ્વજનસંબંધ અને ઋદ્ધિ જનારા છે અને ઋદ્ધિ જાય ત્યારે મનમાં અનેક પ્રકારનું દુઃખ આપનાર થઈ પડે છે. સનત્કુમાર ચક્રવર્તીના શરીરપ્રેમ વિચારતાં આ વાત દી સમ છે અને કોઈ પણ સુંદર સ્ત્રીની વૃદ્ધાવસ્થામાં શારીરિક સ્થિતિ જોતાં એ વાતનું રહસ્ય સમજાય છે. આયુષ્ય અસ્થિર છે, જળના પરપોટા જેવું છે અને પીપળ પાંદડાં જેવા સંબંધો પણ અંતે સર્વ છોડીને ચાલ્યા ગયા છે એ વાત વારંવાર વિચારવા યોગ્ય છે. વિચારીને એના અંતરમાં રહેલ સર્વનું અનિત્યત્વ સમજવા યોગ્ય છે અને એવી રીતે વારંવાર વિચારવાથી ચેતનના પરવસ્તુ સાથેના સંબંધનું અનિત્યત્વ લક્ષ્યમાં ઉતરી જાય તેમ છે. વિજ્ઞાનઘનસ્વરૂપ આત્મા માત્ર નિત્ય છે અને તેમાંથી જે સુખ મળે, જેને માટે અન્ય પર આધાર રાખવો ન પડે, તે જ માત્ર નિત્ય છે અને તેની પ્રાપ્તિને લગતો ઉદ્યમ કર્તવ્ય છે.

બીજી અશરણ ભાવનામાં પ્રાણી વિચાર કરે છે કે—આ સંસારમાં ચેતનને કોઈનું શરણ નથી. તે જેમ તેની નજર તેટલી

પરિસ્થિતિ આવે, ગમે તેટલાં નખરાં કરે પણ કોઈ તેને શરણ આપનાર થતું નથી. તે ગમે તો વજ્ર-

૨ અશરણ ભાવના

પિંજરમાં પેસે અથવા ગમે તેનો આશ્રય લે, મુખમાં તૃણ લઈ જનાવરની પેઠે દીનતા બતાવે, પરંતુ જ્યારે તેનો સમય પૂરો થાય છે ત્યારે યમના હાથમાં તેને જરા વાર છૂટકો થતો નથી. મોટા ચક્રવર્તી કે દેવતાઓ પણ યમનો દોર અટકાવી શકતા નથી અને ગમે તેટલું કરે તો પણ અંતે મરણ કોઈને છોડતું નથી. કામ પણ પીના વૃત્તિ જ્યાંસુધી તે સંસારમાં રહે છે ત્યાંસુધી એટલી બધી રહે છે કે ગમે તેટલા સ્વજન સંબંધીઓ સ્નેહીઓ, સ્ત્રી, પુત્ર કે માતા હોય તે કોઈ યમની આડે આવી શકતું નથી. યમ તેની અનેક પ્રકારે અસર જણાવ્યા જ કરે છે. આવા જગતમાં પ્રાણીને જો કાંઈ પણ આધાર હોય કોઈનું પણ શરણ થઈ શકતું હોય તો તે માત્ર ધર્મનું જ છે જે કર્મનો ક્ષયો-પશમ થાય ત્યારે તેમાં શાંતિ રખાવે છે નવીન બંધ ઓછો કરાવે છે અને એકંદરે પ્રાણીને પ્રગતિમાં ટેકો આપે છે. સાધારણ રીતે વૃદ્ધાવસ્થાનું આવવું જવું ઓર સંપત્તિ આવી જવાનો ભય, શારીરિક સ્થિતિ પર આવ્યા આવતા વ્યાધિઓ અને સંબંધીઓનો થવાનો વિયોગ પ્રથમ વિચારમાં જ પ્રાણીને મુંઝવી નાખે છે થાય છે ત્યારે મહાકષ્ટ આપે છે અને વધા પછી એ પ્રકારની અતિ ક્લિષ્ટ લાગણી પથારે મૂકી જાય છે-એવા જગતમાં પ્રાણીને ટેકો ધર્મ જ આપે છે એની નિવિષ્ટ લાગણી જે રોગોમાં નથી તથા અનેક આત્મઘાતના બનાવો બને છે આ એક જૂની વાત છે અહીં પ્રાણી વિચાર કરે છે કે—આ

પ્રાણીને બચાવનારી કોઈ વસ્તુ શરણ નથી, ટેકો નથી, તેને
તેનાં પોતાનાં કર્મ પ્રમાણે ભોગવવું પડતું અને સ્થિર થવું
પડે છે અને કર્મ તેનાં અનેક પ્રકારના ખાટાં માઠાં ફળો
આપ્યાં જ કરે છે. જે વખતે દ્વીપાયન ઋષિએ દ્વારિકાને સળ-
ગાવી તે વખતે જે પ્રાણીઓએ શ્રી નેમનાથભગવાનનું શરણ કર્યું
તે સર્વ બચી ગયા, બીજા બળી ગયા. એ પ્રમાણે આ સંસાર-
પ્રવાહમાં અન્ય શરણ મળી શકતું નથી. એટલે ધર્મ-
જિનવચનનું શરણ કરે છે તે ભવિષ્યમાં લાભ મેળવી શકે
છે. આ અશરણ ભાવના આત્માને પોતાના ઉપર આધાર
રાખતાં શીખવે છે. મોટા મોટા નવ નંદ વિગેરે રાજાઓ ચાલ્યા
ગયા, પણ તેની કરેલી સુવર્ણની ડુંગરીઓ તો અહીં જ રહી
ગઈ ચક્રવર્તીઓ ગયા પણ તેણે સાધેલા છ ખંડ ને મોટ
ઇત્યાદિ અહીં જ રહ્યાં. એ સર્વ જોતાં બહારથી કોઈનું શરણ
મળી શકતું નથી એ વાત સ્પષ્ટ થાય છે.

ત્રીજી સંસાર ભાવનામાં સંસારનું સ્વરૂપ વિચારે છે
આ પ્રાણી અનેક વાર ચઢીને સંસારમાં કેવા કેવા નાચ નાચે
છે તેનો વિચાર આ ભાવનાદ્વારા
૩. સંસાર ભાવના કરવા જેવો છે. ત્યાં આ જીવનાં પ્રાણીઓ
ભમે તો તે અનેક ગતિમાં-દુર્ગતિમાં
જાય છે કોઈ વાર પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુમાં રખડ્યો
વનસ્પતિમાં રહ્યો ત્યાંનો ચાર ઉભો વેઠ્યો, એ પણ પાર
ઉતરેલમાં ઉધેઈમાં ગયો, તિર્યંચમાં અનેક વેદના લીધા,
સહી, નીચે આવ્યો, મનુષ્યગતિમાં અનેક નાટક ખેલ્યા,
[illegible] રઝળ્યો. દેવતામાં વારંવાર-એવી રીતે અનંત-

વહિમનાપે ઉપર ગયો નીચે ગયો, ભટક્યો, કૂટાયો અને
અનેક રીતે રેઝળ થયો. દરેક ગતિમાં અનેક પ્રકારના દુઃખો
ભોગવ્યાં, અનેક પ્રકારની ઉપાધિઓ કરી, અનેક પ્રકારના વિષયો
અનુભવ્યા પણ એક પણ જન્માએ પ્રાણી શીને મેળવી નહિ.
એણે તૃષ્ણાખાતર અનેક પાપકર્મો કર્યાં અનેકને છેતર્યા
અનેકના પ્રાણ લીધા, પણ એની મનોરથપદની ભૂખ પૂરાણી
નહિ. એણે અનેક પ્રાણી પર ક્રોધ કર્યો, અનેક પ્રકારે અભિમાન
કર્યાં દરેક પ્રકારની લુચ્ચાઈ કરી, તુચ્છતા વાપરી અને મનો
વિકારને વશ થઈ બહુ બહુ પ્રકારના નાટકો ખેલ્યાં. દરેક
ગતિમાં અને જાતિમાં એણે નવા નવા વેશો ધારણ કર્યાં અને
પોતાનો પાઠ ભજવ્યો. એના પ્રત્યેક ભવનાં ચરિત્રો જોઈએ
તો તેમાં વળી તેણે અનેક રંગો જમાવ્યા હોય એમ દેખાઈ
આવશે. પ્રાણીએ કર્મને વશ થઈ કેટલા નિસાસાઓ મૂક્યા
હશે, આનંદ માન્યા હશે અને ધક્કા ખાધા હશે એનો વિચાર
કરવા ખાસ ઊપજે તેમ છે. પ્રાણીને આ સંસારમાં એક ચિંતા
મટે છે ત્યાં બીજી ઊભી થાય છે. એક બાબત પર જરા મન
સ્થિર થાય છે ત્યાં બીજી નવી ઉપાધિઓ વધે છે. આવી રીતે
સામાજિક વ્યવહારમાં, અહંકારના રેલાવમાં ધામધૂમમાં, વ્યાપાર
ખાતામાં, બંધકો સાંધવામાં અને એવી અનેક ક્ષુદ્ર બાબતોમાં
ભવના ભવ ચાલ્યા જાય છે અને પ્રાણી આરોહ અવરોહ પડતો–
આખડતો સંસારના ચિત્રવિચિત્ર ચક્રનો અનુભવ કર્યા કરે
છે. આ સંસાર ભાવના ભાવવી એટલે આખા સંસારનું ચિત્ર
આત્મા પાસે રજૂ કરવું એમ કરવા માટે કલ્પની જરૂર નથી,

જરા આઘુંપાછું—આગળ પાછળ જુઓ—આથી સમતા આવ
શ્યક કરી શકશો. માત્ર ઉદાસીન ભાવે વસ્તુસ્વરૂપ ઓળખવા
વિશુદ્ધ ઇચ્છાથી એમાં પ્રયાસ કરવો બહુ સરલ સાધ્યથી
સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થશે અને પોતાનું સ્થાન શું છે તેનો ખ્યાલ
આવશે. સંસારમાં અતિ આસક્તિ, સંબંધની વિચિત્રતા, પિતા
પુત્ર થાય, પુત્ર પિતા થાય, માતા સ્ત્રી થાય સ્ત્રી મા
થાય ઇત્યાદિ ફેરફારો, મૃત્યુનો અપૂર્વ પ્રસંગ આયુષ્યનિ
યમો વિગેરે તથા ઉપરોક્ત એક, વિચારોનું સામાન્ય મં
થન પ્રગતિનાં સર્વ તત્ત્વો આ ભાવનામાં જણાશે. વિચાર
પૂર્વક નિયમિત અવલોકન કરવાથી આ ભાવનાનું રહસ્ય પ્રા
પ્ત થાય તેમ છે.

હવે એકત્વ ભાવનામાં પ્રાણી વિચારે છે કે—આ સંસા
રમાં છે તે સર્વ છે, તેની સાથે વાસ્તવિક રીતે પ્રાણીને સંબં
ધ નથી. સર્વ સંબંધ જ સંબંધ વગર
૪. એકત્વ ભાવના છે. ચેતન પોતે એકલો છે એકલો આવ્યો
છે અને એકલો જવાનો છે. એનું કે
નથી, એ કોઈનો નથી બીજા તેને પોતાનો કહે છે તે બીજા
પોતાના માને છે, તે સર્વ ખોટું છે તેમ જ કોઈ વસ્તુ પ
તેની નથી. આ રીતનો વિચાર તે જ્યારે બહુ દીન થઈ ના
કરે છે. જન્મમાં ચિત્ત એકલો જ હોય છે તેને કે
થતું નથી કે હું એકલો છું તેને એમ થાય છે
હું સર્વ છું તેમ પ્રાણી એકત્વ ભાવના ભાવે ત્યારે તે
એમ થાય છે કે—કર્મને લીધે પ્રાપ્ત થયેલ સંબંધ માત્ર અનિ
છે પોતાને તેની સાથે કાંઈ લાગતુંવળગતું નથી. શ

મોટા ચક્રવર્તીઓ પણ આખરે એકલા ગયા છે. કોઈ આવ્યા
ગયા તેઓની સાથે ગયું નથી. સચ્ચિદાનંદસ્વરૂપી જ્ઞાન-દર્શન-
ચારિત્રમય અનેક ગુણોનું ધામ આત્મા સહજાત્મસ્વરૂપમાં રમણ
કરનાર ચેતન એકલો છે, એક છે, અમર છે. એને પર સંબંધ
થયો છે તે બહારનો છે, બહાર ઉપરનો છે, પરકૃત છે અને
ખરેખર જો એને એના સ્વભાવમાં આવતાં તે વસ્તુસ્વરૂપમાં
રમણ કરશે, પરભાવને ત્યાગી દેશે અને આનંદ આનંદનું
ધામ બની બેસશે નીકળી જશે. અહીં સમજ કરે છે ત્યારે
પણ તેમાં તેનો એકત્વ ભાવ તો શરણના અસ્થિરપણાને
અંગે પણ સ્પષ્ટ જણાય છે. ચેતનની એકતા વિચારવાની આ
ભાવનામાં પુરુષાર્થને બહુ માન મળે છે. ચેતન અત્યંત ઉદાત્ત
દશાનો અનુભવ કરે છે અને એનું સામ્ય-સામર્થ્ય સ્થાન એને
સ્પષ્ટ દર્શન આપે છે અને ત્યાં યોગસિંહાસન પર અત્યંત
આનંદ વર્ષાવનાર શુદ્ધ ચૈતન્યસ્વરૂપી વલ્લભધારી ચેતન
રાજને-પોતાને મૂળ સ્વરૂપે બિરાજમાન થયેલ તે જુએ છે.
એકથી વધારે મળે ત્યાં કલહ થાય છે એ દૃષ્ટાંત બતાવનાર
કંકણરૂપીદિત નમિ રાજર્ષિની પાસે સ્ત્રીઓ જ્યારે કંકણ
કાઢી નાખે છે ત્યારે જે બોધ થાય છે તે જીવનના પ્રતીક
બનાવો બતાવી આપે તેમ છે, આખો ઉદાહરણ દૃષ્ટાંતરૂપ
તેની વિચારણા કરી લેવા યોગ્ય છે અને કરવાથી સત્ય રહસ્ય
સમજાય તેમ છે. એવી રીતે વિચારણા કરનાર ચેતનરાજનો
એકત્વભાવ બહુ સારી રીતે સમજી વિચારી શકે તેમ છે.

પાંચમી અન્યત્વ ભાવનામાં સંબંધનું પરપણું વિચારવાનું
છે. ઉપર ચેતનની એકતા કહી તેની સાથે તેનાથી પર સર્વ

અને આજુબાજુ—આસપાસ ચાલતા બનાવો—આથી સંસાર અશરણ રૂપ છે એમ લાગશે. અને ઉદાસીન ભાવે વસ્તુસ્વરૂપ અવલોકન વિગેરે કરવાથી એમાં પ્રયાણ કરવું બહુ સરલ સમજાશે, વસ્તુસ્થાન પ્રાપ્ત થશે અને પોતાનું સ્થાન શું છે તેનો ખ્યાલ આવશે. સંસારમાં ગતિ આગતિ, સંબંધની વિચિત્રતા, પિતા પુત્ર થાય, પુત્ર પિતા થાય, માતા સ્ત્રી થાય, સ્ત્રી માતા થાય ઇત્યાદિ ફેરફારો, સુખનો અભાવ અથવા આભાસુખિત મળે વિગેરે તથા ઉપરિષ્ઠ લોક વિચારનું સામાન્ય અને સાથે પ્રગતિનાં સર્વ તત્ત્વો આ ભાવનામાં આવશે. વિચાર પૂર્વક વિશાળ અવલોકન કરવાથી આ ભાવનાનું રહસ્ય પ્રાપ્ત થાય તેમ છે.

પાંચમી એકત્વ ભાવનામાં પ્રાણી વિચારે છે કે—આ સંબંધ થયા છે તે પર છે, તેની સાથે વાસ્તવિક રીતે પ્રાણીને સંબંધ નથી. સર્વ સંબંધ જ સંબંધ વગરના છે. ચેતન પોતે એકલો છે, એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. એનું કોઈ નથી અને કોઈનો નથી. જીવ તેને પોતાનો ગણે છે તે જીવને પોતાના માને છે તે સર્વ ખોટું છે. તેમ જ કોઈ વસ્તુ પણ તેની નથી. આ રીતનો વિચાર તે આત્મા પણ દીન થયા વગર કરે છે. જગતમાં વિચાર એકલો જ હોય છે તેને બીક થતી નથી કે હું એકલો છું તેને બીક થાય છે કે હું એકલો છું તેમ પ્રાણી એકત્વ ભાવના ભાવે ત્યારે તેને બીક થાય છે કે—ધર્મને લીધે પ્રેમ થયો સંબંધ થાય અનિત્ય છે. પોતાને તેની સાથે કાંઈ લાગતુંવળગતું નથી. પણ

૫ એકત્વ ભાવના

ચીઠ્ઠ ચક્રવર્તીઓ પણ આખરે એકલા જાય છે કોઈ સાથ કંઈ તેઓની સાથે ગયું નથી. સચ્ચિદાનંદઘનસ્વરૂપી જ્ઞાન-દર્શન-ચારિત્રમય અનોખું સાહજીકનું ધામ આત્મારામમાં રમણ કરનાર ચેતન એકલો છે એક છે, અપર છે. એને પર સંબંધ થયો છે તે બહારનો છે ઉપર ઉપરનો છે પરકૃત છે અને પરભાવ છે એને એના સ્વભાવમાં આવતા તે વસ્તુસ્વરૂપમાં રમણ કરી, પરભાવને ત્યાગી દેશે અને આખરે આનંદનું ધામ બની એકલો નીકળી જશે. અહીં સંબંધ કરે છે ત્યારે પણ તેમાં તેનો એકત્વ ભાવ તો સંબંધના અસ્થિરપણાને અંગે પણ સ્પષ્ટ જણાય છે ચેતનની એકતા વિચારવાની આ ભાવનામાં પુરુષાર્થને બહુ માર્ગ મળે છે ચેતન અનંત ઉદાત્ત દશાનો અનુભવ કરે છે અને એનું સામ્ય-પ્રાશમ્ય સ્થાન એને સ્પષ્ટ દર્શન આપે છે અને ત્યાં યોગસિંહાસન પર અનંત આનંદ વર્ષાવનાર શુદ્ધ સચ્ચિદાનંદરૂપી રત્નત્રયધારી ચેતન રાજને-પોતાને મૂળ સ્વરૂપે બિરાજમાન થયેલ તે જુએ છે એથી વધારે મળે ત્યાં કદાચ થાય છે, એ દૃષ્ટાંત બતાવનાર દાહજ્વરપીડિત નમિ રાજર્ષિની વાત સૌ જાણો જ્યારે કંકણ મૂકી નાખે છે ત્યારે બે એક થાય છે તે જીવનના પ્રતીક બનાવો બતાવી આપે તેમ છે આવી ઉપાધિ દુઃખપ્રસંગોમાં તેની વિચારણા કરી લેવા યોગ્ય છે અને કલ્યાણી સત્ય રહસ્ય સમજાય તેમ છે. એવી રીતે વિચારણા કરનાર ચેતનરાજનો એકત્વભાવ બહુ સારી રીતે સમજી વિચારી શકે તેમ છે

પાંચમી અન્યત્વ ભાવનામાં સંબંધનું પરખવું વિચારવાનું છે ઉપર ચેતનની એકતા કહી તેની સાથે તેનાથી પર સર્વ

પ્રાણીઓનું અને સ્વ-પરનું પરમ નિવાસસ્થાન સ્થાન છે.
ધર્મમાં આસક્ત, પરમાત્મામાં રમણ કરનાર
૮. આનંદઘન ભાવના ચેતન અનેક પ્રકારના સ્વાદમાં લેવાઈ
જાય છે અને પરને સ્વ માની બેસે
છે. એને માટે અનેક ફાંફાં મારે છે એને માટે અનેક આશા
બાંધવામાં આવે છે. એની ફાંફાંથી ધંધા કરવામાં આવે છે.
એની બીક રહે છે. એને દેખવાથી આનંદ થાય છે. એને માટે
અનેક પ્રકારના શોક થાય છે. એ સર્વ પર છે. ચેતન છે
અનેક છે; એમાં વાસ્તવ કોઈ નથી અને એની ખાતર જેટલે
અંશે તું તારી જાતને ભારે કરે છે તેટલે અંશે તું ભૂલ કરે
છે. તીર્થસ્થાનમાં મેળો મળે, નાટકમાં લોકો મળે અને જેમ
મેળો કે ખેલ પૂરા થતાં સર્વ વીખરાઈ જાય તેમ આ જીંદગી
પૈસાપ પણ છૂટે પછી જવાનો એ નિવૃત્તિ કહેવાય છે. આપણે
અનેકને ચાલતા જતા નજરે જોયા છે. એની સાથે રમ્યા, ખેલ્યા,
હસ્યા મળ્યા તેને ચાલ્યા જતાં આપણે જોયા છે. પૃથ્વીને કંપા-
વનાર અને અનેક પ્રકારના ચમત્કાર બતાવનાર ચાલ્યા ગયા. એને
આપણા માનતા હતા તેનું શું થયું તે પણ આપણે જાણતા
નથી. નજીકના પ્રેમી પણ સ્વાર્થનો સંબંધ જરા ફેર થતાં શત્રુ થઈ
બેસે છે. ભાઈઓ પરસ્પર કેવા એક બીજાના મોતનાં પાણી
હરામ કરે છે. મિત્રો કેવા દુશ્મન થઈ જાય છે એ અનુભવનો
વિષય છે. વાત એક જ છે કે જે પોતાના નથી તેને પોતાના
માનવાથી જોડેલ જ્યાં ઉપર રહેલ મમત્વ ટળતી નથી અને
આખરે પસ્તાવો કરવો છે. આત્મભાવ વિચારી, અનુભવનો
આશ્રય કરી સ્વમાં રહેલ ગુણ પ્રગટ કરી સમજવા યોગ્ય છે.

વિચારવા યોગ્ય છે, અનુભવવા યોગ્ય છે શ્રી ગૌતમસ્વામી, મરુ-
દેવા માતા આ ભાવનાના વિચારને અંગે વૈરાગ્યવાસિત થઈ
યોગની ઉત્કૃષ્ટ દશાએ પહોંચ્યા હતા, એ પ્રત્યેક ભાવનાનું યોગ
સ્વરૂપ બતાવે છે બન્નેની સ્વતંત્ર સમજની નજીકની દશા
વિચારી સમજવા યોગ્ય છે તેઓ બરાબર સમજવું રહસ્ય
સમજી જાય અને સમજીને હૃદયમાં એ ભાવ ઓતપ્રોત રાખશ
કરી કે એની વાસ્તવિક અસર થઈ આ સંસારમાં તારું કોઈ
નથી અને તું કોઈનો નથી એ ભાવ બરાબર વિચારવો. સત્ય
વાર છે ખરેખર છે એ ભાવ સમજ્યો અને તેના પરિણામે
સંબંધનો નિર્ણય કરી પરમા ઉપયોગ નહિ એટલે રાગનો
મોહ ભાગ થઈ જશે અને આત્માની પ્રગતિ એકદમ થશે.

છઠ્ઠી અશુચિ ભાવનામાં શરીરની અપવિત્રતા વિચારવાની
છે બહારથી બહુ સુંદર લાગતા શરીરમાં અનેક દુર્ગંધી પદાર્થો
ભરેલા છે એના અંધારખૂણા માંસ લોહી,
૬. અશુચિ ભાવના બારણી, હાડકાં વિગેરે પદાર્થોનો ઉપયોગ
થયો છે અને તે એવી વસ્તુઓ છે કે—
એના પર વિચાર કરવાથી શરીર પર જે નકામો પ્રેમ થતો હોય,
એને વારંવાર પંપાળવાની ટેવ પડી હોય, એ જરા ઓછું
થઈ જતાં એના પર વિચારવા આવે એવી સ્થિતિ થઈ ગઈ
હોય, તેના પર યોગ્ય અંકુશ આવી જાય છે મલ્લિકુંવરીએ મિત્રોને
બોધ આપવા જે કનકપૂતળીની યોજના કરી હતી તે શરીરની
અશુચિનો અદ્ભુત પુરાવો આપે છે અને એ સંબંધમાં જેઓ
વિચારવા કરતા નથી તેઓ શરીર પરના મોહથી કેવા હેરાન
થાય છે તે પર લક્ષ ખેંચે છે ધર્મસાધનમાં મદદ કરનાર તરીકે

તેને સાધારણ રીતે પોષવું પાપ તેટલા પૂરતું ખાનપાન આપવું, પણ તેના પર મમત્વ કરી, તેની ખાતર અનેક લડાઈ કરી કે અપેયનું પાન કરી સંસાર વધારવો એ અયોગ્ય છે ખાવાના ખાણીની શોધમાં, તેના સમારંભમાં, તૈયારીમાં, પરીક્ષામાં અને ખાવામાં પ્રમાદ કરી શરીરપોષણા કરવી અને મનુષ્યત્વનો અત્યંત અમૂલ્ય વખત આવી ક્ષુદ્ર બાબતોમાં ગાળવો તે અત્યંત નાપસંદ કરવા જેવું છે આ બાબતમાં ભૂલ કરનાર ઘણા પ્રાણીઓ જોવામાં આવે છે. શરીરની અશુચિની આવી અનેક રીતે વિચારણા કરી, તેમાં સ્નેહ બીભત્સતા થાય ત્યારી તેના પરનો રાગ દૂર કરવાની ભાવના અમત્વનો ભાગ બનાવે છે

સાતમી આસ્રવ ભાવના પ્રાણીને કર્માનુયોગના એક અતિ અગત્યના વિભાગમાં પ્રવેશ કરાવે છે પ્રાણી અનેક પ્રકારે કર્મ બંધ કરી પોતાની જાતને ભારે કરે છે

૭. આસ્રવ ભાવના

અને સંસારમાં રખડે છે આ આસ્રવરૂપ ગરનાળા ના સ્વરૂપને સમજવાની ખાસ જરૂર છે અને તેને ઓળખવાથી કર્મપ્રકૃતિઓ કેવી મજબૂત છે અને તે કેવી રીતે પ્રાણીને ત્રાસ આપે છે તેનો ખ્યાલ આવે છે ત્યાં પાંચ ઇંદ્રિયો અનેક પ્રકારના વિષયોની લાલચ બતાવી પ્રાણીને સંસારમાં આકર્ષણ કરે છે પરભવમાં રખડાવે છે અને નિજ ભાવથી દૂર કરે છે રસના રસ બંધ, રૂપ અને શ્રવણ આ પાંચ ઇંદ્રિયો પોતાનું કામ બહુ જોરથી કર્યા કરે છે એને વશ પડવા પછી ઉપર આવવું બહુ મુશ્કેલ થઈ પડે છે તેવી જ રીતે ઉન્માદ, અમત્વ વચનોચ્ચાર પરનાનું સર્વ ઢેલાની શુદ્ધિ ઓરમણ અને ધન ધાન્યાદિ ઉપર સ્નેહપણાની બુદ્ધિ

આવે તેને એકઠા કરવારૂપ પરિગ્રહ—આ પાંચે અવ્રતો પણ અનેક પ્રકારે કર્મોને ખેંચી લાવે છે. ક્રોધ, માન, માયા, લોભ—ચારે મનોવિકારો અનેક કર્મોને લઇ આવે છે અને પ્રાણીને સંસારમાં ભટકાવે છે અને એ સર્વને પ્રવર્તાવનાર મન, વચન અને કાયાના યોગો બહુ રીતે પ્રાણીને રખડાવે છે આવી રીતે ઇંદ્રિયો, અવ્રતો કષાયો અને યોગો તેમજ ક્રિયાઓના પ્રકાર પર વિસ્તારથી વિચાર કરવો, તેના અનેક ભેદો, ભેદોના ભેદો તેઓની સ્થિતિ અને ચેતનજી પર તેની અસર કેવી, કેમ, શામાટે અને કેટલા પૂરતી થાય છે તે પર વિચાર કરવો, તેઓનાં રૂપનો નિરધાર કરવો અને તેઓથી થતી અતિ વિશદ ભવસંતતિ સમજવી એ આશ્રવ ભાવનાનું કેંદ્ર છે પ્રથમની છ ભાવના કરતા જુદી રીતે આ ભાવના વસ્તુગમ્યતા કરાવે છે અને બહુ અગત્યની વિચારણા પૂરી પાડી પ્રાણીને વસ્તુસ્વરૂપ તેના યથાસ્થિત આકારમાં સમજાવે છે ઇંદ્રિયોના પ્રત્યેક વિષયો કે કષાયના વિભાગો બહુ વિચાર કરવાનું વિશાળ ક્ષેત્ર પૂરું પાડે છે પચીશ ક્રિયાઓ એવી યોગ્ય રીતે ગોઠવી છે કે આ પ્રવૃત્તિના જમાનામાં તેનો વિચાર બહુ લાભ કરે, વસ્તુસ્વરૂપ સમજાવે અને પ્રાણીને શુદ્ધ ઉપયોગમાં લાવે એવી અનેક વિચાર કરવા યોગ્ય બાબતો તે સમજાવે છે હિંસાદિનું સ્વરૂપ તેના ભેદો દરેક વ્રતના પાંચ પાંચ અતિચારો, દરેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ મન વચન કાયાના યોગોના પંદર ભેદ વિગેરે બાબતો બહુ વિચારવા યોગ્ય છે એ સર્વ કેવી રીતે કર્મસમૂહને ખેંચી લાવીને ચેતનને કેવો ભારે કરે છે તે બહુ બહુ પ્રકારે વિચારી ભાવનાનો વિષય કરવા યોગ્ય છે ત્યાં મુખ્યત્વે કર્મોને પાંચ ઇંદ્રિયો, પાંચ અવ્રત,

ચાર કષાય ત્રણ યોગ અને પચીસ ક્રિયા એમ બેંતાલીસ આસ્રવના ભેદ પડે છે આ ભાવનામાં તે પર વિસ્તારથી વિચાર કરવાનો છે

૮ સંવર ભાવના

આઠમી સંવર ભાવનામાં કર્મને આવવાનાં દ્વાર રોકવાની વિચારણા છે આસ્રવરૂપ ગરનાળાની આડા દ્વાર બંધ કરી દેવાથી જીવરૂપ તળાવમાં કર્મરૂપ નવીન જળ આવતું બંધ થાય છે તે દ્વારે વિચારસ્વરૂપ તત્ત્વચિંતવન આ ભાવના પૂરું પાડે છે એને માટે અનેક માર્ગો બતાવ્યા છે સત્તર પ્રકારે સંયમ કરવાથી આસ્રવદ્વાર બંધ થાય છે પાંચ ઇન્દ્રિયો પર જય કરવો, પાંચ મહાવ્રત આદરવાં ચાર કષાયનો જય કરવો અને મન વચન, કાયાના યોગો પર અંકુશ લાવવો—એ સત્તર પ્રકારે સંયમ છે. દશ યતિધર્મો પણ એ જ રીતે સંવરદ્વાર બતાવે છે ક્ષમા, માનત્યાગ (માર્દવ) માયાત્યાગ (આર્જવ), સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનત્વ અને બ્રહ્મચર્ય એ દશ યતિધર્મો છે, સાધુધર્મનો આ વિષય છે અને કર્મને રોકનાર છે પાંચ સમિતિઓ હાલતાંચાલતાં, લેતાંમૂકતાં ઉપયોગ રાખવાનું સૂચવે છે અને ત્રણ ગુપ્તિમાં મન વચન કાયાના યોગો પર અંકુશ આવે છે એ પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિને આઠ પ્રવચનમાતા કહેવામાં આવે છે એ પણ સંવર છે. આ બાર ભાવનાઓ પણ સંવરનો વિષય છે બાવીશ પ્રકારના પરિષહો સહન કરવા એથી પણ સંવર થાય છે પોતાના ગુણ ખીલે તેટલા માટે વધારે આગમના સૂત્રનો વિચાર કરવો તેની ભાવના ભાવવી અને તેનો આદર ચિંતવનો—એ ગુણપ્રાપ્તિ માટે ખાસ જરૂરનો વિષય છે માર્ગાનુસારી સદ્ગુણ ક્યારે આવશે !

એમ વિચારે છે શ્રાદ્ધ સાધુજીવનની ભાવના કરે છે, સાધુ પ્રતિમાવહનનો વિચાર કરે છે અને એવી રીતે ઉત્તરોત્તર વિશિષ્ટ ગુણોની ભાવના ભાવે છે આ સર્વ ભાવનાના વિષયો ચેતનને શાંત બનાવી તેની પ્રગતિ બહુ સારી રીતે વધારી મૂકે છે અને તેના વિષયો એટલા વિશાળ અને અગત્યના છે કે જેમ જેમ તેના પર ઊહાપોહ કરવામાં આવે તેમ તેમ તે ઘણી નવી નવી હકીકતો પર પ્રકાશ પાડતા જાય છે અહીં ઇરાદાપૂર્વક તેના ભેદોના સ્વરૂપ પર વિચારણા કરી નથી, તેમ કરવા જતાં વિષય ઘણો લાંબો થઈ જાય. પરંતુ એની પ્રત્યેક હકીકત બહુ વિચારવા યોગ્ય હકીકત પૂરી પાડે છે આગમમાં એ પર બહુ વિવેચન છે અને તે સર્વ સમજીને ખાસ વિચારવા યોગ્ય છે પોતાના જીવનના પ્રત્યેક વિભાગને આ ભાવનાઓના વિષયો અસર કરનાર છે તેથી તેને માટે જેટલો વિચાર કરવામાં આવે તેટલો યોગ્ય છે પ્રયત્ન સ્થાને છે એ લક્ષમાં રાખવું જીવરૂપ તળાવમાં આશ્રવરૂપ ગરનાળાદ્વારા કર્મરૂપ નવીન જળ આવતું આવી ઘણું ઓછું થઈ જાય છે અથવા આવતું જ નથી એટલી વાત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે

નવમી નિર્જરા ભાવનામાં કર્મને કેવી રીતે ઉલેચી નાખવાં એની વિચારણા આવે છે સંવરથી નવીન કર્મજળ આવતું અટકે છે પણ અગાઉ જે કર્મજળ તળાવમાં ભરાઈ ગયું હોય છે તેને શોષવા માટે-ખેંચ કરવા માટે તપની જરૂર છે

૯. નિર્જરા ભાવના

અને તે નિર્જરા ભાવના પૂરું પાડે છે નિકાચિત કર્મોને પણ ખેંચી નાખનાર આ ભાવનામાં તપનો મહિમા ખાસ વિચા

રત્ન ચોખ્ખું છે. જેમ કપડા ઉપર મેલ ચઢ્યો હોય તે સાબુ-
થી ખરી પડે છે તેમ તપના પ્રભાવથી આત્મા પરથી ચીકણાં
કર્મો ખરી પડે છે અને તેથી તપ બહુ અગત્યનો વિષય છે.
એકઠાં કરેલાં કર્મોને દૂર કરવાનો તપ સિવાય અન્ય માર્ગ નથી
અને આઠે પ્રહર આત્માને હણતાં કર્મોનો તે સિવાય અન્ય
ઉપાય નથી. આ તપના વિભાગમાં બે મુખ્ય વિભાગ છે. બાહ્ય
અને અભ્યંતર. ઉપવાસાદિ તપ કરવો તે અનશન, ઓછું
ખાવું તે ઊણોદરિકા, કલ્પનો સંક્ષેપ કરવો તે વૃત્તિસંક્ષેપ, રસ
વાળી વસ્તુઓનો ત્યાગ તે રસત્યાગ, લોચાદિ કષ્ટ સહન કરવું
તે કાયક્લેશ અને શરીરનાં અંગોપાંગ સંકોચી રાખવાં તે
સંલીનતા—આ છ બાહ્ય તપ છે. એ શરીરને ચીપી અને બાહ્ય
રૂપથી અસર કરે છે અને ઇન્દ્રિયસુખ વિષયસુખ અલગ કરી ઉત્ત-
મતા વધારે છે તેટલા માટે મનોયોગમાં પણ અગત્યનો ભાગ
ભજવે છે. ખાસ કરીને ઓછી ઇન્દ્રિયો પર સંયમ સારી રીતે
આવી જાય છે. અભ્યંતર તપ એથી વધારે અગત્યનો વિષય
છે. કરેલ પાપ માટે પશ્ચાત્તાપપૂર્વક પ્રાયશ્ચિત્ત અધિકારી વડીલ
પાસે લેવું તે પ્રાયશ્ચિત્ત, વડીલને યોગ્ય માન આપવું તે
વિનય, બાળ વૃદ્ધ ગ્લાનની સેવા કરવી તે વૈયાવચ્ચ, પુસ્તક
અધ્યયન પુનરાવર્તન, ચર્ચા કથા આદિ કરવાં તે સ્વાધ્યાય,
ધર્મ શુક્લ ધ્યાન ધ્યાવવાં તે ધ્યાન અને કષાય સાથે શરીર-
ત્યાગ કરવો તે ઉત્સર્ગ— આવી રીતે બાહ્ય અને અભ્યંતર
તપથી અનેક કર્મો ખરી જાય છે, બળી જાય છે, બાળી જાય
છે. એ બાર પ્રકારનાં તપના સંબંધમાં બહુ વિસ્તારથી વિચાર
કરવો એ આ લેખનમાં આવે છે. દશવૈકાલિક જેવા મહાપુરુષો

આ ભાવનાના આશ્રયથી પોતાનું મન સ્થાપી ગયા એવાં દૃષ્ટાંત આ ભાવનાનું સ્વરૂપ બતાવી આપે છે તપ (બાર) કેવી રીતે કરવો તે માટે શાસ્ત્રમાં વિધિ બતાવી છે, એ ભાવની સાધના થઈ શકે છે. અભ્યંતર તપ વધારે અગત્યનો છે અને ખાસ વિચારવા યોગ્ય છે એના અનેક ભેદોપભેદ થાય છે એ સર્વનો આ ભાવનામાં વિચાર કરવાનો છે

૧ લોકસ્વરૂપ ભાવના

દશમી લોકસ્વરૂપ ભાવનામાં લોકનું સ્વરૂપ વિચારવામાં આવે છે નીચે એક બીજાથી નીચે નીચે સાત નારકપૃથ્વી છે, વચ્ચે તિર્યગ્ લોક છે તેમાં મનુષ્ય અને જ્યોતિષી છે અને ઉપર બાર દેવલોક, ગ્રૈવેયક અને અનુત્તર વિમાન છે સર્વેથી ઉપર લોકને છેડે સિદ્ધસ્થાન છે આ સર્વ મળીને ચૌદ રાજલોક થાય છે, તેનો કેડે હાથ દઈ ઊભેલ પુરુષ જેવો આકાર છે કટિની નીચે સાત નારકીઓ છે કટિસ્થાને તિર્યગ્ લોક છે પેટના ભાગે દેવલોકો છે અને મુખ ઉપર અનુત્તર વિમાન અને કપાળસ્થાને સિદ્ધસ્થાન છે સાત રાજ નીચે પહોળાઈ છે તિર્યગ્ લોક એક રાજપ્રમાણ પહોળો લાંબો છે પાંચ રાજપ્રમાણ દેવલોકવાળા ભાગમાં વચ્ચે પહોળાઈ છે, અનુત્તર વિમાન પાસે એક રાજ પહોળાઈ છે અને ૪૫ લાખ યોજન વિસ્તારવાળી સિદ્ધશિલા છે સૌથી નીચે પહોળાઈમાં સાત રાજપ્રમાણ પ્રથમ નારકસ્થાન છે ત્યાંથી એક એક રાજ ઘટતું જાય છે તિર્યગ્ લોક એક રાજ પહોળો છે. આ ચૌદ રાજલોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલાસ્તિકાય અને જીવ એમ છ દ્રવ્ય રહેલાં છે. આનાથી

રહ્યા ચોંટ્યા છે જેમ કપડા ઉપર મેલ લાગ્યો હોય તે સાબુ-થી ખરી પડે છે તેમ તપના પ્રભાવથી આત્મા સાથે લાગેલાં કર્મો ખરી પડે છે અને તેથી તપ બહુ અગત્યનો વિષય છે. એકઠાં કરેલાં કર્મોને દૂર કરવાનો તપ સિવાય અન્ય માર્ગ નથી અને ત્યારે સપેદ આત્માને હઠીલાં કર્મોનો તે સિવાય અન્ય ઉપાય નથી. આ તપના વિવરણના બે મુખ્ય વિભાગ છે. બાહ્ય અને અભ્યંતર. ઉપવાસાદિ તપ કરવો તે અનશન, ઓછું ખાવું તે ઊણોદરિકા, દ્રવ્યનો સંક્ષેપ કરવો તે વૃત્તિસંક્ષેપ, રસવાળી વસ્તુઓનો ત્યાગ તે રસત્યાગ, લોચાદિ કષ્ટ સહન કરવું તે કાયક્લેશ અને શરીરનાં અંગોપાંગ સંકોચી રાખવાં તે સંલીનતા—આ છ બાહ્ય તપ છે એ શરીરને શોષી અને બાહ્ય દ્વારી અસર કરે છે અને રજોગુણ, તમોગુણ અટક કરી સત્ત્વગુણ વધારે છે તેટલા માટે મનોયોગમાં પણ અગત્યનો ભાગ ભજવે છે ખાસ કરીને એવી ઇંદ્રિયો પર સંયમ સારી રીતે આવી જાય છે. અભ્યંતર તપ એથી વધારે અગત્યનો વિષય છે. કરેલ પાપ માટે પશ્ચાત્તાપપૂર્વક પ્રાયશ્ચિત અધિકારી વડીલ પાસે લેવું એ પ્રાયશ્ચિત, વડીલને યોગ્ય માન આપવું તે વિનય, બાળ વૃદ્ધ ગ્લાનની સેવા કરવી તે વૈયાવચ્ચ, પુસ્તક અધ્યયન પુનરાવર્તન, ધર્મ કથા આદિ કરવા તે સ્વાધ્યાય, ધર્મ શુક્લ ધ્યાન ધ્યાવવા તે ધ્યાન અને કર્મક્ષય માટે કાયો-ત્સર્ગ કરવો તે ઉત્સર્ગ. આવી રીતે બાહ્ય અને અભ્યંતર તપથી અનેક કર્મો બળી જાય છે ખરી જાય છે ચાલ્યાં જાય છે. એ બાર પ્રકારનાં તપના સંબંધમાં બહુ વિસ્તારથી વિચાર કરવો એ આ લેખનામાં આવે છે. દૃઢપ્રહારી જેવા મહાપાપી

દુર્લભ છે. આમ નિર્ગમ થઈ જતાં નદીગોળપાષાણન્યાયથી વ્યવહારરાશિમાં આવી અનેક રીતે ભવ

૧૧ બોધિ ભાવના

ફરતો-ચક્કરતો પ્રાણી બાદર એકેંદ્રિયમાં આવી, વિકલેંદ્રિયમાં થઈ તિર્યંચ ગતિમાં ભમતો ભમતો મનુષ્યગતિમાં આવે છે. અહીં સુધી પહોંચવું જ પ્રથમ દરજ્જે ઘણું મુશ્કેલ છે. આવી મુશ્કેલીથી પ્રાપ્ત થયેલ મનુષ્યભવ પણ ઘણા પ્રાણીઓ કેવી રીતે ગુમાવી નાખે છે અથવા નકામો બનાવી મૂકે છે તે વિચારવા યોગ્ય છે. એ અનાર્ય કુળમાં જન્મ થાય તો નકામી રીતે ભવ પૂર્ણ થાય છે. સુંદર દેશ કે ઉત્તમ કુળ પ્રાપ્ત થાય તો પણ ત્યાં સદ્ગુરુનો યોગ થવો, ધર્મ ઉપર શ્રદ્ધા થવી, શરીરનું સ્વાસ્થ્ય રહેવું, યોગ્ય સામગ્રી મળવી એ સર્વ દુર્લભ છે. ખાણીપીણીની મોજ ઉડાવવામાં, નકામી કુથળી કરવામાં, રાજદ્વારી વાતોના ગપ્પા મારવામાં, અરતિ નિદ્રા કરવામાં, ખાવા-પીવાનાં સાધનો યોજવામાં, તેનાં સાધનોનો સંગ્રહ લેવામાં અને એવી અનેક બાબતમાં ભવ પૂર્ણ થાય છે. સંસારના ઝઘડા નકામી ખટપટ વિગેરેમાં આયુષ્ય ચાલ્યું જાય છે. ધર્મની વાત આવે ત્યાં ઊંઘ આવે છે, ધર્મ કરવાનો પ્રસંગ આવે ત્યાં મન સંસારમાં ચાલ્યું જાય છે—આવી રીતે ઘણાખરા પ્રાણીઓ પોતાનું કર્તવ્ય શું છે તે વિચારી શકતા નથી, મનુષ્યભવની કિંમત સમજતા નથી અને પ્રાપ્ત થયેલ ધર્મનું દુર્લભપણું જાણી શકતા નથી. આ બોધિરત્નનું સ્વરૂપ વિચારવું અને ખાસ કરીને એનું મુશ્કેલીથી પ્રાપ્ત થવાપણું વિચારવું એ આ ભાવનાનું ખાસ સ્વરૂપ છે. ખાસ કરીને વર્તમાન યુગ એવો વર્તે છે કે એમાં

આગળ ભવોમાં માત્ર એક આગામી જન્મ જ છે. જીવ અને પુદ્ગલનું મોટું રમવાનું નાટ્યસ્થાન છે રંગભૂમિ છે એમાં એક જન્મમાંથી બીજા જન્મમાં પ્રાણી ને પુદ્ગલ સબંધ કરે છે. નારકસ્થાનોમાં મહાદુઃખ છે સુખસ્થાનોમાં બહુ સુખ છે, એમાં અનેક પ્રકારના રંગ નિરંતર આવ્યા કરે છે લોકમાં મહાઅધમ પ્રાણીઓ અને ઉત્તમ ધ્યાન કરનાર મહાત્માઓ સર્વ હોય છે અને એટલી ભાવનાં જ્ઞાનથી અને દુઃખો પ્રાણી ભોગવી શકતી કે કાપી શકે એ સર્વ તેમાં હોય છે મનુષ્ય લોકમાં વિશેષ તો મનુષ્ય હોય છે નારકભૂમિમાં નારકી જીવો અને અસુરો હોય છે. ઉપર દેવલોકમાં સુરો આનંદ કરે છે સર્વ કર્મ રહિત પ્રાણી થાય છે ત્યારે સિદ્ધશિલા પર જઈ અનંત આનંદમાં અનંત કાળ નિવાસ કરે છે અનેક પ્રકારના અનુભવોનું સ્થાન આ ચૌદ રાજપ્રમાણનો લોક છે તે અનેક પ્રકારના વિચારનું સ્થાન પૂરું પાડે છે. એના સ્વરૂપને, એમાં રહેલા પ્રાણી અને બીજા દ્રવ્યોના સ્વરૂપને, તેના અનેક સ્થૂળ અને તિરોહિત ભાવોને વિચારતાં આખી વિશ્વ વ્યવસ્થાનું જ્ઞાન થાય છે એનો અકૃત્રિમ ભાવ સ્પષ્ટ થાય છે અને એનું અનાદિઅનંત સ્વરૂપ જણાય છે એ પર અનેક પ્રકારની વિચારણા આ ભાવનામાં થાય છે અને સર્વ બાબત પર ખરેખરો ખ્યાલ આવે છે અવલોકન વિશાળ થાય છે અને વિશાળ વિશ્વમાં પોતાનું સ્થાન શું છે અને કેવા સ્થાનને પ્રાપ્ત કરવાની પોતામાં શક્તિ છે તેનો ખરો ખ્યાલ આવે છે

અગિયારમી બોધિ ભાવનામાં પ્રાણી વિચારે છે કે નિગોદ માંથી નીકળીને ઊંચા આવવું તે પ્રથમ તો પ્રાણીને બહુ

ઉત્પત્તિ થાય છે અને એને ઉત્કૃષ્ટ સ્વરૂપમાં વિચારવામાં આવે તે ક્ષિણતામાં ને વિચારમાં કેવળ જ્ઞાનદર્શનપ્રાપ્તિ કરાવી છેવટે સિદ્ધદશા સુધી લઈ જાય એવું તેમાં સામર્થ્ય છે મન ઉપર કર્મબંધનો આધાર હોવાથી અને ભાવના મનને અને તે દ્વારા આત્માને સીધી અસર કરનાર હોવાથી એ યોગમાં બહુ અગત્યનું સ્થાન ભોગવે છે અને તેટલા માટે ભાવના યોગ એક જુદો યોગ ગણવામાં આવ્યો છે તે યથાયોગ્ય છે, એમ આપણને સાધારણ બુદ્ધિથી પણ જણાય છે આ ભાવનાઓના સંબંધમાં અનેક ગ્રંથો ભાષામાં આપવામાં આવ્યા છે પ્રત્યેક ભાવનાથી પ્રાણીઓ મોક્ષ પામી ગયા છે તે ખાસ વિચારવા યોગ્ય છે વિચાર કરતાં તેમાંથી બહુ સહજ પ્રાપ્ત થાય તેમ છે

૩ ધ્યાનયોગ.

ધ્યાન નામનો યોગ ભાવનાથી પણ આગળ પ્રગતિ બતાવે છે સ્થિર પ્રદીપ સદશ જ્ઞાનમાં પોતાથી વિપરીત બાબતને તજી દઈને શુભ બાબતને જ જોઈને જે પ્રશસ્ત અધ્યવસાય થાય અને સૂક્ષ્મ ઉપયોગ સહિત હોય તેને ધ્યાનયોગ કહેવામાં આવે છે એનું તાત્પર્ય એ છે કે—ધ્યાનયોગમાં એક બાબતમાં એકાગ્રતા એટલી બધી થાય છે કે પછી તેને અન્ય બાબત પર વિચાર થતો નથી અને બોધ થતો સ્થિર થઈ જાય છે. ચિત્તના આઠ દોષો અહીં અનુક્રમે નાશ થતા જાય છે તેથી ધ્યાનયોગ ક્રમે ક્રમે બહુ વૃદ્ધિ પામતો જાય છે એ આઠ દોષ નીચે પ્રમાણે છે: ૧. ખેદ–પ્રવૃત્તિ કરવાથી થાક લાગે તે ખેદ. આવો ખેદ જેને થયા કરે છે તેને પ્રણિધાનમાં

ધ્યાનયોગ

જીવનાત્મક વિરોધ છે. આવા સાધનમાં ચોંટવાનું વધારે થાય તેવા પ્રસંગો છે અને જીવનમાં હેતુઓ અને સાધ્યો પ્રયોજન પ્રસંગોથી દૂરી થઈ છે—તેવા જગતમાં શિથિલતાની અતિ વિરોધ રૂપક છે એ આ ભાવનામાં ખાસ વિચારવાનું છે.

આથી ધર્મ ભાવનામાં ધર્મથી પ્રાણીને કેટલું હિત થાય છે તે પર વિચારવા જેવું છે. દુર્ગતિમાં પડતાં પ્રાણીને ધારણ કરી રાખનાર ધર્મ પ્રાણીનો આશ્રય છે, જીવનો

૧૯. ધર્મ ભાવના

બંધુ છે, આપત્તિમાં મિત્ર છે, મુક્તિનો સ્વામી છે અને એ કારણે મહાસુખ આપનાર છે. જે જે સામગ્રીપ્રાપ્ત પ્રાપ્ત થઈ હોય, શરીર, સ્ત્રી, પુત્ર, ધનાદિની વિપુલતા થઈ હોય, સ્વરૂપ સમજવા જેવા સમાજ મળ્યા હોય—એ સર્વ એનો પ્રતાપ છે. ધર્મ એ કલ્પવૃક્ષ છે, એનાથી સર્વ પ્રકારનાં વાંછિત ફળે છે અને એનાથી સર્વ સંપત્તિ આવી મળે છે. દાન, શીલ, તપ અને ભાવરૂપ, ક્ષમા આદિ દશ યતિધર્મરૂપ અથવા બીજા અનેક સ્વરૂપ આ ધર્મનું સ્વરૂપ વિચારતાં મનમાં એક જાતનો પ્રકારનો આનંદ આવે છે કે એવો આનંદ સ્થૂળ વિષયોના અનુભવમાં કદિ પણ આવી શકતો નથી. ધર્મનો પ્રભાવ અદ્ભુત છે. એના રસ્તા સીધા છે અને એના પ્રરૂપક અતિ હિતોત્પાદક છે. એને સેવતાં અતિ આનંદ આવે છે અને ફળ અતિ ઉત્તમ થાય છે. આ ધર્મભાવનાનો વિચાર કરતાં અનેક પ્રાણીઓને બહુ લાભ થયો છે.

આ આઠ દૈવી હોકે હોક આનંદ અતિ વિશાળ છે. આવા વિચારવા જેવો છે. પ્રસંગોથી મહાલાભ થાય છે. આત્મિક

આયમ રહે છે અહીં અનાત્મામાં આત્મબુદ્ધિ થવાથી આગમ ક્રિયા અનુષ્ઠાન થતું નથી. એ અનુષ્ઠાન જેને અમૃતક્રિયા કહેવામાં આવે છે અને જે પર યોગભૂમિકામાં પહેલા વિવેચન થઈ ગયું છે તેથી ઉલટું છે અને જ્યાંસુધી અમૃતક્રિયા ન થાય ત્યાંસુધી મિથ્યાત્વનો નાશ થતો ન હોવાથી પ્રગતિ થતી નથી, માત્ર સામાન્ય લાભ થાય છે પણ જે ગુણસ્થાનકમાં પ્રાણી વર્તતો હોય છે ત્યાં જ તે રહે છે આગળ વધતો નથી. ૭ અન્યમુદ્–જે વિહિત ક્રિયા યથાવસર બતાવી હોય તેનાથી અન્ય ક્રિયાઓ ઉપર રાગ; એટલે કોઈ પુરુષોએ પ્રતિક્રમણ, પડિલેહણ, ચૈત્યવંદન, સ્વાધ્યાય વિગેરે ક્રિયાઓ બતાવી છે તેમાંથી જે કરવાની હોય તેના ઉપર રાગ ન થતાં તેથી આગળની બીજી ક્રિયા કરવાની વૃત્તિ અને કરવી ક્રિયા ઉપર અનાદર અથવા અનનુષ્ઠાન* ૮ રુગ્–અમુક અનુષ્ઠાનનો સર્વથા ઉચ્છેદ કરવો, તે લાભ કરનાર હોઈ શકે જ નહિ એવો નિયમ

---

* જે વખતે જે ક્રિયા કરવામાં આવતી હોય તે ક્રિયામાં મન અનર્પિત રહે અને તે ક્રિયાની અવધિ બાદ પછી કરવાની ક્રિયામાં મન જાય એવું જે બને તે પૈકી ટેવ છે. દાખલા તરીકે પ્રતિક્રમણ કરતી વખતે પડિલેહણમાં મન રહે અને પડિલેહણ કરતી વખતે સ્વાધ્યાયમાં મન રહે અને સ્વાધ્યાય કરતી વખતે ચૈત્યવંદનમાં મન રહે અને ચૈત્યવંદન કરતી વખતે વિનયમાં મન રહે. આવું સાધારણ રીતે ઘણીવાર બને છે એનું પરિણામ એ આવે છે કે એક પણ ક્રિયામાં મન ચોંટતું નથી. આ ટેવ અને ઘેર ટેવ ? ઉપર બતાવ્યો છે તેમાં નાખવા લાયક છે અને ક્રિયા પૂરી કરી [illegible] જ વખતે વખતે અનેક ક્રિયા બાબતની ટેવ પડે છે અને આ અનભ્યાસ ટેવમાં

ચિત્તની એકાગ્રતા થતી નથી તેથી ખેદનો અહીં ત્યાગ કરવું સૂચવન કર્યું છે ૨. ઉદ્વેગ-પ્રાણીઓને યોગના ઉપર અનાદર થાય તેને ઉદ્વેગ કહેવામાં આવે છે. શ્રીમાન્ કુટુંબમાં જન્મ થયો વગેરે યોગને બાધા કરવાના નિમિત્તભૂત થાય છે. ઉદ્વેગથી પ્રવૃત્તિ ન થઈ શકે ૩ ભ્રમ-મનમાં વિભ્રમ થયો તે, શુક્તિમાં રૂપાનું જ્ઞાન, રજ્જુમાં સર્પનું જ્ઞાન વિગેરે. આ કામ મેં કર્યું છે કે નહિ, ક્યારે કર્યું વિગેરે શંકાની ભાવના થતી તે. ચિત્ત સંસ્કાર વગર ચિત્ત કરવા માટે અને મનમાં સમજે કે મેં એમ કર્યું છે એવી વિચારણાને ભ્રમ કહેવામાં આવે છે. ૪ ઉત્થાન-પ્રશાન્તવાહિતા જેનું ઉપર વર્ણન આપવામાં આવ્યું છે તેનો જ્યાં અભાવ હોવાથી મનનો ઉદ્રેક થવાથી જેમ અભિમાની પુરુષ વર્તન કરે તેવો ત્યાગને માટે અત્યાગ-ત્યાગનો અભાવ અહીં પ્રાપ્ત થાય છે અહીં વર્તન શાસ્ત્રવિહિત રીતે કરે છે પણ એકાગ્ર વૃત્તિના અભાવથી તેનો ત્યાગ નકામો જેવો થઈ પડે છે ૫. ક્ષેપ-ક્રિયા કરતાં કરતાં વચ્ચે બીજી ક્રિયા કરવા વારંવાર ઉત્સાહ આવું એક બાબતમાં ચિત્તને સ્થિર કરવું નહિ. શુભ ક્રિયામાં પણ જે વખતે અમુક ક્રિયા ચાલતી હોય તેમાં જ એકાગ્રતા કરવાની હોય છે. જો અન્યચિત્ત અથવા એકાગ્રતા વગર બીજી ક્રિયામાં પણ મન પરોવવામાં આવે તો ધ્યાનભંગ થાય છે. એવી અન્ય બાબતમાં ચિત્તવૃત્તિ જોડી જનારને વારંવાર ઉખેડેલ શાલિના કુંડાની પેઠે યોગને અંગે કંઈ ફળ પ્રાપ્ત થતું નથી. ૬ આસંગ-અમુક અનુષ્ઠાનમાં જ વળગ્યા રહે, આગળ પરિણામ અને પ્રવૃત્તિમાં પ્રગતિ કરવા ઇચ્છા રહે નહિ તેને

આશય કરે છે અહીં અનાભોગમાં અહંબુદ્ધિ થવાથી આશય ક્રિયા અનુષ્ઠાન થતું નથી. જે અનુષ્ઠાન જેને અમૃતક્રિયા કહેવામાં આવે છે અને જે પર યોગભૂમિકામાં પહેલા વિવેચન થઈ ગયું છે તેથી ઉતરતું છે અને જ્યાંસુધી અમૃતક્રિયા ન થાય ત્યાંસુધી મોહનો નાશ થતો ન હોવાથી પ્રગતિ થતી નથી, માત્ર સામાન્ય લાભ થાય છે પણ જે ગુણસ્થાનકમાં આવી વર્તતો હોય છે ત્યાં જ તે રહે છે આગળ વધતો નથી ૭ અનનુષ્ઠાન—જે વિહિત ક્રિયા યથાયથ બતાવી હોય તેનાથી અન્ય ક્રિયાઓ ઉપર રાગ, એટલે શિષ્ટ પુરુષોએ પ્રતિક્રમણ, પડિલેહણ, ચૈત્યવંદન સ્વાધ્યાય વિગેરે ક્રિયાઓ બતાવી છે તેમાંથી જે કરતી હોય તેના ઉપર રાગ ન થતાં તેથી આગળની બીજી ક્રિયા કરવાની વૃત્તિ અને કરતી ક્રિયા ઉપર અનાદર આશય અનનુષ્ઠાન* ૮ મૃદ્—સમ્યગ્ અનુષ્ઠાનનો સર્વથા ઉચ્છેદ કરવો, તે લાભ કરનાર કોઈ હોઈ જ નહિ એવો નિશ્ચય

---

* જે વખતે જે ક્રિયા કરવામાં આવતી હોય તે કરવામાં મન અવ્યવસ્થિત રહે અને તે સિવાયની અન્ય આગળ પાછળ કરવાની ક્રિયામાં મન જાય એ તો મોટો દોષ છે. દાખલા તરીકે પ્રતિક્રમણ કરતી વખત પડિલેહણમાં મન રહે અને પડિલેહણ કરતી વખત સ્વાધ્યાયમાં મન રહે અને સ્વાધ્યાય કરતી વખત વૈયાવચ્ચમાં મન રહે અને વૈયાવચ્ચ કરતી વખત વિનયમાં મન રહે આવું સાધારણ રીતે ઘણીવાર વખત બને છે એનું પરિણામ એ આવે છે કે એક પણ ક્રિયામાં મન ચોંટતું નથી. આ દોષ અને ક્ષેપ દોષ જે ઉપર બતાવ્યો છે તેમાં તફાવત એ છે કે—ક્ષેપ દોષને અંગે ક્રિયા પૂરી કર્યા વગર જ વચ્ચે વચ્ચે જ્યાં ત્યાં અન્ય બાબુ ભાગવાની ટેવ પડે છે અને આ અન્યમુદ્ દોષમાં

કરશે અને અન્યને તેવો ઉપદેશ આપશે. આ આઠ પ્રકારની મનની સ્થિતિ જ્યાંસુધી વર્તતી હોય છે ત્યાંસુધી કદિ પણ ધ્યાનયોગની પ્રાપ્તિ થતી નથી. જે શાંત ઉદાત્ત પ્રાણી ચિત્તના આ આઠ દોષોનો નાશ કરે છે અને તેને આકસ્મિક રીતે પણ સ્પર્શ ન થઈ જાય એવી ભાવના બરાબર વિચારપૂર્વક રાખે છે તેને જ ધ્યાનયોગની પ્રાપ્તિ થાય છે.

આ ધ્યાનયોગનાં ઘણાં મોટાં ફળ છે જે ખાસ ધ્યાન ખેંચનારાં હોવાથી અત્ર તેનાં નામનિર્દેશ કરી આ ધ્યાનયોગનો વિષય પૂર્ણ કરીએ. તેમાં ધ્યાનનું પ્રથમ ફળ સર્વ ઇંદ્રિયાદિ પર વશમ થઈ જવાથી વશવર્તતા પ્રાપ્ત થઈ સ્વાધીનતા આવે છે એટલે અત્યારસુધી પ્રાણીને સર્વ બાબતમાં ઇંદ્રિયો ઉપર આશ્રય અન્ય મનુષ્યની કૃપા, દયા કે પ્રેમ ઉપર આધાર રાખવો

ક્રિયા તો ચાલતી હોય તે જ કરવામાં આવે છે પરંતુ ચિત્તની પરિસ્થિતિ આગલી આગલી ક્રિયામાં લાગે છે. આ દોષ બહુ સારી રીતે દરેક સમજનારે સમજીને વિચારવા યોગ્ય છે અનેક પ્રકારની ધર્મક્રિયા કરવા છતાં તેના ફળ બરાબર અંદર થતા નથી તેનું કારણ તે ક્રિયામાં એકાગ્રતા ન થતાં અન્ય કરવાની ઇચ્છા થયા કરે છે તે જ છે અને તેને લઈને સંસ્કાર દૃઢ ન થવાથી જન્માન્તરમાં તે સંસ્કારનો ઉદય થવાની આશા રાખવી એ પણ ન બનવા જેવું છે. પૈકી દરેક ક્રિયા કરવામાં હોય અને અન્યમુદ દોષ ત્યાગ કરીને દરેક વાર કરે છે તેનો વિચાર કરવાથી આ બાબત બરાબર ધ્યાનમાં આવશે. ચ. ભા.

* આ આઠ દોષનું વિસ્તારથી સ્વરૂપ ષોડશક ગ્રંથમાં બહુ સારું [illegible] છે. [illegible] શ્રીમદ્ હરિભદ્રસૂરિ તેના કર્તા છે અને તેના પર ઉપાધ્યાય [illegible] યશોભદ્રસૂરિની બે ટીકા છે. અને ટીકા પણ [illegible] થઈ છે

પડેલો હોય છે તે સર્વ મટી જઈ પોતાને સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે અને તેને અન્ય પ્રાણીની કે પુદ્ગલની ગરજ પડતી નથી. અહીં તાત્પર્ય એમ નથી કે-એ સર્વ પુદ્ગલબંધ છોડી દે છે પણ વાત એમ છે કે-પુદ્ગલ ઉપર મૂર્છા ન હોવાથી અને આશીભાવનો ત્યાગ થવાથી તેને પૂર્ણ સ્વતંત્રતા, સ્વવશતા, આત્મવશતા પ્રાપ્ત થાય છે આ ધ્યાનયોગના બીજા ફળ તરીકે અંતઃકરણના પરિણામનું નિશ્ચળપણું પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી જે મન ડામાડોળ કર્યા કરતું હતું, મનના ઘોડા દોડયા કરતા હતા તે હવે બંધ થઈ જાય છે અને ચિત્તની શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત થાય છે કારણ કે એકાગ્રતા, એ ધ્યાનનો ખાસ વિષય છે અને એકાગ્રતાને પરિણામે ચિત્તની નિશ્ચળતા થાય છે એ ધ્યાનયોગનું ત્રીજું ફળ. અનુબંધનો વ્યવચ્છેદ થાય છે એટલે સંસારને વધારનાર કર્મોના સંબંધનો તેથી અંત આવે છે જ્યાંસુધી ધ્યાનયોગ રહે છે ત્યાંસુધી બહુ ઉત્તમ દશા વર્તે છે અને કર્મની નિર્જરા થાય છે અને તેથી વિચારણા એવી સુંદર થાય છે કે-કર્મબંધન થાય એવી સ્થિતિથી દૂર રહેવાનો નિશ્ચય થઈ જાય છે આટલા માટે શાસ્ત્રકાર અપાય વિચય અને વિપાકવિચય ધ્યાનો જેનું સ્વરૂપ હવે પછી વિસ્તારથી વિચારવામાં આવશે તે બતાવે છે તેથી ઇંદ્રિય આશ્રવ, ઇ૦ વિગેરેના અનર્થોનું સ્વરૂપ ચિંતવવું તેનાં ફળો વિચારવાં-એથી ઉપર જણાવેલી સ્થિતિ સ્વતઃ પ્રાપ્ત થાય છે તેની અસર પણ સારી થાય છે અને પાપથી નિવૃત્તિ રહ્યા કરે છે

૪ સમતાયોગ

વ્યાવહારિક દૃષ્ટિથી અમુક વસ્તુઓ ઇષ્ટ અને અમુક

અનિષ્ટ થઈ પડે છે તેની કલ્પના પર વિવેકપૂર્વક તાત્ત્વિક બુદ્ધિથી સમ્યક્‌પરિણામ નામ સમતાયોગ ઓળખાય અને આ જગતને અનાદિ અભ્યાસથી અમુક વસ્તુને ઇષ્ટ માનવાની અને અમુકને અનિષ્ટ માનવાની ટેવ પડી ગઈ છે. એને લઈને તે કેટલીક વસ્તુ ઉપર રાગ કરે છે કેટલીક પર દ્વેષ કરે છે. તેમ જેમ શા માટે થાય છે તે તે પોતે પણ સમજતો નથી પામવાના સુખની ખાતર, સ્થૂલ ઇન્દ્રિયોની તૃપ્તિ ખાતર અને સ્વાર્થના પોષણ માટે તે મનમાં ઇષ્ટ અનિષ્ટનો નિર્ણય કરતા વગર થઈ જાય છે આવા અનાદિ અભ્યાસને અવિદ્યા નામ આપવામાં આવે છે. જ્યાંસુધી તત્ત્વપૂર્વક સમ્યક્‌ જ્ઞાન થતું ન હોય ત્યાંસુધી આવી ટેવને આધીન વર્તી માનવાનું રહે છે આવા તેના મનમાં આવી પ્રીતિ અપ્રીતિને આપનાર અને ન આપનાર વસ્તુ પરની ભાવને તજી દઈ જ્યારે તેના મનમાં નિશ્ચય થાય છે કે જે પદાર્થો એક એક વખતે વિરસકારી છે તે જ પદાર્થો બીજી વખતે આનંદ આપનાર થાય છે, તેવી અનેકાની રીતે તો કોઈ પદાર્થ ઇષ્ટ અનિષ્ટ નથી—આવા પ્રકારની સમબુદ્ધિ થવી, વસ્તુને વસ્તુ તરીકે ઓળખવાનો વિવેક પ્રાપ્ત થવો અને તેના સંબંધી તત્ત્વચિંતવન કરવું, વિશાળ બુદ્ધિથી તે પર વિચાર કરવો, અવલોકન કરવું અને અંતર વિચારને પરિણામે તેનું ખરું સ્વરૂપ સમજી તેના પર તુલ્ય દૃષ્ટિ રાખવી, સમભાવ રાખવો અથવા ઉપેક્ષા ભાવ રાખવો અને પોતાના ઇષ્ટ અનિષ્ટના ખોટા ખ્યાલને અથવા કલ્પનાઓને દૂર કરવા તેનું નામ સમતાયોગ કહેવામાં આવે છે આ સમતાયોગમાં દ્રવ્યાનુયોગના સ્વરૂપ

દ્રવ્યાનુયોગનો સંપૂર્ણ સમાવેશ થાય છે અને તે એટલો વિશાળ છે કે—તે પર જેમ જેમ વિચાર કરવામાં આવે તેમ તેમ તેમાંથી અનેક નવીન સત્યો નજર આગળ તરી આવે છે મનને પ્રમોદ આપે છે અને આત્મા પ્રસન્ન થાય છે સમતા શબ્દ માત્ર ઉપરો ઉપર જ ધ્યાનત્યાગ જેટલા સંકુચિત અર્થમાં વપરાય છે તે અર્થમાં અહીં સમજવાનો નથી. તે અર્થમાં વપરાતા સમતા શબ્દ પર અધ્યાત્મકલ્પદ્રુમના પ્રથમ સમતા અધિકારમાં વિવેચન કર્યું છે અહીં તો વિવેકપૂર્વક તત્ત્વવિચારણાના વિશાળ અર્થમાં સમતા શબ્દ વપરાયો છે અને તે એટલો વિસ્તૃત શબ્દ છે કે—તેમાં આખા જૈન અને જૈનેતર તત્ત્વજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે કહેવાની જરૂર નથી કે—સંકુચિત અર્થમાં સમતા શબ્દનો જે ઉપયોગ અન્યત્ર થયો છે તે અર્થનો પણ અત્ર નિર્દિષ્ટ કરેલા વિશાળ અર્થમાં સમાવેશ થઈ જાય છે એક ખાસ મુદ્દાની વાત એ છે કે—ધ્યાન વગર સમતાયોગ સાંપડતો નથી અને સમતાયોગ વગર ધ્યાન સાંપડતું નથી અને બન્ને જ્યારે સાથે હોય છે ત્યારે એક બીજાને વધારી વધારે સારી સ્થિતિમાં મૂકી પરસ્પર સહકાર જામે છે આથી ધ્યાનયોગ સાધનારને આ સમતાયોગની પૂરેપૂરી જરૂરીઆત છે. આ સમતાયોગમાં જે પ્રાણી આરાધના કરતો હોય છે તેને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થયેલી હોય છે પણ તેની તત્ત્વબુદ્ધિ એટલી સ્થિર થયેલી હોય છે કે તેવી લબ્ધિઓ અથવા અસાધારણ શક્તિઓનો તે કદિ ઉપયોગ કરતો નથી, તે તેનું સ્થૂળ સ્વરૂપ સમજે છે અને તેમાં કદિ પણ લલચાઈ જતો નથી અને તેનાં સૂક્ષ્મ ક્રમનો પણ આ

યોગમાં ક્ષય થઈ જાય છે તેથી ક્ષાયિક ચારિત્ર જેને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે તેને આવરણ કરનાર અને કેવળજ્ઞાનદર્શનને આવરણ કરનાર કર્મોનો પણ આ યોગમાં ક્ષય થઈ જાય છે અને સંસારઅપેક્ષારૂપ તંતુનો વિચ્છેદ થઈ જાય છે; એટલે સંસારમાંથી કોઈ પણ પ્રકારનું સુખ મેળવવાની કાંઈ પણ અપેક્ષા તેને રહેતી હતી તે સર્વનો આ સમતાયોગથી છેદ થઈ જાય છે આવી રીતે આ સમતાયોગનાં ત્રણ ફળ બતાવ્યાં તે સમજવામાં આવી ગયાં હશે. ઋદ્ધિ અપ્રવર્તન, સૂક્ષ્મ કર્મનો ક્ષય અને અપેક્ષાતંતુનો વિચ્છેદ—એ ત્રણે આ સમતાયોગનાં ફળ છે એ નિર્વિવાદ વાત

૫ વૃત્તિસંક્ષયયોગ.

અન્યજ વિકલ્પમાળારૂપ વૃત્તિઓનો ફરી વખત ઉદ્ભવ ન થાય તેવી રીતે રોધ કરવો તેનું નામ વૃત્તિસંક્ષયયોગ કહેવામાં આવે છે આ આત્મા સ્થિર સમુદ્ર જેવો છે પણ તેનામાં તરંગ નથી બહારથી જ્યારે પવન આવે છે ત્યારે તેનામાં સંકલ્પરૂપ તરંગો ઉત્પન્ન થાય છે મન અને શરીર સંયોગરૂપ પવનથી તેનામાં અનેક વિકલ્પો ઊઠે છે એ અન્યજ વિકલ્પમાળાનો એવી રીતે નાશ કરવો કે ફરી વખત તેની ઉત્પત્તિ જ ન થાય ફરી વાર સ્પંદનાત્મક ઊઠે જ નહિ એવા પ્રકારના સર્વથા રોધને વૃત્તિસંક્ષયયોગ કહે છે આ યોગ કેવળજ્ઞાનદર્શનપ્રાપ્તિ વખતે અને નિવૃત્તિપ્રાપ્તિ વખતે થાય છે કારણ કે અગાઉ પણ વૃત્તિનો નિરોધ તો થયા કરે છે, પરંતુ તેમાં સર્વથા રોધ થતો નથી આ યોગનાં મુખ્ય ફળ છે કેવળજ્ઞાનની પ્રાપ્તિ શૈલેશીકરણ અને મોક્ષની પ્રાપ્તિ. વૃત્તિ

રોધને અંગે અહીં મનનો રોધ કેવી રીતે અને શા માટે કરવો તે સંબંધી મહાન્ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અન્ય યોગીઓ ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહે છે તેવી રીતે મનને મારી નાખવાથી—દાબી દેવાથી કાંઈ લાભ થતો નથી; તેટલા માટે શાસ્ત્રકારે એવી સુંદર વ્યવસ્થા બતાવી છે કે તેથી અમુક અવસ્થા સુધી મનનો શુભ ઉપયોગ થાય અને જ્યારે તેનાથી કેવલજ્ઞાન થઈ જાય અને તેનો ખપ જ ન રહે ત્યારે તેનો સ્વાભાવિક રીતે જ રોધ થઈ જાય. અહીં એટલું યાદ રાખવાની જરૂર છે કે—શ્રુતજ્ઞાનમાં મનદ્વારા વિચાર થાય છે અને જ્યારે ક્ષાયિક જ્ઞાનોદય થાય છે ત્યારે આત્મા પોતે જ જાણી શકે છે તે જ્ઞાનમાં મનની જરૂરીઆત રહેતી નથી. આથી મનોગુપ્તિની અવસ્થા બતાવતાં શાસ્ત્રકારે બતાવ્યું છે કે—પ્રથમના અધ્યાત્મ, ભાવના ધ્યાન અને સમતાયોગમાં મનની શુભ પ્રવૃત્તિરૂપ મનોગુપ્તિ પ્રાપ્ત થાય છે, મનને તે યોગો વખતે કેવી રીતે શુભ બાબતોમાં જોડી દેવું એનાં સાધનો અનેક રીતે બતાવ્યા છે અને નઠારી બાબતોમાંથી મનને નિવૃત્ત કરી સ્થિર કરવારૂપ—એકાગ્ર કરવારૂપ ગુપ્તિ થાય છે અને પાંચમા વૃત્તિસંક્ષયયોગમાં મનનો તદ્દન રોધ થાય છે આથી મનોગુપ્તિના પ્રવૃત્તિ અને સ્થિરતારૂપ વિભાગ પાડ્યા છે તે બહુ વિચારવા યોગ્ય છે અને તેને લઈને જે વ્યવસ્થા યોગના લક્ષણમાં અન્યમત પ્રમાણ છે તેનો જૈનયોગમાં નિયમ થઈ જાય છે

પ્રથમના ચાર યોગોમાં ઉત્તરોત્તર યોગપ્રાપ્તિ અવિરોધ થતી જાય છે અને બહુ ઉત્ક્રાન્તિ થતી જાય છે પાંચમા યોગમાં

અર્ચિ મનાયન ૧, ૩૨૮

તેની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે મનોગુપ્તિને અંગે ત્રણ સ્થિતિ પ્રાપ્ત થાય છે: કલ્પનાજાળથી વિયુક્ત, સમભાવમાં સુપ્રતિષ્ઠિત અને આત્મભાવમાં પ્રતિબદ્ધ. આ ત્રણ સુંદર ભાવો પ્રાપ્ત થાય છે મનોગુપ્તિના આ ભાવ ઉત્કૃષ્ટ પણે યોગથી જ પ્રાપ્ત થાય છે તે પ્રત્યેક યોગની વ્યાખ્યા વિચારવાથી સમજાશે. આવી જ રીતે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એનું સ્વરૂપ વિચારવા અત્ર સ્થળસંકોચથી અવકાશ લીધો નથી તેની ઉપયુક્તતા પણ યોગને અંગે બહુ છે અને વાસ્તવિક રીતે તે યોગ જ છે. અનન્ય પ્રસ્તુતની અનુકૂળતા કરી તો હવે પછી આઠ પ્રવચનમાતાને અંગે વિચાર કરવું અત્ર જણાવવાનું એટલું છે કે—આ આઠ પૈકી અતિ અગત્યની મનોગુપ્તિ છે તેની આચરણમાં બહુ સાવધાનતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે કારણ કે ઉત્કૃષ્ટ યોગ તેનાથી પ્રાપ્ત થાય છે અને સમ્યક્ત્વપ્રાપ્તિ થતાં જ તે ચેતનને પ્રાપ્ત થાય છે મતલબ આખા યોગના માર્ગમાં મનોગુપ્તિ બહુ અગત્યનો ભાગ ભજવે છે આઠ પ્રવચનમાતા એ ઉત્કૃષ્ટ યોગ હોવાથી તેનું સ્વરૂપ સમજી લેવું જરૂરનું છે અતિ વિસ્તારથી તે કહેવાનો અત્ર પ્રસંગ તેમ જ અવકાશ નથી, પણ ટૂંકામાં કહીએ તો વસ્તુ લેવા મૂકવામાં, બોલવામાં, ખાવામાં, ગમનાગમનમાં અને વિચાર વિમર્શમાં સમુચિત યોગ્ય પ્રવૃત્તિ અથવા સ્થિરત્વ એ સમિતિ ગુપ્તિથી પ્રાપ્ત થાય છે. યોગના અતિ અગત્યના પાંચ વિભાગ પર આપણે વિગતથી વિચાર કર્યો એ ઘણો બહુ જરૂરનો છે અને આપ સમજવા યોગ્ય છે બીજુ વિસ્તારથી સ્વરૂપ સમજવા માટે શ્રીમદ્ યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ, યોગવીશી, યોગબત્રીશી વગેરે ગ્રંથો જોવા.

રહે, તેવા પ્રાણી વખતે અવખતે આગમ પ્રમાણે ચૈત્યવંદનાદિ કરે તો પણ તેમાં યથાવિહિત વિધિનો ઉપયોગ ન હોય—આવા પ્રાણીના યોગને શાસ્ત્રકાર ઇચ્છાયોગ એવું નામ આપે છે. જ્યાં ઉંચા સ્થળ સુધી યોગ કરવાનો હોય તેમાં પ્રમાદ કરી પણ યોગ સાધન કરવામાં ન આવે પણ કરવાની ઇચ્છા રહે તેને ઇચ્છા યોગ કહેવામાં આવે છે તેમાં સાધારણ વંદન નમસ્કાર વિગેરે ક્રિયાઓ સર્વ પણ થઈ જાય તો તેથી ઇચ્છાયોગની વ્યાખ્યામાં કાંઈ વિરોધ પ્રાપ્ત થતો નથી.

શાસ્ત્રયોગ

ઇચ્છાયોગમાં જે વિકળતા હોય છે તે અહીં દૂર થાય છે. શાસ્ત્રમાં બતાવેલી રીત પ્રમાણે આસ્તિક્યતાપૂર્વક અપ્રમાદ સાથે અપ્રમાદી પ્રાણી યથાશક્તિ ક્રિયાઓ કરે તેને શાસ્ત્રયોગ કહેવામાં આવે છે. ઇચ્છાયોગમાં જે પ્રમાદ હોય છે તે અહીં રહેતો નથી તેમ જ અહીં આગમ ઉપરની પ્રીત ઘણા સારી રીતે જાગ્રત થાય છે અને જે ક્રિયા કરે છે તે સર્વ પણ કરે છે ઇચ્છાયોગમાં સારી સારી ઇચ્છાઓ થાય છે અને પ્રવૃત્તિ કરવામાં આવે છે પણ યોગશુદ્ધિ થતી નથી, કારણ કે તેમાં યથાવત્ પ્રવૃત્તિની ખામી રહે છે જ્યારે યથાવત્ પ્રવૃત્તિ થાય છે ત્યારે શાસ્ત્રયોગ કહેવાય છે ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ વચ્ચેનો તફાવત આટલા ઉપરથી સમજાયો હશે. ઇચ્છાયોગ કરતાં શાસ્ત્ર યોગમાં પ્રગતિ વધારે હોય છે અને અનુક્રમ તેની ભૂમિકા પણ વધારે સારી હોય છે શાસ્ત્રયોગમાં ત્યાગ-વૈરાગ્ય પણ વધારે સારો હોય છે આ શાસ્ત્રયોગ ઉત્તમ ભૂમિકામાં રહેલ સાધુ અથવા તે જ ભૂમિકામાં રહેલા દેશવિરતિ ગુણસ્થાનને સ્પર્શેલો

જણાવે છે બીજા સામર્થ્યયોગની વિચારણા પછી આ બાબત બરાબર સ્પષ્ટ થઈ જશે.

સામર્થ્યયોગ

શાસ્ત્રમાં યોગસિદ્ધિના હેતુઓ બતાવ્યા હોય તે ઉપરાંત વધારે સાક્ષાત્કાર થયેલો અને થતો જતો હોવાથી શક્તિના ઉદ્રેકપણાથી (વૃદ્ધિથી) વિશેષ હેતુઓ પુરુષાર્થ વાપરીને શોધવા અને કરવા તેને સામર્થ્યયોગ કહેવામાં આવે છે સિદ્ધિપ્રાપ્તિ માટે શાસ્ત્રકારે અનેક ઉપાયો બતાવેલા છે પણ તે વર્ણન સંપૂર્ણ હોઈ શકે જ નહિ તેમ હોય તો શાસ્ત્ર વાંચવાથી જ સર્વજ્ઞપદ પ્રાપ્ત થઈ જાય. આ પ્રમાણે હોવાથી અને અધિગત સામ્યસાધનમાં ઊંચી રીતે ભક્તિ પરત્વે ફેરફાર રહેતો હોવાથી આવા હેતુઓ શોધી તેને અમલમાં મૂકવા માટે પુરુષાર્થ કરવો—સ્વવીર્યસ્ફુરણા કરવી એનું નામ સામર્થ્યયોગ કહેવામાં આવે છે આવી અતિ ઉત્કૃષ્ટ જ્ઞાનદશા અને ચારિત્ર માત્ર પ્રાતિભજ્ઞાનનો વિષય છે એ પ્રાતિભજ્ઞાન પાંચ જ્ઞાનમાંનું જ એક જ્ઞાન છે જેમ સૂર્યોદય થયા પહેલાં અરુણોદય થાય છે તેમ કેવળજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થયા પહેલાં આ જ્ઞાન થાય છે એ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન વચ્ચેની મહાન્ સ્થિતિનું સૂચક તીવ્ર તત્ત્વબોધ પ્રગટપણે બતાવનાર અને તેવા બોધનો સાક્ષાત્કાર કરાવનાર જ્ઞાન છે એ અનુભવથી વેદ્ય જ્ઞાન હોવાથી એનું વર્ણન સામાન્ય રીતે ખ્યાલમાં આવવું મુશ્કેલ છે પરંતુ એમાં સાધ્યનું દર્શન સ્પષ્ટ થાય છે અને પોતે તેની નજીક જતો હોય તેમ સ્પષ્ટ દેખાય છે આ મહાઉત્કૃષ્ટ દશા બે પ્રકારની છે: ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ. તેમાંની

પ્રથમ ધર્મસંન્યાસ તથા અપ્રમત્ત થયા પછી જ્યારે આઠમે ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી માંડે ત્યારે થાય છે. આ જીવ અપૂર્વ કરણ વખતે જે મહા આત્મસામર્થ્યની સ્થિતિ પ્રાપ્ત કરે છે તેને શાસ્ત્રકાર ધર્મસંન્યાસ સામર્થ્યયોગનો પ્રથમ ભાગ જણાવે છે. આ વખતે આત્મસ્ફુરણા તીવ્ર થાય છે પરંતુ સ્થિતિ થતી નથી અને વખતનો ક્રમ પણ રહેતો નથી. એ અતિ સુંદર દશાને જ્ઞાનીઓ પણ વર્ણવી શકે તેમ નથી એમ તેઓ કહે છે. અતિ આનંદજનક આ ઉત્કૃષ્ટ સ્થિતિને અન્ય યોગ ગ્રંથકારો 'ઋતંભરા' શબ્દથી ઓળખાવે છે એને જૈન યોગગ્રંથો પ્રાતિભજ્ઞાન કહે છે આસ૦ પણ કહે છે કે—આગમથી, અનુમાનથી અને યોગાભ્યાસના રસથી એ ઉત્કૃષ્ટ ઋતંભરા પ્રજ્ઞા પ્રાપ્ત થાય છે. એવી ઉત્કૃષ્ટ પ્રજ્ઞા જે કેવળજ્ઞાનની પહેલાં પ્રાપ્ત થાય છે તે વખતે ચારિત્ર પણ ઉત્કૃષ્ટ વર્તે છે. એ ચારિત્રને 'યથાખ્યાત ચારિત્ર' એવું અભિધાન આપવામાં આવે છે. આ અતિ ઉત્કૃષ્ટ ચારિત્ર અને જ્ઞાનદશામાં વર્તતા ચેતનનાં અનાદિનાં કર્મોનો એકદમ નાશ થવા માંડે છે અને તે એવી ઉપર આરૂઢ થઈ બહુ અલ્પ કાળમાં અનેક ચીકણાં કર્મોને ભસ્મ કરી નાખે છે. અહીં આત્મપરિણામની નિર્મળતા એટલી વધી જાય છે કે તેના સામર્થ્યથી જન્મના અનંત ભવોનાં તમામ કર્મોને બે ઘડીમાં પોતે એકલો આત્મસામર્થ્યથી બાળી નાખી શકે એવું અદ્ભુત સામર્થ્ય છે અને તેની એ ખાસીયત છે કે પોતાના આશયને તપાવ્યા વગર તે છોડતા નથી.

આ સામર્થ્યયોગના બે મોટા વિભાગ કરવામાં આવેલા છે: ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ. પ્રથમ વિષે ઘણું

ક્ષયોપશમજન્ય હતી તે અભિમુખતાએ (ક્ષાયિક ભાવે) પ્રાપ્ત થાય તેને ધર્મસંન્યાસ કહેવામાં આવે છે; એટલે ક્ષમા માર્દવ, આર્જવ, લોભત્યાગ, તપ, સંયમ સત્ય શૌચ, આકિંચનત્વ અને બ્રહ્મચર્ય એ દશ ધર્મો અને બીજા સર્વ ત્યાગભાવના ધર્મો અહીં એવી સારી રીતે પ્રાપ્ત થાય છે કે—તે પ્રાપ્ત થયા પછી જતા નથી મતલબ એમ છે કે—અત્યાર સુધી તે ધર્મો કોઈ વાર આવે, કોઈ વાર ચાલ્યા જાય એમ થતું હતું (એવા ભાવને ક્ષાયોપશમિક ભાવ કહેવામા આવે છે); હવે તે ધર્મમાં સ્થિતિ કાયમ રહે છે એમ થાય છે (એ ભાવને ક્ષાયિક ભાવ કહે છે) અને બીજા યોગસંન્યાસમા શરીરાદિ વ્યાપાર ઉપર અંકુશ આવી જાય છે અને યથાસ્વરૂપે યોગની પ્રાપ્તિ થાય છે ધર્મસંન્યાસ યોગ આઠમા નિવૃત્તિ ગુણસ્થાનકે બીજી વખત અપૂર્વકરણ કરે છે ત્યારે પ્રાપ્ત થાય છે એટલે અપ્રમત્ત યતિ જ્યારે ક્ષપકશ્રેણી આદરે છે ત્યારે તેને તાત્ત્વિક રીતે ધર્મસંન્યાસ પ્રાપ્ત થાય છ તાત્ત્વિક રીતે યથાસ્થિત ધર્મસંન્યાસ આ સ્થિતિમાં જ પ્રાપ્ત થાય છે એનું કારણ એમ છે કે એ પહેલા ધર્મસંન્યાસ થાય છે પણ તે અતાત્ત્વિક હોય છે જ્યારે પ્રાણી ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કરે છે ત્યારે જ તેને ક્ષાયિક ભાવે તે ધર્મો પ્રાપ્ત થાય છે સાધારણ રીતે તો પ્રવ્રજ્યા ગ્રહણ કરે ત્યારે પણ ધર્મપ્રાપ્તિ થાય છે પરંતુ તે સાધારણ છે આ ધર્મસંન્યાસની યોગ્યતા તો ભવવિરક્તને જ શક્ય છે શાસ્ત્રકાર દીક્ષાને યોગ્ય કોણ હોઈ શકે તેનું સ્વરૂપ બતાવતાં કહે છે કે—

આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ હોય, વિશિષ્ટ જાતિ અને કુળવાળો હોય, કર્મમળબુદ્ધિ જેની લગભગ ક્ષીણ થઈ ગઈ હોય તેવો,

જે પોતાના મનમાં વિચારતો હોય કે મનુષ્યભવ દુર્લભ છે જન્મ મરણ નિમિત્ત માત્ર છે ધનસંપત્તિ બળ છે વિષયો દુઃખના હેતુ છે સંયોગ માત્રનો વિયોગમાં અંત આવે છે પ્રતિક્ષણ મરણ થયા જ કરે છે અને તેનો સંબંધ પણ તેટલો જ રહે છે ભોગનો વિપાક અતિ આકરો છે—આવા આવા સુંદર વિચારો જે પ્રાણી કરતો હોય અને એવા વિચારથી જે સંસારથી વિરક્ત રહેતો હોય, જેના કષાયો અલ્પ હોય જેને હાસ્ય વિગેરે અલ્પ હોય, જે ઉપકારનો જાણકાર હોય, જે વિનયવાન્ હોય, જે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા પહેલાં પણ રાજા, પ્રધાન, નગરવાસી વિગેરેમાં બહુમાન પામેલો હોય જે કોઈનો દ્રોહ કરનાર ન હોય, પરંતુ કલ્યાણ કરનાર હોય, શ્રાદ્ધગુણ-સંપન્ન હોય—આવી સ્થિતિનો જે પ્રાણી ઉત્કૃષ્ટભાવમાં વર્તતો હોય તે પ્રવ્રજ્યાને યોગ્ય ગણાય છે અને તે વાસ્તવિક રીતે ધર્મસંન્યાસવાન્ થઈ શકે છે કારણ કે અહીં જ્ઞાનયોગની પ્રતિપત્તિ થાય છે એવો પ્રાણી ન હોય તે જ્ઞાનયોગને આરાધી શકતો નથી અને જે આવો હોય છે તે આરાધતો જ નથી એમ બને પણ નહિ એમ વિચારવું. આટલા ઉપરથી સમજાયું હશે કે ઉપર ઉપરનો બાહ્ય ધર્મસંન્યાસ તો છઠ્ઠે ગુણસ્થાનકે પ્રાપ્ત થઈ શકે છે પરંતુ તાત્ત્વિક ધર્મસંન્યાસની પ્રાપ્તિ તો આઠમા ગુણસ્થાનકે જ થાય છે એ વખતે પ્રાણીની કેવળ બોધ થવાની યોગ્યતા થાય છે અને તેના ક્ષાયોપશમિક ભાવો નાશ પામી જાય છે આ ધર્મસંન્યાસના યોગના વધારાથી ક્રોધ વિગેરે ઘનઘાતી કર્મોનો નાશ થઈ જાય છે અને પ્રાણી એકદમ પ્રગતિ કરી આગળ વધતો જાય છે આ બીજા અપૂર્વકરણ વખતે પ્રાણી

ક્ષપકશ્રેણી માંડે છે પ્રથમ અપૂર્વકરણ વખતે ગ્રંથિભેદ કરે છે એ આપણે ઉપર જોઈ ગયા છીએ. તેરમા ગુણસ્થાનકના અંતમાં દરેક કેવળી આયોજીકરણ કરે છે અને તે પછીના મુહૂર્તમાં અયોગી સ્થિતિ પ્રાપ્ત કરે છે શૈલેશી અવસ્થા પ્રાપ્ત થતાં જે મહાઉત્કૃષ્ટ યોગ પ્રાપ્ત થાય, શરીરયોગ પર વર્તન અંકુશ આવી જાય તેવા યોગને—અયોગી ગુણસ્થાનક (ચૌદમા) ની અવસ્થાને યોગસંન્યાસ કહેવામાં આવે છે યોગનો અયોગ તે યોગ એવી જે યોગની વ્યાખ્યા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે કરી છે તે આ ઉત્કૃષ્ટ યોગસંન્યાસમાં મનોયોગના ત્યાગરૂપ અથવા યોગ ઉપર અંકુશરૂપ સમજવી. એ યોગસંન્યાસયોગમાં યોગી નિરુદ્ધાવસ્થાને પ્રાપ્ત થાય છે અને છેવટે અયોગીભાવ પ્રાપ્ત કરી શુક્લધ્યાનના ચતુર્થ પાદ પર પંચ હ્રસ્વાક્ષર કાળસ્થિતિ કરી સાધ્યપ્રાપ્તિ થાય છે આ યોગસંન્યાસ અંતિમ યોગભૂમિકા (આઠમી)ની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવે છે ધર્મસંન્યાસ તાત્ત્વિક અને અતાત્ત્વિક છે તેમાં અતાત્ત્વિક બાહ્યાચારરૂપે છે તે પ્રથમ ભૂમિકાએ હોય છે તાત્ત્વિક ધર્મસંન્યાસ યોગની પર ભૂમિકા (આઠમી)માં જ પ્રાપ્ય છે પરંતુ તે આ ભૂમિકાની શરૂઆતમાં પ્રાપ્ય છે અને તેની પરાકાષ્ઠાએ યોગસંન્યાસ થાય છે અને છેવટે અષ્ટમ ભૂમિકાથી પણ આગળ ગતિ કરી ચેતન પર આત્મભાવ પામે છે

યોગના આ ઇચ્છાયોગ શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એવા ત્રણ ભેદ પાડ્યા છે તે બહુ વિચારણા યોગ્ય છે એ સંબંધી વિશેષ વિવેચન કરવાની જરૂર છે પણ તે માટે વધારે શાસ્ત્રાવગાહનની આવશ્યકતા છે શ્રી હરિભદ્રસૂરિએ યોગદૃષ્ટિસમુચ્ચયમાં

તે સબંધી જે વાત કરી છે તદનુસાર અહીં ગ્રંથકાર સંક્ષેપથી વસ્તુનિર્દેશ કરેલ છે. હવે આપણે યોગીના ભેદો કેટલા હોઈ શકે તે વિચારી જોઈએ.

યોગીઓના ભેદો : ૧. કુળયોગી.

જે યોગીના કુળમાં ઉત્પન્ન થયેલા હોય અને તેના કુળ ધર્મને અનુસરનાર હોય તેને કુળયોગી કહેવામાં આવે છે. આ લક્ષણ દ્રવ્યથી સમજવું. ભાવથી કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ સર્વ જીવોનો આ વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે છે. આ કુળયોગીની બાબત જે વ્યાખ્યા આપવામાં આવી છે તે જરા આકરા લાગે છે. મતલબ કે-દ્રવ્યથી જે વ્યાખ્યા આપવામાં આવે તે આવા જ પ્રકારની હોવી સંભવિત છે. એનો વિશેષ ખ્યાલ એવા યોગીના સ્વરૂપ ઉપરથી આવી શકશે. એઓ કોઈના ઉપર દ્વેષ રાખનાર ન હોય, એઓ ધર્મપ્રભાવના કરનાર ગુરુ અને સાધુવર્ગ ઉપર પ્રેમ રાખનાર હોય અને એઓ પ્રકૃતિથી જ દયાળુ હોય તેમ જ એઓ કુશળ હોય અને બોધવાળા હોય તેઓ કુળયોગી કહેવાય છે. આ ગુણ ઉપરાંત તેઓ જિતેંદ્રિય પણ હોવા જોઈએ, કારણ કે તેઓમાં ચારિત્રનો સદ્ભાવ છે. આ વ્યાખ્યા પ્રમાણે એઓ સાધ્યની સ્થિતિમાં રહ્યા હોય તેઓને દ્રવ્યથી કુળયોગી કહી શકાય. કુશળતા દયાળુતા અને દેવ, ગુરુ અને ધર્મ ઉપર પ્રીતિભાવ આ પાંચમ ભૂમિકામાં જ પ્રાપ્ય છે. અહીં કેટલીક વાર દ્રવ્યથી સાધુઓ જેનામાં હોય તેને પણ કુળયોગી ગણી લેવામાં આવે છે તેથી એની વ્યાખ્યા પણ તેમને શામેલ ગણી શકાય તેમ રાખી છે. આ કુળયોગીઓની વ્યાખ્યામાં ઘણો વિચાર કરવાનો છે. કારણ

કે તેમાં કેટલીક બાબત બાહ્ય વર્તનને ધ્યાન મળી જાય તેમ છે પણ તેથી કોઈ પણ પ્રકારની સિદ્ધિ નથી તેથી કદાચ બાહ્યદૃષ્ટિ આપીને એમાં સમાવેશ કર્યો હોય અને વ્યાખ્યા જોતાં બરાબર છે એમ જણાય છે તો તેમાં કોઈ વાંધા જેવું નથી.

૨ પ્રવૃત્તચક્રયોગી

યમ ચાર પ્રકારના છે : ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ અને સિદ્ધિયમ. આ ચાર યમ પૈકી પ્રથમના બે યમ જેને પ્રાપ્ત થયા હોય અને બાકીના બે યમ પ્રાપ્ત કરવાની જેમને ઇચ્છા હોય અને જેનામાં શુશ્રૂષા વિગેરે ગુણો હોય તેને પ્રવૃત્તચક્રયોગી કહેવામાં આવે છે જેને ત્રણ અવંચક ભાવો પૈકી પ્રથમ યોગાવંચક ભાવ પ્રાપ્ત થયો હોય અને જેને બીજા બે ક્રિયાવંચક અને ફલાવંચક ભાવની પ્રાપ્તિ કરવાની ઇચ્છા હોય તે આ ગણવામાં આવે છે. આ પ્રવૃત્તચક્રયોગી તે સંવિગ્ન પક્ષીના નામથી જૈન આગમમાં ઓળખાય છે. આ પ્રવૃત્તચક્રયોગીઓનું સ્વરૂપ ખાસ વિચારવા જેવું છે. પાંચ યમ આપણે સારી રીતે જાણીએ છીએ : અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અકિંચનત્વ. એના પર હવે પછી સહજ વિવેચન પણ થશે, કારણ કે તે યોગનું પ્રથમ અંગ છે. બીજી રીતે યમના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે જેનાં નામ ઉપર આપવામાં

ચાર યમસ્વરૂપ

આવ્યાં છે. જે પ્રાણીઓએ યમ કરેલા હોય તેની કથા સાંભળવામાં આનંદ આવે અને તેવા યમ કરવાની ઇચ્છા થાય તેને ઇચ્છાયમ કહેવામાં આવે છે. ઉપશમભાવપૂર્વક યમનું પાલન

કરવું તે બીજો પ્રવૃત્તિયમ કહેવાય છે. ક્ષયોપશમથી આગળ વધીને અહીં પ્રવૃત્તિ થાય છે. ક્ષયોપશમ ભાવથી અતિચારની ચિંતા રહિતપણે જે યમનું પાલન કરવામાં આવે તેને ત્રીજો સ્થિરયમ કહેવામાં આવે છે. અહીં ઉપશમ ભાવને લઈને ક્ષાયોપશમિક ભાવ પ્રાપ્ત થાય છે. આ સ્થિરયમવાળો પ્રાણી જે યોગક્રિયા કરે છે તે પ્રવૃત્તિથી જ અતિચાર રહિત થાય છે. શુદ્ધ અંતરાત્મામાં ઉત્કૃષ્ટ સિદ્ધિદાયક યોગની અચિંત્ય વીર્યોલ્લાસપૂર્વક ક્રિયા કરવામાં આવે તેને ચોથો સિદ્ધિયમ કહેવામાં આવે છે. આ સિદ્ધિયમમાં એટલી ઉત્કૃષ્ટ યમપ્રાપ્તિ થાય છે કે તેની સાથે જ વૈરત્યાગ થઈ જાય છે. આવી રીતે જે ચાર યમની અહીં વ્યાખ્યા કરી તે પૈકીના પ્રથમના બે યમ—ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ—જેને હોય અને બાકીના બે યમો પ્રાપ્ત કરવાની અનંત ઇચ્છા હોય તેને પ્રારંભકયોગી કહેવામાં આવે છે. આ સાથે આપણે યમ અવંચકનું સ્વરૂપ પણ અવંચકત્રયનું સ્વરૂપ વિચારી જઈએ. જેઓના દર્શનથી પણ પવિત્રતા થાય એવા પુણ્યવાન મહાત્માઓની સાથે યોગ-સંબંધ થવો તે યોગાવંચક કહેવાય છે. અભાગ્ય પ્રાણીઓને તો આવા મહાત્માઓનો સંબંધ થવો જ અશક્ય છે અને ગુણવાન સાથે મેળાપ થાય તો તેઓને તેવા ગુણવાન તરીકે ઓળખવા એ પણ બહુ મુશ્કેલ છે. તેથી આદ્ય અવંચક ભાવ તરીકે ગુણવાન મહાત્માઓની ગુણવાન તરીકે ઓળખાણપૂર્વક તેઓ સાથે યોગ-સંબંધને ગણવામાં આવ્યો છે. સાધનની કેટલી જરૂરીઆત છે તે આ ઉપરથી જણાશે અને તે વાતને કેટલું મહત્વ આપવામાં આવ્યું છે તેનો પણ

આટલા ઉપરથી વિચાર કરી, જ્યાંસુધી આવા મહાત્માઓ સાથે
યોગ થતો નથી ત્યાંસુધી વસ્તુસ્વરૂપનો યથાસ્થિત બોધ થતો
નથી અને બોધ વગર-વસ્તુગત ધર્મોના જ્ઞાન વગર વસ્તુની
ઓળખાણ થતી નથી તેથી પરિણામે અનેક પ્રકારનો લાભ થવાનો
સંભવ પ્રાપ્ત થતો નથી. મહાત્માઓનો યોગ તેટલા માટે અતિ
ઉપયોગી છે અને તેની સાથે તેમનું તથારૂપે (ગુણવાન તરીકે)
દર્શન થાય ત્યારે બહુ લાભ થાય છે આવા મહાત્મા પુરુષોને
યથાયોગ્ય પ્રણામ, નમસ્કારાદિ કરવાં અને તે માટે અંતઃકરણમાં
પૂજ્યબુદ્ધિ રાખવી એ બીજો ક્રિયાઅવંચક યોગ કહેવાય છે
વસ્તુસ્વરૂપના બોધ પછી જે ક્રિયા થાય છે તે અતિ આહ્લાદ
જનક અને સ્વરૂપદર્શક હોવાથી બહુ લાભ થાય છે, મહા
અનિષ્ટ કર્મોનો નાશ કરનાર હોય છે અને સિદ્ધિ તરફ પ્રયાણ
કરાવનાર હોય છે યોગાવંચકત્વ પ્રાપ્ત થયા પછી જો ક્રિયા
વંચકત્વ પ્રાપ્ત થાય તો જ તે લાભ કરનાર થવાનો સંભવ છે
કારણ કે યોગ વગર સત્ક્રિયાનો સંભવ જ નથી. આ યોગાવંચક
અને ક્રિયાવંચકપણાથી શુભ અનુબંધરૂપ ફળની પ્રાપ્તિ થાય
તેને ફળાવંચક યોગ કહે છે મહાત્માઓની સાથે સંયોગ
થવાથી તેઓએ આપેલા ઉપદેશને અનુસારે જે ક્રિયા કરવામાં
આવે તેના પરિણામ તરીકે મહાઉત્તમ ફળપ્રાપ્તિ થાય તે
આ ત્રીજો અવંચકયોગ છે સાધ્યપ્રાપ્તિરૂપ મહાઉત્તમ ફળ
વખતોવખત તો બહુ ઉચ્ચ દશાએ પ્રાપ્ત થાય છે પણ સાધન
ધર્મોની પ્રાપ્તિરૂપ ફળ અવાંતરદશામાં પણ પ્રાપ્ત થાય છે
આપણે યોગભૂમિકાના નિરૂપણ પ્રસંગે જોઈ ગયા છીએ કે આ
યોગાવ [illegible]

જીવનકલહ વિરોધ છે આશ્રવ ભાવનામાં એ બાજુ વધારે સાફ કરેલ પ્રસંગો છે અને જીવનનાં હેતુઓ અને સામે પાશ્ચાત્ય સંસર્ગથી ફરી ભર્યા છે—તેવા જગતમાં એકવિધતાની પ્રાપ્તિ વિશેષ દુર્લભ છે એ આ ભાવનામાં ખાસ વિચારવાનું છે

બારમી ધર્મ ભાવનામાં ધર્મ પ્રાણીને કેટલું હિત થાય છે તે પર વિચારવા આવે છે. દુર્ગતિમાં પડતાં ધારણ કરી રાખનાર ધર્મ પ્રાણીનો આશ્રય છે જીવનનો

૧૨. ધર્મ ભાવના

બંધુ છે આપત્તિમાં મિત્ર છે સુખમાં સાથી છે અને એકંદરે મહાસુખ આપનાર છે જે જે સામગ્રીઓ પ્રાપ્ત થઇ હોય, શરીર, સ્ત્રી, પુત્ર, ધનાદિની વિપુલતા થઇ હોય, સ્વરૂપ સમજવા યોગ્ય મગજ બન્યું હોય—એ સર્વ એનો પ્રભાવ છે ધર્મ એ કલ્પવૃક્ષ છે એનાથી સર્વ પ્રકારનાં વાંછિત ફળે છે અને એનાથી સર્વ સંપત્તિ આવી મળે છે દાન, શીલ, તપ અને ભાવરૂપ, ક્ષમા આદિ દશ યતિધર્મરૂપ અથવા બીજા અનેક સુખરૂપ આ ધર્મનું સ્વરૂપ વિચારતાં મનમાં એક એવા પ્રકારનો આનંદ આવે છે કે એવો આનંદ સ્થૂળ વિષયોના અનુભવમાં કદિ પણ આવી શકતો નથી. ધર્મનો પ્રભાવ અદ્ભુત છે એના રસ્તા સીધા છે અને એના પ્રબળ આદર શ્રેયોત્પાદક છે એને સેવતાં અતિ આનંદ આવે છે અને ફળ અતિ ઉત્તમ થાય છે આ ધર્મભાવનાનો વિચાર કરતાં અનેક પ્રાણીઓને બહુ લાભ થયો છે.

આ બાર પૈકી દરેકે દરેક ભાવના અતિ વિશાળ છે, ખાસ વિચારવા યોગ્ય છે પ્રત્યેકથી મહાલાભ થાય છે આત્મિક

સ્થિતિ થાય છે અને એને ઉત્કૃષ્ટ સ્વરૂપમાં વિચારવામાં આવે તે વિચારમાં ને વિચારમાં કેવળજ્ઞાનદર્શનપ્રાપ્તિ કરાવી છેવટે સિદ્ધદશા સુધી લઈ જાય એવું તેમાં સામર્થ્ય છે મન ઉપર કર્મબંધનો આધાર હોવાથી અને ભાવના મનને અને તે દ્વારા આત્માને સીધી અસર કરનાર હોવાથી એ યોગમાં બહુ અગત્યનું સ્થાન રોકવે છે અને તેટલા માટે ભાવના યોગ એક જુદો યોગ ગણવામાં આવ્યો છે તે યથાયોગ્ય છે, એમ આપણને સાધારણ બુદ્ધિથી પણ જણાય છે આ ભાવનાઓના સંબંધમાં અનેક ગ્રન્થો શાસ્ત્રમાં આપવામાં આવ્યાં છે પ્રત્યેક ભાવનાથી પ્રાણીઓ સાધ્ય પામી ગયા છે તે ખાસ વિચારવા યોગ્ય છે વિચાર કરતાં તેમાંથી બહુ રહસ્ય પ્રાપ્ત થાય તેમ છે

૪ ધ્યાનયોગ.

ધ્યાન નામનો યોગ ભાવનાથી પણ આગળ પ્રગતિ બતાવે છે સ્થિર અધ્યવસાય જ્ઞાનમાં પોતાથી વિપરીત બાબતને ત્યજી કોઈને ઇષ્ટ બાબતને જ ઉદ્દેશીને જે પ્રશસ્ત આલંબન થાય અને સૂક્ષ્મ બોધથી સહિત હોય તેને ધ્યાનયોગ કહેવામાં આવે છે એનું તાત્પર્ય એ છે કે—ધ્યાનયોગમાં એક બાબતમાં એકાગ્રતા એટલી બધી થાય છે કે પછી તેને અન્ય બાબત પર વિચાર થતો નથી અને સ્થિર થયેલ ઉપયોગ થઈ જાય છે ચિત્તના આઠ દોષોનો અહીં અનુક્રમે નાશ થતો જાય છે તેથી ધ્યાનયોગ ક્રમે ક્રમે બહુ વૃદ્ધિ પામતો જાય છે એ આઠ દોષ નીચે પ્રમાણે છે: ૧. ખેદ-પ્રવૃત્તિ કરવાથી થાક લાગે તે ખેદ. આવો ખેદ જેને થયા કરે છે તેને પ્રણિધાનમાં

ધ્યાનયોગ

ચિત્તની એકાગ્રતા થતી નથી તેથી ચોથાનો અત્ર ત્યાગ સ્પષ્ટ સૂચવ્યું છે. ૨. ઉદ્વેગ-ક્રિયાઓને યોગના ઉપર અનાદર થાય તેને ઉદ્વેગ કહેવામાં આવે છે શ્રીમાન્ પુદ્ગલમાં જન્મ થવો વગેરે યોગને બાધા કરવાના નિમિત્તભૂત થાય છે. ઉદ્વેગથી પ્રવૃત્તિ ન કરી શકે. ૩ ભ્રમ-મનમાં વિપર્યય થવો તે શુક્તિમાં રૂપાનું જ્ઞાન, રજ્જુમાં સર્પનું જ્ઞાન વિગેરે. આ ક્રમ મેં કર્યું છે કે નહિ, ક્યારે કર્યું વિગેરે શંકાની વાસના થતી તે. યોગ્ય સંસ્કાર વગર યોગ કરવા માંડે અને મનમાં સમજે કે મેં યોગ કર્યો છે એવી વિચારણાને ભ્રમ કહેવામાં આવે છે. ૪ ઉત્થાન-પ્રશાન્તવાહિતા જેનું ઉપર વર્ણન આપવામાં આવ્યું છે તેનો અત્ર અભાવ હોવાથી મનનો ઉદ્રેક થવાથી જેમ અભિમાની પુરુષ વર્તન કરે તેવો ત્યાગને મળતો અત્યાગ-ત્યાગનો અભાવ અહીં પ્રાપ્ત થાય છે. અહીં વર્તન શાસ્ત્રવિહિત રીતે કરે છે પણ એકાગ્ર વૃત્તિના અભાવથી તેનો ત્યાગ નકામા જેવો થઈ પડે છે. ૫. ક્ષેપ-ક્રિયા કરતાં કરતાં વચ્ચે બીજી ક્રિયા કરવા તરફ ધોરણ જવું, એક બાબતમાં ચિત્તને સ્થિર કરવું નહિ. શુભ ક્રિયામાં પણ જે વખતે અમુક ક્રિયા ચાલતી હોય તેમાં જ એકાગ્રતા કરવાની હોય છે. જે અન્યચિત્ત અથવા એકાગ્રતા વગર બીજી ક્રિયામાં પણ મગ્ન આરંભમાં આવે તો ધ્યાનભંગ થાય છે એવી અન્ય બાબતમાં ચિત્તવૃત્તિ જવાથી આત્માને વારંવાર ઉખેડેલ શાલિના કણની પેઠે યોગને અંગે કાંઈ ફળ પ્રાપ્ત થતું નથી. ૬ આસંગ-અભેદ અનુષ્ઠાન જ વર્તાતા રહે, આગળ પરિપાક અને પ્રવૃત્તિમાં પ્રગતિ કરવાનું લક્ષ રહે નહિ તેને

આશય કહે છે અહીં અનાત્મમાં આત્મબુદ્ધિ થવાથી આશય ક્રિયા અનુષ્ઠાન થતું નથી. એ અનુષ્ઠાન જેને અમૃતક્રિયા કહેવામાં આવે છે અને જે પર યોગભૂમિકામાં પહેલાં વિવેચન થઈ ગયું છે તેથી ઉલટું છે અને જ્યાંસુધી અમૃતક્રિયા ન થાય ત્યાંસુધી મોહનો નાશ થતો ન હોવાથી પ્રગતિ થતી નથી, માત્ર સામાન્ય લાભ થાય છે પણ જે ગુણસ્થાનકમાં પ્રાણી વર્તતો હોય છે ત્યાં જ તે રહે છે આગળ વધતો નથી ૭ અન્યમુદ્—જે વિહિત ક્રિયા વખતસર કરવાની હોય તેનાથી અન્ય ક્રિયાઓ ઉપર રાગ; એટલે શિષ્ટ પુરુષોએ પ્રતિક્રમણ, પડિલેહણ, ચૈત્યવંદન, સ્વાધ્યાય વિગેરે ક્રિયાઓ બતાવી છે તેમાંથી જે કરાતી હોય તેના ઉપર રાગ ન થતાં તેથી આગળની બીજી ક્રિયા કરવાની વૃત્તિ અને કરાતી ક્રિયા ઉપર અનાદર અથવા અબહુમાન* ૮ રુગ્—સમ્યગ્ અનુષ્ઠાનનો સર્વથા ઉચ્છેદ કરવો, તે લાભ કરનાર હોઈ શકે જ નહિ એવો નિર્ણય

* જે વખતે જે ક્રિયા કરવામાં આવતી હોય તે કરવામાં મન અવ્યવસ્થિત રહે અને તે સિવાયની અન્ય વાર પછી કરવાની ક્રિયામાં મન ચાલ્યું જાય તે મોટો રોગ છે. દાખલા તરીકે પ્રતિક્રમણ કરતી વખત પડિલેહણમાં મન રહે અને પડિલેહણ કરતી વખત સ્વાધ્યાયમાં મન રહે અને સ્વાધ્યાય કરતી વખત વૈયાવચ્ચમાં મન રહે અને વૈયાવચ્ચ કરતી વખત વિનયમાં મન રહે. આવું સાધારણ રીતે ઘણીવાર વખત બને છે એનું પરિણામ એ આવે છે કે એક પણ ક્રિયામાં મન ચોંટતું નથી. આ રોગ અને ખેદ દોષ જે ઉપર બતાવ્યો છે તેમાં તફાવત એ છે કે ખેદ દોષને અંગે ક્રિયા પૂરી કર્યા વગર જ વચ્ચે વચ્ચે જ્યાં ત્યાં અન્યત્ર આવું મારવાની ટેવ પડે છે અને આ અન્યમુદ્ રોગમાં

મળવો અને અન્યને તેવો ઉપદેશ આપવો. આ આઠ પ્રકારની મનની સ્થિતિ જ્યાંસુધી વર્તતી હોય છે ત્યાંસુધી કદિ પણ ધ્યાનયોગની પ્રાપ્તિ થતી નથી. જે સંત ઉદાત્ત પ્રાણી ચિત્તના આ આઠ દોષોનો ત્યાગ કરે છે અને તેને આંતરી રીતે પણ સ્પર્શ ન થઈ જાય એવી ભાવના મજબૂત વિચારપૂર્વક રાખે છે તેને જ ધ્યાનયોગની પ્રાપ્તિ થાય છે.

આ ધ્યાનયોગનાં ઘણું મોટાં ફળ છે એ ખાસ ધ્યાન એ બતાવવું હોવાથી અત્ર તેનો નામનિર્દેશ કરી આ ધ્યાનયોગનો વિષય પૂરો કરીએ. ત્યાં ધ્યાનનું પ્રથમ ફળ એ ઇંદ્રિયાદિ પર સંયમ થઈ જવાથી પરતંત્રતા મટી જઈ સ્વતંત્રતા આવે છે એટલે અત્યારસુધી પ્રાણીને એક બાબતમાં ઇંદ્રિયો ઉપર આધાર અન્ય મનુષ્યની કૃપા, દયા કે પ્રેમ ઉપર આધાર રાખવો

ક્રિયા તો આવશ્યકી હોય તે જ કરવામાં આવે છે પરંતુ ચિત્તની પરિસ્થિતિ આવશ્યકી આ ક્રિયામાં લાગે છે આ રીતે ઘણું સારી રીતે દરેક વાંચ-નારે સમજવા વિચારવા યોગ્ય છે અનેક પ્રકારની ધર્મક્રિયા કરવા છતાં તેના દઢ સંસ્કારો અંદર પડતા નથી તેનું કારણ તે ક્રિયામાં ઉપયોગના ન થવા અન્ય કરવાની પ્રબળ થયા કરે છે તે જ છે અને તેને લઈને સંસ્કાર દઢ ન થવાથી ભવાન્તરમાં તે સંસ્કારનો ઉદય થવાની આશા રાખવી એ પણ ન બનવા જેવું છે. જેથી દરેક ક્રિયા કરવામાં ધ્યેય અને આત્મશુદ્ધિ રોલે લક્ષ કરીને કેટલી વાર કરે છે તેનો વિચાર કરવાથી આ બાબત બરાબર સમજમાં આવશે. ય. આ.

* આ આઠ દોષનું વિસ્તારથી સ્વરૂપ ષોડશક પ્રકરણમાં એનું આખું ૧૪ મા પ્રકરણમાં બતાવેલ છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિ તેના કર્તા છે અને તેના પર ઉપાધ્યાય તથા યશોભદ્રસૂરિની બે ટીકા છે અને ટીકા [illegible] [illegible] [illegible]

પડ્યો હોય છે તે સર્વ મટી જઈ પોતાને સ્વતત્વ પ્રાપ્ત થાય છે અને તેને અન્ય પ્રાણીની કે પુદ્ગલની ગરજ રહેતી નથી. અહીં તાત્પર્ય એમ નથી કે–એ સર્વ પુદ્ગલસંબંધ છોડી દે છે, પણ વાત એમ છે કે–પુદ્ગલ ઉપર વૃત્તિ ન હોવાથી અને આશ્રીભાવનો ત્યાગ થવાથી તેને પૂર્ણ સ્વતંત્રતા સ્વવશતા, આત્મારામતા પ્રાપ્ત થાય છે. આ ધ્યાનયોગના બીજા ફળ તરીકે અંતઃકરણના પરિણામનું નિર્મળપણું પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી જે મન ધમરોળ કર્યા કરતું હતું, મનના ઘોડા દોડ્યા કરતા હતા તે હવે બંધ થઈ જાય છે અને ચિત્તની શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત થાય છે કારણ કે એકાગ્રતા, એ ધ્યાનનો ખાસ વિષય છે અને એકાગ્રતાને પરિણામે ચિત્તની નિર્મળતા થાય છે એ ધ્યાનયોગનું ત્રીજું ફળ. અનુબંધનો વ્યવચ્છેદ થાય છે એટલે સંસારને વધારનાર કર્મોના સંબંધનો તેથી અંત આવે છે જ્યાંસુધી ધ્યાનયોગ રહે છે ત્યાંસુધી બહુ ઉચ્ચ દશા વર્તે છે અને કર્મની નિર્જરા થાય છે અને તેથી વિચારણા એવી સુંદર થાય છે કે–કર્મબંધન થાય એવી સ્થિતિથી દૂર રહેવાનો નિશ્ચય થઈ જાય છે આટલા માટે આજ્ઞાવિચય અપાય વિચય અને વિપાકવિચય ધ્યાનો એનું સ્વરૂપ હવે પછી વિસ્તારથી વિચારવામાં આવશે તે બતાવે છે. તેથી ઉદ્વેગ, આમય, ૧૮ વિરોધના અનર્થનું સ્વરૂપ ચિંતવવું તેનાં ફળો વિચારવાં–એથી ઉપર જણાવેલી સ્થિતિ થવા પ્રાપ્ત થાય છે તેની અસર પણ સારી થાય છે અને પાપથી નિવૃત્તિ થયા કરે છે

૪ સમતાયોગ

વ્યવહારિક દૃષ્ટિથી અમુક વસ્તુઓ ઇષ્ટ અને અમુક

યોગમાં ક્ષય થઈ જાય છે તેથી વિશિષ્ટ ચારિત્ર એને યથા-
ખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે તેને આવરણ કરનાર અને
કેવલજ્ઞાનદર્શનને આવરણ કરનાર કર્મોનો પણ આ યોગથી
ક્ષય થઈ જાય છે અને સંસારઅપેક્ષારૂપ તંતુનો વિચ્છેદ થઈ
જાય છે, એટલે સંસારમાંથી કોઈ પણ પ્રકારનું સુખ મેળવવાની
કંઈ પણ અપેક્ષા તેને રહેવી હતી તે સર્વનો આ સમતા
યોગથી છેદ થઈ જાય છે આવી રીતે આ સમતાયોગના
અનુક્રમ ફળ બતાવ્યાં તે સમજવામાં આવી ગયા હશે. ઉપમા
આગમવચન સૂક્ષ્મ કર્મનો ક્ષય અને અપેક્ષાતંતુનો વિચ્છેદ—એ
ત્રણે આ સમતાયોગનાં ફળ છે એ નિર્દિષ્ટ થયું

૫ વૃત્તિસંક્ષયયોગ.

અન્યસંયુક્ત વિકલ્પનાજાળરૂપ વૃત્તિઓનો ફરી વખત ઉદ્ભવ
ન થાય તેવી રીતે રોધ કરવો તેનું નામ વૃત્તિસંક્ષયયોગ
કહેવામાં આવે છે આ આત્મા પોતે સમુદ્ર જેવો છે પણ
તેનામાં તરંગ નથી બહારથી જ્યારે પવન આવે છે ત્યારે
તેનામાં સંકલ્પરૂપ તરંગો ઉત્પન્ન થાય છે. મન અને શરીરના
સંયોગરૂપ પવનથી તેનામાં અનેક વિકલ્પો ઉઠે છે એ અન્યસંયુક્ત
વિકલ્પજાળનો એવી રીતે નાશ કરવો કે ફરી વખત તેની
ઉત્પત્તિ જ ન થાય ફરી વાર કલ્પનાજાળ ઉઠે જ નહિ એવા
પ્રકારના સર્વથા રોધને વૃત્તિસંક્ષયયોગ કહે છે આ યોગ
કેવલજ્ઞાનપ્રાપ્તિ વખતે અને નિર્વૃત્તિપ્રાપ્તિ વખતે થાય છે
કારણ કે અત્યારે પણ વૃત્તિનો નિરોધ તો થયા કરે છે પરંતુ
તેમાં સર્વથા રોધ થતો નથી. આ યોગનાં ત્રણ ફળ છે :
કેવળજ્ઞાનની પ્રાપ્તિ શૈલેશીકરણ અને મોક્ષની પ્રાપ્તિ. વૃત્તિ-

રોધને અંગે અહીં મનનો રોધ કેવી રીતે અને શા માટે કરવો તે સંબંધી મહાન્ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અન્ય યોગીઓ ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહે છે તેવી રીતે મનને મારી નાખવાથી—દાબી દેવાથી કાંઇ લાભ થતો નથી, તેટલા માટે શાસ્ત્રકારે એવી સુંદર વ્યવસ્થા બતાવી છે કે તેથી અમુક અવસ્થા સુધી મનનો શુભ ઉપયોગ થાય અને જ્યારે તેનાથી કેવળજ્ઞાન થઇ જાય અને તેનો ખપ જ ન રહે ત્યારે તેનો સ્વાભાવિક રીતે જ રોધ થઇ જાય. અહીં એટલું યાદ રાખવાની જરૂર છે કે—ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનમાં મનદ્વારા વિચાર થાય છે અને જ્યારે પછીના ગુણસ્થાનક થાય છે ત્યારે આત્મા પોતે જ જાણી શકે છે તે જ્ઞાનમાં મનની જરૂરીઆત રહેતી નથી. આથી મનોગુપ્તિની વ્યવસ્થા બતાવતા શાસ્ત્રકારે બતાવ્યું છે કે—પ્રથમના અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતાયોગમાં મનની શુભ પ્રવૃત્તિરૂપ મનોગુપ્તિ પ્રાપ્ત થાય છે, મનને તે યોગો વખતે કેવી રીતે શુભ બાબતોમાં જોડી દેવું એનાં સાધનો અનેક રીતે બતાવ્યા છે અને નકામી બાબતોમાંથી મનને નિવૃત્ત કરી સ્થિર કરવારૂપ—એકાગ્ર કરવારૂપ ગુપ્તિ થાય છે અને પાંચમા વૃત્તિસંક્ષયયોગમાં મનનો તદ્દન રોધ થાય છે. આથી મનોગુપ્તિના પ્રવૃત્તિ અને સ્થિરતારૂપ વિભાગ પાડ્યા છે તે બહુ વિચારવા યોગ્ય છે અને તેને લઇને જે રૂપવાળું યોગના લક્ષણમાં અન્યથા પ્રાસંગ્ય છે તેનો જૈનયોગમાં નિરાસ થઇ જાય છે.

પ્રથમના ચાર યોગોમાં ઉત્તરોત્તર યોગપ્રાપ્તિ અનિરોધ થતી જાય છે અને બહુ ઉત્ક્રાન્તિ થતી જાય છે પાંચમા યોગમાં

* અર્ચિ મનાખ્ય ૨, ૧૫૦.

તેની યથાયોગ્ય પ્રાપ્ત થાય છે. મનોગુપ્તિને અંગે ત્રણ વિષય પ્રાપ્ત થાય છે: કલ્પનાજાળથી વિમુક્ત, સમતામાં સુપ્રતિષ્ઠિત અને આત્મભાવમાં પ્રતિબદ્ધ. આ ત્રણ સુંદર લાભો પ્રાપ્ત થાય છે. મનોગુપ્તિના આ લાભ ઉપરોક્ત યોગથી જ પ્રાપ્ત થાય છે તે મહાયોગની વ્યાખ્યા વિચારવાથી સમજાશે. આવી જ રીતે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એનું સ્વરૂપ વિચારતાં અત્ર સ્થળસંકોચથી અવકાશ લીધો નથી તેની ઉપયુક્તતા પણ યોગને અંગે બહુ છે અને વાસ્તવિક રીતે તે યોગ જ છે. અત્ર પ્રસ્તુતની અનુકૂળતા કરી તો હવે પછી આઠ પ્રવચનમાતાને અંગે વિચાર કરશું. અત્ર જણાવવાનું એટલું છે કે—આ આઠ પૈકી અતિ અગત્યની મનોગુપ્તિ છે તેની બાબતમાં બહુ સાવધાનતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. કારણ કે ઉત્કૃષ્ટ યોગ તેનાથી પ્રાપ્ત થાય છે અને સમ્યક્ત્વપ્રાપ્તિ પછી જ તે ચેતનને પ્રાપ્ત થાય છે. મતલબ આખા યોગના માર્ગમાં મનોગુપ્તિ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. આઠ પ્રવચનમાતા એ ઉત્કૃષ્ટ યોગ હોવાથી તેનું સ્વરૂપ સમજી લેવું જરૂરનું છે. અતિ વિસ્તારથી તે લેખનો આ પ્રસંગ તેમ જ અવકાશ નથી પણ સંક્ષેપમાં અહીંએ તો વસ્તુ લેવા મૂકવામાં, બોલવામાં, ચાલવામાં, ગમન આગમનમાં અને વિચાર વિશેષમાં યથોચિત યોગ પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ એ સમિતિ ગુપ્તિથી પ્રાપ્ત થાય છે. યોગના અતિ અગત્યના પાંચ વિભાગ પર આપણે પ્રથમથી વિચાર કર્યો એ વિશે બહુ જરૂરના છે અને ખાસ સમજવા યોગ્ય છે. એનું વિસ્તારથી સ્વરૂપ સમજવા માટે જૈનના યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ, યોગવિંશી, યોગબત્રીશી વગેરે ગ્રંથો જોવા.

યોગના બીજા ભેદો

અત્યાર સુધીમાં ત્રિતત્વની ચર્ચા કરવામાં મોક્ષમાં પ્રાપ્ત થતી અવ્યાબાધ સ્થિતિનો વિચાર કર્યો. એને અમે કર્મક્ષયનાં સાધનો અથવા મોક્ષપ્રાપ્તિ માટે થતી પરિવૃત્તિને અંગે યોગના ભેદોનો અત્યાર સુધી વિચાર કર્યો. સર્વ પ્રયત્નના સાધ્ય મોક્ષમાં રહેલ અતિ આનંદજનક આત્મીય સુખને અંગે યોગના ભેદો આપણે વિચાર્યા. હવે તે સુખપ્રાપ્તિને અંગે થતી પ્રવૃત્તિને લક્ષ્યમાં લઈ તેને અંગે યોગના ભેદોની કંઈક વિચારણા કરીએ. આ જુદા દૃષ્ટિબિન્દુથી હવે આપણે યોગના બીજા ભેદો જરા સંક્ષેપમાં વિચારી જઈએ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે યોગદૃષ્ટિસમુચ્ચય પ્રથમ યોગના ત્રણ વિભાગ પાડ્યા છે અને તે પર સહજ વિવેચન કરી તેઓએ આપણે ઉપર બતાવી તે યોગની આઠ ભૂમિકા ઉપર અતિ વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે. આ ભેદો પણ સમજવા યોગ્ય હોવાથી આપણે તે પર પણ દૃષ્ટિપાત કરી જઈએ. એ ભેદો ઉપર જણાવ્યું તેમ પ્રવૃત્તિને અંગે પડે છે.

જે પ્રાણીએ અનેક શાસ્ત્રો સાંભળ્યાં હોય, અને સમજી હોય તેને સંપૂર્ણ કરવાની ઇચ્છા છતાં પણ વ્યાપાર ન થાય તેને ઇચ્છાયોગ કહેવામાં આવે છે.

ઇચ્છાયોગ

અહીં પ્રાણીએ શાસ્ત્ર સાંભળ્યું હોય તેથી તેને ઇચ્છાઓ બહુ પ્રકારની થયા કરે પણ પોતાને આળસ બેહદ બહુ હોય કે તે જ્યારે ત્યારે વિકથાદિક કરવામાં અથવા વિષયવાસનામાં પડી જઈ કંઈ શુભ પ્રવૃત્તિ કરતો ન હોય, છતાં તેના મનમાં શુભ ક્રિયા કરવાની હોંશ બહુ રહે અને જ્યારે બની આવે ત્યારે તે કરવા અભિલાષ

રહે, તેવા પ્રાણી વખતે વખતે પ્રસંગ પામી ચૈત્યવંદનાદિ કરે તો પણ તેમાં યથાશક્તિ વિધિનો ઉપયોગ ન હોય—આવા પ્રાણીના યોગને શાસ્ત્રકાર ઇચ્છાયોગ એવું નામ આપે છે જ્યાં લાંબા કાળ સુધી યોગ કરવાનો હોય તેમાં પ્રમાદ કરી પૂર્ણ યોગ સાધન કરવામાં ન આવે પણ કરવાની ઇચ્છા રહે તેને ઇચ્છા યોગ કહેવામાં આવે છે તેમાં સાધારણ વંદન નમસ્કાર વિગેરે ક્રિયાઓ સંપૂર્ણ થઈ જાય તો તેથી ઇચ્છાયોગની વ્યાખ્યામાં કાંઈ વિરોધ પ્રાપ્ત થતો નથી.

શાસ્ત્રયોગ

ઇચ્છાયોગમાં જે ન્યૂનતા હોય છે તે અહીં દૂર થાય છે. શાસ્ત્રમાં બતાવેલી રીત પ્રમાણે આસ્તિક્યતાપૂર્વક અભ્યાસ સાથે અપ્રમાદી પ્રાણી યથાશક્તિ ક્રિયાઓ કરે તેને શાસ્ત્રયોગ કહેવામાં આવે છે. ઇચ્છાયોગમાં જે પ્રમાદ હોય છે તે અહીં રહેતો નથી તેમ જ અહીં આગમ ઉપરની તીવ્ર શ્રદ્ધા સારી રીતે જાગ્રત થાય છે અને જે ક્રિયા કરે છે તે સંપૂર્ણ કરે છે ઇચ્છાયોગમાં સારી સારી ઇચ્છાઓ થાય છે અને પ્રવૃત્તિ કરવામાં આવે છે પણ યોગશુદ્ધિ બની નથી, કારણ કે તેમાં યથાવત્ પ્રવૃત્તિની ખામી રહે છે જ્યારે યથાવત્ પ્રવૃત્તિ થાય છે ત્યારે શાસ્ત્રયોગ કહેવાય છે ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ વચ્ચેનો તફાવત આટલા ઉપરથી સમજાયો હશે. ઇચ્છાયોગ કરતાં શાસ્ત્રયોગમાં પ્રગતિ વધારે હોય છે અને બહુધા તેની ભૂમિકા પણ વધારે સારી હોય છે શાસ્ત્રયોગમાં ત્યાગ-વૈરાગ્ય પણ વધારે સારો હોય છે આ શાસ્ત્રયોગ પંચમ ભૂમિકામાં રહેલ શ્રાદ્ધ અથવા તે જ ભૂમિકામાં રહેલા સર્વવિરતિ ગુણસ્થાનને રહેલા

જણાવે છે બીજા સામર્થ્યયોગની વિચારણા પછી આ બાબત બરાબર સ્પષ્ટ થઈ જશે.

સામર્થ્યયોગ

શાસ્ત્રમાં યોગસિદ્ધિના હેતુઓ બતાવ્યા હોય તે ઉપરાંત વધારે સાક્ષાત્કાર થયેલો અને થતો જતો હોવાથી શક્તિના ઉદ્રેકપણાથી (વૃદ્ધિથી) વિશેષ હેતુઓ પુરુષાર્થ વાપરીને શોધવા અને કરવા તેને સામર્થ્યયોગ કહેવામાં આવે છે. સિદ્ધિપ્રાપ્તિ માટે શાસ્ત્રકારે અનેક ઉપાયો બતાવેલા છે પણ તે વર્ણન સંપૂર્ણ હોઈ શકે જ નહિ. તેમ હોય તો શાસ્ત્ર વાંચવાથી જ સર્વજ્ઞપદ પ્રાપ્ત થઈ જાય. આ પ્રમાણે હોવાથી અને અભિમત સાધ્યસાધનમાં ઉચિત રીતે શક્તિ ખરચે ફોરવતો રહેતો હોવાથી આવા હેતુઓ શોધી તેને અમલમાં મૂકવા માટે પુરુષાર્થ કરવો—સ્વવીર્યસ્ફુરણા કરવી એનું નામ સામર્થ્યયોગ કહેવામાં આવે છે. આવી અતિ ઉત્કૃષ્ટ જ્ઞાનદશા અને ચારિત્ર ભાગ પ્રાતિભજ્ઞાનનો વિષય છે. એ પ્રાતિભજ્ઞાન નામ જ્ઞાનમાંનું જ એક જ્ઞાન છે. જેમ સૂર્યોદય થતા પહેલાં અરુણોદય થાય છે તેમ કેવળજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થતા પહેલાં આ જ્ઞાન થાય છે. એ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન વચ્ચેની મહાન્ સ્થિતિનું સૂચક છીન વસ્તુવિધ પ્રગટપણું બતાવનાર અને તેના બોધનો સાક્ષાત્કાર કરાવનાર જ્ઞાન છે. એ અનુભવથી વેદ્ય જ્ઞાન હોવાથી એનું વર્ણન સામાન્ય રીતે ખ્યાલમાં આવવું મુશ્કેલ છે, પરંતુ એમાં સાધ્યનું દર્શન સ્પષ્ટ થાય છે અને પોતે તેની નજીક જતો હોય તેમ સ્પષ્ટ દેખાય છે. આ મહાઉત્કૃષ્ટ દશા બે પ્રકારની છે: ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ. તેમાંની

પ્રથમ ધર્મસંન્યાસ દશા અપ્રમત્ત યતી જ્યારે આઠમા
ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી માંડે ત્યારે થાય છે આ બીજા અપૂર્વ
કરણ વખતે જે મહા આત્મસામર્થ્યની સ્થિતિ પ્રાપ્ત થાય
છે તેને તાત્ત્વિક ધર્મસંન્યાસ સામર્થ્યયોગનો પ્રથમ લાભ
જણાવે છે આ વખતે આત્મસ્વરૂપમાં લીન થાય છે પરપરિણતિ
રહી નથી અને થવાનો ભય પણ રહેતો નથી. એ અતિ
સુંદર દશાને જ્ઞાનીઓ પણ વર્ણવી શકે તેમ નથી એમ તેઓ
કહે છે અતિ આનંદજનક આ ઉત્કૃષ્ટ સ્થિતિને અન્ય યોગ
ગ્રંથકારો 'ઋતંભરા' શબ્દથી ઓળખાવે છે એને જૈન યોગકારો
પ્રાતિભજ્ઞાન કહે છે આચાર્ય પણ કહે છે કે—આગમથી,
અનુમાનથી અને ધ્યાનાભ્યાસના રસથી જે ઉત્કૃષ્ટ ઋતંભરા પ્રજ્ઞા
પ્રાપ્ત થાય છે એવી ઉત્કૃષ્ટ પ્રજ્ઞા જે કેવળજ્ઞાનની પહેલાં પ્રાપ્ત
થાય છે તે વખતે ચારિત્ર પણ ઉત્કૃષ્ટ વર્તે છે. એ ચારિત્રને
'યથાખ્યાત ચારિત્ર' એવું અભિધાન આપવામાં આવે છે.
આ અતિ ઉત્કૃષ્ટ ચારિત્ર અને જ્ઞાનદશામાં વર્તતા ચેતનને
ઘનઘાતી કર્મોનો એકદમ નાશ થવા માંડે છે અને તે એટલી
ઉપર આરૂઢ થઈ બહુ અલ્પ સમયમાં અનેક ભવોનાં કર્મોનો
નાશ કરી નાખે છે અહીં આત્મપરિણામની નિર્મળતા એટલી
બધી થાય છે કે તેના સામર્થ્યથી જગતના અનંત જીવોનાં
તમામ કર્મોને બે ઘડીમાં પોતે એકલો આત્મસામર્થ્યથી બાળી
નાખી શકે પણ કર્મનું બંધન છે અને તેની એ ખાસીયત
છે કે પોતાના ભાગને ભોગવ્યા વગર તે ખરતા નથી.

આ સામર્થ્યયોગના બે મોટા વિભાગ કરવામાં આવેલ
છે ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ. પ્રથમ વિભાગે ધર્મ

ક્ષયોપશમભાવ વર્જીને અવિચ્યુતપણે (ક્ષાયિક ભાવે) પ્રાપ્ત
થાય તેને ધર્મસંન્યાસ કહેવામાં આવે છે; એટલે ક્ષમા, માર્દવ,
આર્જવ, લોભત્યાગ, તપ, સંયમ સત્ય, શૌચ, અકિંચનત્વ
અને બ્રહ્મચર્ય એ દશ ધર્મો અને બીજા સર્વ ત્યાગભાવના
સંબંધી અહીં એવી પાકી રીતે પ્રાપ્ત થાય છે કે—તે પ્રાપ્ત થયા
પછી જતા નથી મતલબ એમ છે કે—અત્યાર સુધી તે ધર્મો
કોઈ વાર આવે, કોઈ વાર ચાલ્યા જાય એમ પણ હતું (એવા
ભાવને ક્ષાયોપશમિક ભાવ કહેવામાં આવે છે); હવે તે ધર્મમાં
સ્થિતિ કાયમ રહે છે એમ થાય છે (એ ભાવને ક્ષાયિક ભાવ
કહે છે) અને બીજા યોગસંન્યાસમાં શરીરાદિ વ્યાપાર ઉપર
અંકુશ આવી જાય છે અને યથાસ્વરૂપે યોગની પ્રાપ્તિ થાય છે
ધર્મસંન્યાસ યોગ આઠમા નિવૃત્તિ ગુણસ્થાનકે બીજી વખત
અપૂર્વકરણ કરે છે ત્યારે પ્રાપ્ત થાય છે એટલે અપ્રમત્ત યતિ
જ્યારે ક્ષપકશ્રેણી આદરે છે ત્યારે તેને તાત્ત્વિક રીતે ધર્મસંન્યાસ
પ્રાપ્ત થાય છે તાત્ત્વિક રીતે યથાસ્થિત ધર્મસંન્યાસ આ
સ્થિતિમાં જ પ્રાપ્ત થાય છે એનું કારણ એમ છે કે આ પહેલા
ધર્મસંન્યાસ થાય છે પણ તે અતાત્ત્વિક હોય છે જ્યારે
પ્રાણી ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કરે છે ત્યારે જ તેને ક્ષાયિક
ભાવે તે ધર્મો પ્રાપ્ત થાય છે સાધારણ રીતે તો પ્રવ્રજ્યા ગ્રહણ
કરે ત્યારે પણ ધર્મપ્રાપ્તિ થાય છે પરંતુ તે સાધારણ છે આ
ધર્મસંન્યાસની યોગ્યતા તો ભવવિરક્તને જ હોય છે શાસ્ત્રકાર
દીક્ષાને યોગ્ય કેવું હોઈ શકે તેનું સ્વરૂપ બતાવતાં કહે છે કે—
આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ હોય વિશિષ્ટ જાતિ અને કુળવાળો
હોય, કર્મમળબુદ્ધિ જેની લગભગ ક્ષીણ થઈ ગઈ હોય તેવો,

જે પોતાના મનમાં વિચારતો હોય કે મનુષ્યભવ દુર્લભ છે જન્મ મરણ નિમિત્ત માત્ર છે ધનસંપત્તિ ચલ છે વિષયો દુઃખના હેતુ છે સંયોગ માત્રનો વિયોગમાં અંત આવે છે, પ્રતિક્ષણે મરણ થયા જ કરે છે અને તેનો ભય પણ તેવો જ રહે છે કર્મનો વિપાક અતિ ભયંકર છે—આવા આવા સુંદર વિચારો જે પ્રાણી કરતો હોય અને એવા વિચારથી જે સંસારથી વિરક્ત રહેતો હોય, જેના કષાયો અલ્પ હોય જેને હાસ્ય વિગેરે અલ્પ હોય, જે ઉપકારનો જાણકાર હોય, જે વિનયવાન્ હોય જે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા પહેલાં પણ સજ્જન, પ્રધાન, નગરવાસી વિગેરેમાં બહુમાન પામેલો હોય જે કોઈનો દ્રોહ કરનાર ન હોય, પરંતુ કલ્યાણ કરનાર હોય, શ્રદ્ધાળુ સરલ હોય—આવી સ્થિતિનો જે પ્રાણી ઉન્નતિક્રમમાં વધેલો હોય તે પ્રવ્રજ્યાને યોગ્ય ગણાય છે અને તે વાસ્તવિક રીતે ધર્મસંન્યાસવાન્ થઈ શકે છે કારણ કે અહીં જ્ઞાનયોગની પ્રતિપત્તિ થાય છે એવો પ્રાણી ન હોય તે જ્ઞાનયોગને આદરથી ચાહતો નથી અને જે આવો હોય છે તે આદરતો જ નથી એમ બને પણ નહિ એમ વિચારવું. આટલા ઉપરથી સમજાયું હશે કે ઉપર ઉપરનો આવો ધર્મસંન્યાસ તો છઠ્ઠે ગુણસ્થાનકે પ્રાપ્ત થઈ શકે છે પરંતુ તાત્ત્વિક ધર્મસંન્યાસની પ્રાપ્તિ તો આઠમા ગુણસ્થાનકે જ થાય છે એ વખતે પ્રાણીની ઉત્કૃષ્ટ બોધ થવાની યોગ્યતા થાય છે અને તેના ક્ષાયોપશમિક ભાવનો નાશ પામી જાય છે આ ધર્મસંન્યાસના યોગના વધારાથી મોહ વિગેરે ઘનઘાતી કર્મોનો નાશ થતો જાય છે અને પ્રાણી એકદમ પ્રગતિ કરી [illegible] છે આ બીજા અપૂર્વકરણ વખતે પ્રાણી

ક્ષપકશ્રેણી માંડે છે પ્રથમ અપૂર્વકરણ વખતે ગ્રંથિભેદ કરે છે એ આપણે ઉપર જોઈ ગયા છીએ. તેરમા ગુણસ્થાનકના અંતમાં કેવળી આયોજીકરણ કરે છે અને તે પછી અમુક સમય અયોગી સ્થિતિ પ્રાપ્ત કરે છે શૈલેશી અવસ્થા પ્રાપ્ત થતાં જે મહાઉત્કૃષ્ટ યોગ પ્રાપ્ત થાય શરીરયોગ પર વતન અંકુશ આવી જાય તેવા યોગને—અયોગી ગુણસ્થાનક (ચૌદમા)-ની અવસ્થાને યોગસંન્યાસ કહેવામાં આવે છે યોગનો અયોગ તે યોગ એવી જે યોગની વ્યાખ્યા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે કરી છે તે આ ઉત્કૃષ્ટ યોગસંન્યાસમાં મનોયોગના ત્યાગરૂપ અથવા યોગ ઉપર અંકુશરૂપ સમજવી. એ યોગસંન્યાસયોગમાં યોગી નિરુદ્ધાવસ્થાને પ્રાપ્ત થાય છે અને છેવટે અયોગીત્વ પ્રાપ્ત કરી શુક્લધ્યાનના ચતુર્થ પાદ પર પંચ હ્રસ્વાક્ષર પ્રમાણસ્થિતિ કરી આત્મપ્રાપ્તિ થાય છે આ યોગસંન્યાસ અંતિમ યોગભૂમિકા (આઠમી)ની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવે છે ધર્મસંન્યાસ તાત્ત્વિક અને અતાત્ત્વિક છે તેમાં અતાત્ત્વિક બાહ્યાચારરૂપે છે તે પ્રથમ ભૂમિકાએ હોય છે તાત્ત્વિક ધર્મસંન્યાસ યોગની પરા ભૂમિકા (આઠમી)માં જ પ્રાપ્ય છે પરંતુ તે આ ભૂમિકાની શરૂઆતમાં પ્રાપ્ય છે અને તેની પરાકાષ્ઠાએ યોગસંન્યાસ થાય છે અને છેવટે આઠમ ભૂમિકાથી પણ આગળ ગતિ કરી ચેતન પરમાત્મભાવ પામે છે

યોગના આ ઇચ્છાયોગ શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એવા ત્રણ ભેદ પાડ્યા છે તે બહુ વિચારવા યોગ્ય છે એ સંબંધી વિશેષ વિવેચન કરવાની જરૂર છે પણ તે માટે વધારે શાસ્ત્રાવગાહનની આવશ્યકતા છે શ્રી હરિભદ્રસૂરિએ યોગદૃષ્ટિસમુચ્ચયમાં

તે ગ્રંથથી જે વાત કરી છે તદનુસાર અહીં ગ્રંથ શરૂથી વસ્તુનિર્દેશ કરેલ છે હવે આપણે યોગીના ભેદો કેટલા હોઈ શકે તે વિચારી જઈએ.

યોગીઓના ભેદો : ૧. કુળયોગી.

જે યોગીના કુળમાં ઉત્પન્ન થયેલા હોય અને તેના કુળ ધર્મને અનુસરનાર હોય તેને કુળયોગી કહેવામાં આવે છે. આ લક્ષણ દ્રવ્યથી સમજવું. આવી કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ ભવ્ય જીવોનો આ વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે છે. આ કુળયોગીની અંદર જે વ્યાખ્યા આપવામાં આવી છે તે ખાસ આશય લાગે છે. મતલબ કે—દ્રવ્યથી જે વ્યાખ્યા આપવામાં આવે તે આવા જ પ્રકારની હોવી સંભવિત છે. એનો વિશેષ ખ્યાલ એવા યોગીના સ્વરૂપ ઉપરથી આવી શકશે. જેઓ કોઈના ઉપર દ્વેષ રાખનાર ન હોય, જેઓ ધર્મપ્રભાવના કરનાર ગુરુ અને સાધુજન ઉપર પ્રેમ રાખનાર હોય અને જેઓ પ્રકૃતિમાં જ દયાળુ હોય તેમ જ જેઓ નમ્ર હોય અને વિનયવાળા હોય તેઓ કુળયોગી કહેવાય છે. આ કુળ ઉપરાંત તેઓ જિતેન્દ્રિય પણ હોય જોઈએ, કારણ કે તેઓમાં ચારિત્રનો સદ્ભાવ છે. આ વ્યાખ્યા પ્રમાણે જેઓ સાધકપણાની સ્થિતિમાં રહ્યા હોય તેઓને દ્રવ્યથી કુળયોગી કહી શકાય. કુળયોગી દયાળુ અને દેવ, ગુરુ અને ધર્મ ઉપર પ્રીતિવાળા આ પ્રથમ ભૂમિકામાં જ શક્ય છે. અહીં કેટલીક વાર દ્રવ્યથી સાધકપણું જેનામાં હોય તેને પણ કુળયોગી ગણી લેવામાં આવે છે તેથી એની વ્યાખ્યા પણ તેમને લાગુ પડી શકે તેમ લાગે છે. આ કુળયોગીઓની વ્યાખ્યામાં ઘણો વિચાર કરવાનો છે. કારણ

કે તેમાં કેટલીક બાબત આગળ વર્તનને સ્થાન મળી જાય તેમ છે, પણ તેથી કોઈ પણ પ્રકારની સિદ્ધિ નથી તેથી પ્રાય નાગકેતુ આદિનો એમાં સમાવેશ બનશે હોય અને આત્મા એટલા સરખો છે એમ જણાય છે તો તેમાં કંઈ વાંધા જેવું નથી.

૨. પ્રવૃત્તચક્રયોગી

યમ ચાર પ્રકારના છે: ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ અને સિદ્ધિયમ. આ ચાર યમ પૈકી પ્રથમના બે યમ જેને પ્રાપ્ત થયા હોય અને બાકીના બે યમ પ્રાપ્ત કરવાની જેમને ઇચ્છા હોય અને જેનામાં શુશ્રૂષા વિગેરે ગુણો હોય તેને પ્રવૃત્તચક્રયોગી કહેવામાં આવે છે. જેને પણ અવંચક ત્રણ પૈકી પ્રથમ યોગાવંચક ભાવ પ્રાપ્ત થયો હોય અને જેને બીજા બે ક્રિયાવંચક અને ફલાવંચક ભાવની પ્રાપ્તિ કરવાની ઇચ્છા હોય તે આ ભાગમાં આવે છે. આ પ્રવૃત્તચક્રયોગી તે સંવિગ્ન પક્ષીના નામથી જૈન આગમમાં ઓળખાય છે. આ પ્રવૃત્તચક્રયોગીઓનું સ્વરૂપ ખાસ વિચારવા યોગ્ય છે. પાંચ યમ આપણે સારી રીતે જાણીએ છીએ: અહિંસા, સત્ય, અચૌર્ય બ્રહ્મચર્ય અને અકિંચનત્વ. એના પર હવે પછી સહજ વિવેચન પણ થશે, પરંતુ તે યમનું પ્રથમ અંગ છે. બીજી રીતે યમના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. એનાં નામ ઉપર આપવામાં આવ્યાં છે જે પ્રાણીઓએ યમ કરેલા હોય તેની કથા સાંભળવામાં આનંદ આવે અને તેવા યમ કરવાની ઇચ્છા થાય તેને ઇચ્છાયમ કહેવામાં આવે છે. ઉપશમભાવપૂર્વક યમનું પાલન

ચાર યમસ્વરૂપ

કહ્યું તે બીજો પ્રવૃત્તિયમ કહેવાય છે. ઉપશમથી આગળ વધીને અહીં પ્રવૃત્તિ થાય છે. ક્ષયોપશમ આવવાથી અતિચારથી રહિતપણે જે યમનું પાલન કરવામાં આવે તેને ત્રીજો સ્થિરયમ કહેવામાં આવે છે. અહીં ઉપશમ ભાવને બદલે ક્ષાયોપશમિક ભાવ પ્રાપ્ત થાય છે. આ સ્થિરયમવાળો પ્રાણી જે યોગક્રિયા કરે છે તે પ્રકૃતિથી જ અતિચાર રહિત થાય છે. શુદ્ધ અંતઃકરણમાં ઉત્કૃષ્ટ સિદ્ધિસાધક યોગની અચિંત્ય વીર્યોલ્લાસપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે તેને ચોથો સિદ્ધિયમ કહેવામાં આવે છે. આ સિદ્ધિયમમાં એટલી ઉત્કૃષ્ટ યમપ્રાપ્તિ થાય છે કે તેની પાસે જ વૈરત્યાગ થઈ જાય છે. આવી રીતે જે ચાર યમની અહીં વ્યાખ્યા કરી તે પૈકીના પ્રથમના બે યમ-ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ-એને હોય અને બાકીના બે યમો પ્રાપ્ત કરવાની અત્યંત ઇચ્છા હોય તેને પ્રવૃત્તચક્રયોગી કહેવામાં આવે છે. આ

હવે આપણે ત્રણ અવંચકનું સ્વરૂપ પણ અવંચકત્રયનું સ્વરૂપ વિચારી જઈએ. જેઓના દર્શનથી પણ પવિત્રતા થાય એવા ગુણવાન મહાત્માઓની સાથે યોગ-સંબંધ થવો તે યોગાવંચક કહેવાય છે. ઘણાખરા પ્રાણીઓને તો આવા મહાત્માઓનો સંબંધ થવો જ અશક્ય છે અને ગુણવાન સાથે મેળાપ થાય તો તેમને તેવા ગુણવાન તરીકે ઓળખવા એ પણ બહુ મુશ્કેલ છે. તેથી આવ અવંચક ભાવ તરીકે ગુણવાન મહાત્માઓની ગુણવાન તરીકે ઓળખાણપૂર્વક તેમની સાથે યોગ-સંબંધને ગણવામાં આવ્યો છે. સત્સંગની કેટલી જરૂરીઆત છે તે આ ઉપરથી જણાશે અને તે વાતને કેટલું મહત્ત્વ-સ્થાન આપવામાં આવ્યું છે તેનો પણ

આટલા ઉપરથી વિચાર કરો. જ્યાંસુધી આવા મહાત્માઓ સાથે
યોગ થતો નથી ત્યાંસુધી વસ્તુસ્વરૂપનો યથાસ્થિત બોધ થતો
નથી અને બોધ વગર—વસ્તુગત ધર્મોના જ્ઞાન વગર વસ્તુની
ઓળખાણ થતી નથી તેથી પરિણામે અનેક પ્રકારનાં લાભ થવાનો
સંભવ પ્રાપ્ત થતો નથી. મહાત્માઓનો યોગ તેટલા માટે અતિ
ઉપયોગી છે અને તેની સાથે તેમનું તથારૂપે (ગુણવાન તરીકે)
ધ્યાન થાય ત્યારે બહુ લાભ થાય છે. આવા મહાત્મા પુરુષોને
યથાયોગ્ય પ્રણામ, નમસ્કારાદિ કરવાં અને તે માટે અંતઃકરણમાં
પૂજ્યબુદ્ધિ રાખવી એ બીજો ક્રિયાઅવંચકયોગ કહેવાય છે.
વસ્તુસ્વરૂપના બોધ પછી જે ક્રિયા થાય છે તે અતિ આહ્લાદ
જનક અને સ્વરૂપાદર્શક હોવાથી બહુ લાભ થાય છે, મહા
અનિષ્ટ કર્મોનો નાશ કરનાર હોય છે અને સિદ્ધિ તરફ પ્રયાણ
કરાવનાર હોય છે. યોગાવંચકત્વ પ્રાપ્ત થયા પછી જે ક્રિયા
વંચકત્વ પ્રાપ્ત થાય તો જ તે લાભ કરનાર થવાનો સંભવ છે
કારણ કે યોગ વગર ક્રિયાનો સંભવ જ નથી. આ યોગાવંચક
અને ક્રિયાવંચકપણાથી શુભ અનુબંધરૂપ ફળની પ્રાપ્તિ થાય
તેને ફલાવંચક ભાવ કહે છે. મહાત્માઓની સાથે સંયોગ
થવાથી તેઓએ આપેલા ઉપદેશને અનુસારે જે ક્રિયા કરવામાં
આવે તેના પરિણામ તરીકે મહોત્તમ ફલપ્રાપ્તિ થાય તે
આ ત્રીજો અવંચકભાવ છે. સાધ્યપ્રસિદ્ધિરૂપ મહોત્તમ ફલા
વંચકભાવ તો બહુ ઉચ્ચ દશાએ પ્રાપ્ત થાય છે. પણ સાધન
ધર્મોની પ્રસિદ્ધિરૂપ ફળ અવાંતરદશામાં પણ પ્રાપ્ત થાય છે.
આપણે યોગભૂમિકાના નિરૂપણપ્રસંગે જોઈ ગયા છીએ કે આ
યોગાવંચકભાવરૂપ પ્રથમ યોગ પ્રથમ ભૂમિકાએ પ્રાપ્ત થાય છે

આમ જણાવતાં એ છે કે—પ્રવૃત્તચક્રયોગીને પ્રથમના બે યમ હોય છે એટલે તેઓને ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ પ્રાપ્ત થયેલા હોય છે અને બાકીના સ્થિરયમ અને સિદ્ધિયમ પ્રાપ્ત કરવાની તેઓને ઇચ્છા હોય છે તેમજ પ્રથમ યોગાવંચક લાભ તેઓને પ્રાપ્ત થયેલ હોય છે અને બાકીના બે અવંચક યોગ પ્રાપ્ત કરવાની ઇચ્છા તેઓને હોય છે આ [illegible] નામથી ઓળખાતા પ્રવૃત્તચક્રયોગીઓ અમુક પ્રથમ ભૂમિકા ઉપર આવવા તેથી આગળ સ્થિત થયેલા હોય છે

શ્રી હરિભદ્રસૂરિ મહારાજે યોગશ્રવણના અધિકારી તરીકે આ કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીઓનું સ્વરૂપ યોગદૃષ્ટિસમુચ્ચય માં બતાવ્યું છે તે આપણે વિવેચનપૂર્વક વિચારી ગયા. એ અમુક યોગમાર્ગ પુરુષો પોતાનો યોગ પૂરો કરવાની ભાવનાવાળા હોય છે એ ઉપરાંત આપણે યોગીઓના અનેક ભેદો પાડી શકીએ. અવિરોધ ધર્મ પાળી અવિરતિ દશામાં રહેનાર જીવોને બનતી કરી શકાય, દેશથી વ્રત લીધેલ હવી શ્રાવકને દેશવિરતિ કહી શકાય, સર્વથા વ્રત ગ્રહણ કરનાર મહાત્માને સર્વવિરતિ કહેવાય છે એ સર્વવિરતિ યોગીઓમાં પણ કેટલાક અપ્રમત્ત દશામાં હોય છે તેમાંના કેટલાક શ્રેણી આરૂઢ અને બાકી અનારૂઢ અવસ્થામાં હોય છે કેવળીગત યોગીઓમાં પણ કેટલાક સયોગી કેવળી અને કેટલાક ઇતર હોય છે અને સર્વોપરી અયોગી છે. આવી રીતે યોગીઓના અનેક ભેદ પાડી શકાય છે તે શાસ્ત્રથી વિચારી લેવા. અત્ર તે વિષય પર વધારે વિવેચન કરવાની આવશ્યકતા નથી.

હવે એ યોગપ્રાપ્તિના ઉપાય માટે પ્રથમ શું કરવું જોઈએ

તે ખાસ વિચારવા યોગ્ય છે, (કારણ કે એને યોગપ્રાપ્તિ થઈ ન હોય તેવું એ બાબતનાં બહુ લક્ષ આપવાની જરૂર છે) એ વિચારી આપણે યોગનાં સુપ્રસિદ્ધ આઠ અંગો પર વિચાર કરી આ વિષય પૂર્ણ કરશું. તે કરવા પહેલાં યોગદર્શનકાર ભગવાન પતંજલિ યોગનું સ્વરૂપ શું બતાવે છે ? તેમાં ક્યાં ન્યૂનતા છે ? તે પર વિવેચન કરવું પ્રાસંગિક જણાય પણ તેમ કરવા જતા વિષય બહુ લંબાય છે તેથી* આગળ ઉપર અન્ય પ્રસંગે વિચાર કરવાનું મુલ્તવી રાખી યોગપ્રાપ્તિના ઉપાયો વિચારીએ

યોગપ્રાપ્તિના ઉપાય

અત્ર જે યોગનું વર્ણન કર્યું છે તેની પ્રાપ્તિ માટે યોગ્યતા પ્રાપ્ત કરવા સારુ કેટલાક ઉપાયો યોગાચાર્યોએ બતાવ્યા છે એને સેવવાથી યોગપ્રાપ્તિ થાય છે એને માટે ચાર મુખ્ય ઉપાય બતાવવામાં આવ્યા છે તે પર આપણે જરા વિચાર કરી જઈએ જેથી એ ઉપાય તરફ ખાસ ધ્યાન રહે અને તે લક્ષમાં હોય તો તેની પ્રક્રિયા કરવાનો ઉદ્યોગ થાય. આ ઉપાયો વિચારવાથી જણાશે કે તે પ્રત્યેક પ્રાથમિક છે અને ખાસ જરૂરના છે વ્યવહારમાં ફતેહ મેળવવા માટે પણ એ ઉપાયોને અમલમાં મૂકવાની જરૂરીઆત જણાઈ આવશે.

૧ દેવગુરુપૂજન—ગુરુ એટલે વૃદ્ધ માતા, પિતા વિદ્યા દાય વયોવૃદ્ધ, ગુણવૃદ્ધ વિગેરે જે ગુરુજન હોય તેની યોગ્ય રીતિ માનસન્માન—વાણીથી પૂજના કરવી, તેઓનાં ગુણ, જ્ઞાન

---

* યોગને અંગે આવા ઘણા વિષયો વિચારવાના છે તે આ પુસ્તકના બીજા ભાગમાં વિચારવામાં આવશે.

અને ઉપાસકને અનુરૂપ તેઓને માન આપવું અને તેઓના
તરફ વિનીતભાવ રાખવો. દેવપૂજન દ્રવ્યથી અને ભાવથી બે
પ્રકારે બને છે. વિવિધ વસ્તુઉપચારથી તેઓની પૂજા કરવી તે
દ્રવ્ય પૂજન કહેવાય છે અને ભાવપૂર્વક મનમાં તેઓને સ્થાન
આપવું તે ભાવપૂજન કહેવાય છે. પોતાની સામર્થ્ય સારી વસ્તુ
તેઓને અર્પણ કરવી અને બની શકે તેટલી તેમની ભક્તિ કરવી
એ દેવપૂજનમાં આવે છે. ધનનો તીર્થાદિ શુભ સ્થાનમાં વ્યય
કરવો, દેવ માટે સુંદર મંદિર કરાવવું, જિનસ્થાપના કરવી
વિગેરે અનેક રીતે દેવપૂજન થાય છે. એ અમુક દેવમાં દેવત્વ
ગુણ છે કે નહિ એનો નિર્ણય ન થઈ શક્યો હોય તો પ્રશસ્ત
આશયવાળા ગૃહસ્થે સર્વે દેવની પૂજા કરવી. સત્ય દેવની
પરીક્ષા વિના અમુક એક જ દેવને નમસ્કાર કરવાની આગ્રહબુદ્ધિ
કરતાં આથી એક દૃષ્ટિએ સર્વે દેવોને નમસ્કાર કરવા તે અપે
ક્ષાએ ચારુ છે. એને માટે શાસ્ત્રકાર ચારિસંજીવિનીચાર ન્યાય
બતાવે છે. બળદરૂપ બનેલ પતિને વિદ્યાધરના આદેશથી અમુક
વૃક્ષ નીચેની સર્વ વનસ્પતિનો આહાર કરાવવાથી પણ ફરીને
તેનું મનુષ્યરૂપ કરનાર નવ વધૂની પેઠે જો એક દેવના દેવત્વ
માટે નિશ્ચય થયો ન હોય તો સર્વ દેવને નમસ્કાર કરવો એ
માટે અત્રે આ ન્યાય છે. એથી એક દૃષ્ટિમાં લાભ થાય છે
પ્રથમ કે માર્ગદર્શીપણું તેથી પ્રાપ્ત થાય છે અને ત્યાર પછી
વિશિષ્ટ બોધ થતાં વિશેષ દેવત્વનો નિર્ણય થાય છે એટલે તેનો સ્વી
કાર કરી શકાય છે. પણ એ તક, કદાચ કે અજ્ઞાનથી અમુક દેવને
આદરેલ હોય તો મરુભૂતિની પેઠે તેનો ત્યાગ થઈ શકતો નથી.
આવી રીતે દેવપૂજન કરવું તે યોગપ્રાપ્તિનો એક ઉપાય છે. તેવી જ

રીતે વૃદ્ધ પુરુષોની સેવા કરવી તે પણ આવશ્યક છે. આમ કરવામાં અતિ ઉપયોગી હોવાથી બહુ લાભ કરનાર છે. ગુણવાનની સંગતિથી, તેઓના સંપર્કથી અને તેઓની પર્યુપાસનાથી ગુણની ઓળખાણ થાય છે ગુણ ઉપર રાગ થાય છે અને તે પ્રાપ્ત કરવા પ્રયાસ થાય છે વળી માતા-પિતા વિગેરેનો ઉપકાર એટલો બધો છે કે તેનો બદલો કોઈ રીતે વળી શકે તેમ નથી. તેના તરફ પૂજ્યબુદ્ધિ બતાવીને તેઓનું યોગ્ય આદર વિનય કરવું તે તેઓના ઉપકારને માટે ઘટે છે દેવના સંબંધમાં એટલું ખાસ ધ્યાન રાખવા યોગ્ય છે કે પોતે અવિરોધ દૃષ્ટિએ દેવતત્ત્વનો યોગ્ય નિર્ણય કર્યો હોય તો પણ અન્ય દેવ ઉપર દ્વેષ તો કદિ કરવો જ નહિ. પરમતસહિષ્ણુતા રાખવાની ખાસ જરૂર છે અને તેને માટે યોગ્ય શાસ્ત્રોમાં યોગગ્રંથમાં વારંવાર ઉલ્લેખ કરી ગયા છે

૨. દાન-પાત્રને યોગ્ય વખતે યોગ્ય રીતે સન્માનપૂર્વક ઉચિત દાન આપવું આ સિવાય કિંચિદ્દાન પોતાની સ્થિતિને યોગ્ય આપવું ઘટે છે દયાને પાત્ર પ્રાણી ઉપર અનુકંપા લાવી વસ્ત્ર, ધન પ્રમુખનું દાન આપવું તેને અનુકંપાદાન કહેવામાં આવે છે. દાન આપવામાં વિવેક રાખવાની જરૂર છે રોગીને અપથ્ય વસ્તુનું દાન આપવું તે મૂર્ખાઈ છે તેમ જ દીન અનાથને દાન આપતી વખતે પોતાનાં માતા, પિતા સ્ત્રી, પુત્ર વિગેરે જેના ભરણપોષણનો આધાર દાન આપનાર ઉપર હોય તેવા યોગ્ય જનની વૃત્તિને વિરોધ ન આવે તેવી રીતે દાન આપવું ખાસ કરીને જેઓ દીન, અંધ, કૃપાપાત્ર હોય, શરીર અપંગ હોય, તેઓને વિવેકપૂર્વક દાન આપવું યોગ્ય

અને ઉપાધ્યાયને અનુરૂપ તેઓને માન આપવું અને તેઓના તરફ વિનીતભાવ રાખવો. દેવપૂજન કરવાથી અને આવવાથી બે પ્રકારે બને છે. વિવિધ વસ્તુઉપચારથી તેઓની પૂજા કરવી તે દ્રવ્ય પૂજન કહેવાય છે અને ભાવપૂર્વક મનમાં તેઓને સ્થાન આપવું તે ભાવપૂજન કહેવાય છે. પોતાની શક્તિમાં સારી વસ્તુ તેઓને અર્પણ કરવી અને બની શકે તેટલી તેમની ભક્તિ કરવી એ દેવપૂજનમાં આવે છે. ધનનો તીર્થાદિ શુભ સ્થાનમાં વ્યય કરવો, દેવ માટે સુંદર મંદિરો કરાવવાં, જિનસ્થાપના કરવી વિગેરે અનેક રીતે દેવપૂજન થાય છે. જો અમુક દેવમાં દેવત્વ શું છે કે નહિ એનો નિર્ણય ન થઈ શક્યો હોય તો પ્રશસ્ત આશયવાળા પુરુષે સર્વે દેવની પૂજા કરવી. સત્ય દેવની પરીક્ષા વિના અમુક એક જ દેવને નમસ્કાર કરવાની આગ્રહબુદ્ધિ કરતાં આની એક દૃષ્ટિથી સર્વ દેવોને નમસ્કાર કરવા તે અપેક્ષાએ ઠીક છે. એને માટે શાસ્ત્રકાર ચારિસંજીવનીચાર ન્યાય બતાવે છે. અમુકરૂપ થયેલ પતિને વિદ્યાધરના આદેશથી અમુક વૃક્ષ નીચેની સર્વ વનસ્પતિનો આહાર કરાવવાથી પશુ ઉપરે તેનું મનુષ્યરૂપ કરનાર નવ વસ્તુ પણ જો એક દેવના દેવત્વ માટે નિર્ણય થયો ન હોય તો સર્વ દેવને નમસ્કાર કરવો એ માટે અત્રે આ ન્યાય છે. એથી યોગ દૃષ્ટિમાં લાભ થાય છે કારણ કે માર્ગદર્શિપણું તેથી પ્રાપ્ત થાય છે અને ત્યાર પછી વિશેષ બોધ થતાં વિશેષ દેવત્વનો નિર્ણય થાય છે એટલે તેનો સ્વીકાર કરી શકાય છે. પણ જો કદી, કદાચ કે અજ્ઞાનથી અમુક દેવને આરાધ્ય હોય તો માધ્યસ્થબુદ્ધિની ખાતર તેનો ત્યાગ કર્યો શક્યો નથી. આવી રીતે દેવપૂજન કરવું તે યોગપ્રાપ્તિનો એક ઉપાય છે તેથી જ

કરેલા, કોઈને આપેલ વચન અથવા પોતે કરેલ નિયમને ગમે તેટલા ભોગે નિભાવવા એ સત્યપ્રતિજ્ઞત્વ; ગમે તેવી અથવા તેટલી સંપત્તિ, યોગ, વૈભવ પ્રાપ્ત થાય તો પણ જરા પણ અભિમાન થવા ન દેવું એ નમ્રતા; પોતાનાં વ્રત-નિયમાદિ ધર્મોને ભ્રષ્ટ ન કરે એવા સુશાસ્ત્રોને અનુસરવું તે સુશીલતા; કારણ વગર નકામું ન બોલવું પરંતુ હિત થાય તેવું બોલવું, પરને પ્રિય લાગે તેવું બોલવું તે મિતભાષિતા; પોતાના પ્રાણ જાય તો પણ નિંદ્ય આચરણ સેવવું નહિ એ નિંદ્યત્યાગ; આવાં શ્રમ માટે ૬૬ આશરા; શુભ માર્ગમાં ધનનો વ્યય, વૈરાગ્યને અનુસરવાનો નિશ્ચય, મમત્વત્યાગ વિગેરે વિગેરે અનેક પ્રકારના સદાચારો છે જે વર્તનથી વ્યવહારુ રીતે ઉપયોગી મનુષ્યમાં ગણના થાય, જે વર્તનથી એક નીતિમાન અને સારો સદ્ગુણી મનુષ્ય ગણાય, જે વર્તનથી દુનિયામાં ઉચ્ચ પ્રમાણિકતાના અને ગૌરવના ગુણો પ્રાપ્ત થાય તે સર્વનો સદાચારમાં સમાવેશ થાય છે નીતિના ધોરણમાં ઉંચા નિયમોનું પાલન કરવું અને ત્યારે જેને નૈતિક બિંદુ (Moral Point of View) કહેવામાં આવે છે તે બિંદુથી ઉત્કૃષ્ટ ચારિત્ર્યગુણ બતાવવો તે સર્વનો આ યોગની પૂર્વસેવામાં સમાવેશ થાય છે યોગધર્મનો અધિકારી નૈતિક દ્રષ્ટિએ જરા પણ ઉતરતો હોઈ શકે એ વાત તદ્દન અસંભવિત છે પ્રમાણિકપણામાં પણ ઉત્કૃષ્ટ વ્યાપારી, મુત્સદ્દી કે નોકર જેવું વર્તન રાખે અથવા કાઉન્સિલના સભ્યની પાસેથી જે પ્રકારના વર્તનની આશા રાખી શકાય તેનાથી પણ નૈતિક બાબતમાં આ માર્ગગામી પ્રાણીએ બતાવવાનું છે અને એવા વર્તન વગર અધિકાર થાય કે યોગ

છે દાનના સંબંધમાં યોગના પૂર્વ ઉપાય તરીકે યોજના બતાવવાનું કારણ એમ જણાય છે કે—એથી ત્યાગધર્મની શરૂઆત થાય છે. પોતાની વસ્તુ પરને આપી દેવાનો ભાવ મુશ્કેલ નથી તેથી તેનો જેને અભ્યાસ પડે તે વસ્તુનો ત્યાગ કેમ કરવો તે સારી રીતે સમજે છે અને તેને પરિણામે યોગભૂમિકામાં જે પૌદ્ગલિક સર્વ વસ્તુઓનો અને સંબંધીઓનો ત્યાગ કરવો પડે છે તેની અત્ર શરૂઆત થાય છે આનો સમાવેશ સદાચાર જે પર હવે વિવેચન કરીએ છીએ તેના પેટામાં થાય છે.

સદાચાર—નીતિના ઉત્તમ નિયમોને અનુસરવાનું નામ સદાચાર કહેવામાં આવે છે યોગસાધક તરીકે એ અતિ ઉપયોગી છે. અનેક મુદ્દાઓનો આમાં સમાવેશ થાય છે અને તેનો વિસ્તારથી નામનિર્દેશ કરીએ તો પણ વિવેચન ઘણું લાંબુ થઈ જાય. અત્ર જગતના સદાચારો આપણે વિચારી જઈએ. ગંભીર ધીર પ્રકૃતિથી જ પાપભીરુ મન રાખી તેવું કામ કરવા તત્પરતા બતાવે તે સુદાક્ષિણ્ય, અન્યનું દુઃખ દૂર કરવાની ઇચ્છા તે દયાળુતા, દુઃખી પ્રાણી ઉપર દયા લાવી તેનો ઉદ્ધાર કરવા યત્ન કરવો તે દીનોદ્ધાર, અન્ય મનુષ્ય પોતા ઉપર ઉપકાર કરે તેની પૂજા કરવાની તે કૃતજ્ઞતા, લોકમાં પોતાની અપકીર્તિ થાય તો તે માટે મરણથી પણ વિશેષ ભય લાગે તે જનાપવાદભીરુત્વ, ગુણવાન પ્રાણી ઉપર સ્વાભાવિક રીતે રાગ રાખવો તે ગુણીરાગ, ઉત્તમ, મધ્યમ કે અધમ મનુષ્યની નિંદાનો ત્યાગ કરવો તે નિંદાત્યાગ, અપિ તેવી વિપત્તિ આવે તો તેમાં રાંક-દીન ન થઈ જવું મગરૂર ન થવું અને આવે પોતામાં કોઈ પુરુષાર્થ જ નથી એમ બતાવવા ન દેવું એ

ભૂમિકાની પ્રાપ્તિ થઈ શકે એમ માનવું એ તદ્દન ખૂલતું જ છે આવી ખૂલતા બતાવનાર અને ધર્મને વગોવનાર પ્રાણીઓ ઘણા હોય છે પણ તે આભાસી જ છે એમ સમજવું યોગની વ્યાખ્યા અને આશયો ઉપર અગાઉ જે વિવેચન કર્યું છે તે પરથી પણ આ વાત સ્પષ્ટ રીતે સમજાઈ જાય તેવી છે સદાચાર શબ્દ એટલો વિસ્તૃત છે કે ઘણા નૈતિક નિયમોનો સમાવેશ થવા ઉપરાંત તેમાં વર્તન અને પ્રક્રિયાનો પણ સમાવેશ થઈ જાય છે

૩ તપ–અનેક પ્રકારનાં તપ કરવાથી ઇન્દ્રિયો પર સંયમ થાય છે બાહ્ય અભ્યંતર તપનો અનેક પ્રકારે વિધિ બતાવેલ છે તેમાં આમ બહુધા બાહ્ય તપ માટે સૂચવન હોય એમ જણાય છે બાહ્ય તપને અહીં યોગપ્રાપ્તિની પૂર્વસેવામાં આટલું મહત્ત્વનું સ્થાન આપવાનું કારણ એ જણાય છે કે એથી સ્થૂલ શક્તિઓ ઉપર અંકુશ આવવા ઉપરાંત તદ્દ્વારા માનસિક વૃત્તિઓ ઉપર પણ એક પ્રકારનો કાબૂ આવી જાય છે. યોગભૂમિકા ઉપર આરૂઢ થવા માટે બાહ્ય તપની પૂર્વસેવા તરીકે ખાસ અગત્ય છે ચાંદ્રાયણ વિગેરે તપનો વિધિ વિહિતશાસ્ત્રમાં બતાવેલ છે તે અનુસારે તેની પ્રક્રિયા કરવી.

૪ મોક્ષ અદ્વેષ–આ અતિ અગત્યનો માનસિક ઉપાય છે યોગપ્રાપ્તિને અંગે એની બહુ જ આવશ્યકતા છે. કેટલાક ભવાભિનંદી પ્રાણીઓને સંસાર ઉપર એટલો રાગ હોય છે કે તેઓ સંસારમાં રાચતા જાય છે–તેના રાગનો આ સ્થિતિમાં ત્યાગ થતો નથી પરંતુ તેના મનમાં મોક્ષ ઉપર અભાવ ન હોવો જોઈએ. આવા યોગારૂઢ થવાની ઇચ્છાવાળા પ્રાણીને મનમાં એમ પણ ન જોઈએ કે મોક્ષમાં જઈને શું કરવું ! ત્યાં કેમ

અમુક ક્રિયાના ફળ તરીકે એવી સંપત્તિ અથવા બીજું કાંઈ પણ પરલોકમાં પ્રાપ્ત થવાનું નિયાણું કરવામાં આવે તે ગરલ અનુષ્ઠાન કહેવાય છે અનેક ઝેરી દવાના મિશ્રણથી ગરલ નામનું ઝેરી દ્રવ્ય થાય છે તે પીવાથી પ્રાણી ધીમે ધીમે મરણ પામે છે, તેમ વિષનો વિકાર કાળાન્તરે ફૂલવે છે કોઈ પ્રકારના પારલૌકિક સુખાદિની ઇચ્છાથી જે ત્યાગ અનુષ્ઠાન થાય તે પણ નકામું જ છે ઠેકાણા વગરનો પ્રાણી સન્નિપાતવાળાની પેઠે અથવા અજ્ઞાનીની પેઠે શૂન્ય ચિત્તે અનુષ્ઠાન કરે તેને અનનુષ્ઠાન કહેવામાં આવે છે આવા પ્રકારનું અનુષ્ઠાન પણ નકામું છે સ્તુતિ, સ્તવન ધ્યાન વિગેરે પોતાથી બની શકે તેવાં અનુષ્ઠાનો શુભ રાગથી કરવામાં આવે તેને તદ્ધેતુ અનુષ્ઠાન કહેવામાં આવે છે આવાં અનુષ્ઠાનથી મુક્તિ ઉપર રાગ થાય છે અથવા અદ્વેષ થાય છે અને વિશિષ્ટ સદનુષ્ઠાન અમૃત નામનું છે તેનું તે કારણરૂપ હોવાથી એ પ્રશસ્ય ગણવામાં આવે છે એમાં ક્રિયા બાહ્ય થાય છે પણ મોક્ષ ઉપર અદ્વેષ હોવાથી તે પ્રશસ્ય છે એમાં રાગનો ભાગ છે તે મોક્ષમૂલક છે તેથી તેટલા પૂરતું તે વિશિષ્ટ અનુષ્ઠાનથી ઓછું પડે છે પણ એમાં પ્રીતિ-રાગ શુભ વસ્તુ અને શુભ ક્રિયા ઉપર છે તેથી તે આદરણીય ગણાય છે તત્ત્વબોધપૂર્વક શ્રદ્ધા સહિત જે અનુષ્ઠાન થાય તેને અમૃત અનુષ્ઠાન કહેવામાં આવે છે એ અનુષ્ઠાનની અંદર વસ્તુબોધ યથાસ્થિત હોવાથી તેમ જ શુદ્ધ તત્ત્વની ઓળખાણ થયેલી હોવાથી ત્યાં સંવેગનો રંગ જામે છે આ સ્થિતિમાં જે અનુષ્ઠાન થાય તે ઇચ્છિત ફળ અતિ શીઘ્ર આપે છે મુમુક્ષુ પ્રાણીએ તેટલા માટે જે જે અનુષ્ઠાનો કરવાં

આનું નામ ભૂમિને ક્ષેપવું કારણ એ છે કે—આગળ ભૂમિકામાં જે અયોગ્ય થવાની વાત કરી છે તેની શરૂઆત આ યોગ અદ્વેષથી થાય છે. જો યોગ અદ્વેષ હોય તો જ ઉત્તર પર નિર્ભર થાય છે અને પર ભવમાં તે મહાદેવસ્યનું કારણ બને છે આવી રીતે આપણે યોગપ્રાપ્તિના ઉપાયનું ચિંતવન કરી ગયા.

અમૃતઅનુષ્ઠાન સ્વરૂપ

જે જે અનુષ્ઠાનો યોગપ્રાપ્તિને માટે કરવામાં આવે તે સર્વમાં ખાસ કરીને તત્ત્વબોધની ખાસ જરૂરીઆત છે તે યોગસિદ્ધિના ઉપાયને અંગે આપી દેવું જરૂરનું છે એટલાપૂરતા તેટલા માટે અનુષ્ઠાનો ના પાંચ ભેદ વિભાગ પાડવા છે અને તેમ કરીને જણાવી આપ્યું છે કે—જેમ એક ઔષધિ (દવા) હોય તે સાચી માફક આવે તો તેથી તેના વ્યાધિની વૃદ્ધિ થાય છે અને બીજા માણસને તે બળની વૃદ્ધિ કરે છે તેવી રીતે વ્યક્તિભેદને એક સરખા જ અનુષ્ઠાનો જુદા જુદા પ્રકારનાં ફળ આપે છે ફળ પ્રાપ્તિનો આધાર અંતર આશય અને તત્ત્વબોધ પર રહેલો હોવાથી અમુક અનુષ્ઠાન કેવું છે તેનો બાહ્ય દૃષ્ટિએ વિચાર કરવાનો નથી. આ લોકમાં અમુક લબ્ધિની અથવા શક્તિની પ્રાપ્તિ થાય અથવા કીર્તિ થાય એવી કોઈ અપેક્ષાથી અનુષ્ઠાન કરવું તેને વિષ અનુષ્ઠાન કહેવામાં આવે છે. વિષ ખાવાથી તરત જ આયુનો નાશ કરે છે એ જાણીતી વાત છે. વિષની પેઠે આવું અનુષ્ઠાન તજવા જેવું છે એમ તેથી ભિન્ન આગળ એહિક સુખની ઇચ્છાથી કરવામાં આવે તેથી લાભ થતો નથી. તેવી જ રીતે પરલોકમાં દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તી વગેરેનાં સુખની પ્રાપ્તિની ઇચ્છાથી જે અનુષ્ઠાન કરવામાં આવે એટલી

ઉપર કર્યું છે. જૈન યોગનાં ગ્રંથોમાં એ સંબંધમાં સારી રીતે વિવેચન આવે છે. આપણે તત્સંબંધમાં યોગાચાર્ય શ્રીમાન્ હેમચંદ્રસૂરિ શું કહે છે તે સંક્ષેપમાં વિચારી જઈએ. આ વિષયમાં બહુ લંબાણ કરવાની આવશ્યકતા નથી કારણ ઉક્ત મહાત્માનું યોગશાસ્ત્ર પ્રસિદ્ધ થઈ ગયું છે અને યોગાચાર્યો આ આઠ અંગના વિવેચન ઉપર આધાર રાખતા નથી. શ્રી હેમચંદ્રાચાર્યે તો અષ્ટાંગની હકીકત બતાવતાં પ્રસંગોપાત બીજી ઘણી વાત કરી છે તેથી સારું ગ્રંથ બહુ ઉપયોગી છે. આ સુપ્રસિદ્ધ આઠ અંગો પૈકી પ્રથમનાં પાંચ અંગો મધ્યમાધિકારી માટે છે અને છેવટનાં ત્રણ ઉત્તમાધિકારી માટે છે. એ આઠ અંગોનો આપણે જૈન યોગગ્રંથોમાં બતાવેલ નિયમ પ્રમાણે વિચાર કરીએ. (અત્ર અષ્ટાંગનો નિર્દેશ કર્યો છે તે ઉક્ત યોગશાસ્ત્ર અને જ્ઞાનાર્ણવનો સાર છે)

૧. યમ

સંસારસમુદ્રનો પાર પામવા માટે અને અનિર્વાચ્ય આત્મિક સુખ નિરંતરને માટે પ્રાપ્ત કરવા માટે આત્માના સહજ ગુણો જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રગટ કરવાની ખાસ જરૂર છે. એ ગુણો પ્રગટ કરવા માટે પ્રથમ શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ ઉપર શ્રદ્ધા રાખવી જોઈએ. એ શ્રદ્ધા બરાબર રહે તેટલા માટે અનેક ગુણોના આશ્રયસ્થાન રાગદ્વેષ રહિત દેવતત્ત્વને ઓળખી લેવું જોઈએ. દેવતત્ત્વમાં ખાસ એ વાત જાણવાનું છે કે-તેઓ યથાસ્થિત વસ્તુસ્વરૂપના બતાવનાર હોવા જોઈએ અને તેઓને કોઈ પણ પ્રકારનો મોહ, દ્વેષ કે રાગ ન હોવા જોઈએ

સમ્યક્ત્વ

તે આ હકીકત ધ્યાનમાં લઈ અમુક અનુષ્ઠાનની પ્રવૃત્તિમાં આવે
તેવાં કરવાં, કારણ કે અમુક અનુષ્ઠાન કરવામાં પરિપૂર્ણતા
થઈ જતી નથી, પરંતુ વિહિત રીતે વિધિપૂર્વક અને લાગ-
ણીનો ત્યાગ કરીને આત્માર્થે જ કરવામાં આવે ત્યારે જ તેમાં
આનંદ આવે છે અને તે અવિસંવાદિત ફળ આપનાર પણ
ત્યારે જ થાય છે. જ્યાં અહીં યાદ રાખવાનું છે કે અમુક
બાહ્ય ફળની અપેક્ષાએ જે અનુષ્ઠાન કર્યું હોય તો તે તુચ્છ
જ વિષ કે ગરલના વિભાગમાં આવશે જતી. ધ્યાન અનુષ્ઠાન
આદર જ તે કરવાં અને તેમાં કોઈ પણ પ્રકારની આશંસા
ન રાખવી એ બહુ અગત્યની બાબત છે અને તેને અંગે
ગીતાનો જે સિદ્ધાન્ત મેલ્યો છે તે વિચારવા યોગ્ય
છે. તે તો જે કરે તે પ્રભુને આપવાનું કહે છે, પ્રભુને તેનું
કાંઈ લેવાની જરૂર નથી અને પ્રભુ હોય તો તેના દરબારમાં
કોઈ વસ્તુની ખોટ નથી પણ એના ફરમાનનો આશય એમ
જણાય છે કે તારે તેનાં ફળની અપેક્ષા રાખવી નહિ. ગીતામાં
એક પ્રસંગે કહ્યું છે કે તારો કર્મ ઉપર અધિકાર છે, ફળ
ઉપર અધિકાર નથી. તેની પાછળ તારે દોડવાનું નથી. આ
વાતનું રહસ્ય સમજી અમુક અનુષ્ઠાન કરવા યત્ન કરવો એવી
યોગાચાર્યોની ખાસ ભલામણ છે.

યોગનાં આઠ અંગ

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા
અને સમાધિ–આ યોગનાં આઠ અંગ છે એમ પૂર્વકાળથી
યોગીઓ માને છે. ક્રમિકને અંગે આ આઠ અંગોનો[1]
અંતર આશય સમજવી સહજ નિરૂપણ આપવું તત્ત્વાર્થે

અહિંસા ધર્મમાં પ્રાણી હિંસાનો ત્યાગ કરે છે અહીં તેને વિચાર થવો જોઈએ કે—જેટલું પોતાનું જીવિતવ્ય પોતાને પ્રિય છે તેટલું જ સર્વ પ્રાણીઓને પ્રિય છે એકેંદ્રિય વનસ્પતિમાં જીવન છે એ તો હવે વિજ્ઞાનના પ્રયોગોથી સિદ્ધ થઈ ચૂક્યું છે કારણ કે મનુષ્યશરીર પેઠે તે પણ વિજળીક પ્રવાહનો જવાબ આપે છે ઝેરી પદાર્થો તેના પર અસર કરે છે અને ઉત્તેજક વસ્તુઓ તેના પર મનુષ્યો કે દેહધારીનાં શરીર પર જેવું કામ કરે છે તેવી અસર ઉપજાવે છે સર્વ જીવોને પોતાના આત્મા જેવા જાણી તેનો વધ ન કરવો અથવા યથાશક્તિ વિનાકારણ કોઈનું જીવિતવ્ય લેવું નહિ એ પ્રથમ અહિંસાવ્રત છે અહિંસા વ્રતના સંબંધમાં વારંવાર બહુ ઉલ્લેખ આ શાસનમાં કરવામાં આવેલ છે કારણ કે અહિંસાને પાળવા માટે શારીરિક કષ્ટો પણ સહન કરવાની આજ્ઞા આપવામાં આવે છે અને એ અહિંસાના વ્રતને પાળવા માટે બીજા વ્રતોની સંકલના છે એમ બતાવવામાં આવ્યું છે સર્વના પ્રાણ તેને એટલા બધા વહાલા હોય છે કે તેનો નાશ કરતાં તેને મહાદુઃખ થાય છે તેથી આ વ્રતના સંબંધમાં બહુ ભાર મૂકી મૂકીને એ સંબંધમાં બહુ જાગૃતિ રાખવાનું ઉપયોગ રાખવાનું સાવધતા રાખવાનું કહેવામાં આવ્યું છે કેટલીક જગ્યાએ ધર્મને નામે હિંસા બતાવવામાં આવી છે તે આ દૃષ્ટિથી તદ્દન ત્યાજ્ય છે એમ સ્પષ્ટ જણાઈ આવે છે આ અહિંસા વ્રતનો દેશથી આદર કરવો તેને પ્રથમ વ્રત કહેવામાં આવે છે સર્વ વ્રતની વાડરૂપ હોવાથી આ વ્રત ઉપર સવિસ્તરપણે લક્ષ આપવાનું છે હિંસાનું ફળ શરીરમાં

સુદેવત્વ શોધતાં તેમાં આપ્ત નિસ્પૃહ હોવા જોઈએ, રાગ અવસ્થામાં સ્થિત થયેલ જોઈએ, શુદ્ધ ધર્મનો બોધ કરનાર હોવા જોઈએ અને મહાવ્રતને ધારણ કરનાર હોઈ શિક્ષા ઉપર આજ્ઞાનિયમ બતાવનાર હોવા જોઈએ. આવા ગુરુ હોય તો જ ધર્મ કે સ્પૃહા રાખ્યા વગર સત્ય માર્ગનો ઉપદેશ આપી શકે ક્ષમા, માર્દવ, આર્જવ વિગેરે ઉપરોક્ત દશ પ્રકારનો ધર્મ એ સદ્ધર્મતત્ત્વ છે આ સુદેવ, સુગુરુ, સુધર્મ તત્ત્વની બરાબર શોધ કરી તેને આદરવાં તેનું નામ સમ્યક્ત્વ કહેવામાં આવે છે એ સમ્યક્ત્વ અમુક પ્રાણીમાં છે કે નહિ તેને બતાવનાર પાંચ લિંગ યોગાચાર્યોએ બતાવ્યાં છે તે વિચારવા યોગ્ય છે એ પાંચ

પાંચ લિંગ

લિંગ આ પ્રમાણે છે. તીવ્ર કષાયના ઉદયના ત્યાગથી શમ, મોક્ષના તીવ્રતમ અભિલાષરૂપ સંવેગ, ભવભયથી વૈરાગ્ય, તેના ઉપર ખેદ તેના ઉપર અનાસક્તિ એ નિર્વેદ; કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર દુઃખી પ્રાણીને દુઃખમાંથી છોડાવવાની ઇચ્છા તે અનુકંપા; (દુઃખ અનેક પ્રકારનાં છે સાંસારિક, માનસિક, શારીરિક વિગેરે.) શુદ્ધ તત્ત્વ ઉપર શ્રદ્ધાળુપણું તે આસ્તિક્ય. આ પાંચ લિંગ ઉપર સમ્યક્ત્વના અસ્તિત્વની ખબર પડે છે. અવિરત થઈ સમ્યક્ત્વ ગ્રહણ કરી પ્રાણી દેશવિરતિપણું પ્રાપ્ત કરે છે એટલે પાંચ યમોને અમુક અંશે ગ્રહણ કરે છે એટલે હિંસા વિગેરે પાંચને મન, વચન અને કાયાથી કરવા કરાવવા નહિ વિગેરેરૂપે ત્યાગ કરે છે અહિં જે ત્યાગ થાય છે તે સ્થૂળથી થાય છે એટલે સર્વવિરતિની પેઠે સર્વથા ત્યાગ બની શકતો નથી.

ધણીની રજા વગર લેવી તેને અદત્તાદાન કહેવામાં આવે છે. કોઈની પડેલી, વિસરાઈ ગયેલી, નાશ પામેલી, સ્થિર પડેલી, દાટેલી કે એવી બીજી કોઈ પણ રીતે અન્યની માલેકીવાળી વસ્તુ તેના માલીકે આપ્યા વિના લઈ લેવી તેનો ચોરીમાં સમાવેશ થાય છે ધનધન અથવા વસ્તુ ઉપર તેના માલેકને પ્રાણ જેટલો પ્રેમ હોય છે તેથી તે લઈ લેવામાં તેના પ્રાણ લેવા જેટલું દુઃખ તેને લાગે છે આવી આપત્તિઓને અટકાવવા માટે ચોરીનો ત્યાગ કરવાની ખાસ જરૂર છે આ પ્રમાણે હોવાથી અન્યનું તૃણ માત્ર પણ હોય તે લેવું નહિ એ આ યમ બતાવે છે ચોરી કરવાથી દુઃખ દુર્ભાગ્ય પ્રાપ્ત થાય છે દારિદ્રય આવે છે અને મનમાં ક્લેશ થાય છે તેના ત્યાગથી અનર્થપરંપરાનો નાશ થાય છે અને લક્ષ્મી સ્વયમેવ આવી મળે છે લક્ષ્મીની પછવાડે જેઓ દોડે છે તેનાથી તે દૂર નાસી જાય છે પણ જે તેની સ્પૃહા કરતા નથી તેને તે ખુશીથી આવીને વરે છે

બ્રહ્મચર્ય-પ્રથમ અરે મન વચન કાયાથી દેવતા સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી સ્ત્રીઓનો સર્વથા વિષય અથવા સ્પર્શથી સ્વદારાસંતોષ કરવારૂપ આ ચતુર્થ યમમાં વિષયવાસનાનો ત્યાગ કરવા સંબંધી સૂચના કર્યું છે અમે તેવી કૃપાથી જો હોય તેનો ત્યાગ કરવા દૃઢ ભાવના કરવી એ યોગમાર્ગનું એક મુખ્ય અંગ છે જ્યારે વીર્યવાન પોતાની સર્વ ઇંદ્રિયો પર એટલો અંકુશ રાખી શકે છે કે તેને સાધ્ય સમીપ થઈ જાય છે અને તેથી યોગના અતિશય પ્રયાસ માટે વાર વાર પણ કહેવામાં આવ્યું છે આપણે આ વિષયની શરૂઆતમાં પણ બ્રહ્મચર્યનું મહત્વ વિચારી ગયા છીએ. કેટલાક તુચ્છ

આદિ વિગેરે થાય છે અને અહિંસાથી દીર્ઘ આયુષ્ય, રૂપ આરોગ્ય વિગેરે પ્રાપ્ત થાય છે

સત્ય—આ દ્વિતીય યમ છે. એને અંગે કોઈ પણ પ્રકારની લોભાદિ તુચ્છ વૃત્તિને આધીન ન થતાં અસત્ય ન બોલવું એ સર્વવિરતિધરસ્થિત સાધુઓ માટે અને પાંચ મોટાં અસત્યનો તો સર્વથા ત્યાગ કરવો, એ દેશવિરતિધરસ્થિત અન્ય મનુષ્યો માટે જરૂરનું છે. આ પાંચ મોટાં અસત્ય આ પ્રમાણે: ૧ કન્યા વેવિશાળાદિ સંબંધને અંગે કન્યા સંબંધી, ૨. ભૂમિ સંબંધી, ૩. જનાવર સંબંધી, ૪ અસત્ય બોલવું, થાપણ(ડીપોઝીટ)ને ઓળવવી અને ૫. કોરટ ઉપર ખોટી સાક્ષી આપવી. આ પાંચ મહાઅસત્યનો સર્વથા ત્યાગ કરવો એવો યોગાચાર્યોનો આદેશ છે અસત્ય વચનથી પ્રાણી આપસ ખોટે રસ્તે દોરાય છે અને તેને સત્ય હકીકત જણાવાં એટલું બધું દુઃખ લાગે છે કે અસત્ય વચનોચ્ચાર કરવો એ એક પ્રકારે એવા એના આત્માને ટેવ જેવું છે. આ પ્રમાણે હોવાથી સુજ્ઞ પ્રાણીએ હિત, મિત, પ્રિય, તથ્ય અને પથ્ય વચન બોલવું યુક્ત છે સત્ય બોલવાથી મનમાં પણ એક એવા પ્રકારની શાંતિ થાય છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. પોતાને સત્ય બોલવાથી કદાચ જરા નુકસાન સહન કરવું પડે તો પણ સત્યનો ત્યાગ કરવો ઉચિત નથી કારણ કે એવા વર્તનથી પણ મનમાં સ્વાત્મસંતોષ થાય છે અને એક દરજ્જ જનાથી એવું લાગે છે અસત્યનાં ફળ તરીકે મૂંગાપણું મુગ્ધપણું વિગેરે મુખના વ્યાધિઓ થાય છે અને સત્ય બોલનારને દૈવીક અગ્નિથી પ્રકૃતિઓ પણ અસર કરી શકતી નથી.

અસ્તેય—ચોરીનો ત્યાગ. જે વસ્તુ પોતાની ન હોય તેને

પોતાની કરવા મનસૂબો કરવો એ પરિગ્રહ છે અમુક વસ્તુ પાસે હોવી તેને પરિગ્રહ કહેવામાં આવતો નથી પણ તેના ઉપર મૂર્છા કરવી અથવા વિહિત રીતિ કરતાં વધારે ધર્મ પારવું સમજવું તેનું નામ પરિગ્રહ છે મૂર્છાથી અસંતોષ ઉત્પન્ન થાય છે અને અસંતોષથી અનેક દુઃખો અને કુવિતર્કો થાય છે સંતોષથી જે માનસિક સુખ થાય છે તેનું વર્ણન કરવું અશક્ય છે સંતોષને સોમાયાથી કામધેનુ અથવા કલ્પ વૃક્ષ સાથે સરખાવે છે તેનું કારણ સ્પષ્ટ સમજી શકાય તેમ છે સંતોષથી જ્યાં ઇચ્છા ઉપર જ અંકુશ આવી જાય ત્યાં પછી કલ્પવૃક્ષ પણ તેને નકામું છે મનુષ્યને કમનો ભાર કરાવનાર અનેક આરંભો છે અને તે આરંભો કરવાનું કારણ મૂર્છા છે મૂર્છાને લીધે તેવા આરંભો કરવાની વૃત્તિ થાય છે આથી આ બધી ઉત્પાત કરાવનાર તૃષ્ણાનો ત્યાગ કરવો ઉચિત છે ધનની ઇચ્છાથી પ્રાણી કેવાં કેવાં અયોગ્ય વર્તન કરે છે તે અનુભવ નો વિષય છે અને જરા અવલોકન કરનાર પણ તે સારી રીતે જોઇ શકે તેમ છે આ પ્રમાણે સ્થિતિ હોવાથી સંતોષ રાખવો એ ખાસ કર્તવ્ય તરીકે પ્રાપ્ત થાય છે. મનોરથ ભટની ખાણ એટલી ઊંડી છે કે તે કદિ પૂરાતી જ નથી, તેને પૂર વાનો ઉપાય કરવો એમાં મૂર્ખતા છે, સંતોષ રાખી પ્રાપ્ત થયેલ સંપત્તિમાં રાજી રહેવું એ જ ઠીક વાત છે

આ પાંચ યમોનો સામાન્યથી તેમ જ દેશથી ત્યાગ અત્ર બતાવ્યો છે જ્યારે તેનો સર્વથા ત્યાગ થઇ શકે છે ત્યારે તેમાં બહુ જ આનંદ આવે છે મનથી પણ હિંસાનો ત્યાગ થાય, કોઈ પણ પ્રકારનું અસત્ય વચન કે ભાગનું સંક્લિષ્ટ

વિષયાભિલાષી પ્રાણીઓની સ્ત્રીઓ તરફની દૃષ્ટિ, વાતચીત તથા વર્તન જોઈ તેઓના મનોભાવો ઉપર મનમાં હાસ્ય આવ્યા વગર રહેતું નથી. બ્રહ્મચર્યના પ્રબળ યોદ્ધા કામદેવ પર વિજય મેળવવાની ખાસ જરૂર છે કારણ કે સર્વ કર્મમાં મોહનીય કર્મ વિશેષ બળવાન છે અને સંસારમાં ફસાવનાર અને રખડાવનાર પણ તે જ છે. વિષયભોગ વખતે સ્ત્રીયોનિમાંથી અનેક જીવોનો નાશ થાય છે તેથી પ્રથમ વ્રતની અપેક્ષાએ પણ આ વ્રત મહત્ત્વનું કરવા યોગ્ય છે. વળી મૈથુનસેવનથી જેનાં નામ પણ આવા ગ્રંથમાં આપવાં ઉચિત ન ગણાય એવા અનેક રોગો થાય છે અને રાત્રિએ ઊંઘમાં પણ શાંતિ મળતી નથી. આ ઉપરાંત પરસ્ત્રીગમનથી મોટું વેર તેના પતિ સાથે થવાનો અને પ્રસંગોપાત્ત કટ થવાનો પણ સંભવ રહે છે. સ્ત્રીશરીરમાં શું ભર્યું છે તેનો વિચાર કરવાથી વિષયભોગ ઉપર એકદમ વૈરાગ્ય આવે તેમ છે. વિષયભોગથી અથવા વિષયસેવનથી અનેક વ્યાધિઓ થાય છે અને તેની શરૂઆતમાં સહજ સ્થૂળ સુખ લાગે છે પણ ખરી રીતે તેમાં કાંઈ સુખ જેવું રહેતું નથી અને પરિણામે મહાદુઃખ ઉત્પન્ન થાય છે; તેમ જ તેના ત્યાગથી શરીરનું લાવણ્ય, સૌંદર્ય અને શક્તિ જળવાઈ રહે છે ને વિશેષે પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્ય પાળવાથી યોગમાં બહુ જલદી પ્રગતિ થાય છે એ સુપ્રસિદ્ધ હકીકત છે. આ અગત્યના વ્રત પર ખાસ વિચાર કરવા યોગ્ય છે.

અકિંચનત્વ–પંચમ નિષ્પરિગ્રહતારૂપ વ્રતમાં મૂર્છાનો ત્યાગ કરવાનો માર્ગ બતાવ્યો છે. ધન, ધાન્ય પશુ આદિ કોઈ પણ વસ્તુઓ ઉપર મૂર્છા કરવી અત્યંત ઇચ્છાથી તેને

ની આવશ્યકતા યોગમાં બતાવી છે. શૌચ, સંતોષ સ્વાધ્યાય, તપ અને દેવતાપ્રણિધાન એ પાંચ પ્રકારના નિયમના સંબંધ માં આપણે દ્વિતીય યોગભૂમિકાના નિરૂપણ પ્રસંગે વિવેચન કરી ગયા છીએ. આ પાંચ નિયમના સંબંધમાં વિવેચન કરતાં શ્રી યશોવિજય ઉપાધ્યાય બત્રીસમી બત્રીશીમાં કહે છે કે— શૌચથી ખરી અશુચિ ભાવના ભાવવાથી શરીર ઉપર જુગુપ્સા થાય છે માંસ રુધિર, મેદ, અસ્થિ અને મજ્જાથી ભરેલી આમની મેળવી ઉપર રાગ કરવો ઉચિત નથી અને એવી જ પરની કાયા હોવાથી તેનો સંગમ કરવો તે કેમ ઉચિત ગણાય ! આ શૌચપાલનથી સાત્વિક ગુણની વૃદ્ધિ થાય છે અને રજસ અને તમોભાવનો અભિભવ થાય છે ઇંદ્રિયો પર જય પ્રાપ્ત થાય છે અને આત્મદર્શન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે સંતોષથી ઉત્તમ પ્રકારનું આત્મીય સુખ થાય છે, સ્વાધ્યાયથી ઇષ્ટદર્શન થાય છે, તપસ્યા કરવાથી શરીર અને ઇંદ્રિય પર બહુ ઉત્તમ પ્રકારનો અંકુશ પ્રાપ્ત થાય છે અને ઇશ્વરપ્રણિધાન નામના પાંચમા નિયમથી આત્મસમાધિની પ્રાપ્તિ થાય છે

નિયમોનો આવો ચમત્કાર હોવાથી ઇચ્છારોધ કરવા માટે અનેક પ્રકારના નિયમો યોગાચાર્યોએ બતાવ્યા છે આપણે આગમ યોગશાસ્ત્રનિર્દિષ્ટ ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું સંક્ષેપમાં નિરૂપણ કર્યું શ્રાવકનાં બાર વ્રતમાં પ્રથમના પાંચ અણુ વ્રતોનું પ્રથમ યમ યોગાંગને અંગે ઉપર નિરૂપણ થઈ ગયું એ પાપની રક્ષા માટે અને આત્માને બરાબર માર્ગ પર રાખવા માટે ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોની યોજના કરી છે એ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત મળીને

વચન પણ ન બોલાય ગુરુની રજા વગર આપ્તપુરુષના આદેશ વગર અને તે જીવની રજા વગર અદત્ત જીવ કે વસ્તુનો સ્વીકાર ન થાય, સ્ત્રી ઉપર પણ મલિનબુદ્ધિ થાય અને પ્રાપ્ત ધનનો પણ સર્વથા ત્યાગ થાય—એવી રીતે જુદી જુદી રીતે પાંચે યમનો સર્વથા સ્વીકાર થાય ત્યારે યોગભૂમિકામાં અધિક પ્રગતિ થતી જાય છે અને માર્ગ બહુ સરળ થતો જણાય છે. આ પ્રત્યેક યમના પાંચ પાંચ અતિચારો દેશ-ત્યાગને લાગે બતાવ્યા છે અને સર્વથી ત્યાગરૂપ દરેક યમ પર પાંચ પાંચ ભાવનાઓ છે. પ્રથમની હકીકત અતિ સુંદર રીતે અર્થદીપિકા નામની શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર પરની ટીકામાં બહુ વિવેચન સાથે બતાવી છે અને બીજી હકીકત હેમ યોગ શાસ્ત્રના પ્રથમ પ્રકાશમાં બતાવી છે. અહીં વિસ્તારભયથી તે પર ઉલ્લેખ કર્યો નથી. જિજ્ઞાસુએ બરાબર અભ્યાસ કરી આ વિષય સમજવા યોગ્ય છે. આ પાંચ યમનું અત્ર વર્ણન કર્યું છે તે દેશથી આદર કરેલ હોય છે ત્યારે શ્રાવકનાં દ્વાદશ વ્રતો પૈકી પ્રથમના પાંચ અણુવ્રત બને છે અને સર્વથી આદરેલ હોય છે ત્યારે સાધુનાં પાંચ મહાવ્રત બને છે. સિદ્ધિસાધના માટે શ્રાવક અને યતિ એ બન્ને માર્ગ ઉપયોગી છે. એકમાં ઉન્નતિ અવિરોધ છે અને વિશેષ પ્રગતિને યોગ્ય સાધનોની પ્રાપ્તિ માટે અવકાશ છે. બીજામાં પ્રગતિ જલદ અને ધીમી છે— પરંતુ યોગસાધના માટે અને નિર્વાણપ્રાપ્તિ માટે બન્ને માર્ગ બહુ ઉપયોગી હોવાથી બન્ને પર લક્ષ આપવાની જરૂર છે.

૨. નિયમ

ઇન્દ્રિય ઉપર અંકુશ લાવવા માટે અનેક પ્રકારના નિયમો

વામાં આવે અને બને તેટલા ઉપયોગે તેને અનુસરવા દઢ વિચાર કરવામાં આવે તો બનેલા બનાવ વખતે યથેષ્ટ વિશુદ્ધ ચિત્ત સ્થિતિનું સાતત્ય થાય છે અને દરેક નિર્ણયોને અનુસરવામાં આવે તો જીવનયાત્રા સફળ થાય છે. આવા નિયમને વળગી રહેવા માટે દેવ ગુરુ સમક્ષ જાહેર રીતે વિશિષ્ટ જ્ઞાનપ્રધાન મહાપુરુષોએ બતાવેલા અપવાદના પાઠો સાથે સૂત્રોચ્ચારણ કરીને નિશ્ચય કરવો તેનું નામ પચ્ચખ્ખાણ કહેવામાં આવે છે અને એ પચ્ચખ્ખાણ આત્માની ઉત્ક્રાન્તિમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે

હવે આપણે મુખ્યમતો પર વિચાર કરીએ. તે પ્રસંગે એટલું જણાવવું અહીં પ્રસ્તુત છે કે—આ યમ અને નિયમને અંગે પચ્ચખ્ખાણનો જે વિધિ આ યોગમાર્ગમાં બતાવ્યો છે તે તેના અંતર આશય સાથે બહુ સૂક્ષ્મ દૃષ્ટિથી સમજવા યોગ્ય છે નવપચ્ચખ્ખાણ કદિ બળાત્કારે લેવાવા નથી અને તેવી રીતે લેનાર આપનારને ભવિષ્યમાં લાભ થવાનો સંભવ પણ બહુ જ ઓછો છે પરંતુ સ્વેચ્છાથી અમુક નિશ્ચય કરી તેના પર ધર્મનું સીલ કરવામાં આવે એટલે દેવ, ગુરુ અને આત્મા સમક્ષ કોઈ પણ બાબતને અંગે નિયમ–પચ્ચખ્ખાણ કરવામાં આવે તો તેથી જ બહુ લાભ થાય છે. મહાકષ્ટને પ્રસંગે પણ નિયમ છોડતાં અથવા તેનો ત્યાગ કરતાં બહુ વિચાર થાય છે અને ઉક્ત રીતે લીધેલ નિયમ ટકી શકે છે અને એવી રીતે આત્મિક ઉત્ક્રાન્તિમાં પચ્ચખ્ખાણ એક અગત્યનો ભાગ ભજવે છે જ્યારે વિપત્તિમાં પણ નિયમને વળગી રહેવાની ચીવટ બતાવવામાં આવે ત્યારે ચેતનના વિશુદ્ધ ગુણો વધારે પ્રકટ થવા માંડે એમાં કાંઈ પણ આશ્ચર્ય નથી.

બાર વ્રત થઈ જાય છે અને દેશવિરતિ અવસ્થાને બદલે જાતિ ભગતનો લાભ લઈને છે, જ્યારે અણુવ્રતને બદલે સાધુઅવસ્થામાં પંચ મહાવ્રત આદરવામાં આવે ત્યારે આદિના ગુણશિક્ષાવ્રતોનો યોગ સહજ પ્રાપ્ત થઈ જતો હોવાથી સમિ-તિઓના સંબંધમાં તેની જુદી વિચારણા કરવાની રહેતી નથી, તેથી તેઓને માટે ઉપયુક્ત ધ્યાનાદિની યોજના નિયમ નામના યોગાંગમાં આવે છે જ્યારે અણુવ્રતવિશુદ્ધિ માટે ગુણશિક્ષા-વ્રતોની યોજના નિયમ નામના યોગાંગમાં કરી હોય એમ મને લાગે છે નિયમને અંગે પચ્ચખ્ખાણ લેવા માટે શાસ્ત્રમાં અનેક પ્રકારના વિધિ બતાવવામાં આવ્યા છે તેનો હેતુ એ છે કે–

પચ્ચખ્ખાણની આવશ્યકતા.

અમુક પ્રસંગે ગુરુમહારાજના મુખથી વિવિધ ધર્મોપદેશના શ્રવણથી, સત્સમાગમના ફળ તરીકે અથવા કોઈ બીજા પ્રકારનું મન પર અસર કરનાર વ્યાવહારિક બનાવથી ચિત્ત વૈરાગ્યવાસિત થઈ જાય છે, કોઈ નજીકના સંબંધીના મૃત્યુના બનાવથી અથવા અનિષ્ટસંયોગથી મનની અસ્થિરતા અથવા શરીરની અશક્તતા સમજાય છે—આવું જીવનમાં અનેક પ્રસંગે અવારનવાર બને છે આવી રીતે મનની જે વિશુદ્ધ સ્થિતિ થઈ હોય તે નિરંતર બની રહેતી નથી, કારણ કે અન્ય નિમિત્તો પ્રાપ્ત કરી સંસારરસિક પ્રાણી પાછો અનેક બનાવોને ભૂલી જાય છે અને સંસારમાં આસક્ત થઈ જાય છે હવે જે વખતે આવા બનાવો બને અથવા સંસારથી ઉદ્વિગ્ન થઈ ચિત્ત વૈરાગ્યવાસિત થાય તે વખતે કેટલાક નિર્ણયો કરવામાં આવે, જીવન વહન કરવા માટે નિયમો મુકરર કર

વિચારણા કરવામાં આવે તો આ વિષયનું મહત્વ બરાબર ખ્યાલમાં આવે તેમ છે સ્મૃતિભ્રમથી કરેલ નિયમ વિસારી દિધાનું ઉલ્લંઘન થઈ જાય, નિયમિત ભૂમિ બહાર આદેશ કરી અન્યને મોકલવામાં આવે અને એક તરફ દિશા ઘટાડી બીજી તરફ વધારવાના ખોટા વાળવાની વૃત્તિ થાય એ સર્વ આ દ્વિવિધ ત્રિવિધે સ્વીકારેલા ગુણવ્રતને માટે ત્યાજ્ય છે, દોષરૂપ છે અને એવા દોષોને જૈન પરિભાષામાં અતિચાર કહે છે

બીજા ગુણવ્રતમાં ભોગઉપભોગની વસ્તુઓના સંબંધમાં યોગ્ય નિયમનો સમાવેશ થાય છે એક જ વાર વપરાતી ભોગ્ય વસ્તુ અને વારંવાર વપરાતી ઉપભોગ્ય વસ્તુને અંગે બહુ નિયમ કરવાની જરૂર છે તેમાં પણ મધ, માંસ જેવા અતિ અનિષ્ટ પદાર્થો, જે ખાવાથી બુદ્ધિની તુચ્છતા થાય હૃદયબળ નરમ પડે અને મગજ બહેર મારી જાય તેનો તો એકદમ ત્યાગ કરી દેવો જોઈએ. એવી વસ્તુના ઉપયોગથી સર્વ રીતે હાનિ છે દારૂ પીનારની થતી માઠી સ્થિતિ પર વિચાર કરતાં જ્યારે તે મગજ પર પોતાનો કાબૂ ખોઈ બેસે છે ત્યારે તેના જે બેહાલ થાય છે તેનો ખ્યાલ કરતા અને દારૂ જેવી વસ્તુ દરરોજને માટે મગજને દેહ ખોખરું બનાવી મૂકે છે તેનો અન્ય મનુષ્યદ્વારા અનુભવ કરતા એક વ્યવહારુ માણસ તરીકે પણ તેનો ઉપયોગ કરવો ઉચિત લાગતો નથી અને માંસ કે જે પારકા શરીરનો વિનાશ છે તેનાથી આપણા પોતાના શરીરનું પોષણ કરવાનો આપણને શો અધિકાર છે? માંસભક્ષણમાં અનેક દૂષણો છે પણ જ્યારે તે ખાવાનો આપણો અધિકાર જ નથી તો પછી તેનાં દૂષણોની વિચારણા કરવાની જરૂર જ શી છે? અનંત

ગુણવ્રત—ગુણવ્રતો ત્રણ છે જેનાથી અનેક પ્રકારના ગુણની વૃદ્ધિ થાય છે એ દરેક વ્રતની બાબત છે. પ્રથમના પાંચ વ્રતને ગુણ કરનાર હોવાથી આ ત્રણ ગુણવ્રત કહેવાય છે. આપણે એ ત્રણે ગુણવ્રતો વિચારીએ. પ્રથમ દિગ્વિરતિ ગુણવ્રત આવે છે અહીં ચાર દિશાઓ ચાર વિદિશાઓ અને ઊંચે તથા અધો—એ દશ દિશામાં વધારેમાં વધારે કેટલે સુધી જવું આવવું તેનો નિયમ કરાય છે અમુક મર્યાદાથી આગળ જવાનો અહીં નિષેધ થતો હોવાથી તેનાથી આગળના જીવોની હાનિ હિંસા થતી નથી ત્યાં રહેલા વ્યાપારિ પદાર્થો માટે અસત્ય બોલવું નથી કે તત્સંબંધી સાક્ષી દેવાનું પણ નથી તેમજ ત્યાંના પદાર્થો ત્યાગ કરેલા હોય તો તેનું અપહરણ પણ નથી, ત્યાં રહેલ વસ્તુની ચોરી થતી નથી ત્યાં રહેલ સ્ત્રીઓના સેવનનો ત્યાગ થાય છે અને ત્યાં રહેલી લક્ષ્મીની અપેક્ષા થવાથી પ્રસરેલ લોભ પણ તેટલા પૂરતો રહે છે જીવને વારંવાર આખી દુનિયાની લક્ષ્મી એકઠી કરવાની ઇચ્છા થાય છે કરોડોના વૈભવથી પણ શાંતિ થતી નથી અને જેમ બધી નદીઓનું પાણી પીતાં વળી ઉલટો સમુદ્ર ખારાશમાં લીન થાય છે તેમ આ જીવને પૌદ્ગલિક પદાર્થોને અંગે વૃદ્ધિ થતા અસંતોષ લાગે છે. આ દિગ્વ્રતથી તેના મનમાં એક પ્રકારની શાંતિ આવી જાય છે પહેલા અને પાંચમા વ્રતને વિશેષ ઉત્તેજન કરનાર આ ગુણવ્રત આધુનિક સમયમાં જરા સાહસ(Adventure)ની આડે આવતું હોય એમ લાગે છે પરંતુ એનો અંતર આશય અને વર્તમાન ઔદ્યોગિક જીવનથી પાશ્ચાત્ય પ્રજાઓમાં વધેલી આત્મીય અવનતિ અને વધેલી સ્વાર્થવૃત્તિ તરફ જો લક્ષપૂર્વક શાંતિથી

વિચારણા કરવામાં આવે તો આ વિષયનું મહત્ત્વ બરાબર લક્ષમાં આવે તેમ છે સ્મૃતિભ્રંશથી કરેલ નિયમ વિસારી દિશાનું ઉલ્લંઘન થઈ જાય, નિયમિત ભૂમિ બહાર આદેશ કરી અન્યને મોકલવામાં આવે અને એક તરફ હદ ઘટાડી બીજી તરફ વધારવાના મોટા લાભની વૃત્તિ થાય એ સર્વ આ દ્વિવિધ ત્રિવિધે ઉચ્ચરેલા ગુણવ્રતને માટે ત્યાજ્ય છે, દોષરૂપ છે અને એવા દોષોને જૈન પરિભાષામાં અતિચાર કહે છે

બીજા ગુણવ્રતમાં ભોગઉપભોગની વસ્તુઓના સંબંધમાં યોગ્ય નિયમનો સમાવેશ થાય છે એક જ વાર વપરાતી ભોગ્ય વસ્તુ અને વારંવાર વપરાતી ઉપભોગ્ય વસ્તુને અંગે બહુ નિયમ કરવાની જરૂર છે તેમાં પણ મધ, માંસ જેવા અતિ કનિષ્ઠ પદાર્થો, જે ખાવાથી બુદ્ધિની તુચ્છતા થાય હૃદયબળ નરમ પડે અને મગજ બહેર મારી જાય તેનો તો એકદમ ત્યાગ કરી દેવો જોઈએ એવી વસ્તુના ઉપયોગથી સર્વ રીતે હાનિ છે દારૂ પીનારની કેવી માઠી સ્થિતિ પર વિચાર કરતાં જ્યારે તે મગજ પર પોતાનો કાબૂ ખોઈ બેસે છે ત્યારે તેના જે બેહાલ થાય છે તેનો ખ્યાલ કરતાં અને દારૂ જેવી વસ્તુ દરરોજને માટે મગજને કેટલું ઉશ્કેરણવાળું બનાવી મૂકે છે તેનો અન્ય મનુષ્યદ્વારા અનુભવ કરતાં એક આબરૂદાર માણસ તરીકે પણ તેનો ઉપયોગ કરવો ઉચિત લાગતો નથી અને માંસ કે જે પારકા શરીરનો વિભાગ છે તેનાથી આપણા પોતાના શરીરનું પોષણ કરવાનો આપણને શો અધિકાર છે? માંસભક્ષણમાં અનેક દૂષણો છે પણ જ્યારે તે ખાવાનો આપણો અધિકાર જ નથી તો પછી તેનાં દૂષણોની વિચારણા કરવાની જરૂર જ શી છે? અનંત

જીવોવાળા પદાર્થો ખાવાથી પણ એટલી જ હાનિ થાય છે. શરીરને ટકાવવા માટે જગતમાં અનેક પદાર્થો છે પણ આવી તુચ્છ વસ્તુઓ ખાવાથી આત્માની બહુ મલિનતા થાય છે અને અહિંસાના પક્ષ પ્રાપ્ત પડી જાય છે. રાત્રિભોજન કરવાથી શરીરને બહુ નુકસાન છે અને વૈદક નિયમથી પણ નુકસાન સિદ્ધ હોવાથી તે ત્યાજ્ય છે. આવી રીતે ભોગોપભોગની વસ્તુઓ માટે વિચાર કરી માંસ, મદ્ય, અનંતકાય, અભક્ષ્ય પદાર્થો આદિનો ભોજન તરીકે ત્યાગ કરવો, રાત્રિભોજનનો ત્યાગ કરવો અને આવા પ્રકારના ત્યાગથી પોતાની જાતને અંકુશમાં લાવવી, તેના પર અંકુશ લાવવો અને પૌદ્ગલિક ત્યાગભાવમાં વિકાસ કરી તેનો સર્વથા ત્યાગ કરવા યોગ્ય ચેતનને બનાવવાની શરૂઆત કરવી. આવા ભોગોપભોગની વસ્તુઓના નિયમ ઉપરાંત વ્યાપારને અંગે પણ કેટલીક વિચારણા કરવાની જરૂર આ ગુણવ્રતને અંગે બતાવી છે. તેનો આશય એ છે કે—જ્યાંસુધી બની શકે ત્યાંસુધી જેમાં મહાઆરંભ થાય, ઘણા જીવોની હિંસા થાય તેવો વેપાર કરવો નહિ. આ પ્રાણીને ભલે તેટલું મળે તો પણ ધનથી તૃપ્તિ થવાની નથી અને તેને લાભ મળે તો તે મળે તેવા આરંભ ધંધાવડે પણ ધન એકઠું કરવા લાગી જાય તેવો છે પરંતુ તેણે અહિંસાનો મુદ્દો ધ્યાનમાં રાખી કર્માદાનના વેપાર ન કરવા જોઈએ. કર્માદાનના વેપાર તેવા પ્રકારના છે કે જેનાથી બહુ મોટો આરંભ થઈ પ્રાણીને કર્મોની રાશિથી ભરી દે છે—મતલબ વિપુલ સંખ્યામાં કર્મો ગ્રહણ કરી લે તેવી સ્થિતિમાં તે પ્રાણીને મૂકે છે. ત્યાં પ્રથમ ક્રમ પંદર છે જેનો ત્યાગ કરવા ફરમાન બતાવ્યું છે: અંગારકર્મ એટલે કોલસાનો,

કુંભારનો, પાણીનો ધંધો જેમાં અગ્નિ સાથે—અગ્ની સાથે સંબંધ હોય છે આમાં ઈંટ ચૂના પકવવાના ધંધાનો કુંભારના ધંધાનો તથા કંસારાના ધંધાનો પણ સમાવેશ થઈ જાય છે વનકર્મમાં ઝાડ તોડવાં, પાંદડાં તોડવાં, ઝાડ કપાવવાં તથા ફૂલ ફૂલ વેચવાના ધંધાનો સમાવેશ થાય છે શકટઆજીવિકા: ગાડાં ઘોડાગાડીઓ, ટ્રામ, મોટર આદિ ચક્રથી ચાલતાં વાહનો નો ધંધો કરવો, તેને ચલાવવાં વિગેરે. ભાટકઆજીવિકા: ગાડાં, બેલ, પાડા, ઊંટ ખચ્ચરો, ગધેડાં વિગેરે પર ભાર ભરી એક જગ્યાએથી બીજી જગ્યાએ વહન કરી તેનાવડે આજીવિકા ચલાવવી તે. સ્ફોટકઆજીવિકા: કૂવા, તળાવ ખોદી, અનેક જીવોનું મર્દન કરી તેની આવક પર જીવન ગુજારવું અથવા તેનો વ્યવસાય કરવો, તેને માટે કંટ્રાક્ટ વિગેરે લેવા તે. આ પાંચ કર્માદાનોના નામ ઉપરથી જણાય છે કે તેમાં ઘણાં સ્થાવર તથા ત્રસ જીવોનો વિનાશ થાય છે ઘણા પ્રાણીની હાનિ થાય છે ઘણા જીવોને પરિતાપ ઉપજે છે અને પર પરાએ અનેક પ્રાણીઓના વિનાશનાં કારણો બને છે આ પછી પાંચ પ્રકારના વાણિજ્ય—વેપાર આવે છે તે વ્યાપારની વસ્તુઓ અતિ નિંદનીય છે તેની ઉત્પત્તિ નિંદનીય છે અને તેનો સંબંધ બુદ્ધિને મલિન કરનાર છે પવિત્ર અપવિત્ર કરનાર છે અને સંયમ અધઃપાત કરનાર છે પ્રથમ દંતવાણિજ્યમાં હાથીદાંત ચમરી ગાયના કેશ, ઘૂવડના નખો, શંખ, સેલ, કોડી, હાડકાં, જનાવરનાં ચામડાં, પીંછાં, રોમ વિગેરેના વ્યાપાર નો સમાવેશ થાય છે બીજા લાક્ષવાણિજ્યમાં લાખ, મણ શીલ, ગળી ટંકણખાર જેવી વસ્તુઓના વેપારનો સમાવેશ

થાય છે ત્રીજા રસવાણિજ્યમાં માખણ, ચરબી, મધ, એવી વસ્તુઓ જેમાં અનેક જીવો સ્વતઃ ઉત્પન્ન થાય છે તેનો સમાવેશ થાય છે. મનુષ્યને તથા તિર્યંચને વેચવા તે કેશવાણિજ્ય કહેવાય છે ઉનવાળા પ્રાણીનો વ્યાપાર કેશવાણિજ્યમાં આવે છે અને તેઓનાં નખ વિગેરે અંગોનો વ્યાપાર દંતવાણિજ્યમાં આવે છે વિષવાણિજ્યમાં વચ્છનાગ, તરવાર હડતાલ વિગેરે વસ્તુઓનો વ્યાપાર આવે છે આ પાંચે પ્રકારના વાણિજ્યમાં વસ્તુની ઉત્પત્તિ અને સ્થિતિમાં અને કેટલાકના ઉપયોગમાં અનેક જીવોની સીધી અથવા આડકતરી રીતે હાનિ થતી હોવાથી તેનો વ્યાપાર ત્યાજ્ય ગણાય છે. આ પાંચ વાણિજ્ય થયા. હવે પાંચ સામાન્ય કર્મોની વાત કરતાં પ્રથમ યંત્રપિલણકર્મ આવે છે. તલ, સરસવ પીલવાના ઘાણા શેરડી પીલવાના ચીચુડા અને બીજા અનેક પ્રકારના યંત્રો જેમાં જીવવધનું કારણ મુખ્ય બને છે તે તથા વર્તમાન મિલોનો આ પ્રથમ વિભાગમાં સમાવેશ થાય છે જનાવરનાં નાક વિંધવાં, બળદને ખસી કરવી, ઘોડાને આંકવા, ઊંટની પીઠ બાળવી તથા જનાવરોનાં અંગોનો છેદ કરવો—ઈત્યાદિ કર્મોને નિર્લાંછનકર્મ કહેવામાં આવે છે પોપટને પાંજરે નાખવા, કૂતરા બિલાડાને પાળવા, કુકડાને લડાવવા, એને અસતીપોષણકર્મ કહેવામાં આવે છે જંગલ કે વનને સળગાવવા, ખેતરમાં દવ મૂકવો, તેમાં અતિ હિંસા કરવા પુણ્ય માનીને વર્તવું એ દવદાનકર્મ કહેવાય છે અને તળાવ, કૂવા વિગેરે જળાશયોને સુકાવવાં અથવા તેનું પાણી અન્યત્ર ખેંચી લેવું તે સરશોષણકર્મ કહેવાય છે. આ પાંચ સામાન્ય કર્મો છે એવી રીતે પાંચ કર્મ પાંચ વાણિજ્ય અને

પાંચ સામાન્ય કર્મો, કુલ પંદર કર્માદાન કહેવામાં આવે છે તેની પ્રક્રિયામાં મહારંભ થાય છે મહાઆરંભ થાય છે અને અનેક જીવોના પ્રાણનો નાશ થાય છે અનાયોગે કરવાથી સહજ દોષ થાય છે અને ઇચ્છાપૂર્વક કરવાથી વ્રતભંગ થાય છે પ્રથમ વ્રતના પાલન માટે આ ભોજન અને વ્યાપારને લગતા દર-યોજના ઉપયોગી ગુણવ્રતની બહુ આવશ્યકતા આમ સમજાશે. એને બરાબર લક્ષ્યમાં રાખવાથી અહિંસાવ્રત અને તે સાથેનાં બીજા વ્રતો સારી રીતે સ્થિર થાય છે અને ગુણવ્રતનું એ જ કાર્ય છે પહેલા ને પાંચમા વ્રતને તો આ ગુણવ્રત અત્યંત લાભ કરનાર છે

ત્રીજા અનર્થદંડત્યાગ નામના ગુણવ્રતમાં કારણ વગર, લાભ વગર થતી અવનતિના ત્યાગની વિચારણા થાય છે સ્વ-જન કુટુંબના પોષણ માટે જે કાર્ય કરવું પડે તેનો આમાં સમાવેશ થતો નથી આ તો પ્રયોજન વગર થતી હાનિ પર વિચાર થાય છે અને વિચારણાથી પ્રતિજ્ઞા કરી તેનો ત્યાગ કરવામાં આવે છે. નવરા બેસી રાજકથા, સ્ત્રીકથા અને ભોજનની કથાઓ કરવી, ન્યૂઝપેપર વાંચવા, નાટકો જોવા, નવરા બેસી આર્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાવા, કોઈ પણ જાતના લાભ વગર અન્ય માણસને પાપનો ઉપદેશ કરવો, પાપમાર્ગે જોડવાની સલાહ આપવી, પ્રાણનો વધ કરે તેવા શસ્ત્રો તથા સાધનો ભેગાં કરી રાખી અન્યને આપવાં તે સર્વના નિવારણ થાય છે કામવાસનાના ચેડાં જોવા, નાટકો જોવાં, સિનેમા જોવાં, મિત્રો કરવાની સલાહ આપવી, ન્યૂઝપેપરમાં આવેલ લફરાંઓ, પાર્લામેન્ટ મ્યુનિસિપાલિટી આદિ વાતોના તડાકા મારવા, હવા

કેવી છે વિગેરે પ્રશ્નો ઉપસ્થિત કરી વાદો વધારવા—એ સર્વ નિષ્પ્રયોજન પાપો છે મનને દૂષિત કરનાર છે અને ચારિત્રને કોઈ પણ પ્રકારનો લાભ કરનારાં નથી. આવાં પાપો આત્મા વિષ-માં પ્રાણી નકું વહોરે છે આ અનર્થદંડ ત્યાગમાં મુખ્ય વાત જાણવો પર ધ્યાન રાખવાનું છે આર્ત રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો એ પ્રથમ ઉપયોગી વાત છે એના પર હવે પછી ધ્યાનના વિષયને અંગે વિચારણા કરવાની હોવાથી અત્ર તે પર કાંઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પાપોપદેશ એ બીજો વિષય છે એમાં કારખાનાં કરવાં નવી મિલો કરવા, નવી દુકાનો ઉઘાડવા, નવી મિલકત ખરીદવા, નવાં મકાનો બાંધવા વિગેરેનો ઉપદેશ આપવો, તે માટે સલાહ આપવી, તદબીરો બતાવવી આપવાં—ઇત્યાદિનો સમાવેશ થાય છે ત્રીજું અનર્થદંડ અધિકરણો—સાધનો જેથી પ્રાણીની હિંસા થાય તે હથિયારને બીજા અન્યને માગ્યાં આપવાનો ત્યાગ કરવો. વળી, ઘંટી, ઘરટ, ખાંણીયા વિગેરે હોય તે અન્યને આપવાથી તેનો ઉપયોગ હિંસામાં જ થાય છે તેથી આવાં હથિયારો વસાવવાં નહિ અથવા તેનો દુરુપયોગ થવા દેવો નહિ. ચોથા પ્રમાદાચરણમાં નાટક જોવાં, કામશાસ્ત્રનાં પુસ્તકો વાંચવાં, જુગટું રમવું અપશબ્દ બોલવો, મદ પીવું, જલક્રીડા કરવી, ક્રિકેટના મેદાનમાં જોવા જવું, સરકસમાં પ્રાણીઓ હેરાન થાય તે જોવા જવું બાખડતા પ્રાણીઓને જોઈ આનંદ પામવો કૂકડા વિગેરેને લડાવવા, ઘણો વખત ઊંઘ્યા કરવું દિવસે ઊંઘવું અથવા જ્યારે તક મળે ત્યારે ઊંઘ્યા કરવું—આ સર્વ અનર્થદંડ છે એ સર્વનો ત્યાગ કરવો. ઉપયોગ વગરની સ્થિતિને લઈને આ ભૂલો થાય છે અને જ્યા

સમજણ રાખવાથી અથવા અવલોકન કરવાથી આવી ભાવનામાં ખૂબ સાવચેતી રાખી શકાય છે આ પાંચે અણુવ્રતોના પાલણ ઉપર ધ્યાન રાખવાથી અનેક ગુણો સ્વતઃ પ્રાપ્ત થાય છે યોગમાં ક્રમાન્વિત થતી જાય છે અને પ્રથમનાં પાંચ અણુવ્રતો યથાર્થપણે પાળી શકાય છે.

ત્યાર બાદ ક્રમપ્રાપ્ત ચાર શિક્ષાવ્રત પર દૃષ્ટિમાં દૃષ્ટિક્ષેપ કરી જઈએ. શિક્ષાવ્રતો શિક્ષણરૂપે યોજાયેલાં છે અને તેઓ સાધ્ય તરફ ધ્યાન ખેંચવાની શિખામણ આપતા હોય તેમ છે પરિસ્થિતિની દૃઢતા માટે વારંવાર કરવામાં આવતા હોવાથી તે શિક્ષાવ્રત કહેવાય છે. એ ચાર શિક્ષાવ્રતોમાં પ્રથમ સામાયિક વ્રત આવે છે સમતાનો જેમાં લાભ થાય, સામ્ય અવસ્થા પ્રાપ્ત કરવાની સ્થિરતા જેમાં મળે અને થોડા વખત સુધી આર્ત રૌદ્ર ધ્યાન રહિત થઈ આત્મા અપૂર્વ આનંદનો અનુભવ કરે તેને સામાયિક કહેવામાં આવે છે અહીં સુધ આવી બે ઘડી અથવા અન્ય મર્યાદિત વખત સુધી સ્થિર ચિત્તે એક જગ્યા પર બેસી જાય, આત્મવિચારણા કે જ્ઞાનધ્યાન કરે છે અને તેટલા વખત સુધી કોઈ પણ આરંભના કર્મોનો ત્યાગ કરી સામ્ય દશા અનુભવે છે આવી રીતે સામાયિક કરવાનો વિધિ બતાવવામાં આવ્યો છે બહારની ખટપટનો ત્યાગ કરતાં અને ચિત્તની શાંતિ રાખતાં સામાયિકમાં કેવી અપૂર્વ શાંતિ પ્રત્યક્ષ થાય છે તે અનુભવથી સમજવા જેવા યોગ્ય છે આર્ત રૌદ્ર ધ્યાન વર્જીને અને સાવદ્ય કર્મનો ત્યાગ કરીને મુહૂર્ત સુધી સમતા રાખવી તેનું નામ સામાયિક છે એમ શ્રી હેમચંદ્રાચાર્ય

એ છે ગુણસ્થાનશ્રેણીની ટોચથી અત્યાર સુધી જે ધ્યાન ભાવને પ્રાપ્તી સાધ્ય તરીકે બતાવ્યો હતો તેના લાભથી પ્રાણી નજીક ચેતનજી આનંદ અનુભવે છે, સમતાગુણની વાનગી પ્રાપ્ત કરે છે અને તેવા વખતમાં ધીમે ધીમે આત્મવિચારણા કરતાં પરસ્પર ભાવનું ચિંતવન થાય છે અને વસ્તુતત્ત્વનો વિચાર કરતાં આગળ વધેલા ગુણ પ્રાપ્ત કરવા વિચાર થાય છે અને ભાવનાદિ વિશુદ્ધ અને વિશાળ થતાં તે ગુણો પ્રાપ્ત કરવાની સ્થિતિમાં આવે મુખ્ય છે સામાયિક એવી સુંદર વ્યવસ્થિત જૈન પ્રવૃત્તિ છે કે એના સંબંધમાં બહુ લખી શકાય તેમ છે અને અન્યત્ર તેવો પ્રયત્ન આ લેખકે કર્યો છે. (જુઓ શ્રી જૈન ધર્મ પ્રકાશ પુસ્તક બત્રીસમું) એ અતિ ઉપયોગી વિષય ઉપર અત્ર બહુ લખવાની જરૂર વિસ્તારભયથી જણાતી નથી પરંતુ સામાયિક કરવાની ટેવ પાડી કાંઇ વિશિષ્ટ ગુણના અનુભવની આવડી કરવાની તેનો અનુભવ કરવાની અને તેને માટે વૃદ્ધિ પામતો પ્રયત્ન કરવાની બહુ જરૂર છે એમાં આરંભ કર્મનો ત્યાગ થતો હોવાથી સાંસારિક ખટપટ ઓછી થઇ જાય છે અથવા તદ્દન બંધ થઇ જાય છે અને મનવચન કાયાના યોગો પર ધીમે ધીમે અંકુશ આવતો જાય છે. દુનિયાના અનેક પ્રપંચોથી નાસી છૂટેલો રહી આત્મસ્થાનના વખતમાં સમતાનો અનુભવ કરે છે તે જાણે મહારણના રણની મધ્યમાં દ્વીપસ્થાન (Oasis) ના જેવું લાગે છે અને તે વખતે ચેતન એવી વિશુદ્ધ સુખસ્થિતિ અનુભવે છે કે એનો અભ્યાસ કરવાથી ટેવ પડવાથી પ્રક્રિયામાં મૂકવાથી બહુ આનંદ આવે તેમ છે સાધ્યની સમીપતા કરવા માટે આ બહુ ઉપયોગી વિષય છે અને એને લક્ષ્યમાં રાખવા ખાસ આગ્રહ છે

બીજા શિક્ષાવ્રતમાં દેશાવકાશિક વ્રતનો વિષય છે. છઠ્ઠા વ્રતને અંગે દિશાઓનું પરિમાણ કર્યું હોય તેનો પણ અહીં અમુક દિવસ અથવા રાત્રિની કે અન્ય બીજા સમયની અપેક્ષાએ વિચાર કરી તેમાં સંક્ષેપ કરવામાં આવે છે મતલબ આ વ્રતથી વૃત્તિ પર વિશેષ અંકુશ આવે છે અને તેની મર્યાદા બંધાય છે

ત્રીજા પૌષધ વ્રતમાં સામાયિક વ્રતની પેઠે આખા દિવસ માટે સાધુજીવનની તુલના કરાય છે તેનો અનુભવ કરાય છે અને તે માટે વિચારવું થાય છે દિવસ આખો કે રાતદિવસ સાવદ્ય યોગથી વિરમી, ઉપવાસ આદરી, સ્નાનાદિનો ત્યાગ કરી, આત્મચિંતન આદરી આત્મધ્યાનમાં અથવા અધિકાર પ્રમાણે ધાર્મિક ક્રિયામાં આદર કરવો તેને પૌષધ કહેવામાં આવે છે સામાયિક માટે જેટલું કહેવામાં આવ્યું છે તે સર્વ અહીં સારી રીતે વિશેષે કરીને લાગુ પડે છે એક દિવસ આખો વસ્તુઓનો ત્યાગ કરી ઉપવાસ કે એકાસણું કરી જ્ઞાનધ્યાનમાં મગ્નતા કરવાથી કેવો આનંદ થાય છે તે ખાસ અનુભવવા યોગ્ય છે એમાં અન્ય વસ્તુઓનો ત્યાગ કરવાની એવી યોજના કરવામાં આવી છે કે એના અભ્યાસ આદરથી સંસારમાં વર્તતો પ્રાણી સર્વથા ત્યાગ કરવાની દશાનું સુસ્પષ્ટ દર્શન કરી શકે અને જ્યારે વિશેષ વીર્યસ્ફુરણા થાય ત્યારે તેવી સ્થિતિ આદરવાનું લક્ષ્યમાં રાખી શકે જેઓ પૌષધનો કાળ વિશેષપણે ધ્યાનમાં ગાળી શકે તેટલી હદ સુધી પહોંચી શક્યા ન હોય તેમને માટે આત્મચિંતન કરવા દેવવંદનાદિનો વિધિ બતાવવામાં આવ્યો છે તેથી પ્રવૃત્તિની દિશા બદલાય છે જ્ઞાનધ્યાનથી આત્મવિચારણા થાય છે અને એવી રીતે ઉદાત્ત બનેલો આત્મા પોતાનો વાસ્તવિક માર્ગ જોઈ આદરી શકે છે

ચોથા અતિથિસંવિભાગ નામના શિક્ષાવ્રતમાં અતિથિનો આદર કરી તેમને આહાર, વસતિ, પાત્ર તથા વસ્ત્રાદિ દાન કરવામાં આવે છે ગુણવાન પ્રાણીઓનું અનેક પ્રકારે આતિથ્ય કરવું તેમને બહુમાન આપવું તેમની પર્યુપાસના કરવી એ તેઓના ગુણોની કિંમત આંકવા જેવું છે અને ગુણની કિંમત આંકે છે તે તેને આદરવાની ભાવના રાખી શકે છે પરિણામે ગુણપ્રાપ્તિની સમીપ જઈ શકે છે અને પોતે પણ ઉચ્ચ સ્થિતિએ પહોંચવાને યોગ્ય થાય છે આને માટે યોગ્યપણે પાત્રને અતિથિને સામગ્રી તેઓને અર્પણ કરવામાં આવે તે વસ્તુઓનો જ ઉપયોગ કરવો એ આ વ્રતનો એક વિધિ છે સામાન્ય રીતે અતિથિને એટલે વિશિષ્ટ વિરતિભાવ ધારણ કરનાર સાધુપુરુષોને ધર્મ સાધનની વસ્તુઓ પૂરી પાડવામાં, તેઓની સંભાળ રાખવામાં અને ધર્મબંધુઓ ઉપર વાત્સલ્યભાવ રાખવામાં આ વ્રતનો સમાવેશ થાય છે સુપાત્રને દાન આપતાં પહેલાં પાત્ર કેને કહેવા તે સમજવા યોગ્ય છે. ત્યાં આઠ પ્રવચનમાતારૂપ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને ધારણ કરનાર, પંચ મહાવ્રત પાળનાર ઉપસર્ગ પરિસહની ચિંતાને છોડવામાં સુમેરુ સમાન, સ્વશરીર ઉપર પણ મમતા વગરના, ધર્મોપકરણ સિવાય અન્ય વસ્તુનો ત્યાગ કરનાર, ધર્મના સાધન તરીકે શરીરને ધમક-નાર અને તેટલા માટે જ તેને અનેક દોષરહિત આહારથી જ્ઞાનાદિની વૃદ્ધિ માટે જરૂર પૂરતું પોષણ આપનાર, નવ ગુપ્તિ સહિત બ્રહ્મચર્ય પાળનાર સ્પૃહા વગરના, માનાપમાન તથા લાભ ગુણદોષમાં સમવૃત્તિવાળા સાધુઓ ઉત્તમ પાત્ર છે, દેશથી ત્યાગ કરનાર, વ્રતધારી અને સર્વવિરતિ આદરવાની

વૃત્તિવાળા ગૃહસ્થ મધ્યમ પાત્ર છે અને સમ્યક્ત્વમાં સંતુષ્ટ, વિરતિ વગરના પણ વિરતિના ઇચ્છક અને તીવ્ર પ્રભાવના માટે ઉદ્યમી પ્રાણીઓ જઘન્ય પાત્ર છે આવા પાત્રોને યથોચિત દાન આપવું, તેઓની યોગ્ય પ્રકારે પર્યુપાસના કરવી એ આ વ્રતમાં આવે છે અપાત્ર અથવા કુપાત્રને કીર્તિ માટે દાન આપવામાં આવે તેનો અત્ર સમાવેશ નહિ છતાં તેની ગણના દયા-અનુકંપા વગેરેમાં થાય છે

આવી રીતે ચાર શિક્ષાવ્રતોની વિચારણા ઉપરથી જણાયું હશે કે એનાથી ગુણપ્રાપ્તિ ઉપર લક્ષ્ય રહે છે મૂળ ગુણનું પોષણ થાય છે અને ધીમે ધીમે તે ગુણો પ્રાપ્ત કરવા તરફ ભાવ થાય છે ગુણ તરફ લક્ષ્ય રખાવનાર, ગુણને પોષનાર અને ગુણમાં વધારો કરાવનાર આ શિક્ષાવ્રતો પણ બહુ ઉપયોગી છે

આ બાર વ્રતોના અતિચાર અને તેઓનું સૂક્ષ્મ સ્વરૂપ અતિ વિસ્તારથી જૈન કથારત્નકોશના પહેલા ભાગમાં અર્થદીપિકા નામની શ્રાવક પ્રતિક્રમણસૂત્ર(વંદિત્તુ)ની ટીકામાં અને બાર વ્રતની ટીપમાં છપાઈ ગયાં છે તે વાચના ખાસ અભ્યાસવું છે અત્ર તે શ્રાવકગુણને અંગે નિયમ નામના યોગના બીજા અંગને કેવી રીતે પોષે છે તે બતાવવા સારુ તેનું સામાન્ય દિગ્દર્શન કરાવ્યું છે સાધુઓને માટે પાંચ મહાવ્રતમાં આ સર્વનો સમાવેશ થાય છે અને તેથી તેઓને માટે ગુણવ્રત અને શિક્ષાવ્રતની વિવક્ષા જુદી કરવામાં આવતી નથી એ વાત ઉપર જણાવી છે આ યોગના બીજા અંગને માટે ખાસ વિવેચન કરવાનું કારણ એટલું છે કે મન જ્યારે ઉદાત્ત અવસ્થામાં આવેલ હોય છે તે વખતે તેને ચોક્કસ માર્ગ પર લાવવાની

બહુ જરૂર છે અને તેવા આરા વખતમાં તેને માટે કોઈ
નિયમો બાંધી લીધા હોય તો તેનો લાભ હરરોજ મળ્યા કરે
છે અને ચિત્ત અસ્થિર અવસ્થામાં હોય ત્યાં ભટકતું અટકી
જાય છે એક વખત તે અંકુશમાં આવી જાય તો પછી તે
માર્ગ પર આવે છે પણ જેમ નવીન અશ્વને ગાડીમાં જોડવા
હોતાં તેને પલોટવો પડે છે તેમ પ્રથમ સન્માર્ગ પર જોડવું
મનને નિયમમાં રાખવા માટે પલોટવું પડે છે માર્ગ પર આવી
ગયા પછી શુદ્ધ વ્યવહારમાં નિયમની બહુ જરૂર રહેતી નથી,
પણ તે પહેલાં મનને વશ કરવું જોઈએ અને મનને
વશ થવું ન જોઈએ. મનને વશ કરવા માટે તેના પર આધિ
પત્ય મેળવવા માટે અને તેના પર અંકુશ લાવવા માટે નિયમની–
પ્રત્યાખ્યાનની બહુ જરૂર છે. યોગના આ દ્વિતીય અંગની
જરૂરીઆત અને તેની વિધિ માટે જૈન યોગીઓએ બહુ
લખ્યું છે (સામાન્ય બોધ માટે શ્રી દેવેન્દ્રસૂરિવિરચિત
પ્રત્યાખ્યાનભાષ્ય ઉપયોગી છે તે વિચારી જવું) આવી રીતે
યોગના દ્વિતીય અંગ નિયમ ઉપર વિચારણા થઈ

૩ આસન

યોગનું તૃતીય અંગ આસન છે તેને અંગે આસન
અને સ્થાનની અનેક પ્રકારની પ્રક્રિયા યોગગ્રંથકારોએ બતાવી
છે. શ્રી હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં પર્યંકાસન, વીરાસન, વજ્રાસન,
અબ્જાસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન
તથા કાયોત્સર્ગ મુદ્રાનું વર્ણન બતાવે છે એનું સ્થૂળ સ્વરૂપ
તો યોગપ્રક્રિયા અનુસાર પહેલી જ આવી શકય તેમ છે
કારણ કે એ અનુભવનો વિષય છે સામાન્ય વ્યવહાર લક્ષણને

જ્યારે મુક્તાસન નામ આપે છે અને ગુપ્તાસનનું નામ આપતા નથી. એ ઉપરાંત લક્ષણ બતાવ્યા વગર આમ્રકુબ્જાસન, મૈત્રાસન કમલાસન, અંબાસન, ગજાસન વિગેરે નામો યોગ શાસ્ત્રની ટીકામાં આપ્યા છે. આસનની હકીકત લખ્યા પછી સ્પષ્ટ રીતે કહે છે કે—જે જે આસન કરવાથી મન સ્થિર થાય તે તે ધ્યાનને સાધનાર આસન સમજવું. યોગપ્રક્રિયામાં જેઓ આગળ વધી ગયા હોય છે તેઓ તો ઊભે તે આસને આત્માનું ધ્યાન કરે છે પણ પ્રાથમિક સ્થિતિમાં આસનની જરૂર છે, પરંતુ તેનો એકસરખો નિયમ નથી. આસન અને સ્થાન પસંદ કરવામાં પોતાની અનુકૂળતા વિચારવાની છે. જે સ્થાનકે બેસવાથી ચિત્તની સ્થિરતા થાય અને એકાગ્રતા થઈ શકે ત્યાં બેસવું અને ત્યાં બેસવાની સાથે ઇન્દ્રિયોની ચપળતા ન થાય એવી રીતે બેસવાનો વિચાર રાખવો. સ્થાન અને આસનના સંબંધમાં યોગાચાર્યોએ કેટલીક ભલામણ કરી છે તે જે બની શકે તો અનુસરવી અને તેવા પ્રકારનાં આસનસ્થાન પોતાને માટે મેળવવા વિચાર કરી લેવો.

સ્થાન-ચિત્ત યોગ્યતા સિદ્ધક્ષેત્ર, પર્વતની ઉપરનો શાંત ભાગ, દરિયાકાંઠો, અરણ્યનો સુંદર પ્રદેશ, ઉપ ઉદ્યાન, નદીનો સંગમ વિગેરે સ્થાનો પસંદ કરવાથી ચિત્તની અસ્થિરતાના કારણોનો નાશ થાય છે, તેવી જ રીતે પદ્માસન વિગેરે સિદ્ધ આસને બેસવાથી અનેક મહાત્માઓ આત્મધ્યાનને સાધી શક્યા છે તેથી આવાં સ્થાન, આસનને સાધવાં અને તેની અવસ્થા વખતે એને પસંદ કરવાના નિયમો લક્ષમાં રાખવા. જ્યાં રાજદેવના પ્રસંગો ઓછા હોય, જ્યાં બહુ માણસોનો

અવારનવાર ન હોય, જ્યાં ચિત્તની પ્રસન્નતા રહેતી હોય, એવું સ્થાન પસંદ કરવું. તીર્થંકર ભગવંત તથા કેવળી અને ચારિત્રસ્થ મુનિમહારાજાઓ નિર્વાણભૂમિ માટે વીરાસનાદિ પસંદ કરે છે તથા ગોદોહાસન, ઉત્કટિકાસન વિગેરે ધારણ કરે છે તે પણ યોગના આ અંગને પુષ્ટિકારક સૂચિત છે. આસન સિદ્ધ કરેલ માણસ ધર્મક્રિયામાં શરીરની નિશ્ચળતા જાળવી શકે છે અને સામાયિક પૌષધાદિકમાં સ્થિર આસને બેસી શકે છે. આસન સિદ્ધ કરવાથી શારીરિક ચપળતાનો અવશ્ય રોધ થાય છે, એટલા માટે એની આવશ્યકતા છે. આવશ્યકાદિ અવસરે, પ્રતિક્રમણાદિકમાં મુનિ સ્થિર આસન લાંબા વખત સુધી જાળવી શકે છે તે યોગનું એક અંગ છે ને તેનો આમાં સમાવેશ થાય છે. એક પુસ્તકમાં હઠયોગને અંગે ચોરાશી આસનો બતાવ્યાં છે તેનાં ચિત્રો પણ આપ્યાં છે અને તે છપાયા પણ છે. આ આસનોમાં શરીરને કષ્ટ આપવાનો હેતુ છે. મનને મજબૂત કરવાની વિશેષ જરૂર હોવાથી હઠયોગ ઉપર જૈન યોગીઓ વિશેષ ધ્યાન આપતા નથી અને તેની આવશ્યકતા એટલી બધી હોય એમ લાગતું પણ નથી. જ્યાં અમુક આસને બેસી રહી અને ધ્યાનધારાએ આગળ વધવા માંડ્યા પછી કાયા ઉપસર્ગ–પરિષહ થાય તો પણ ધ્યાનભંગ ન થાય તેટલું પૂરતું શારીરિક ધૈર્ય પણ ધ્યાનમાર્ગે આવશ્યક છે એ સંબંધમાં બે મત નથી. લક્ષમાં રાખવાની બાબત એ છે કે—આસન અને સ્થાન એ સાધન છે એને સાધ્ય માની લેવાની અથવા તેને સિદ્ધ કરવામાં પરિપૂર્ણતા માની લેવાની કદિ પણ ભૂલ થવી ન જોઈએ. કેટલીક વાર આવી ભૂલ થતી જોવામાં આવે છે તેથી આ બાબત ઉપર ખાસ લક્ષ

એ બધાની જરૂરીઆત માનવામાં આવી છે અવિક્ષિપ્ત મનં
આત્મસ્વરૂપ સન્મુખ કરવાનાં સાધનો પૈકી એ બે સાધ
ઉપયોગી જણાય તેનો સાધન તરીકે જરૂર ઉપયોગ કરં
એટલી વાત અત્ર બતાવવી આવશ્યક છે અને જૈન યોગગ્રંથો
આસન અને સ્થાનની ઉપયોગિતા એટલા પૂરતી સ્વીકારી છે

૪ પ્રાણાયામ

યોગના આ ચોથા અંગ પર પાતંજલયોગમાં બહુ વિવેચ
કરવામાં આવ્યું છે પ્રાણ પાંચ પ્રકારના છે: પ્રાણ અપા
સમાન, ઉદાન અને વ્યાન. પ્રાણવાયુ નાસિકાના અગ્રભાગ
હૃદય નાભિ અને પગના અંગૂઠામાં રહે છે અને લીલા વર્ણ
હોય છે અપાન વાયુ કાળા રંગનો હોઈ ગળાની પાછળ
નાડીઓમાં, ગુદામાં અને પગના પાછલાના ભાગમાં રહે
સમાન વાયુ સફેદ રંગનો હોઈ સંધિસ્થાનોમાં રહે છે ર
વર્ણનો ઉદાન વાયુ હૃદય કંઠ, તાળુ અને કપાળના મધ્યભાગ
રહે છે ઇન્દ્રધનુષ્યના વર્ણવાળો વ્યાન વાયુ ચામડીમાં સર
રહે છે આ વાયુનાં લક્ષણ જાણી તેઓ પર વિજય મેળવ
એને પ્રાણાયામ કહે છે શ્વાસોચ્છ્વાસની ગતિનો ભેદ કરવો એ
નામ પ્રાણાયામ કહેવાય છે અને તે રેચક પૂરક અને કુંભ
એ ત્રણ પ્રકારનો છે કેટલાક આચા
પ્રાણાયામના પ્રકાર પ્રત્યાહાર શાંત, ઉત્તર અને અધર
ચાર પ્રકાર ઉપરના ત્રણ પ્રકાર સાથે મેળ
સાત પ્રકારના પ્રાણાયામ બતાવે છે નાભિમાંથી બહુ યત્નપૂ
ધીમેથી વાયુને બહાર કાઢવો તેનું નામ રેચક કહેવાય
બહારથી આકૃષ્ટ કરેલા વાયુને નાભિમાં સારી રીતે ભરીને

તેને સ્થાપવો તે કુંભક કહેવાય છે અને આકર્ષણ કરવાના અર્થને પૂરક કહેવાય છે. પ્રાણાયામના આ ત્રણ પ્રકાર સુપ્રસિદ્ધ છે. નાભિઆદિ સ્થાનમાંથી વાયુને હૃદયમાં ખેંચવો તે પ્રત્યાહાર, તાળુ, નાસિકા અને મુખથી વાયુનો રોધ કરવો તે શાંત, બહારના પવનને ઊંચો ખેંચી હૃદયમાં ધારણ કરી રાખવો તે ઉત્તર અને તેથી ઉલટી રીતે તેને નીચે લાવવો તે અધર પ્રાણાયામ. એ ઉપરાંત જ્ઞાનાર્ણવમાં પરમેશ્વર નામનો પ્રાણાયામ બતાવ્યો છે, તેનું સ્વરૂપ બતાવતાં કહે છે કે—નાભિકમળમાંથી નીકળેલો વાયુ હૃદયકમળમાં થઈને બ્રહ્મરંધ્રમાં સ્થિર થાય તે અતિ ઉત્કૃષ્ટ પરમેશ્વર પ્રાણાયામ જાણવો. બધી પ્રકારના પ્રાણવાયુનાં જે સ્થાનો ઉપર બતાવ્યાં છે તે તે સ્થાનોમાં તેનું આકર્ષણ કરીને નાભિ સુધી લઈ આવવાનો વિધિ અને તેના ગમાગમનું કાર્ય હેમચંદ્રાચાર્યે બહુ સૂક્ષ્મ રીતે બતાવ્યું છે. ઉપર બતાવેલા રેચક, કુંભક અને પૂરકનો આ પ્રયોગ સારી રીતે થઈ શકે છે. પ્રાણ વાયુના જયથી જઠરાગ્નિ પ્રબળ થાય છે, શ્વાસોચ્છ્વાસ દીર્ઘ થાય છે અને શરીરની લઘુતા થાય છે. સમાન અને અપાન વાયુના જયથી ક્ષત તથા ભગ્ન રૂઝાઈ જવું થાય છે. જઠર અગ્નિ પ્રદીપ્ત થાય છે, વરચી અલ્પ થાય છે અને વ્યાધિનો નાશ થાય છે. ઉદાનના જયથી જળ તથા કાદવની પીડા નાશ પામે છે. વ્યાનના જયથી કાંતિ પ્રબળ થાય છે અને શરીર નિરોગી થાય છે. શરીરમાં અનેક પ્રકારના વ્યાધિઓ હોય છે તેનો નાશ વિધિપૂર્વક પવનનો જય કરવાથી અભ્યાસવડે થઈ શકે છે. પવનના ચાર પ્રકારનાં મંડળ થાય છે: પૃથ્વી, અપ્, તેજ વાયુ. આ ચાર મંડળમાંથી ક્યા મંડળમાં પવન વર્તે છે

તે ભાવવાની આવશ્યકતા છે. પૃથ્વીમંડળ વજ્રલાંછનયુક્ત સુવર્ણ વર્ણવાળું હોય છે અને તેમાં જ્યારે પ્રાણવાયુ વર્તે છે ત્યારે આઠ અંગુળપ્રમાણ શ્વાસ ચાલે છે. અપ્‌મંડળ વરુણ બીજના બિંદુયુક્ત અર્ધચંદ્રાકાર શુક્લ વર્ણવાળું હોય છે અને તેમાં પ્રાણવાયુ બાર અંગુળ ચાલે છે. તેજમંડળ ત્રિકોણાકાર ભીમ બીજ જ્વાલાયુક્ત પીત વર્ણવાળું હોય છે અને તેમાં પ્રાણવાયુ ચાર અંગુળ ચાલે છે. વાયુમંડળ ગોળ આકારયુક્ત વાયબીજના રંગવાળું હોય છે અને નિરંતર વહન કરતો પવન તેમાં છ અંગુળ પ્રમાણ ચાલે છે. પવનના જય માટે પ્રાણાયામ કરવી. નિર્જન શાંત સ્થાનમાં સ્થિર આસને બેસી પગના અંગુઠાથી બ્રહ્મરંધ્ર સુધી પવનને લઈ આવવાનો અને તેમ કરતાં અનુક્રમે પગને તળીએથી આગળ વધતાં શરીરના પ્રત્યેક અવયવમાં તેને ફેરવી બ્રહ્મરંધ્ર સુધી લઈ આવવાનો વિધિ બતાવ્યો છે. જેઓ પ્રાણાયામમાં આગળ વધેલા હોય છે તેઓ કરી શકે છે કે એવી રીતે પ્રાણાયામનો પ્રયોગ કરી પગને વાયુને ઘડીની ગતિએ એક જગ્યા પરથી બીજી જગ્યા પર જતો તેઓ બરાબર અનુભવી શકે છે. પગથી બ્રહ્મરંધ્ર સુધી લઈ ગયેલા વાયુને પછી તેથી ઊલટી વિધિએ અંગૂઠા સુધી લઈ આવી તેનું રેચન કરવું. આવી રીતે પ્રાણાયામમાં આગળ વધતા પછી ધારણા થઈ શકે છે અને એનાથી શારીરિક અને માનસિક અનેક વ્યાધિઓનો નાશ થાય છે અને હવે પછી કહેવામાં આવશે તેનું કાળજ્ઞાન પણ થાય છે. વળી ક્યા મંડળમાં વાયુનો સંચાર હોય તે જાણીને ક્યા ક્યા કાર્યો કરવા તે બતાવવા કહે છે કે—પૃથ્વીતત્ત્વ વખતે સ્તંભન કાર્ય કરવું. પ્રશસ્ત કાર્ય કરવી વખતે જળતત્ત્વ

શીખવું મલિન કર્મ માટે વાયુતત્ત્વ લેવું અને વશ કરવાના કર્મ માટે અગ્નિતત્ત્વ પસંદ કરવું આવી બાહ્યપ્રચાર સ્વરોદય નાસિકામાં આરોહાવરોહ ચાલે છે તેને ઈડા નાડી કહે છે અન્યત્ર તેને ચંદ્ર નાડી પણ કહે છે એનું સ્થાન ચંદ્ર કહેવાય છે જમણી બાજુની નાસિકા-માંથી પવન ચાલે તેને પિંગલા નાડી કહે છે અન્યત્ર તેનું નામ સૂર્ય નાડી પણ કહેવાય છે એનું સ્થાન સૂર્ય છે બન્ને બાજુની જમણી તથા ડાબી નાસિકામાંથી પવન સાથે ચાલે તેને સુષુમ્ણા નાડી કહે છે એનું શિવસ્થાન છે બારીકીથી અવલોકન કરવામાં આવશે તો જણાશે કે આપણી નાસિકાએ એક સ્વરમાં નિરંતર વહેતી નથી, પરંતુ વારંવાર ફર્યા કરે છે એ આરોહાવરોહ કેવી રીતે થાય છે તેનો અભ્યાસ કરવા માટે સ્વરોદયજ્ઞાનનાં પુસ્તકોમાં એ સંબંધી બહુ હકીકત આવી છે કઈ નાડી વહેતી વખતે કયું કામ કરવું એથી કેવા પ્રકારનું ફળ થાય, ભવિષ્યત્ જ્ઞાન માટે એ નાડીઓ કેટલી ઉપયોગી છે, એમાં પૃથ્વીઆદિ ચાર તત્ત્વો કેવા પ્રકારનાં છે એનું શું ફળ છે વિગેરે અનેક વાતો સ્વરોદયનાં ગ્રંથોમાં અને કેટલાક યોગનાં પુસ્તકોમાં આપવામાં આવી છે આવી બાબતના ખાસ અનુભવી ગુરુ મળે અને તેઓને આધ્યાત્મિક રસ હોય તો જ આવા વિષયમાં ઉતરવું સહજ પણ યોગ્ય ગણાય, નહિ તો એમાં ઉતરવાથી ઘણું નુકસાન થાય છે એનું કારણ એ છે કે– પૌદ્ગલિક બાબતોમાં પડી જઈ એ મહાન હેતુથી અને વિવિધ

---

* સ્વરોદયજ્ઞાન ચિદાનંદજીએ કર્યું છે તેવી રીતે શિવસ્વરોદયજ્ઞાન વિગેરે બીજા સ્વરોદયજ્ઞાનના ગ્રંથો પણ છે

ભાવપ્રાપ્તિ માટે યોગપ્રક્રિયા આવશ્યક છે તે અહીં અટકી જાય છે. યોગગ્રંથોમાં આ નાડીજ્ઞાનમાં શું શું આવે છે તેનો સહજ વિસ્તાર કરી પ્રાણાયામના સામાન્ય વિષયને અમે જૈન શાસ્ત્રકારોનો શું અભિપ્રાય છે તે આપણે હવે જોઈ જઈએ.

ચંદ્ર સૂર્ય અને મધ્યમ અથવા સુષુમ્ણા એ ત્રણ નાડી કોને કહેવી તે આપણે ઉપર જોઈ ગયા. ચંદ્ર નાડી વામ બાજુએ ચાલનારી અમીરસને આપનારી અમૃત છે. સૂર્ય નાડી દક્ષિણ બાજુએ ચાલનારી અનિષ્ટ સૂચવન કરનારી છે

નાડિવર્ણન

અને સુષુમ્ણા નાડી મધ્યમા ચાલનારી નિર્વાણ ફળને આપનાર છે. ઉત્તમ કાર્યમાં ચંદ્ર નાડી ઉપયોગી છે અને રૌદ્ર કાર્યોમાં સૂર્ય નાડી ઉપયોગી છે. અમુક તિથિએ ચંદ્ર નાડીનો ઉદય શુભ ગણાય છે અને અમુકમાં સૂર્યનો ઉદય શુભ ગણવામાં આવ્યો છે. અમુક ત્રણ [illegible] દિવસ સુધી ચાલે તો [illegible] [illegible] કાર્ય છે. આ ઉપરાંત નાડી [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] હોય તો [illegible] [illegible] [illegible] છે તેથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. એમાં અમુક [illegible] [illegible] [illegible] અમુક [illegible] [illegible] અને [illegible] અમુક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] છે અને તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] અમુક [illegible] [illegible] [illegible] અમુક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. અમુક [illegible] [illegible] [illegible]

મેળવીને આત્માને પ્રાપ્ત કરવાથી ધ્યાનવિચાર પણ મનનો
નિશ્ચલ થઈ શકે છે. એને ઉપયુક્તિથી મનનિશ્ચલ કરેલો કહેવામાં
આવે છે પ્રાણ મૂકીને શ્વાસ પણ પ્રત્યાહાર થાય છે આ
જ્ઞાનથી, મંત્રની જપનાથી અને મંત્રમાં સૂચવેલ વર્ણે
અમુક પ્રકાર જોવાથી પણ મનનિશ્ચલ થઈ શકે છે વળી એક
ક્રિયાપ્રયોગ પણ મનનિશ્ચલ માટે બતાવ્યો છે. એ પ્રયોગમાં
અમુક આકૃતિની રચના કરી મધ્યભાગમાં આકાશ જોવાનો વિધિ
બતાવ્યો છે અને તેમાં જે દેખાય તે પરથી મનનિશ્ચલ થઈ
શકે છે જળ પવનનો નિશ્ચલ કરવા તથા બીજા બાબતોના
અનિષ્ટ જ્ઞાનને અમે જ્યારે કોઈ પ્રશ્ન કરે ત્યારે નાડીસંચારથી
અમુક વિધિએ તેની સર્વવિદિત જ્ઞાન આપી શકાય છે આવી
રીતે પ્રશ્ન મૂકવાનો રિવાજ હતું પણ હાલી જણાશે જોવામાં
આવે છે નાડી આ પ્રકારમાં વર્તે છે તેનો નિશ્ચલ નિરૂપણથી
થઈ શકે છે અને અભિમત નાડી ન હોય તો તેને બદલવાના
રસ્તા પણ બતાવવામાં આવ્યા છે અને નાડીની શુદ્ધિનો વિધિ
પણ બતાવવામાં આવેલ છે નાડી પર અંકુશ મેળવતાં પર-
પુરપ્રવેશ પણ થઈ શકે છે એટલે હાથીઘોડા આદિના અન્ય
મનુષ્યના શરીરમાં પ્રવેશ કરી વ્યવહાર અનેક પ્રકાર કરી શકાય
છે જ્યાં ત્યાં રૂપ ધારણ કરી શકાય છે અને અનેક પ્રકારની
લીલા થઈ શકે છે. પાપની શક્તિ જીવતા મનુષ્યના શરીરમાં
પ્રવેશ કરવાનો નિષેધ કર્યો છે

આ ઉપરાંત નાડીજ્ઞાનથી વર્ષોમાં સ્વેદ આગાહનું જ્ઞાન
થઈ શકે છે આ વિષય પર લખાયેલા ગ્રંથોમાં નાડીનું ગુપ્તિત
આસન બતાવવામાં આવ્યું વિજ્ઞાનને તેની શુદ્ધિ

આશ્રય છે, એનો તેનો પ્રયોગ કરે છે તેઓમાં દમ અને આત્મબળના જોરથી ખમી હોય છે કે શ્વાસને રોકી રાખવું મુશ્કેલ પડે છે અને એવી રીતે શ્વાસ નાસિકાન્ત પ્રાપ્ત થાય તો તે મારે રસ્તે ઉતારી નાખનાર થાય છે. શરીરસ્વાસ્થ્ય બોધગમ્ય છે અને પરપુરપ્રવેશ અદૃશ્ય મેઠુમંતર જેવાની સંસાર વધારનાર જ છે આ પ્રમાણે હોવાથી પોતાને આત્મલાભ હોય તો જ પ્રાણાયામ નામના યોગના અંગનો આશ્રય કરવો. આ વિષયમાં સામાન્ય રીતે વાત કરતાં શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય બત્રીશમી બત્રીશીમાં જેવી યોગદૃષ્ટિ પર ઉલ્લેખ કરતાં પ્રાણાયામની વ્યાખ્યા આપી જણાવે છે કે—

પ્રાણાયામથી ધારણાની યોગ્યતા થાય છે એવો પતંજલિ વિગેરેનો અભિપ્રાય છે ભગવાનના સિદ્ધાન્તમાં તો શ્વાસોચ્છ્વાસના રોધથી વ્યાકુળતા થવાના હેતુથી તેનો નિષેધ કર્યો છે અમુક વ્યક્તિને ઉપયોગી હોય તો તેણે પ્રાણાયામ કરવો જોઈએ કે યોગીઓને નાના પ્રકારની સિદ્ધિ થાય છે અને પોતાની રુચિ પ્રમાણે એમનો ઉપયોગ કરવામાં આવે તો ઉત્પાત કરે તેથી પ્રાણાયામથી પણ કાર્યસિદ્ધિ થઈ જતી તેના પ્રાણીને સત્વરે છે યોગબિન્દુમાં યોગસિદ્ધિના જ પ્રકાર શ્રી હરિભદ્રસૂરિએ બતાવ્યા છે ઉત્સાહથી નિશ્ચયથી, ધૈર્યથી સંતોષથી, તત્ત્વદર્શનથી અને જનપદ(લોક)ના ત્યાગથી. આ પ્રમાણે હોવાથી જે પ્રાણીની બહિર્વૃત્તિનો નિરોધ પ્રાણવૃત્તિના નિરોધથી જ થઈ શકે તેમ હોય તેને જ આ પ્રાણાયામ નામનું અંગ ઉપયોગી છે " (બત્રીસમી ગાથા ૧૧ ટીકા. બત્રીશ બત્રીશી ગ્રન્થની બાવીસમી બત્રીશી) આ બાબત સંબંધ

ઉપરથી જણાશે કે પ્રાણાયામને માટે મુખ્ય વૃત્તિએ તો તેની આવશ્યકતા સ્વીકારવામાં આવતી નથી અને જ્યાં આવે છે ત્યાં પણ સાધનવૃત્તિ તરીકે અને આડકતરી રીતે આશ્રિત ભાવે તેનો ઉપયોગ જણાવવામાં આવે છે અને તેમાં પણ તેનો પૌદ્ગલિક હેતુ કે આશય ન હોવો જોઈએ એ ખાસ લક્ષ્યમાં રાખવાનું છે શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય પ્રાણાયામના વિષય પર ઘણું લખાણ ચાલુ કરે છે પણ શરૂઆતમાં જ કહે છે કે—મુક્તિના સાધન તરીકે તે ધ્યાનમાં ઉપયોગી નથી. આ ઉપરાંત પરપુરપ્રવેશ વિગેરેને તેઓ આત્મિક ઉપયોગી જણાવતા નથી પરંતુ આટલું છતાં ઘણું વિસ્તારથી નાડીજ્ઞાન વિગેરે વિષયો પર વિવેચન આપ્યું છે તે ખાસ જાણવા ખાતર વિષયને સંપૂર્ણ કરવા અને તે સંબંધી જૈનો જ્ઞાત છે એમ જણાવવા માટે અને કેટલાક મધ્યમાધિકારીનું તે દ્વારા પણ શુદ્ધ માર્ગ તરફ ખેંચાણ કરવા માટે હોવું જોઈએ. પ્રાણાયામ કરવાની ઇચ્છાવાળાએ ખાસ તેના અનુભવી ગુરુની યોગવાઈ લેવી. એ વિષય ચોપડીઓ વાંચવાથી સહજ સમજી શકાય પણ પ્રક્રિયામાં તો મૂકી શકાય તેવો નથી જ એ ખાસ ધ્યાનમાં રાખવું

૫. પ્રત્યાહાર

યોગનું પાંચમું અંગ પ્રત્યાહાર છે પ્રાણાયામનું સ્વરૂપ બતાવતાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે પ્રાણાયામથી કરેલો પ્રાણ છે તો ચિત્તની સ્થિરતા થતી નથી અને તેવા પ્રકારનો પ્રાણાયામ ઉપયોગી પણ નથી. આટલા ઉપરથી ઉપાધ્યાયજી સ્પષ્ટ કહે છે કે—પ્રાણ આવતું રેચન કરી બતાવેલું

પૂરણ કરવું અને નિશ્ચિત આશયમાં કુંભક કરવું એ તત્ત્વપ્રાણાયામ છે (ગાથા ૨૨-૧૯) ઇંદ્રિયનો રોધ કરવામાં એ કોઈ પણ પ્રકારે ઉપયોગી થાય તો જ પ્રાણાયામની જરૂરીઆત તેટલા પૂરતી સ્વીકારવામાં આવી છે. મુખ્ય વૃત્તિએ યોગના કોઈ પણ અંગનો ઉપયોગ મનોવૃત્તિના રોધ માટે, શમરૂપી પરિણતિ પોષી કરવા માટે અને તેના સાધન તરીકે ઇંદ્રિય વૃત્તિ પર અંકુશ લાવવા માટે છે અને તેટલા પૂરતું એ કોઈ પણ અંગ અમુક પ્રમાણમાં ઉપયોગી થઈ શકતું ન હોય તો તેને માટે તે અંગ નકામું છે. ઇંદ્રિયોમાંથી મનને ખેંચી લઈ, ઇંદ્રિયના વિષયોથી નિરાળા થઈ ધર્મધ્યાનમાં મનને નિશ્ચલ કરવું એ ધ્યાનના પ્રથમ પગલા તરીકે પ્રત્યાહારનું સ્વરૂપદર્શક લક્ષણ છે (યોગશાસ્ત્ર ૬-૬) અર્થાત્ બુદ્ધિ આત્મા પોતાની ઇંદ્રિયો અને મનને વિષયમાંથી ખેંચી પોતાની ઇચ્છા હોય ત્યાં સ્થાપન કરે તેને પ્રત્યાહાર કહેવામાં આવે છે (જ્ઞાનાર્ણવ ૩ -૧). ભગવાન્ પતંજલિની પ્રત્યાહારની વ્યાખ્યા લગભગ આવા જ પ્રકારની છે. તેઓ (૨-૫૪) કહે છે કે—જે ઇંદ્રિયવૃત્તિ પોતાના વિષયના વિયોગમાંથી પોતે આવું ચિત્તવૃત્તિને અનુસરે છે તેને પ્રત્યાહાર કહેવામાં આવે છે. ઇંદ્રિયવૃત્તિઓ ચિત્તવૃત્તિની સાથે યથાયોગ્ય રૂપે અનુસાર કરનારી થાય એ તો અભ્યાસજનિત છે પણ જ્યારે ચિત્ત ધ્યેય તરફ જાય ત્યારે વિષયો તરફ ઇંદ્રિયો ન જાય એવો યોગ અનુસાર ઇંદ્રિયોનો થઈ જાય છે. તાત્પર્ય એ છે કે—ઇંદ્રિયો પોતાના વિષયો તરફ ન જતાં ચિત્તવૃત્તિ જ્યારે નિરોધભાવમાં ધ્યેયાભિમુખ રહે ત્યારે તેમાં જોડે ન જોડાવારૂપ એવી સ્થિતિને પ્રત્યાહાર કહે છે. સામાન્ય રીતે

આપેલું અનેક પ્રસંગે જોયું છે કે ઇન્દ્રિયો પોતાના વિષયો તરફ એવી જોરથી ધસ્યા કરે છે કે ચિત્તવૃત્તિને પણ તે મલિન કરી નાખી વિષયો તરફ ખેંચી જાય છે, પરંતુ ચિત્તવૃત્તિ મજબૂત થઈ જ્યારે ધ્યેય તરફ જાય છે ત્યારે કંઈ પણ પ્રયત્ન કર્યા વગર ઇંદ્રિયો પણ તત્સન્મુખ થઈ જાય છે ચિત્તને તેટલા માટે ધ્યેયાભિમુખ કરવાની ખાસ જરૂર છે અને તે આ યોગાંગમા થાય છે આ પ્રત્યાહારથી ઇંદ્રિયો બહુ સારી રીતે વશ થઈ જાય છે તેનો જય થાય છે અને તે આ કબજામા આવી જાય છે પ્રત્યાહારથી એટલી પ્રગતિ થાય છે કે વિષયમા જે આનંદ થયો હોય છે તે દૂર થાય છે અને મનની એવી અવસ્થા દૂર થવાથી સામાન્ય રીતે તે જુદા જુદા પદાર્થ ઉપર અથવા પરિણામમા કહીએ તો ધ્યેય ઉપર સ્થિર થાય છે ધ્યાનમાં સ્થિર થવાના પૂર્વ પ્રક્રિયા તરીકે આ પ્રત્યાહાર ઘણો ઉપયોગી છે અને સર્વ ગ્રંથકારો એની અગત્યતા સ્વીકારે છે જ્ઞાનાર્ણવકાર કહે છે કે–ઇંદ્રિયવિષયોથી નિવૃત્ત થયેલું મન સમભાવ પામે છે ધ્યાનતત્ત્વમા જોડાય છે અને પ્રાણાયામમાં જે સ્વાસ્થ્ય તેને પ્રાપ્ત થતુ નથી તે અત્ર પ્રાપ્ત થાય છે અને તેથી ઊલટો તેનો આત્મામા લય થઈ જાય છે વળી વિશેષમાં તેઓ કહે છે કે–જે મુનિ સંસારદુઃખોથી વિરક્ત હોય, કષાય જેના મંદ થયા હોય, જે વિશુદ્ધ ભાવયુક્ત હોય વીતરાગ હોય અને જિતેંદ્રિય હોય તેવાઓએ પ્રાણાયામ કરવો પ્રશંસાયુક્ત નથી. મતલબ કે–તે અમુક અંશે પૌદ્ગલિક હોવાને લીધે અને શરીરને યાતના કરનાર હોવાથી ઉપયોગી નથી અને કેટલીક વાર તે આર્તધ્યાન કરાવનાર થાય છે આ દુર્ધ્યાન છે અને તેનું વર્ણન હવે પછી વિચારવામાં આવશે તે પરથી જણાશે કે–તે ત્યાગ કરવા યોગ્ય છે

૧ ધારણા

યોગના આ છઠ્ઠા અંગના સંબંધમાં શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય બહુ સંક્ષેપમાં ઉલ્લેખ કરે છે કે એકદેશ પર ચિત્તને સ્થાપન કરી ત્યાં તેને બંધન કરવું તેનું નામ ધારણા છે (૩-૧) એમ ભગવાન્ પતંજલિની ધારણા શબ્દની આ વ્યાખ્યા સ્વીકારવી છે. ધારણાના દેશની ચર્ચા કરતાં તેના બે વિભાગ બતાવવામાં આવ્યા છે: બાહ્ય અને અભ્યંતર. બાહ્ય પદાર્થોમાં મનુષ્ય ઈશ્વર-નું ધ્યાન કરે છે અને અભ્યંતરમાં નાસિકા, જિહ્વા તથા ષટ્ ચક્રોની વ્યવસ્થા બતાવે છે: આધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપૂર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધિ ચક્ર, આજ્ઞા ચક્ર અને બ્રહ્મરંધ્ર ચક્રનું સ્વરૂપ બતાવી તેનો પ્રયોગ સદ્ગુરુ પાસેથી શીખી લેવાની ભલામણ કરે છે. પાતંજલદર્શનના ત્રીજા પાદના પ્રથમ સૂત્રનું વિવેચન વાંચી જવાની અત્ર ભલામણ કરવામાં આવે છે, કારણ કે એ વિષય બહુ ગહન છે અને ગુરુ-ગમના જ્ઞાન વગર માત્ર અહીં લખી નાખવાથી સમજાય તેવો નથી. ધારણા દેશનો નિર્ણય કરતાં શ્રી હેમચંદ્રાચાર્યે નાભિ, હૃદય, નાસિકાનો અગ્રભાગ, કપાળ, ભ્રૂકુટિ, તાલુ, આંખ, મુખ, કાન અને મસ્તક એટલાં સ્થાનો બતાવે છે. એને માટે નિયમ એવો છે કે—જેમ ધનુષ્યનો પ્રયોગ શીખનાર માણસ પ્રથમ સ્થૂળ વિષય ને લક્ષ્ય કરે છે અને ઉત્તરોત્તર સૂક્ષ્મ તરફ વધતો જાય છે તે પ્રમાણે અહીં પ્રથમ બાહ્ય વિષયમાં મન ચિત્તને પ્રવેશ કરી ધારણા કરવી અને તેમાં જ્યારે સિદ્ધિ થાય ત્યારે આગળ પ્રગતિ કરી અંતરમાં ચેતનશક્તિનો સાક્ષાત્કાર થાય તેવી રીતે પૃથક્ પૃથક્ સ્થાનોથી તેને ભેદ કરવો. આલંબન ધ્યાનની

અને મૂર્તિમાન્ કરેલા પરમાત્મસ્વરૂપની પ્રાથમિક દશામાં કેટલી જરૂરીઆત છે તે અહીં સ્પષ્ટ થાય છે. પ્રથમનાં પાંચ યોગનાં અંગો મધ્યાધિકારી માટે છે એટલે યોગની પ્રક્રિયા ન જાણનારને તે બહુ ઉપયોગી છે. શરૂઆતમાં તેનો ઉપયોગ જરા પણ ઓછો નથી એ ખાસ લક્ષમાં રાખવાનું છે. છેલ્લાં ત્રણ અંગો ધારણા ધ્યાન અને સમાધિ સર્વસાધારણ છે અને મધ્યમ તથા વિશિષ્ટ અધિકારી માટે પણ ઘણાં ઉપયોગનાં છે. એ યોગનાં અંગ પૈકી ધ્યાન અંગ ઘણું જ ઉપયોગી છે અને તેના પર યોગગ્રંથ પ્રણેતાએ અને ખાસ કરીને જૈનાચાર્યોએ ઘણું લખ્યું છે તે યોગના વિષયના કેન્દ્રસ્થાનીય અંગ પર હવે આપણે વિચાર કરીએ.

૭ ધ્યાન.


યોગના આ અતિ અગત્યના અંગ ઉપર બહુ વિચારપૂર્વક લક્ષ આપી તેનું રહસ્ય સમજવા યોગ્ય છે. ધારણામાં ધ્યેયના એક દેશમાં ચિત્તવૃત્તિને સ્થાપવામાં આવે છે. ધ્યાનમાં એકાગ્રતા કરવામાં આવે છે. ધ્યાનથી કર્મોનો મળજથ્થો ક્ષય થઈ જાય છે અને તેના પ્રતાપથી રાગાદિ અંધકાર દૂર થઈ જાય છે. આત્મપ્રસિદ્ધિનું પ્રબળ કારણ ધ્યાન છે અને પાપસમૂહનો નાશ કરવા માટે તે અગ્નિ સમાન છે. ધ્યાનથી ચિત્તની એકાગ્રતા થવાથી અનેક પ્રકારના લાભ થાય છે એ સંદેહ વગરની બાબત પર તેનું મહત્ત્વ સ્પષ્ટ કરવા લગભગ દરેક જૈન યોગ પર વિવેચન કરનાર આચાર્યોએ ખાસ ઉલ્લેખ કર્યો છે. આ ધ્યાનના વિષય પર વિવેચન કરતાં પહેલાં જૈન યોગગ્રંથોમાં તેના કેવી રીતે વિભાગ પાડવામાં આવ્યા છે તે બતાવવાથી વિષય સ્પષ્ટ થઈ જશે. પ્રથમ જ્ઞાનાર્ણવ નામના ગ્રંથમાં શ્રી શુભચંદ્રાચાર્યે કેવી

રીતે ધ્યાનના વિભાગ પાડ્યા છે તે આપણે પૃ ૫૨ શ્લોક ૫૪ પરથી વિચાર્યું હતું (જુઓ પૃ ૧૮૩) તેઓએ જે વિભાગ પાડ્યા છે તે પરથી જણાશે કે તેઓ ધ્યાનના પ્રથમ દુર્ધ્યાન અને શુદ્ધ ધ્યાન એ બે વિભાગ કરે છે. દુર્ધ્યાન યોગનું અંગ નથી છતાં તેના જ્ઞાનની પણ બહુ જરૂર છે કારણ કે તેનું સ્વરૂપ જ્યાંસુધી સમજવામાં આવે નહિ ત્યાંસુધી તેનું માહાત્મ્ય પણ ધ્યાનમાં આવે નહિ. આ દુર્ધ્યાનમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો સમાવેશ થાય છે અને બહુધા પ્રાણીઓ આ દુર્ધ્યાનમાં જ પોતાનો સમય વ્યતીત કરતા હોવાથી તેનું સ્વરૂપ આપણે બહુ સંક્ષેપમાં વિચારી

આર્તધ્યાન

જઈએ. આર્તધ્યાનનો અર્થ પીડા વડે થઈ છે જે અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને જેમ ત્રિદોષથી ઉન્મત્તતા થાય છે તેમ તેનાથી ઘોર પ્રકારની ગાંડાઈ પ્રાપ્ત થાય છે આદિ, સ્વ મિત્ર વિગેરેનો વિયોગ શત્રુનો સમાગમ અથવા બીજા ધન અથવા આયુનો નાશ કરનાર પ્રસંગો પ્રાપ્ત થાય અને તેના વિયોગ માટે ચિંતવન અથવા પ્રયત્ન કે યોજના કરે તેને પ્રથમ અનિષ્ટ સંયોગ આર્ત્તધ્યાન કહેવામાં આવે છે. પોતાને પસંદ ન આવે તેવા સંયોગો પ્રાપ્ત થતાં પ્રાણી મનમાં કેવા કેવા વિચારો કરે છે એ આપણા દરરોજના અનુભવનો વિષય છે. કોઈ અનિષ્ટ વાત સાંભળવાથી દેખવાથી અથવા અનુભવવાથી મનમાં જે ખેદ થયા કરે છે અને તેની સ્થિતિનો અથવા તેને ઉચ્છેદ કરવાનો પ્રયત્ન દૂર કરવા અથવા તેના સંબંધી ક્રમ લેવાને અનેક પ્રકારની જે કલ્પના મનમાં થઈ આવે છે અને તેની સ્થિતિમાં

શુભચંદ્ર ગણિનો ધ્યાન વિષય વિભાગ (જ્ઞાનાર્ણવ)



ધ્યાનના ચાર ભેદ.

૧ પિંડસ્થ　૨ પદસ્થ　૩ રૂપસ્થ　૪ રૂપાતીત

વસ્તી બાબત મનમાં જે અનેક ભાવ, ખેદ, આહટ્ટદોહટ્ટ
થયા કરે છે તે સર્વનો આ પ્રથમ વિભાગમાં સમાવેશ થાય છે.
એમાં અનિષ્ટના વિયોગનું ચિંતવન થયા કરે છે અને તે માટે
ઘટના કરવા મનમાં ધમાધમ ચાલે છે તે સર્વનો અત્ર સમા-
વેશ થાય છે. એવર્વ સ્ત્રી, પુત્ર, અધિકાર, મિત્ર વિગેરે ઇષ્ટ
વસ્તુઓનો તથા ઇષ્ટોનો વિયોગ થવી બાબત અથવા થવા પછી
મનમાં જે દુર્ધ્યાન ચાલે છે તેને ઇષ્ટવિયોગ આર્તધ્યાન
કહેવામાં આવે છે. મિલકતથી ગાયથી, પૈસાથી કે સગાથી આવ
ઇષ્ટવિયોગપ્રસંગે પ્રાણી જે વર્તન કરે છે તે અવલોકન કર-
નારને અતિ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું હોય છે. સાંભળવાથી
દેખવાથી અથવા અનુભવથી કે જોવાથી જે વસ્તુ આનંદ આપતી
હોય તે પૌદ્ગલિક વસ્તુઓ કોઈ પણ કારણથી દૂર થાય અથવા
તેને તજવી પડે કે તેનો નાશ થાય અથવા પોતાના સગાં
સંબંધીઓનો દૂર બાબત માટે અથવા સદાને વિયોગ થાય
ત્યારે મનની જે સ્થિતિ થાય છે અને ફરી તેનો સંયોગ થઈ
શકતો હોય તો તેમ કરવા માટે જે વિચારપરંપરા થાય છે
અને ન થઈ શકતો હોય તો જે ખેદ-શોક થાય છે તે સર્વનો
આ ઇષ્ટવિયોગ વિભાગમાં સમાવેશ થાય છે. આ ઇષ્ટવિયોગ
અને પૂર્વના અનિષ્ટસંયોગ વિભાગમાં જનસમૂહની મોટી પ્રવૃત્તિ
થયેલી થાય છે અને બરાબર જોવાથી જણાશે કે—આ બે
પ્રસંગે આર્તધ્યાનમાં જ પ્રાણીઓ મોટે ભાગે કાળ વ્યતીત
કરે છે. શરીરને અનેક પ્રકારના વ્યાધિ થાય છે તેમાં કેટલાક
સામાન્ય હોય છે કેટલાક સાધ્યરોગ હોય છે કેટલાક ચેપી હોય
છે. આવો કોઈ વ્યાધિ થાય તે વખતે હવે મારો મટી એવી

ચિંતા—મરણનો ભય અને વ્યાધિ ન થયા હોય તેવા સમય
વખતમાં કદાચિત્ અને શ્વાસ, ભગંદર, અતિસાર, મહામારી
વિગેરે કોઈ વ્યાધિ થઈ જાય એવા પ્રકારની ચિંતા તેને
રોગચિંતા નામનું તૃતીય આર્તધ્યાન કહેવામાં આવે છે
આ આર્તધ્યાન અમુક પ્રસંગે જ થાય છે પણ જેટલો
વખત તે રહે છે તેટલો વખત તેનું જોર પણ ઘણું સખ્ત
હોય છે અને તે કોઈ પણ રીતે મનને શુભ ભાવના તરફ
વળવા દેતું નથી. ભવિષ્યમાં મારું શું થશે એવી ચિંતાને
અગ્રશોચ નામનું ચતુર્થ આર્તધ્યાન કહેવામાં આવે છે
અને મોટું રાજ્ય કેવી રીતે પ્રાપ્ત થાય અને અમુક અધિ-
કાર કેવી રીતે પ્રાપ્ત થાય, અને અમુક સ્ત્રીની પ્રાપ્તિ કેવી
રીતે થાય, અને અમુક વસ્તુઓની પ્રાપ્તિ કેવી રીતે થાય—એવા
વિચાર, એવા વિચારોને અંગે તે તે વસ્તુ મેળવવાના પ્રયત્ન,
પ્રયત્નને અંગે સાધનો યોજવાની આવશ્યકતા રક્ષણના ઉપાયો,
તન્મયપણે થતી વૃત્તિ અને આવી આવી અનેક પ્રકારની
વ્યવહારિક સ્થૂળ પ્રવૃત્તિ અગ્રશોચને અંગે થાય છે ઘણુંખરું
મનુષ્યો યદ્ભાવ્યં તદ્ભવિષ્યતિ એ વાત ભૂલી જઈ ભવિષ્યમાં
શું થશે તેને માટે મોટી કલ્પના કરી મોટી આપત્તિઓ કલ્પી
લે છે અને તેના વિચારથી કષ્ટ પામે છે જરા કષ્ટ થતાં અનિષ્ટ
કલ્પે છે સાધારણ બાબતોમાં પણ મનમાં શકા લાવી મુંઝાય
છે અને આવી રીતે ભવિષ્યની આશા કરી ચોટ પામી વિચાર-
પરંપરામાં મનને ચોટાડે છે પોતાના ઇચ્છિતની પ્રાપ્તિ માટે જે
ઉપાયો તેણે ધારેલા હોય છે તે કરી જ્યાં નિરાશ ચોટ પામે
છે. આ પ્રમાણે ચોટ પકડી ભવિષ્યના નકામા વિચારો કરી

આ વખતના માનસિક પ્રવાહમાં કેટલો હેરાન થાય છે તેનો ખ્યાલ કરીએ અને બરાબર અવલોકન કરીએ તો ખરેખર આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું પરિણામ માનસિક વિચાર પર થતું થાય છે. વળી જે વસ્તુ પોતાની નથી કે દુઃસાધ્ય હોય તેને મેળવવાના વિચાર કરી આ પ્રાણી વધારે હેરાન થાય છે, કોઈ રીતે ધારેલ મળે ન હોવાથી નવી નવી કલ્પનાઓ ઊભી કરે છે અને એવી ધમાધમ કરી મૂકે છે કે આખું તેને અહીંથી કોઈ દિવસ ખસવાનું હોય જ નહિ. ભિખારી હોય છતાં ચક્રવર્તી થવા સુધીની ઇચ્છા કરે છે. આ દુનિયાનો વ્યવહાર કરોડોની લાલચ કરે છે—આવી ધારણાઓને જ એ પાછી મનમાં એવા એવા તરંગો મારે છે કે તેનો છેડો જ આવતો નથી. આખરે એટલે સુધી વધે છે કે—સાંસારિક બાબતોમાં આવી રીતે આર્તધ્યાન દુર્ધ્યાન થાય છે એટલું જ નહિ પણ જે પ્રાણી ક્રૂર ક્રિયાઓ કરી તીર્થંકરત્વ પ્રાપ્ત કરવા ઇચ્છા રાખે છે અથવા તેથી પોતાના આખા શત્રુસમૂહનો ઉચ્છેદ કરવા વિચાર કરે છે કે ક્રૂર ક્રિયાદ્વારા માન, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ધારણા રાખે છે તે સર્વ આ જ દુર્ધ્યાનમાં આવે છે. ક્રૂર ક્રિયાનું ફળ તરીકે અમુક વસ્તુ પ્રાપ્ત થઈ જતી એ જુદી વાત છે અને મનમાં અમુક પૌદ્ગલિક ફળ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી અમુક

આ વાક્ય ને બીજો વિભાગ જે ઈષ્ટવિયોગનો આર્તધ્યાન નામે છે તેમાં આ ભાવનો સમાવેશ થઈ શકે છે. અનિષ્ટ અને ઈષ્ટ બાબતના વિચારો । અને નિયાણું બંધાય છે તેને ચોથો વિભાગ કહ્યો છે. એવી રીતે વિભાગ પાડ્યા તે મનોભાવ ઓળખવા માટે વ્યવહારે બતાવેલા આવે છે.

ક્રિયા કરવી એ જુદી વાત છે. આ અપ્રીય આર્ત્તધ્યાન બહુ હેરાન કરનાર છે અને ઘણાખરા પ્રાણીઓ લાભાલાભનો વિચાર કર્યા વગર તેના ભોગ થઈ પડે છે એ પ્રત્યેકનો દરરોજના અનુભવનો વિષય છે. આ ચારે આર્ત્તધ્યાન એવાં છે કે એને કરવા માટે કોઈ પાસે શિક્ષા લેવા જવી પડતી નથી, અનાદિ અભ્યાસને લીધે પ્રાણી જાણે તે શીખીને જ જન્મેલો હોય છે અને એના સંસ્કાર એટલા જબરા પડેલા હોય છે કે ખાસ તેને દૂર કરવા માટે પ્રબળ પ્રયાસ ન કરે તો તે કદિ ખસી જતા નથી અને ખસે નહિ ત્યાંસુધી આ પ્રાણીને સંસારસાગરમાં ફેરવ્યા કરે છે અને અનેક પ્રકારે કલ્પાંતના આપી તેને ઊંચો આવવા દેતા નથી. આર્ત્તધ્યાનમાં શંકા, શોક, ભય, પ્રમાદ, કલહ, ચિત્તભ્રમ, ભ્રાંતિ, ઉન્માદ, વિષયઉત્કંઠા, નિદ્રા, જડતા, મૂર્છા વિગેરે મોહના ચિહ્નો સ્પષ્ટ રીતે થાય છે. એ દુર્ધ્યાનના પ્રત્યેક વિભાગો બહુ સ્પષ્ટ રીતે લક્ષ્યમાં રાખી સમજવા યોગ્ય છે. એના પરિણામે પ્રાણી ઘણુ કરીને તિર્યંચ ગતિમાં લટક્યા કરે છે.

રૌદ્રધ્યાન

રુદ્ર (ક્રૂર) આશયથી ઉત્પન્ન થતા દુર્ધ્યાનને રૌદ્રધ્યાન કહેવામાં આવે છે. ક્રૂર આશયવાળા પ્રાણીને રૂદ્ર કહેવામાં આવે છે. તેણે કરેલ તે રૌદ્ર અથવા રૂદ્ર પ્રાણીનો કર્મભાવ તે રૌદ્ર કહેવાય છે. એના પણ ચાર ભેદ છે જે આપણે સંક્ષેપથી વિચારી જઈએ. પ્રથમ હિંસાનંદી રૌદ્રધ્યાનમાં અન્યના પ્રાણ લેવાના ક્રૂર પરિણામ વર્તે છે. કોઈ પ્રાણીને પીડા થાય, કદન થાય, દુઃખ થાય, પ્રાણનાશ થાય એ જોઈ આનંદ આવે અને પોતાથી અથવા પરથી અન્યના પ્રાણનાશની સામગ્રી મેળવવામાં આવે

એ આ દુર્ધ્યાનનું લક્ષણ છે. જેમ અજ્ઞાન ઘોર અતિ વધારે થાય, નિરંતર નિષ્કરુણ પરિણામ રહે, અપમતિ રહે, મદ આવી ઉદ્ધતતા થાય અને સદા ઉપર અનાદરતા થાય એ સર્વ રૌદ્રધ્યાન પ્રથમ વિભાગમાં આવે છે. હિંસાના કામમાં કુશળતા, પાપોપદેશ દેવા તરફ રુચિ, પાપ કરવામાં આનંદ, નિર્દયની સાથે સંગત અને પોતામાં સ્વાભાવિક રીતે ક્રૂરતા આવી જવી એ સર્વ રૌદ્ર-ધ્યાન છે. પોતાના શત્રુઓનો કેવી રીતે નાશ કરવો, તેઓને કેમ પીડા ઉપજાવવી, તેઓને કેમ દુઃખ પડવા વિગેરે વિચારણા થાય તે સર્વનો અત્ર સમાવેશ થાય છે. જળચર, સ્થળચર, ખેચર પ્રાણીઓ, વનસ્પતિ તથા વિકલેંદ્રિય જીવોનો નાશ કરવાનાં હથિયારો દીપવાં, પ્રસિદ્ધ કરવાં અને તે માટે વિચારો કરવા તથા બતાવવા તથા કોઈ જગ્યાએ દુઃખ આવતી સાંભળી તેમાં પીડિત સાંભળવામાં પ્રત્યક્ષથી આવવાના સમાચાર વાંચી આનંદ માનવો, પૂર્વ વેરનો બદલો લેવા નિરંતર મનમાં યાદ રાખ્યા કરવું, અન્ય પ્રાણી ઉપર કોઈ પણ પ્રકારે આપત્તિ કેવી રીતે આવી પડે તેની અભિલાષા કરવી, કોઈને દુઃખમાં પડેલા સાંભળી તેની વાત આનંદથી બીજા પાસે કરવી, એ સર્વ રૌદ્રધ્યાનના પ્રથમ વિભાગમાં આવે છે. હિંસાનાં ઉપકરણો કરાવવાં અને ક્રૂર પ્રાણીની ઉત્પત્તિ વધારવી તેને પોષણ તથા પેટે નિર્દયતા જણાવી એ એનું બાહ્ય ચિહ્નો છે અને ગુણવાન ઉપર દ્વેષ રાખવો એ એનું બાહ્ય ચિહ્ન છે. આ પ્રથમ વિભાગ હોવાથી ઉત્પન્ન થાય છે અને એ મનોવિકાર આખા શરીરને રંગી દેનાર હોવાથી તેમજ અતિ અધમ લેશ્યાથી ઉત્પન્ન થનારો હોવાથી અવશ્ય વિચાર કરીને તે ત્યાગ કરવા યોગ્ય છે. બીજા ચૂપકાથી

રૌદ્રધ્યાનમાં અસત્ય વચનબળથી ભોળા પ્રાણીને છેતરવા માટે જે અનેક ઘટનાઓ કરવામાં આવે છે તે સર્વનો સમાવેશ થાય છે. અજ્ઞ અથવા મુગ્ધ પ્રાણીઓને શાબ્દિક યુક્તિમાં ફસાવી હેરાન કરવા, તેઓને વચનબળથી વંચિત કરી ત્રાસ આપવો અથવા છેતરવા અને તેમ કરવા માટે વચનની અનેક યુક્તિઓ ગોઠવવી એ સર્વ આ પ્રકારમાં આવે છે. કુતર્ક કરી સત્યધર્મ પર આસ્થા ન થાય તેવા વિચારો ફેલાવવા, સત્ય વાત જે સર્વ સિદ્ધ થતી હોય તે છુપાવવી અને અસત્ય કલ્પનાઓને વિસ્તારી પ્રાકૃત પ્રાણીઓને ધર્મથી પરાઙ્મુખ રાખવા, પોતાનું પૂજ્યપણું વધારવા ધર્મના રસ્તાને વાદ તરીકે જણાવી પોતાની માન્યતા માટે વાદ ઊભો કરી સ્વાર્થી છતાં ત્યાગી પણાની ખૂબીઓ બતાવવી, પૂજાવવું, મનાવવું તેવી ઇચ્છા રાખવી, તેને અનુકૂળ પ્રયત્નો કરવા એનો પણ અત્ર સમાવેશ થઈ જાય છે. પોતાને કોઈ અધિકારી સાથે સંબંધ હોય તેનો લાભ લઈ અગર અસત્ય વાતોથી તેના કાન ભરી નિર્દોષ પ્રાણીઓને વચનબળથી ફસાવી હેરાન કરવા, તેઓને હલકા પાડવા અથવા તેઓનો ઘાત કરાવવો એનો પણ અત્ર સમાવેશ થાય છે. અનેક અસત્યની હાર જ્યારે ગોઠવવામાં આવે ત્યારે પોતાની આવી ખોટી ચાતુરી ગોઠવવાની બુદ્ધિ માટે મનમાં પ્રમોદ પામવો અને પોતાનાં તે ચાતુર્યનાં વખાણ કરવા એ વ્યવહાર પણ અનિષ્ટ અને અનેક દુર્ગતિમાં આથડનાર મૃષાનંદી રૌદ્ર ધ્યાનનો પ્રકાર છે. પારકી વસ્તુ ઉપાડી લેવામાં ચાતુર્ય ચોરી કરવાની રીતનો ઉપદેશ અને તેવી વાતોના વિચારને ત્રીજે ચૌર્યાનંદી રૌદ્રધ્યાનનો પ્રકાર કહેવામાં આવ્યો છે. ચોરી કરવા

માટે મનમાં વારંવાર વિચાર થયા કરે, ચોરી કર્યા પછી તેથી મળેલ લાભને અંગે મનમાં વારંવાર આનંદ થયા કરે અને કોઈ ચોરે પરધન હરણ કર્યું અથવા કરે એનો વારંવાર પ્રમોદ કરતાં મન થયા કરે એ સર્વ આ ધ્યાનના વિભાગમાં આવે છે. ચોરી કરવાના વિચાર એટલે નાની અથવા મોટી ચોરી વસ્તુને વગર મહેનતે ધણીની રજા વગર અથવા પોતાના તેના ઉપરના કોઈ પણ પ્રકારના હક વગર લઈ લેવાની અથવા પોતાની કરવાની ઇચ્છા તે સર્વનો આ વિભાગમાં સમાવેશ થાય છે. સ્ટેશન ઉપર પારકા ખીસા કાપી લેનાર, તેને માટે યુક્તિઓ શોધનાર અને એવા અનેક પ્રકારે મહત્વનો ભાગ આપવાની લાલચ રાખનારનો આ વિભાગમાં સમાવેશ થાય છે. ચોથા સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનમાં પોતાની પૂંજી કેવી રીતે સંરક્ષણ કરવું કે જેથી તેને કોઈ લઈ જાય નહિ, કોઈ તેને ઉપાડી જાય નહિ વિગેરે યોજના કર્યા કરવી, ધનની ચાકરી કર્યા કરવી તેને કેવી રીતે રોકવું કઈ રીતે તેને રોક્યું હોય તો વ્યાજ વધારે ઉપજે અને મૂળ પૂંજીને હરકત ન આવે, કઈ રીતે પૂંજી એમ ને એમ વગર મહેનતે કે હરકતથી થઈ જાય–વિગેરે યોજનાઓ મનમાં કરવી, ચોપડાં લખવાં, મકાનો બાંધવાં, વિગેરે કરાવવાં, ધન ચોરાવાની બીકની સાવચેતી ધન પર ચોકી રાખવી, ચોરી ન થાય તેવા સર્વ બંદોબસ્તમાં મશગૂલ રહેવું—એ સર્વનો આ વિભાગમાં બહુધા સમાવેશ થાય છે. આવાં પ્રયોગો કે સંરક્ષણ પર ચાલે છે અને તેમાં મન પરોવાય છે તે મનની સ્થિતિને સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન કહે છે. એ ચારે રૌદ્રધ્યાનના પ્રકારમાં ધ્યાનમાં રાખવાનું છે. જેવા

પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારના સંકલ્પો કરવા એ પણ આમાં આવે છે. રાજાની સેવા કરવી, નીચની ચાકરી ઉઠાવવી, પરદેશ તથા લડાઈઓમાં રખડવું વિગેરે ધનપ્રાપ્તિનાં અનેક કષ્ટો વેઠવાના સંકલ્પો આ પ્રકારમાં આવે છે. પોતાની ગયેલી સ્થિતિ પાછી પ્રાપ્ત કરવા કલ્પનાઓ કરવી, ટંટા જગાડવા, શત્રુનો સંહાર કરવો વિગેરે અનેક કાર્યો કરવાં અને તે કરવા માટે યોજના કરવી એ સર્વનો સમાવેશ આ રૌદ્રધ્યાનના પ્રકારમાં થાય છે. પોતાની જાતનો વિચાર ક્યાં કરવો અને તેની સ્થિતિ કેમ સુધરે અથવા હોય તેવી કેમ બની રહે એ વિચાર જો સ્થૂળ-શારીરિક-ભૌતિક સ્થિતિને અંગે હોય તો તે સર્વનો સમાવેશ આ વિભાગમાં થાય છે. જરા વિચાર કરવાથી જણાશે કે-આ વિભાગને અંગે પ્રાણી બહુ દુર્ધ્યાન કરે છે અને તેમાં ઘણો કાળ નિર્ગમન કરે છે. એને પોતાના ધનમાલની વિચારણામાં, પરિગ્રહની આળપંપાળના સંકલ્પોમાં એવો આનંદ આવે છે કે જ્યારે તે કરતો હોય છે ત્યારે પોતાની ફરજ બજાવતો હોય એમ તેને લાગ્યા કરે છે. આ રૌદ્રધ્યાન અનેક દુર્ગતિ આપનાર છે. કરતી વખત બહુ હર્ષ-આનંદ આપે તેવું જણાય છે. એનાં બાહ્ય ચિહ્નોમાં નેત્રની લાલાશ, ભ્રમરની વક્રતા, ભયંકર આકૃતિ, કંપ, ખેદ, પરસેવો વિગેરે જણાય છે. એના અંતરમાં ક્રૂરતા, કઠોરતા, નિર્દયતા, ધૂર્તતા આદિ હોય છે. આવા દુર્ધ્યાન તરફ પ્રાણીનું વલણ સ્વાભાવિક રીતે હોય છે. તે તેને શીખવવું પડતું નથી. અનાદિ અભ્યાસથી એ વિભાવ એનો સ્વભાવ થઈ પડ્યો છે. આ ધ્યાનવાળા પ્રાણી પ્રાયઃ નરકગતિના ભાજન થાય છે.

ચાખતાં નિર્વેદ રહેનારા હોય છે એટલે સ્થૂળ આળસો પણ
તે એમાત્મ વૃત્તિ કદિ કરતો નથી. કામભોગથી તે વિરક્ત
હોય છે તેને અન્ય કોઈની સ્પૃહા હોતી નથી—તે એટલે સુધી
કે પોતાના શરીરની પણ તેને સ્પૃહા હોતી નથી. તે વૈરાગ્ય
સરોવરમાં નિમગ્ન થયેલો સંવેગવાન હોય છે સમતા તેનાં
દરેક પ્રદેશોમાં અને વર્તનમાં પ્રત્યક્ષ દેખાય છે શત્રુ અને
મિત્રને તે એક સરખા જુએ છે અને સર્વનું કલ્યાણ ઇચ્છે
છે રાગ દ્વેષ અને મોહ કરીને પાપી ઉપર કરુણા લાવનાર
હોય છે પૌદ્ગલિક અથવા સાંસારિક સુખથી વિરક્ત હોય
છે મેરુ પેઠે નિષ્કંપ હોય છે ચંદ્રની પેઠે આનંદદાયક હોય
છે, પવનની પેઠે નિઃસંગી હોય છે અને ઉત્તમ બુદ્ધિને ધારણ
કરનાર હોય છે આવી વૃત્તિવાળો મહાત્મા ધ્યાન કરવાને યોગ્ય
છે અહીં તેર લક્ષણ બતાવ્યાં છે જે જિનપદ પરથી પણ જણાશે
(૫ ૧૯૨) આ લક્ષણ બહુ વિસ્તારપૂર્વક બતાવવાનો હેતુ
એ છે કે—પછી વખત આવે તેવી સ્થિતિના આશ્રયે ધ્યાન
કરવા અથવા તે દ્વારા આત્મવંચના કરવા કે બીજાઓને ઠગ-
વાનો લોભ કરવા લલચાઈ જાય છે તેમ થતું અટકાવવાની
ખાસ જરૂર છે અને તેથી જૈન શાસ્ત્રોએ ધ્યાનની શરૂઆત
કરતી વખતે પ્રથમ બતાવ્યું છે અધિકાર વગર આવા વિષયમાં
પ્રવેશ કરવાથી મહા હાનિ થાય છે જ્ઞાનાર્ણવમાં ધ્યાન કરનાર-
નું લક્ષણ બતાવતાં કહે છે કે (૨૭-૩) ધ્યાન કરનાર જ્ઞાન,
વૈરાગ્યથી સંપન્ન હોય છે તેના ઇંદ્રિય અને મન વશ થયેલાં
હોય છે જેની ચિત્તવૃત્તિ સ્થિર થયેલી હોય છે તે મુમુક્ષુ
હોય છે ઉદ્યમી હો[illegible]શાંત હોય છે [illegible]મ ધ અને

નિરંતર મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાને
અવકાશ હોય છે મૈત્રી આદિ ભાવનાનું સ્વરૂપ અન્યત્ર
વિસ્તારથી બતાવ્યું છે તેથી અત્ર તે પર ઉલ્લેખ કરવાની જરૂર
રહેતી નથી. પ્રસ્તુત વાત એટલી છે કે-ધ્યાન કરનાર આવી
બે ચાર ભાવનાઓ બરાબર વ્યવહારુ રીતે ઉપયોગ કરે છે
વિચારને પરિણતિએ અભ્યાસનિશ્ચય કરે છે અને વિષયમાં
આસક્ત થતો નથી, પછી પોતાના સંયોગને અનુકૂળ સ્થળ,
આસનનો નિર્ણય કરી ધ્યાનમાં પ્રગતિ કરે છે અને દુર્ધ્યાનનો
સર્વથા ત્યાગ કરે છે સ્થળ અને આસનનો નિર્ણય કરી ધ્યાન
ની પ્રતિજ્ઞા કરે છે તે વખતે પોતે અતિ વિસ્તારથી સંસારનું
સ્વરૂપ વિચારે છે તે જુએ છે કે-સાંસારિક ભોગ અનિત્ય
છે પાછી દુઃખ દેનારા છે અને તેમાં સુખ લાગે છે તે પણ
અજ્ઞાનતામાં જ છે શરીર વ્યાધિથી ભરપૂર છે કર્મ પીડા
મહાદુઃખ ઉત્પન્ન કરનાર છે માટે પ્રબળ પ્રયત્ન કરી ધ્યાનબળ
વડે કર્મનો નાશ કરવાની આવશ્યકતા છે આવી અનેક રીતે
પોતાની વર્તમાન અવસ્થા વિચારી આત્માનો અને પૌદ્ગલિક
પદાર્થોનો સંબંધ અનિત્ય સમજી સગાંઓ પર રાગ અને
શત્રુ પર દ્વેષ થાય છે તેના કારણો અને તેના કડવા પરિણામ
જાણી લઈ સર્વ સાંસારિક ભાવો પર તેને તિરસ્કાર છૂટે છે
અને આત્મસ્વરૂપ પર અત્યંત રુચિ થવાથી તે તેની સન્મુખ
પ્રયાણ કરતો જાય છે અને તેના પ્રબળ સાધન તરીકે ધ્યાન
કરે છે ત્યાં આત્મભાનપણું જપવાની ટેવ પડેલ આત્મા
એકાગ્ર વૃત્તિ ધારણ કરે સ્વરૂપનો નિર્ણય કરે અને સ્વભાવમાં
સ્થિર થાય. આવો વિચાર કરીને ધ્યાનની પ્રતિજ્ઞા કરવાના

શ્રીમાન્ હેમચંદ્રાચાર્યની શુભધ્યાન વિચારણા (યોગશાસ્ત્ર)

શુભ ધ્યાન.

ધ્યાતા.

૧ સુધી.
૨ આત્મદર્શી.
૩ પરિષહ સહન કરનાર.
૪ ધીર.
૫ અપ્રમાદી.
૬ નિર્મમ.
૭ નિરાશ. નિસ્પૃહ.
૮ ધીર.
૯ સમતાવાન.
૧૦ સમબુદ્ધિ.
૧ નિર્વેદ. આત્મરમણ.
૧૧ નિઃસંગ.
૧૨ શુચિ.

ધ્યાન.

ધર્મધ્યાન.
ચોથાથી સાત સુધી

ભેદ.
૧ આજ્ઞા.
૨ અપાય.
૩ વિપાક.
૪ સંસ્થાન.

શુક્લધ્યાન.
૧ પૃથક્ત્વવિતર્ક સપ્રવિચાર.
૨ એકત્વવિતર્ક અપ્રવિચાર.
૩ સૂક્ષ્મક્રિય.
૪ ઉચ્છિન્નક્રિય.

ભેદ.
૧ પિંડસ્થ.
૨ પદસ્થ.
૩ રૂપસ્થ.
૪ રૂપાતીત.

પિંડસ્થ.
પાંચ ધારણા
પાર્થિવી આગ્નેયી વા.

પદસ્થ.
૧ નાભિકમળમાં સોળપાંખડીના (અકાર, [illegible])
૨ હૃદયમાં ચોવીસદળ.
[illegible]
[illegible]
[illegible]
૩ મંત્ર ચિંતન.
૪ પંચપરમેષ્ઠી નમસ્કાર.
૫ [illegible]
[illegible]
[illegible]
[illegible]

રૂપસ્થ.
સમવસરણસ્થિત તીર્થંકર ધ્યાન.
[illegible] ધ્યાન.
[illegible]

રૂપાતીત.
[illegible]
[illegible] ધ્યાન.
[illegible]

સમતા નિર્લેપ રહેનારો હોય છે એટલે સ્થૂળ ભાવતો એની તે એકાત્મ વૃત્તિ ક્ષતિ કરતો નથી. પ્રમત્તયોગથી તે વિરક્ત હોય છે, તેને અન્ય કોઈની સ્પૃહા હોતી નથી—તે એટલે સુધી કે પોતાના શરીરની પણ તેને સ્પૃહા હોતી નથી. તે વૈરાગ્ય પ્રવાહમાં નિમગ્ન થયેલો સંવેગવાન હોય છે. સમતા તેનાં દરેક પ્રદેશમાં અને વર્તનમાં પ્રત્યક્ષ દેખાય છે, શત્રુ અને મહીનને તે એક સરખા ગણે છે અને સતત કલ્યાણ ઇચ્છે છે, સર્વ ઉપર અને ખાસ કરીને જીવો ઉપર કરુણા રાખનાર હોય છે, ચૌદરાજલોક અથવા સાંસારિક સુખથી વિરક્ત હોય છે, મેરુ પેઠે નિષ્કંપ હોય છે, ચંદ્રની પેઠે આનંદદાયક હોય છે, પવનની પેઠે નિઃસંગી હોય છે અને ઉત્તમ બુદ્ધિને ધારણ કરનાર હોય છે. આવી વૃત્તિવાળો મહાત્મા ધ્યાન કરવાને યોગ્ય છે. અહીં તેર લક્ષણ બતાવ્યાં છે જે ચિત્રપટ પરથી પણ જણાશે (પૃ. ૧૯૨). આ લક્ષણ બહુ વિસ્તારપૂર્વક બતાવવાનો હેતુ એ છે કે—ઘણી વખત અમે તેવી સ્થિતિના આશ્રયે ધ્યાન કરવા અથવા તે દ્વારા આત્મવંચના કરવા કે બીજાઓને ઠગવાનો યોગ કરવા લલચાઈ જવાય છે તેમ પણ અટકાવવાની ખાસ જરૂર છે અને તેથી કેવા પ્રાણીએ ધ્યાનની શરૂઆત કરવી તે પ્રથમ બતાવ્યું છે. અધિકાર વગર આવા વિષયમાં પ્રવેશ કરવાથી ઘણી હાનિ થાય છે. જ્ઞાનાર્ણવમાં ધ્યાન કરનારનું લક્ષણ બતાવતાં કહે છે કે (૨૭-૩) ધ્યાન કરનાર જ્ઞાન, વૈરાગ્યથી સંપન્ન હોય છે, તેનાં ઇંદ્રિય અને મન વશ થયેલાં હોય છે, તેની ચિત્તવૃત્તિ સ્થિર થયેલી હોય છે, તે મુમુક્ષુ હોય છે, ઉદ્યમી હોય છે, શાંત હોય છે, ધીર હોય છે અને

નિરંતર મૈત્રી, પ્રમોદ કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાને ભાવનાર હોય છે મૈત્રી આદિ ભાવનાનું સ્વરૂપ અન્યત્ર વિસ્તારથી બતાવ્યું છે તેથી અત્ર તે પર ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી પ્રસ્તુત વાત એટલી છે કે—ધ્યાન કરનાર પ્રાણી એ ચાર ભાવનાનો બરાબર વ્યવહારુ રીતે ઉપયોગ કરે છે વિચારને પરિણામે અધ્યાત્મનિમગ્ન કરે છે અને વિષયમાં આસક્ત થતો નથી, પછી પોતાના સંયોગને અનુકૂળ સ્થળ, આસનનો નિર્ણય કરી ધ્યાનમાં પ્રગતિ કરે છે અને કુધ્યાનનો સર્વથા ત્યાગ કરે છે સ્થળ અને આસનનો નિર્ણય કરી ધ્યાન ની પ્રતિજ્ઞા કરે છે તે વખતે પોતે અતિ વિસ્તારથી સંસારનું સ્વરૂપ વિચારે છે તે જુએ છે કે—સાંસારિક યોગ અનિત્ય છે પાછે દુઃખ દેનાર છે અને તેમાં સુખ લાગે છે તે પણ માત્ર માન્યતામાં જ છે શરીર વ્યાધિથી ભરપૂર છે કર્મો પીડ મહાદુઃખ ઉત્પન્ન કરનાર છે માટે પ્રબળ પ્રયત્ન કરી ધ્યાનવજ્ર વડે કર્મોનો નાશ કરવાની આવશ્યકતા છે આવી અનેક રીતે પોતાની વર્તમાન અવસ્થા વિચારી આત્માનો અને પૌદ્ગલિક પદાર્થોનો સબંધ અનિત્ય સમજી મિત્રો પર રાગ અને શત્રુ પર દ્વેષ થાય છે તેના કારણો અને તેના કડવા પરિણામ જાણી લઈ સર્વ સાંસારિક ભાવો પર તેને તિરસ્કાર છૂટે છે અને અધ્યાત્મ પર અત્યંત રુચિ થવાથી તે તેની સન્મુખ પ્રયાણ કરતો જાય છે અને તેના પ્રબળ સાધન તરીકે ધ્યાન કરે છે જેથી આત્મત્વઆત્મત્વપણું સમજવાની ટેવ પડેલ આત્મા એકાગ્ર વૃત્તિ ધારણ કરે સ્વરૂપનો નિર્ણય કરે અને સ્વભાવસ્થિર થાય. આવો વિચાર કરીને ધ્યાનની પ્રતિજ્ઞા કરવાના

ક્રમને અનુસાર ચોક્કસ ધ્યાન કરે છે. એ વિચારણામાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ, પોતાનો અને પરમાત્માનો ભેદ અને તે ભેદ પોતામાં ભાવ કરવાની જરૂરિયાત પર તે લક્ષ આપે છે અને બાર ભાવનાઓમાંથી એક બે વધારે અનુકૂળતા પ્રમાણે ભાવે છે અને જેમ બને તેમ આત્મનિમજ્જન કરે છે. પોતાનું સ્વરૂપ વિચારતાં સંસારમાં પ્રવૃત્ત કેવી રીતિ અને ક્યા કારણોથી થાય છે તે, તે ખરી રીત વિચારે છે.

ધ્યાતા-ધ્યાન કરનાર કેવો હોય છે તે વિચાર્યું, હવે ધ્યાનમાં તે કઈ બાબતો વિચારે છે તેનો ક્રમ પણ જરા જોઈએ અને હવે ધ્યાનનો ક્રમ પણ

ધ્યેયક્રમ

વિચારમાં લઈ લઈએ. ચોક્કસ ધ્યાન કરે છે ત્યારે પ્રાણી ચેતન અથવા અચેતન વસ્તુનું ધ્યાન કરે છે. વસ્તુઓની સ્થિતિ, ઉત્પત્તિ અને વિનાશ, તેઓનાં મૂળ અપૂર્વ સ્વરૂપ વિગેરે જીવ અજીવના ભાવો પરસ્પર વિરોધ ન આવે તેવી રીતે ધ્યાવવાં. કોઈ પણ ચેતન અચેતન પદાર્થને ધ્યાનક્રમે એક વખતે કરી શકાય છે પણ તેની સ્વરૂપવિચારણામાં વિરોધ હોવો ન જોઈએ. જ્યારે ધ્યાન ક્રમ પૂરું થાય ત્યારે ધ્યાતાએ સંસારથી નિર્વેદ થાય તેવા આધ્યાત્મિક વિષયોમાં મગ્ન થવું અને કરુણાસમુદ્રમાં નિમજ્જન કરવું. પણ નકામી બાબત પ્રમાદમાં પડવો નહિ. અથવા પરમાત્મતત્ત્વનું ચિંતવન બહુ વિસ્તારથી ધ્યાનક્રમે કરવું. આ પરમાત્મસ્વરૂપચિંતવનથી બહુ લાભ થાય તેમ છે એ સ્વાભાવિક છે કારણ કે એ ધ્યેયગત સ્વરૂપ સ્વતઃ શક્તિરૂપે વિદ્યમાન

છે અને તેને જ વ્યક્તિરૂપે કરવાનું છે તેથી આવું ધ્યાન ક્રમે તે બને છે. ધ્યાનક્રમે તે જુએ છે કે પ્રથમ તો પરમાત્મા જિનસ્વરૂપે સાકાર છે પછી સિદ્ધસ્વરૂપે નિરાકાર છે, નિષ્ક્રિય છે, નિર્વિકલ્પ છે નિષ્કંપ છે, જ્ઞાનગોચર છે વિશ્વરૂપ છે, સમસ્ત જ્ઞેયના આકારો તેમનામાં પ્રતિબિંબિત છે કૃતકૃત્ય થયેલા છે, કલ્યાણરૂપ છે, શાંત છે શરીરરહિત છે કર્મબંધ ક્ષય થયેલા એવા છે, શુદ્ધ છે, નિર્લેપ છે જ્ઞાનસમુદ્રમાં સ્થિત છે, નિર્મળ છે, જ્યોતિસ્વરૂપ છે અનંતવીર્ય યુક્ત છે પરિપૂર્ણ છે સનાતન છે, નિર્દ્વંદ્વ છે, ક્ષુધાદિથી રહિત છે દોષરહિત છે અપ્રમેય છે વિગેરે. આવા આત્મસ્વરૂપની વિચારણા કરતાં પોતામાં જ વ્યક્તિરૂપે રહેલ પરમાત્મતત્ત્વનું ધ્યાન કરતાં ધ્યાતા વિચારે છે કે—આવા મહાન્ ગુણો મારે હવે વ્યક્ત કરવાના છે અને તે માટે પ્રબળ પુરુષાર્થ કરવાનો છે. એ પરમાત્મતત્ત્વનું ચિંતવન કરતાં ધ્યાતા વિચારે છે કે—અણુથી પણ સૂક્ષ્મ આત્મા, આકાશથી પણ વધારે વિસ્તૃત છે જગતને વંદન કરવા યોગ્ય છે એનું ધ્યાન કરવાથી અનેક કર્મોનો સમૂહ ખરી જાય છે અને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે અથવા પ્રકટ થાય છે આવા સિદ્ધ પરમાત્માના સ્વરૂપમાં ધ્યાન કરતાં, તેનું અનન્ય શરણ કરતાં અને તેમાં લય પામતાં આત્મા એવો અદ્ભુત આનંદ ભોગવે છે કે તેને તે વખતે આત્મનિમજ્જન થાય છે. પોતે કેટલીક વાર એકાકાર વૃત્તિ અનુભવે છે સમરસભાવમાં લીન થાય છે અને છેવટે પોતે પરમાત્મતત્ત્વમાં અપૃથક્પણે લીન થઈ જાય છે એમની લોકાન્ત સ્થિતિ, આઠ ગુણો, ઉત્પત્તિ સ્થિતિ પ્રકૃતિનો લય અને પૂર્ણાનંદ સ્વભાવ વિચારતાં

ક્રમને જ્ઞાનાનુસાર સવીર્ય ધ્યાન કરે છે એ વિચારણામાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ, પોતાનો અને પરમાત્માનો ભેદ અને તે ભાવ પોતામાં જાગ્રત કરવાની જરૂરીઆત પર તે ભાર આપે છે અને બાર ભાવનાઓમાંથી એક વા વધારે અનુકૂળતા પ્રમાણે ભાવે છે અને એમ અને તેમ આત્મનિમજ્જન કરે છે પોતાનું સ્વરૂપ વિચારતાં સંસારમાં પ્રવાહ કેવી રીતે અને ક્યા કારણોથી થાય છે તે, તે સારી રીતે વિચારે છે.

ધ્યેયક્રમ

ધ્યાતા-ધ્યાન કરનાર કેવો હોય છે તે વિચાર્યું, હવે ધ્યાનમાં તે કઈ બાબતો વિચારે છે તેનો ક્રમ પણ જરા જોઈએ અને હવે ધ્યાનનો ક્રમ પણ વિચારમાં લઈ લઈએ. સવીર્ય ધ્યાન કરે છે ત્યારે પ્રાણી ચેતન અથવા અચેતન વસ્તુનું ધ્યાન કરે છે વસ્તુઓની સ્થિતિ, ઉત્પત્તિ અને વિનાશ, તેઓના મૂર્ત અમૂર્ત સ્વરૂપ વિગેરે જીવ અજીવના સાથે પરસ્પર વિરોધ ન આવે તેવી રીતે ભાવવાં. કોઈ પણ ચેતન અચેતન પદાર્થને ધ્યાનકાળે ધ્યેય તરીકે કલ્પી શકાય છે, પણ તેની સ્વરૂપવિચારણામાં વિરોધ રહેવો ન જોઈએ. જ્યારે ધ્યાન ક્રમ પૂરું થાય ત્યારે ધ્યાતાએ સંસારથી નિર્વેદ થાય તેવા આધ્યાત્મિક વિષયોમાં મગ્ન થવું અને કરુણાસમુદ્રમાં નિમજ્જન કરવું પણ નકામો વખત પ્રમાદમાં કાઢવો નહિ। અથવા પરમાત્મતત્ત્વનું ચિંતવન બહુ વિસ્તારથી ધ્યાનકાળે કરવું. આ પરમાત્મસ્વરૂપચિંતવનથી બહુ લાભ થાય તેમ છે એ સ્વાભાવિક છે કારણ કે એ ભગવત સ્વરૂપ સ્વમાં શક્તિરૂપે વિદ્યમાન

છે અને તેને જ વ્યક્તિરૂપે કરવાનું છે તેથી બહુ આનંદમગ્ન
તે થાય છે. ધ્યાનમાંથી તે જુએ છે કે પ્રથમ તો પરમાત્મા
જિનસ્વરૂપે સાકાર છે પછી સિદ્ધસ્વરૂપે નિરાકાર છે, નિષ્ક્રિય છે,
નિર્વિકલ્પ છે નિષ્કંપ છે, આનંદમંદિર છે ચિદ્રૂપ છે, સમસ્ત
જ્ઞેયના આકારો તેમનામાં પ્રતિબિંબિત છે કૃતકૃત્ય થયેલા છે,
જ્ઞાનસ્વરૂપ છે, શાંત છે શરીરરહિત છે કર્મમળ ક્ષય થયેલા એવા
છે શુદ્ધ છે, નિર્દોષ છે જ્ઞાનશરીરમાં સ્થિત છે નિર્મળ છે,
જ્યોતિસ્વરૂપ છે અનંતવીર્ય યુક્ત છે પરિપૂર્ણ છે સનાતન
છે, નિર્દ્વંદ્વ છે, રાગાદિથી રહિત છે ક્રોધરહિત છે અપ્રમેય છે
વિગેરે. આવા આત્મસ્વરૂપની વિચારણા કરતાં પોતામાં જ
વ્યક્તિરૂપે રહેલ પરમાત્મતત્ત્વનું ધ્યાન કરતાં ધ્યાતા વિચારે છે
કે—આવા મહાન્ ગુણો મારે હવે પ્રગટ કરવાના છે અને તે
માટે પ્રબળ પુરુષાર્થ કરવાનો છે એ પરમાત્મતત્ત્વનું ચિંત
વન કરતાં પાછો વિચારે છે કે—અણુથી પણ સૂક્ષ્મ આત્મા,
આકાશથી પણ વધારે વિસ્તૃત છે જગતને વંદન કરવા યોગ્ય
છે, એનું ધ્યાન કરવાથી અનેક કર્મોથી મુક્ત થઈ જાય છે
અને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે અથવા પ્રગટ થાય છે.
આવા સિદ્ધ પરમાત્માના સ્વરૂપમાં ધ્યાન કરતાં, તેનું અનન્ય
શરણ કરતાં અને તેમાં લય પામતાં આત્મા એવો અદ્ભુત
આનંદ ભોગવે છે કે તેને તે વખતે આત્મનિમજ્જન થાય છે.
પોતે કેટલીક વાર એકાકાર વૃત્તિ અનુભવે છે, સમરસભાવમાં
લીન થાય છે અને છેવટે પોતે પરમાત્મતત્ત્વમાં અપૃથક્પણે
લીન થઈ જાય છે એમની લોકાન્ત સ્થિતિ, આઠ ગુણો, ઉત્પત્તિ
સ્થિતિ ઇત્યાદિનો ક્રમ અને પૂર્ણાનંદ સ્વભાવ વિચારતાં

આત્મા-ચૈતનજી જેવી ઉત્કૃષ્ટ અવસ્થા અનુભવે છે કે જેનું વર્ણન શબ્દોમાં કરવું અશક્ય છે એ ઉત્કૃષ્ટ મનોવૃત્તિને રુપાતીત ધ્યાન કહેવામાં આવે છે. યોગ વિષયમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે જે પિંડસ્થાદિ ધ્યેયનું સવિસ્તર સ્વરૂપ બતાવ્યું છે તે નીચે વિચારવામાં આવશે. આ રીતે અત્યારે અહીં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનું સ્વરૂપ વિચારી ગયા. ધ્યેયમાં કોઈ પણ વસ્તુ ઉપર એકાગ્રતા કરી તેની સ્વરૂપવિચારણા થઈ શકે પરંતુ ઉપર જે પરમાત્મતત્ત્વની વિચારણા બતાવી છે તે બહુ આનંદ આપનાર અને પ્રગતિ કરાવનાર છે જેમ લડાઈમાં જનાર શૂરવીર લડવૈયા પાસે પૂર્વ પુરુષોની બહાદુરીનાં વર્ણનો ગાય, આલ્હા કરે છે ત્યારે તેને વિશેષ જોશ આવે છે તેમ પરમાત્મતત્ત્વસ્વરૂપની વાતોથી ચૈતનજીમાં વીર્યસ્ફુરણા થાય છે અને કર્મ કરવાની શક્તિ વધારે પ્રબળપણું ધરે એવું વીર્ય આ આધ્યાત્મિક વિચારણાથી તેનામાં ઉત્પન્ન થાય છે તેથી પરમાત્મતત્ત્વની ધ્યાનમૂર્તિ પ્રથમ મૂર્ત અને પછી અમૂર્ત સ્વરૂપે અધિકાર પ્રમાણે ધ્યાવાની સમજ રાખવી. પર ભાવ દેહ, ઇંદ્રિય, મન-સર્જિત વગેરેને છોડી દઈ તેમાં આત્મબુદ્ધિ ન રાખતાં જ્ઞાનમય આત્મસ્વરૂપનું ધ્યાન કરવું સંસારિક વિચાર કરનાર લોકોને ઠેઠ આવું, સર્વોત્કૃષ્ટ ચિત્ત મહાત્માનું ધ્યેય કરવું એ ધ્યાનક્રમ છે બાહ્યાત્માનો ત્યાગ કરી, અંતરાત્મામાં લીન થઈ પરમાત્મસ્વરૂપ ધ્યાવવાનો અહીં ક્રમ છે. શરૂઆતમાં કેટલીક મુશ્કેલીઓ પડે છે અને બાહ્ય ભાવનો ત્યાગ કરતાં જરા શ્રમ પડે છે પરંતુ આગળ પ્રગતિ કરતાં એમાં એવો આત્મીય આનંદ આવે છે કે—તેમાં આત્મનિમજ્જન થઈ જાય છે અને

ચૈતન્ય અતિ સ્પષ્ટ ભાસતા અનુભવે છે પરમાત્મપદચિંતવનના પ્રસંગમાં ચિત્તની સ્થિરતા, એકાગ્રતા અને અચલ સ્થિતિ પણ પ્રસન્ન છે અને તે પણ ધ્યાનધારાએ વધતાં વધતાં સવિશેષપણે પ્રાપ્ત થતી જાય છે પરમાત્મપદનું ચિંતવન, પરમાત્મગુણોની વિચારણા, પરમાત્મ પદસ્થિતિની મહત્તા વિશેષમાં એવું મહત્વ રહેલું છે કે—જેમાં આગળ વધતા બહુ આનંદ આવે અને પોતાને માટે આગળ ક્રમ પણ જરૂર મળી આવે. શાસ્ત્રમાર્ગ એવો પણ શુક્લધ્યાનના ભેદોની આપણે હવે વિચારણા કરી જઈએ. અહીં એટલું ખાસ જણાવવું પ્રાસંગિક છે કે—આ ભેદો બહુ વિચારવા યોગ્ય છે આ ઉત્કૃષ્ટ ધ્યાનની ભાવના આપણે સારી રીતે કરી શકીએ તેમ છીએ, તેમાં સ્થિરતા થવા માટે કેટલાક મહાશયોના કહેવા પ્રમાણે દૃઢ શરીરની જરૂર છે અને શરીરસ્વાસ્થ્ય અને શરીરનું બંધારણ બહુ સારું હોય તેમ ધ્યાનમાં સારી રીતે પ્રગતિ થઈ શકે છે

ધર્મધ્યાનના ચાર વિભાગ શાસ્ત્રમાં આપ્યા છે: આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય.

આ ક્રમ બતાવવાનું કારણ એ છે કે—
ધર્મધ્યાનના ભેદો પ્રાણી પ્રથમ આલંબન ધ્યાન કરી શકે છે
અને તેમાં જ્યારે ચિત્તની સ્થિરતા થાય
ત્યારે તે નિરાલંબન ધ્યાન કરી શકે છે અનાદિ વિભ્રમથી, મોહથી અનભ્યાસથી અને આગ્રહથી પ્રાણી આત્મતત્ત્વ જાણતો હોય તો પણ રમણતા પામી જાય છે અને આત્મતત્ત્વચિંતવનમાં પ્રગતિ કરી શકતો નથી અને તેવો પ્રાણી અજ્ઞાનના અથવા મિથ્યાત્વના જોરથી કદાચ આત્મતત્ત્વનું ચિંતવન કરવાનો વિચાર કરે તો

પણ તેની સ્થમાં સ્થિતિ થઈ શકતી નથી, એનું કારણ એની મૂઢાવસ્થા અને સ્થૂળ વસ્તુઓ ઉપરનો રાગ છે. આવા પ્રાણીઓએ નિરાલંબન આત્મતત્ત્વનું ચિંતવન કરવા પહેલાં વસ્તુધર્મનું ચિંતવન કરી સ્થિરતા પ્રાપ્ત કરવી જોઈએ છે અને જ્યારે તે તે પ્રમાણે કરે ત્યારે જ તે બહારમાંથી અંદરમાં, સ્થૂળમાંથી સૂક્ષ્મમાં, આલંબનમાંથી નિરાલંબનમાં પ્રવેશ કરી શકે છે. આવા પ્રાણીને માટે ધર્મધ્યાનના ઉપયુક્ત ચાર ભેદો બહુ લાભ કરનાર થાય છે એ તેનું સ્વરૂપ સમજવાથી જણાશે.

આજ્ઞાવિચય ધર્મધ્યાન.—આ આજ્ઞાવિચયાદિ ધર્મધ્યાનના ચાર વિભાગોને શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય ચતુર્વિધ ધ્યેયના પ્રકાર કહે છે. તેઓ પિંડસ્થાદિ ચાર ધ્યેય જેનું સ્વરૂપ નીચે લખવાનું વિચાર્યું તેને પણ ધ્યેય પ્રકાર કહે છે. આ સર્વ ધર્મધ્યાનના ભેદો હોવાથી આલંબન ધ્યાન તરીકે એક જ કક્ષામાં આવી શકે તેમ છે તેથી ગમે તે પ્રકારે તેનું સ્વરૂપ વિચારવામાં પરસ્પર વિરોધ આવતો નથી. આજ્ઞાવિચય ધર્મધ્યાનમાં યોગ્ય સમયે યોગ્ય આસને બેસી સર્વજ્ઞ મહારાજની આજ્ઞાને અનુસરીને તત્ત્વનું ચિંતવન કરવામાં આવે છે. વિચયનો અર્થ અહીં વિચાર થાય છે. વસ્તુતત્ત્વનો સૂક્ષ્મ બોધ સર્વજ્ઞના વચનાનુસાર થાય અને જે વચન હેતુથી હણાય નહિ તેવાની વિચારણા આ સ્થળે છે. તીર્થંકર મહારાજ કદિ પણ અસત્ય બોલતા નથી, તેમને અસત્ય બોલવાનું કારણ (રાગદ્વેષ કે મોહ) નથી અને તેઓશ્રી ખરી આપ્તતા ધરાવે છે એમ તેઓના પરસ્પર અવિ-રોધી વચનોથી જણાય છે. વીતરાગનું સ્વરૂપ સમજી સર્વજ્ઞમાં તે ગુણ હતા એમ તેઓના ચારિત્રથી નિર્ણય કરી તેઓએ

નિર્દિષ્ટ કરેલો વસ્તુસ્વરૂપનો નિશ્ચય અહીં કરવામાં આવે છે. પ્રમાણ, નય અને નિક્ષેપના જ્ઞાનમાં સ્થિર અપૂર્વ રહસ્ય અને તેનાથી સિદ્ધ થતાં તત્ત્વો તેમ જ વસ્તુઓની સ્થિતિ, ઉત્પત્તિ અને વિનાશ એ સઘળું અહીં ચિંતવન થાય છે. આપ્ત ભગવંતના વિષયમાં હેતુના જ્ઞાનપૂર્વક તત્ત્વથી રહસ્યનું ચિંતવન કરવામાં આવે છે ત્યારે મનમાં પરમ શાંતિ થાય છે વસ્તુધર્મોનું જ્ઞાન સ્પષ્ટ ભાન થતું જાય છે અને તેઓમાં રહેલો એકસરખો ક્રમ અને તેના ગુણપર્યાયો બહુ સૂક્ષ્મ હોવા સાથે વિચારતાં મનને એકાગ્ર કરી દે છે. દ્રવ્યશ્રુતમાં શબ્દજ્ઞાન થાય છે જ્યારે ભાવશ્રુતમાં વાસ્તવિક જ્ઞાન થાય છે. આજ્ઞાનો ઉત્કૃષ્ટ પ્રકાર, અનેક ઋદ્ધિસિદ્ધિથી વર્ણિત, વિચિત્ર અર્થપદસંયુક્ત આધાર, અતિ ગંભીર શ્રુતસમુદ્ર બહુ આનંદ આપનાર હોવાથી એ આ ધ્યાનનો વિષય થાય છે. પ્રથમાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ એ ચાર પ્રકારના શ્રુતજ્ઞાનનો અત્ર વિચાર થાય છે. વસ્તુઓનો પ્રતિક્રમ (તેના સ્થિતિ, ઉત્પત્તિ અને નાશનું સ્વરૂપ), તેની આદિ, અનાદિ, આદિઅનંત, અનાદિઅનંત વિગેરે વ્યવસ્થા તેમ જ નયનિક્ષેપનું જ્ઞાન કસોટી જેવું છે અને એના સ્યાદ્વાદનું રહસ્ય બહુ વિચારતું ક્ષેત્ર પૂરું પાડે છે. સર્વજ્ઞની આજ્ઞાને આગળ કરીને આવા આવા અનેક ભાવોનું ચિંતવન કરવું અને અતીંદ્રિય વિષયમાં સત્ય સ્વરૂપ સમજવા માટે વીતરાગની આજ્ઞા વિચારવી, એનો સમાવેશ આ આજ્ઞાવિચય ધર્મધ્યાનમાં થાય છે. સાધુ, શ્રાવક, સમકિતદ્રષ્ટિ વિગેરેને માટે પરમાત્માએ શી શી આજ્ઞાઓ કરેલી છે તે પણ અહીં વિચારવાની છે

અપાયવિચય ધર્મધ્યાન—રાગદ્વેષ અને મિથ્યાત્વ પ્રાણીને અપાય (પીડા) કરનાર છે તેના સંબંધી વિચાર કરવો એ સર્વનો ધર્મધ્યાનના આ બીજા વિભાગમાં સમાવેશ થાય છે. અહીં પ્રાણી ચિંતવન કરે છે કે સમ્યક્ત્વ સહિત ધર્મની પ્રાપ્તિ ન થવાથી અનેક પ્રાણીઓ સંસારસમુદ્રમાં ડૂબી જાય છે અથવા ભવાટવીમાં ભટક્યા કરે છે અને ત્યાં અનેક પ્રકારનાં દુઃખો પ્રાપ્ત કરે છે ફરે છે, રખડે છે હેરાન થાય છે દુઃખી થાય છે ક્લેશ પામે છે દુઃખ ભોગવે છે અને અનેક પ્રકારની ઉપાધિઓને તાબે થાય છે. ખાસ મહાપુરુષના વચનથી સંસાર અસારતાના ભેદનું અને જ્ઞાન થયું છે અને તે ઉપરથી તે સમ્યક્ જ્ઞાનસમુદ્રનો પ્રેમી છે. હવે એ આ વિવેકજ્ઞાનરૂપ પર્વતના શિખર ઉપરથી મારો પાત થાય તો જરૂર ભવાટવીરૂપ ખાડામાં પડીને મારો નાશ થયા વગર રહે નહિ. અહો! અનંત કાળથી પ્રાપ્ત કરેલ આ કર્મને મારે કેવી રીતે છોડવાં? તેઓ પર સામ્રાજ્ય કેમ પ્રાપ્ત કરવું? એક બાજુએ આખું કર્મનું લશ્કર છે અને એક તરફ હું એકલો છું તેથી આ સમરાંગણમાં મારે બહુ અપ્રમત્ત રહેવું જોઈએ, નહિ તો દુશ્મનો કોઈ પણ બાજુથી પેસી જશે અને મને હતપ્રહત કરી નાખે. હું પોતે અનંત જ્ઞાનસુખ ચિદ્ પરમાત્મા છું પણ કર્મ પરાણી મારફત સંસારસાગરમાં રખડ્યા કરું છું. અમલ ધ્યાનઅગ્નિવડે આત્મસુવર્ણને તપાવીને કર્મમલરૂપ મેલ તેના થકી ક્યારે દૂર કરી નાખું? અને તેમ કરવા માટે કેવાં કેવાં સાધનોની યોજના કરું? સંસારમાં જ્યારે અનેક બાબતો છે ત્યારે મોક્ષમાં અનેક સુખો છે અને ઉપાધિનું નામ નથી. આવી રીતે અપાયનું

ચિંતવન કરતાં રાગ, દ્વેષ, કષાય, વેદ, મોહમાંથી કોઈ પણ એક ભાવનું ચિંતવન કરે અને એક ભાવનો સંપૂર્ણ વિચાર કરે ત્યારે તેની સાથે સર્વ ભાવનું લક્ષણ ભલું ભરી સમજાઈ જાય છે. यदुक्तं "एको भावस्तत्त्वतो येन बुद्धः सर्वे भावास्तत्त्वतस्तेन बुद्धाः ।" એટલે એક ભાવ બરાબર તત્ત્વથી જેણે જાણ્યો તેણે સર્વ ભાવો તત્ત્વથી જાણી લીધા એમ સમજવું. બાહ્ય વસ્તુ સાથે જેમ બને તેમ ખાસ સંબંધ ઓછો કરવો જોઈએ, કારણ કે તેની સાથે ખાદ્ય સંબંધ હોય ત્યાંસુધી તેટલા પૂરતો સ્વ સાથે સંબંધ થતો નથી અથવા ઓછો થાય છે આવી રીતે અનેક પ્રકારના અપાયને ચિંતવવો અને તેના નિવારણની જરૂરીઆત વિચારવો ચેતન આ દ્વિતીય ધર્મધ્યાનની ભાવના કરે છે કર્મનો અપાય અને આત્મસિદ્ધિનો ઉપાય ચિંતવવો એ આ ધ્યાનનું ખાસ લક્ષણ છે

વિપાકવિચય ધર્મધ્યાનઃ—કર્મના વિચિત્ર ફળનું ચિંતવન કરવું અને પ્રતિક્ષણ તે કેવી રીતે ઉદયમાં આવે છે તેનો વિચાર કરવો એ કર્મફળ ચિંતવનરૂપ ધર્મધ્યાનનો ત્રીજો પ્રકાર છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર રૂપે અથવા ચારને પ્રાપ્ત કરીને કર્મો પોતાનું ફળ આપીને બતાવે છે એ ચારને કેવી રીતે પ્રાપ્ત કરીને શુભ અશુભ કર્મો અથવા પુણ્ય પાપનું ફળ બતાવે છે તેનો જરા વિસ્તાર જોઈએ. પુષ્પમાળા, સુંદર શય્યા, આસન, વાહન, વસ્ત્ર, સ્ત્રી વનિતા મિત્ર, કપૂર અગરુ ચંદન, ઘનસાર, અત્તર, ભવન, હવેલી, પલંગ અને આહાર કરવાના સુંદર ખાદ્ય અને પીવાના સુંદર પેય વસ્તુઓ મેળવીને પ્રાણી પોતાની માન્યતા પ્રમાણે સુખનો અનુભવ કરે છે; એવી રીતે તરવાર ભાલા તોપ ઝેર સર્પ હસ્તી સિંહ, વાઘ,

આધિ, કુરૂપ અંગ, રોગ, ભાર ઈત્યાદિ અનિષ્ટ વસ્તુઓનો સંયોગ પ્રાપ્ત થતાં પ્રાણી દુઃખનો અનુભવ કરે છે. સુખદુઃખની પ્રાણીની માન્યતા ગલત છે કે નહિ તે પર વિવેચન કરવાનો આ પ્રસંગ નથી પણ તેના શરીરને તથા મનને જે અનુકૂળ લાગે તે પ્રાપ્ત કરે છે ત્યારે તેની માન્યતા પ્રમાણે તે સુખ અનુભવે છે અને એવી રીતે તેને પ્રતિકૂળ લાગતા પદાર્થની પ્રાપ્તિ થાય છે ત્યારે દુઃખ અનુભવે છે; તેવી રીતે ઈચ્છિત ક્ષેત્ર પ્રાપ્ત થાય, ધન વગેરે આનંદ આપે એવી ભૂમિની પ્રાપ્તિ થાય અને જે ક્ષેત્રમાં પ્રેમ-ચેષ્ટાનાં સાધનો વિશેષ મળે તેવું ક્ષેત્ર પ્રાપ્ત થાય ત્યારે પ્રાણી સુખ મેળવે છે અથવા સુખ મળ્યું છે તેમ માને છે અને તેથી ઊલટી રીતે અતિ ભયંકર, ભય ક્લેશને આપનાર અધમ ક્ષેત્રને પ્રાપ્ત કરીને પ્રાણી દુઃખી થયો એમ માને છે. એવા વખતમાં દુઃખનો પાર રહેતો નથી, ઉત્પાતનો નાશ થાય છે, પવન વરસાદનું તોફાન હોતું નથી અને વિશેષ ગરમી કે ઠંડી હોતી નથી તેવી ઋતુ પ્રાપ્ત કરીને પ્રાણી સુખને અનુભવે છે અને જ્યારે તેથી ઊલટી રીતે અનેક પ્રકારના ઉત્પાત થાય, દુઃખ થાય, સખત વરસાદ પડે, સખત ગરમી પડે અતિશય ઠંડી પડે, પાણીની રેલ આવે, અથવા વરસાદ બીલકુલ ન આવે ત્યારે પ્રાણી દુઃખનો અનુભવ કરે છે. પ્રશમ ભાવમાં પ્રાણી વર્તતો હોય છે ત્યારે તેને બહુ સુખ લાગે છે અને ક્યારેક અતિ ક્રોધ આદિ ભાવમાં વર્તતો હોય છે ત્યારે તેને દુઃખનો અનુભવ થાય છે. આવી રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી કર્મવિપાકનો વિચાર કરતાં કરતાં પ્રાણી વિચારે છે કે-કર્મની આઠ મુખ્ય પ્રકૃતિઓ છે અને તેના ઉત્તરભેદો અનેક છે તે પણ પ્રાણીએ

સંસારમાં રખડાવે છે, ડુબાવે છે, મજબૂત બંધને બાંધીને ચારે ગતિમાં ફેરવે છે બુદ્ધિશક્તિને અને જ્ઞાનસૂર્યને આવરણ કરનાર જ્ઞાનાવરણીય કર્મ અતિ પ્રબળપણે જ્ઞાનગુણ ઉપર આચ્છાદન લાવે છે અને પ્રાણીને વસ્તુસ્વરૂપનો બોધ થવા દેતુ નથી. નવ પ્રકારની દર્શનાવરણીય કર્મોની પ્રકૃતિ પ્રાણીને ઈષ્ટ યથાર્થ દર્શન થવા દેતી નથી, તેને સંસારમાં રખડામણ કરે છે જ્ઞાનાવરણીયથી જાણવુ બંધ થાય છે અને દર્શનાવરણીયથી દેખવુ બંધ થાય છે તેમજ બીજા નિદ્રા વિશેષથી પ્રાણીને એવા પ્રમાદમાં નાખી દે છે કે તે આંખો ઉઘાડીને જુએ એટલો અવકાશ પણ રહેવા નથી. શાતાવેદનીય કર્મના ઉદયથી પ્રાણી સુખનો અનુભવ કરે છે અને અશાતાવેદનીયના ઉદયથી દુઃખનો અનુભવ કરે છે દેવ તથા મનુષ્યાદિ ગતિમાં શાતાવેદનીયના ઉદયથી બહુ પ્રકારનાં સુખ અનુભવે છે જો કે તે સુખ તરવારની ધાર પર રહેલ મધુબિંદુનું આસ્વાદન કરવા જેવું છે કારણ કે તેથી પરિણામે દુઃખ થાય છે અને અશાતાવેદનીયના ઉદયથી તિર્યંચ તથા નારક ગતિમાં અનેક પ્રકારનાં દુઃખ અનુભવે છે દેવ તથા મનુષ્ય ગતિમાં પણ અશાતાનો ઉદય થાય છે તે અશાતાવેદનીય કર્મ સમજવું. ચતુર્થ મોહનીય કર્મને અંગે ચેતન વિચારે છે કે-દર્શનમોહના ઉદયથી શુદ્ધ દૃષ્ટિનો લોપ થાય છે અને તેમ થવાથી પ્રાણી સદ્‌ને અસદ્ તેમજ અસદ્‌ને સદ્ માનતો તથા બન્નેને સરખા માનતો કે નહિ માનતો સંસારસમુદ્રમાં ડૂબતો જાય છે સમકિત-શુદ્ધ શ્રદ્ધાન પામતો નથી અને ચારિત્રમોહનીયના ઉદયથી સ્વનો સાક્ષાત્કાર કરી શુદ્ધ ચારિત્રમાં રમણતા કરી શકતો નથી. સંયમ પ્રાપ્ત કરીને પણ વારંવાર પ્રમાદ થયા કરે,

સ્ખલના થાય, પાત થયા કરે તે સર્વ આ ચારિત્રમોહનીયને
ઉદય સમજવો. આયુષ્યકર્મ ચોથું દેવાયુ કર્મના ઉદયથી દેવ
ગતિમાં ઉત્પન્ન થઈ જીવ અનેક પ્રકારનાં આવી લીધેલાં સ્થૂળ
સુખોનો અનુભવ કરે છે, મનુષ્યગતિમાં આવી કંઈક સુખ અને
કંઈક અસુખનો અનુભવ કરે છે તિર્યંચ આયુકર્મના ઉદયથી
જળચર સ્થળચર ખેચર તેમજ વિકલેંદ્રિય અને એકેંદ્રિયમાંથી
એક થઈ દુઃખનો અનુભવ કરે છે અને નરકાયુના ઉદયથી
કુંભીપાકાદિ મહાતીવ્ર વેદના અને અનંત દુઃખ અનુભવે છે
અનેક ગતિ જાતિમાં સુરૂપ કુરૂપાદિ અનેક પ્રકારના પર્યાય
ધારણ કરે તે સર્વ નામકર્મના ઉદયથી થાય છે કીર્તિ, લોક-
પ્રિયતા, વક્તૃત્વશક્તિ, દૃઢસંઘયણ ઇંદ્રિયપ્રાપ્તિ, શરીરબંધારણ
વિગેરે અનેક બાબત રૂપી અને અરૂપી આ નામકર્મથી પ્રાપ્ત
થાય છે એના ઉત્તરભેદો બહુ છે અને તે મનન કરીને ખાસ
સમજવા યોગ્ય છે ખાસ ખાનદાન ગોત્રમાં જન્મ પ્રાપ્ત કરવો
તે સાતમા ગોત્રકર્મના ઉદયથી બને છે અને અમુક જગ્યાએ
જન્મ થઈ ત્યાં ધન ધાન્ય, દાન શક્તિ, ભોગ ઉપભોગના
પદાર્થો તથા શરીરશક્તિ પ્રાપ્ત કરવી ન બને એ સર્વ અંત
રાય નામના આઠમા કર્મના ઉદયથી થાય છે આવી રીતે આ
આઠ કર્મો અને તેની ઉત્તર પ્રકૃતિઓ પામીને અનેક પ્રકારનાં
સ્થૂળ અને માનસિક સુખદુઃખો અનુભવાવે છે—એવી કર્મના
વિપાકની વિચારણા આ તૃતીય ધર્મધ્યાનના ભેદમાં આવે છે
જેવી રીતે ઝાડના અબાધ રૂપે પક્વાદિના યોગોથી એકદમ
પાક થાય છે તેમ તપ વિગેરેના યોગોથી અબાધ કર્મો પણ
તેની સ્થિતિ પરિપાક થયા પહેલાં ભોગવાઈ જાય છે અને

તેની નિર્જરા થઈ શકે છે. મહાયોગી પુરુષો એમ સામગ્રી પ્રાપ્ત કરીને શુભ ભાવવડે ઘણાં ચીકણાં કર્મોનો પણ નાશ કરી નાખે છે અને સર્વોત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે. તેવી ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તે સ્થિતિએ પહોંચવાનો ક્રમ કયો છે? ગુણસ્થાનકમારોહ કરતાં કર્મોનો કેવી રીતે બંધ પડે છે? કર્મો ઉદયમાં આવે છે? સત્તામાં કેટલાં રહે છે? કેવી રીતે તેની ઉદીરણા થઈ શકે છે? તેના ઉદ્વર્તન, અપવર્તન આદિ કેવી રીતે થાય છે અને તેનું જોર કેટલું છે? આત્માના અનંત બળવીર્ય પાસે કર્મો પોતાનું ફળ કેવી રીતે આપી શકે છે? આપતાં અટકી શકે છે અને કેવી રીતે તેના ફળને પ્રદેશોદયથી ભોગવી બારોબાર દૂર કરી શકાય છે? આવી આવી કર્મ વિપાકને લગતી અનેક બાબતો, તેઓનું વિસ્તરણ, તેઓનો ઉદયકાળ, બંધસ્થિતિ, તેનો અને આત્માનો સંબંધ, તેઓના વિપાક વખતે થતી ચેતનની દુર્દશા અને તેઓથી દૂર રહેવા માટે ચેતનથી થઈ શકતા પ્રયત્નો વિગેરે અનેક બાબતોનો બારીકીથી વિચાર કરતા કરતાં પ્રાણી ધર્મધ્યાનના ત્રીજા ભેદમાં આગળ વધતો જાય છે અને જેમ જેમ વધારે વિચાર કરે છે તેમ તેમ તેને ક્રમપૂર્વ વર્તમાન ચેતનની દશા પર બહુ વિચાર આવે છે, વળી અનેક જીવોને કર્મ કેવી રીતે નચાવે છે તે જોઈ ખેદ આવે છે અને એવી એવી અનેક પ્રકારની સ્થિતિ અનુભવતો કર્મવિચારણામાં અને પ્રાપ્ત કરીને કર્મોના વિપાકની વિચારણામાં એકાગ્રચિત્ત થઈ મનને સ્થિર કરી નાખે છે

સંસ્થાનવિચય ધર્મધ્યાન—આ ધર્મધ્યાનના વિભાગમાં અનાદિ અનંત પ્રતિસ્થાપી લોકની આકૃતિ ચિંતવે છે આ

ધ્યાન પર સ્થિત થઈ આખી વિચાર કરે છે કે—આકાશમાં આ લોક આવી રહેલો છે. શ્રીમદ્ વિનય મહારાજે તેનું સ્વરૂપ બતાવ્યું છે તે પ્રમાણે આ લોકમાં રહેલી ચેતન અને અચેતન વસ્તુઓ સ્થિતિ, ઉત્પત્તિ અને વિનાશ પોતાના નિયમ પ્રમાણે પામ્યા કરે છે તેનો કોઈ કરનાર છે નહિ અને કોઈ હણી શકે નહિ તેથી તે લોક અનાદિસિદ્ધ છે ઊર્ધ્વ લોક, તિર્યંગ્ લોક અને અધો લોક એવા ત્રણ વિભાગવાળા આ લોકને પુરુષ-નરનો આકાર કહેવામાં આવે છે ઘનોદધિ, ઘનવાત અને તનુ-વાત એ ત્રણ અધિલોકને ધારણ કરી રહ્યો છે અને એ સર્વ આકાશ ઉપર રહે છે એ લોક નીચે વેત્રાસન(મુઢાથી)ના આકારવાળો છે વચ્ચે ઝાલરી જેવા આકારનો છે અને ઉપર મૃદંગનો આકાર ધારણ કરે છે (લોકનાલિકા ચિત્ર ઘણી જગ્યાએ ચિતરેલ હોય છે તે જોવાથી આ આકાર સ્પષ્ટ થશે.) એની ઊંચાઈ નીચેથી મધ્ય લોક સુધી સાત રાજની છે અને મધ્યથી ઉંચે સુધી સાત રાજની છે. પહોળાઈ નીચે સાત રાજની છે, વચ્ચે ઘટીને એક રાજની થઈ જાય છે અને ઉપર-ના ભાગમાં વચ્ચે પાંચ રાજની થઈ આખરે ઉપર જતાં એક રાજની થઈ જાય છે. (એક રાજનું પ્રમાણ અસંખ્યાતા યોજન સમજવું) આમાં નીચેના સાત રાજમાં અતિ ભયંકર નારકી ઓનો વાસ છે અને તેની સાત ભૂમિઓ છે. સર્વથી નીચેની ભૂમિ અતિ ભયંકર, તેની ઉપરની જરા સારી, એમ ઉત્તરો-ત્તર ભૂમિઓ હોય છે કેટલાક નારકીનું ક્ષેત્ર અતિ ઉષ્ણ હોય છે અને કેટલાક વધુ શીત હોય છે. તેની ગરમી તથા ઠંડી એવી હોય છે કે તેની પાસે આફ્રિકાના સહરાના રણની ગરમી

કે ઉત્તર મુખના પ્રદેશની કદી કદી અનુસરીમાં આવે નહિ. શબ્દમાં શબ્દ પોતાનું હોતું હોય તેનું પણ મનથી કંઈ ભય એવી શબ્દ ગરમી ત્યાં હોય છે આવી અતિ ભયંકર જન્મભૂમિ મળ મેળવવું લક્ષણ કરનાર, પંચેન્દ્રિય જીવોનો વધ કરનાર મહાઆરંભ કરનાર, મહાઅસત્ય બોલનાર, પર-ચોરી કરનાર, મહાપરિગ્રહ રાખનાર, પરસ્ત્રીલંપટ અને મિથ્યાત્વ તથા વિષય-કષાય આદિથી ભરપૂર

નરક ગતિ દુઃખ વિચારણા.

પ્રાણીઓ પ્રાપ્ત કરે છે ત્યાંના પ્રવિષ્ટ વૃક્ષનાં પાંદડાઓની અણીઓ તરવારની અણી જેવી છે, ત્યાંની ભૂમિ અત્યંત દુર્ગંધ યુક્ત છે વૈક્રિય ચરબી, લોહી અને માંસના કાદવથી ભરપૂર છે વિકુર્વેલાં અત્યંત ભયંકર પશુ પક્ષીઓ ત્યાં પીડા પમાડ્યા જ કરે છે જમીન પર વજ્ર જેવા કાંટા પડેલા હોય છે શાલ્મલિવૃક્ષ જેવાવનમાં જ મહાભયંકર લાગે છે આવી નારકીમાં ચોતરફ રહેલાં સાંકડા મુખવાળાં આલે-ગોખલાઓમાં ઉત્પન્ન થઈ વજ્રાગ્નિમય પૃથ્વીતળ ઉપર પડે છે એની ઉત્પત્તિ સ્થાન જ એવાં ભયંકર હોય છે કે દરેક ક્ષણે મરણની વેદનાની શરૂઆત તેમાંથી જ થાય છે જેટલા ન સહન થઇ શકે તેવા વ્યાધિઓ હોય, જેનો ઉપાય પણ થઇ શકે તેવું ન હોય તેવા સર્વ વ્યાધિઓ નારકીના જીવોને શરીરના દરેક રોમરોમમાં થાય છે અને તે જન્મથી જ તેને લાગેલા હોય છે આવા અતિ ભયંકર સ્થાનોમાં જન્મ પામેલ પ્રાણી દીન થઈ જાય છે અને કોઈ દિવસ ન જોયું હોય તેવું ભયંકર સ્વરૂપ નજર આગળ જોઈને શરણ માગવા મંડી જાય છે અને ચારે બાજુએ કોઈ

મદદ કરનારને મિત્રભાવ નજરે કરે છે પણ ત્યાં કોઈ વૈદ્ય પણ હોતું નથી, કોઈ તેને મદદ કરનાર મળતું નથી, જે ત્યાં હોય છે તે સર્વ નિષ્ઠુર પાપી, ક્રૂર, ભયાનક અને બેડોળ શરીરવાળા હોય છે અગ્નિના તણખા જેવી આંખોવાળા હોય છે અને બદ્ધ શાસનવાળા હોય છે ત્યાં રેલાતી નદીઓ લોહી અને માંસનો કાદવ હોય છે, આવી ભયંકર ભૂમિમાં જીવને આવેલ જાણી પ્રાણી વિચારમાં પડી જાય છે કે આ ભૂમિ કઈ અને અહીં પોતે કેમ આવ્યો અને ક્યારે આવશે! પછી વિભંગજ્ઞાનથી તથા જાતિસ્મરણથી ત્યાં આવવાનું કારણ જાણી પોતાના પાપથી માટે કેટલાક શોક કરે છે પણ તે નકામો હોય છે મનુષ્યત્વ પ્રાપ્ત કરી કેટલાક પ્રાણીઓ જ્યારે અનેક પ્રકારનાં ક્રૂર કૃત્યો કરી, પરિગ્રહ કરી આત્મોન્નતિ કરે છે ત્યારે પોતે ત્યાં એવા મહાપાપકૃત્યો કર્યાં કે જેથી આવી ભયંકર ભૂમિમાં આવવું પડ્યું એ વિચારણાથી તેનું મન નિરંતર બળ્યા કરે છે. મનુષ્ય તરીકે જે પ્રાણીઓને દુઃખો આપ્યાં, માર મરાવ્યા, હેરાન કર્યાં તે સર્વ આવે તેની સામા થઈ હેરાન કરે છે દુઃખ આપે છે તાડના કરે છે—આવા આવા અનેક અનુભવો તેને નારકીમાં થાય છે ત્યાં તે અન્ય જીવો સાથે પરસ્પર લડે છે શરીરના કટકા થઈ જાય તેની યાતનાઓ સહન કરે છે ઉષ્ણ ભૂમિમાં તાપ આપે છે, શીત ભૂમિમાં ઠંડી લાગે છે પરમાધામી જીવો જેઓ અન્યને દુઃખ દેવામાં રાજી રહે છે તેઓ તેને અનેક પ્રકારનાં દુઃખો આપે છે તે સર્વ સહે છે અનેક પ્રકારની વ્યાધિઓ અને દુઃખો સહન કરે છે. શરીર વૈક્રિય હોવાથી પારાની પેઠે વિશીર્ણ થયા છતાં પણ પાછું ભેગું

થઈ જાય છે અને એ દુઃખમાંથી બચવા માટે મરવાના અનેક ઉપાયો શોધે છે પણ આયુષ્ય નિકાચિત હોવાથી તેનું કાંઈ ચાલતું નથી તેનું મરણ પણ થતું નથી અને અતિ લાંબા વખત મહાદુઃખ અનુભવે છે વિષયતૃપ્તિ ઇંદ્રિયપોષણ, પરધન હરણ, છળપ્રપંચ વિગેરે પાપો કરતી વખત અલ્પ સમય સુખ લાગે છે પરંતુ તેના પરિણામમાં આવી ભયંકર યાતનાઓ બહુ દીર્ઘ કાળ સુધી સહન કરવી પડતી હોય તેવો તેને પાપાચરણ કરતી વખતે ખ્યાલ પણ હોતો અથવા રહેતો નથી. ત્યાં ગયા પછી તો આપઘાતે ઘણા વિચાર કરે છે કે—હવે શું કરું ? કોને શરણે જાઉં ? કેવી રીતે આ પીડામાંથી છૂટું ? વિગેરે વિગેરે વિચારો કરે છે પણ તેનું કાંઈ ચાલતું નથી તેમાં કેટલાક વસ્તુસ્વરૂપ સમજે તેને વિચાર થાય છે કે પાપ કરીને પોષેલા મિત્ર પુત્ર, સ્ત્રી બાંધવ વિગેરે અહીં કોઈ મને મદદ કરવા આવતા નથી, મને પાપકાર્યની સલાહ આપનાર સ્નેહીઓ દૂર થયા છે અને જેનાં નિમિત્તે મેં દોષો કર્યાં તે તો દેખાતા પણ નથી. આવા આવા વિચારથી તેનું મન જ્યારે પશ્ચાત્તાપને પામતું હોય છે ત્યારે અન્ય જીવો તેના પર વેર લેવા માટે તેની સાથે લડવા આવે છે તેની નિર્ભત્સના કરે છે તેના શરીરને ચૂંટે છે તેને યંત્રમાં પીલે છે કાપે છે શાલ્મલિવૃક્ષ સાથે ઘસે છે અને તેને કુંભીપાકમાં નાખે છે નારકીના જીવો પૂર્વના વૈરને લીધે પરસ્પર દુઃખ દેવામાં તત્પર, કજીઓ કરવાની ઇચ્છાવાળા, અતિ કનિષ્ઠ રૂપાદિ વેશને ધારણ કરનારા અને પાપી ભયાનક તેમ જ દૂર થઈ જાય છે અને ત્રીજા પરમાધામીઓ વિકુર્વેલા રોગની

આકાશમાં ગીધ, તામ્રના મુખવાળા કાગડા અને કેટલાં ભાલાવાળાં ભયંકર પક્ષીઓ પ્રાણીના મર્મસ્થાનને વીંધી નાખે છે. જ્યાં જ્યાં આપણે કલ્પનાને કેવી પીડા થાય છે તેનું વર્ણન કરવાથી પણ કમકમાટ થઈ જાય, પરંતુ દુઃખમાં આ નારક-ભૂમિમાં પ્રાણીને એવી અસહ્ય પીડા થાય છે કે તેનું વર્ણન સાંભળતાં પણ ત્રાસ ઉત્પન્ન થાય. આવી અસહ્ય વેદનાઓ નીચેની સાતે ભૂમિમાં પ્રાણીઓ બહુ દીર્ઘ કાળ સુધી પોતાના પાપના ઉદયથી ભોગવે છે. ત્યાં જીવોને એવી ભૂખ લાગે છે કે આખા જગતનું અન્ન ખાનાર ખાઈ જાય તો પણ તૃપ્તિ થાય નહિ, તૃષા એવી લાગે છે કે બધો દરિયો પાણી પીએ તો પણ તે તૃષા છીપે નહી છતાં તેઓને જરા પણ આહાર કે પીવાને ટીપું પણ પાણી મળતું નથી. વળી જેમ જેમ નીચેની ભૂમિને તપાસીએ તેમ તેમ ત્યાં યાતના, દુઃખ, આયુષ્ય, એમ વધારે વધારે હોય છે અને છેલ્લી નીચેની સાતમી ભૂમિમાં તે પરાકાષ્ઠાને પામે છે અધો લોકની આવી સ્થિતિ છે

મધ્ય લોક આકાર જેવો છે. ત્યાં અસંખ્ય દ્વીપ સમુદ્રો છે આ મધ્ય વિભાગના મધ્યમાં મનુષ્યનો ક્ષેત્ર (અઢીદ્વીપ) છે તેના ઉપર ઊર્ધ્વ લોકમાં દેવતાનાં વિમાનો ઉત્તરોત્તર શુભ વિસ્તારવાળા આવે છે. તેમાં બાર દેવલોક છે દેવલોકમાં રાત્રિ દિવસનો ક્રમ હોતો નથી, રત્નોની પ્રભામાં બધા પ્રકાશ રહે છે. ત્યાં નાટક, ગાન કે કોઈની ઋતુના ફેરફાર નથી શિયાળો અને સર્વ પ્રકારે શુભ હોય છે ત્યાં કોઈ પ્રકારનો ઉપદ્રવ, ભય કે ઉપદ્રવ જેવો નથી. ત્યાં વિમાનની ભૂમિઓ રત્નજડિત હોય છે

ચંદ્રકાન્તની શિલામય હોય છે અને ભીંતો હીરા, પન્નાના વિગેરે અનેક રત્નોનો દેખાવ હોય છે ગોખોમાં સોનાનાં પગથિયાં હોય છે સુવર્ણમય કમળથી આચ્છાદિત હોય છે કેલગૃહોમાં વિશેષે કલ્પવૃક્ષ હોય છે ત્યાં સતત સુંદર ગીત, સિતારના અવાજ મધુરાં ગાન અને દેવાંગનાનાં નુપૂરના અવાજથી સતત આનંદ જ દેખાય છે અસંખ્ય યોજન સુધી એકી વખતે ભ્રમર ગાયનાની સરખા મનોહર વચનાલ ધારા અને રવિબિંબથી ધારા કરેલી હોય છે દેવતાઓ દેવાંગના સાથે મનુષ્યોની અંદર પુષ્પગરવમાં, પર્વતના કુંજમાં અને વાપીવનનાં આરામોમાં ક્રીડા કરવા આવે છે દેવાંગનાઓ અને કિન્નરીઓ વીણા હાથમાં લઈ જે વખતે ગાન કરે છે તે વખતે અદ્ભુત સ્નેહ આનંદ થાય છે આવી રીતે ત્યાં નિરંતર ઉત્સવ થયા કરે છે નાટક થયા કરે છે આનંદ થયા કરે છે અને સ્થૂળ સુખ તેની પરાકાષ્ઠાએ પહોંચી તેની રીતે સોમવાળુ સ્પષ્ટ અનુભવી શકાય છે એનાં વિમાનોના તથા પુષ્કરિણીનાં પ્રાસાદોનાં અને આવાસ, ઉત્પાદ કે અભિષેક વિગેરે શાળાઓનાં ચૈત્યોનાં અને વૃક્ષોનાં વર્ણન વાંચતાં અથવા સાંભળતાં અતિ આનંદ થાય તેમ છે ત્યાંની દેવાંગનાઓ શૃંગારથી ભરપૂર, લાવણ્યની ભૂમિ, સુંદર શરીર અને દુર્લભાગથી અતિ આનંદ પૂર્ણચંદ્રના જેવા મુખવાળી વિનીત, સુંદર હાવ ભાવવિલાસયુક્ત અને એટલી રમણીય હોય છે કે આવી વરણી તેનાથી ઘરીને ચપટકમાં રહેતી હોય નહિ ! તેઓનાં શરીર સુપટ્ટ વસ્ત્ર અપાર શોભતાં અને મેળવ્યાં, વિવેક વિનયયુક્ત

બધાં અને વિચાર અતિ વિશાળ હોવાથી તેઓ એકસરખી રીતે દેવીના નામને સાર્થક કરનારી હોય છે. ત્યાં કોઈ પણ દુઃખી, દીન, વૃદ્ધ, અપંગ, વૃદ્ધ કે રોગી જોવામાં જ આવતો નથી. આવા પુણ્યવર્ગમાં પ્રાણી સ્વયં ઉત્પન્ન થાય છે. અતિ સુંદર અને સુઘડ શરીર અહીં પ્રાણીને પ્રાપ્ત થાય છે જન્મથી જ પછી આખી નિરંતર યૌવનાવસ્થા રહે છે અને સર્વ ઇન્દ્રિયોને પોષે તેવા આહારો અને સુખો તેને અહીં પ્રાપ્ત થાય છે. ત્યાં સુખશય્યામાં ઉત્પન્ન થઈને ઊઠતાં જ તેને યૌવન પ્રાપ્ત થાય છે અને પોતે આ શું દેખે છે? તેના વિચારમાં ક્ષણ વાર તો પડી જાય છે એને સર્વ વસ્તુ એટલી રમ્ય, સ્વચ્છ, ભિન્ન અને સ્વર્ગ લાગે છે કે પોતે ઇંદ્રજાળ કે સ્વપ્ન તો એવો નથી એવો વિચાર થાય તેવું થાય છે ત્યાં તો દેવીઓ તેને વધાવે છે પ્રશંસા કરે છે નમન કરે છે વિગેરે જોઈ પોતે ઉપયોગ મૂકી અવધિજ્ઞાનથી પોતાનું સ્વરૂપ જાણી આનંદ પામે છે. દેવીઓ પણ તેને કહે છે કે—આ અમુક દેવલોક છે અહીં રમ્ય વિમાનમાં આપને રમવું કરવાનું છે મહાપુણ્યથી આપનો અહીં જન્મ થયો છે સુંદર દેવાંગનાઓ આપના આદેશની રાહ જુએ છે આ આપનું વિમાન છે આ આપને બેસવાનું વાહન છે આ આપનો રથ છે આ સુખાસન છે વિગેરે વિગેરે ભક્તિ જનનાત્મી ઉદ્ઘોષણા કરે છે. નવીન ઉત્પન્ન થયેલ દેવ તે સાંભળી છે અને પોતે ઉપયોગ મૂકી સર્વ જુએ છે ત્યારે પોતે કરેલ શુભ મધ્યે તપશ્ચર્યા પૂજાદિ સત્કર્મ દેખીને મોહના આવેશમાં ત્યાં સ્થિત થાય છે પછી પોતાનું શુભ

આભિયોગિક દેવો વાહનનું રૂપ ધારણ કરે છે

કર્મના ઉદય પ્રમાણે સ્થૂળ સુખો ભોગવે છે, માનસિક આનંદ
પણ ભોગવે છે શાશ્વતા ચૈત્યે જઈ જિનપૂજા કરે છે, તીર્થ
સ્થાનો ભેટે છે મહોત્સવાદિ પ્રસંગે અન્ય તીર્થે તથા નંદીશ્વર
દ્વીપે જાય છે અને જેમ મનમાં આવે તેમ સ્વતંત્ર રીતે
સ્થૂળ, માનસિક કે શારીરિક સુખ ભોગવે છે તે એટલુ સુખ
ભોગવે છે અને આનંદમાં એવો લીન થઈ જાય છે કે સાગ
રોપમ જેવો લાંબો લાંબો કાળ ચાલ્યો જાય છે તેને પણ જાણી
જાણી શકતો નથી. કોઈ વખત ગીત સાંભળવામાં, કોઈ વાર
નૃત્ય જોવામાં, કોઈ વાર વિલાસિની સાથે ક્રીડા કરવામાં અને
કોઈ વાર નંદનવન વિગેરેમાં ફરી આનંદ ભોગવવામાં સમય
વ્યતીત થાય છે સ્વર્ગમાં એટલુ સુખ છે કે તેનુ વર્ણન કરવું
અશક્ય છે કારણ કે ત્યાં સુખનાં જ સર્વ સાધનો અને
સામગ્રીઓ જોડી રાખેલી હોય છે બાર દેવલોકના દેવો ઉપરાંત
નવ ગ્રૈવેયકમાં જે વૈમાનિક દેવો છે તે કલ્પાતીત છે અને પંચ
અનુત્તર વિમાનના દેવો પણ કલ્પાતીત છે તે જ્ઞાનધ્યાનમાં જ
મગ્ન રહે છે પ્રાયે આસન્નસિદ્ધ જીવો આ અનુત્તર વિમાનમાં
અને અનંતરભવમાં મોક્ષે જનાર જ સર્વાર્થસિદ્ધ વિમાનમાં
ઉપજે છે અનેક વિમાન ઉપર ઉપર જતાં વિશેષ વિશેષ લેશ્યા
શુદ્ધિ થાય છે અને દેહકાંતિ પણ વિશેષ વધેલી હોય છે એમ
સાધારણ રીતે જણાય છે આવાં સ્થૂળ અને માનસિક સુખથી
પણ વિશેષ સુખને આપનાર, એકાંત આત્મગુણમાં રમણ કરા
વનાર, શુદ્ધ કર્મમલ રહિત, જ્ઞાનદર્શનસ્વરૂપ જીવોના
અંતિમ સ્થાન તરીકે સિદ્ધશિલા તેની ઉપર બાર યોજને રહેલી
છે જે નિરંતર શાશ્વત છે તેનુ નામ ઈષત્પ્રાગ્ભારા છે. ત્યાં

રહેલા જીવો આત્મારામમાં રમણ કરે છે અને ત્યાંથી કદિ પણ તેઓની વિચ્યુતિ થતી નથી. આવી રીતે અધોલોક અને ઊર્ધ્વલોકનું ધ્યાન આ ચતુર્થ ધર્મધ્યાનમાં કરે છે. આ બાબતમાં શ્રી હેમચંદ્રાચાર્યે શ્રી અજિતનાથ ચરિત્ર (દ્વિતીયપર્વ)માં લગભગ એક હજાર શ્લોકો લખ્યા છે તે વાંચી જવાની ખાસ ભલામણ છે.

આ ધર્મધ્યાનના ભેદો પર વિચાર કરતાં લેશ્યાની અત્યંત શુદ્ધિ થાય છે અને એવો સુંદર વૈરાગ્ય થાય છે કે તેનો અનુભવ કરવાથી જ તેનો ખ્યાલ આવી શકે. એ સુખ અતીન્દ્રિય હોવાથી સ્વસંવેદ્ય જ છે પરંતુ બહુ જ આનંદમય છે. એ ધર્મધ્યાનના પરિણામે જીવ શુક્લધ્યાન પામી સિદ્ધિ ન જાય તો દેવલોક તથા ગ્રૈવેયક વિગેરે દેવ સંબંધી અનેક પ્રકારનાં સુખો ભોગવી આનંદમાં જીવન ગાળે છે અને ત્યાંથી ચ્યવ કરી ઉત્તમ કુળમાં જન્મ લઈ સુંદર ભોગો ભોગવે છે ત્યાર પછી વિવેક આદરીને સ્થૂળ સુખ અને આત્મીય સુખ વચ્ચેનો તફાવત સમજે છે અને ધ્યાનનો આશ્રય કરીને ભોગયોગનો ત્યાગ કરે છે અને શુભ ધ્યાનથી સર્વ કર્મનો નાશ કરીને અનન્તપદ પ્રાપ્ત કરે છે. આવી રીતે ધર્મધ્યાન બહુ જ ઉપયોગી હોવાથી તે ખાસ લક્ષ ખેંચનાર છે. એ આલંબન ધ્યાન છે એ આટલા વિવેચન ઉપરથી જોવામાં આવ્યું હશે. હવે પછી જ્યારે નિરાલંબી શુક્લધ્યાન પર વિવેચન કરવામાં આવશે ત્યારે તેની અને ધર્મધ્યાનની વચ્ચે તફાવત શું છે? તે બરાબર સમજાશે. ધર્મધ્યાનના વિષયને જૈન યોગગ્રંથોએ બહુ વિસ્તારથી ચર્ચ્યો છે. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય ધ્યેય વિષયને ગણે તેના પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એવા

ચાર વિભાગ પાડે છે અને જ્ઞાનાર્ણવમાં શુભચંદ્રાચાર્ય ધર્મ-
ધ્યાનના એ જ ચાર ભેદો પાડે છે. એ ચાર ભેદોને એકાન્ત
પૈર્યવિભાગ સમજવામાં આવે તો તે વસ્તુસ્વરૂપને અંગે વિરોધ
સહિત થાય છે. એ પિંડસ્થાદિ ધર્મધ્યાનનું સ્વરૂપ એટલું
આલંબન કરનારું છે કે એ પર જરા બારીકીથી હકીકત કરી
જવો એ આ પ્રસ્તુત પ્રકરણને અંગે ખાસ ઉપયોગી જણાશે.
આપણે ઉપરોક્ત યોગગ્રંથોમાં બતાવેલ તેઓનું સ્વરૂપ
વિચારીએ. એ વિભાગો લેવાથી ધર્મધ્યાન કેટલું આલંબન છે
અને ધ્યાનાદિ યોગમાં જ્યારે આત્મિક સ્થિતિમાં પ્રાણી હોય
છે ત્યારે આલંબનની કેટલી જરૂરીઆત છે તે જણાશે. આ
ઉપરાંત અહીં એટલું પણ જણાવી દેવાની જરૂર છે કે–આ
ધર્મધ્યાનના અધિકારી કેટલાની માન્યતા પ્રમાણે અપ્રમત્ત
અવસ્થામાં રહેલ વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવો હોય છે
તેથી ઉપરનું સંઘયણવાળા શરીરે તો ધર્મધ્યાનની ભાવના જ
રહે છે. આ બાબત અહીં જણાવી દેવાની ખાસ જરૂર એટલા
માટે છે કે–આ બાબતમાં ઘણા પ્રાણીઓ પોતાનો અધિકાર
સમજ્યા વગર, યોગ્યતાની તુલના કર્યા વગર આલંબનને છોડી
દેવા ઉપરત થઈ જાય છે ને આત્મવંચના કરી આત્માનો અધઃ
પ્રપાત કરાવે છે. ધ્યાનના વિષયમાં જરા પણ ગેરસમજુતી ન
થવી જોઈએ એની ખાસ જરૂર છે, કારણ કે એ આત્મીય
વિષય છે અને આત્મા જો વિશેષ વિકસિત થયો ન હોય તો
અણીવાર તેના હાથ જ તે ખાડામાં પડી જઈ નીચો ઉતરી જાય
છે તેથી આ વિષયમાં ખાસ સંભાળ રાખવાની જરૂર છે.
પોતાની યોગ્યતા વિચારી આલંબનોને તજવાં નહિ, તેમાં

પણ ચિર અભ્યસ્ત જનોને લઇ રૈવાથી ઘણી વાર પ્રથમ પગથિયું જ ડાહથી ચાલવુ બને છે અને પોતે જેમાંમાં આગળ વધ્યો છે એમ માનનાર મનુષ્ય વધુન પ્રાથમિક સ્થિતિમાં પણ હોતો નથી એ વાત લક્ષમાં રાખવી. આ બાબતની ખાસ ધ્યાન પર તેટલા માટે લક્ષ ખેંચવાનુ જરૂરી આપણે પિંડસ્થાદિ ચાર વિભાગ પર વિચાર કરીએ

પિંડસ્થધ્યેય. આ વિભાગમાં પંચ ધારણાઓનો સમાવેશ થાય છે પિંડનો અર્થ અહીં વસ્તુ સમજવો. એમ આત્માને કરવાનો છે પરંતુ તેના પ્રકાર જુદા જુદા છે અને તે જુદી જુદી રીતે ધ્યાનવિષય થઈ શકે છે એ માટે પંચ પ્રકારની ધારણાનુ સ્વરૂપ અહીં ખાસ સમજવા યોગ્ય છે. પાર્થિવી, આગ્નેયી મારુતી વારુણી અને તત્ત્વભૂ અથવા તત્ત્વરૂપવતી એવી પંચ ધારણાઓ છે પ્રથમ પાર્થિવી ધારણામાં આત્માને સ્થિર કરે તે આવી રીતે। નિઃશબ્દ, કલ્લોલ રહિત, ક્ષીર સમુદ્ર જેવુ પ્રમાણ જંબુદ્વીપ જેવડુ છે તેની વચ્ચે એક હજાર પાંખડીવાળુ એની પ્રતિ ચિત્તાકર્ષક દેખાવ થઈ છે અને એનો રંગ સુવર્ણ જેવો છે એવુ કમળ વિચારે; એ કમળની મધ્યમાં મેરુપર્વત જેટલી ઊંચાઈવાળી પીત રજથી શોભતી અને દિશાઓને શોભાવતી કર્ણિકા (ડીંડુ) વિચારે, એ કર્ણિકા ઉપર એક શ્વેત રત્નનુ ઊંચુ સિંહાસન ચિંતવે અને તે સિંહાસન ઉપર પોતાના આત્માને ક્ષોભ રહિત, સુખરૂપે અને શાંતસ્વરૂપે વિરાજિત ચિંતવે અને વળી વિચારે કે—એવો સુંદર ચેતન સમગ્રને ક્ષય કરવા સમર્થ છે અને સંસારને ઉચ્છેદ કરનાર કર્મોનો નાશ કરવાના કામમાં

ઉજ્વલ થઈ રહેલ છે આવી રીતે આત્માનું ચિંતવન કરી તેને
સ્ફટિકસિંહાસન પર બેઠેલો ચિંતવવો એ પ્રથમ પાર્થિવી
ધારણાનું સ્વરૂપ છે એમાં ચેતન એટલી વિમળ દશા સેવે
છે કે તેનો આસ્વાદ અનુભવથી જ થઈ શકે તેમ છે બીજી
આગ્નેયી ધારણામાં પ્રથમ તો પોતાના નાભિકમળમાં સોળ પત્રવાળું
કમળ ચિંતવે એ સોળ પત્રો ઊંચા છે એમ ચિંતવવાં અને
તે દરેક ઉપર અ, આ ઇ ઈ ઉ, ઊ ઋ ૠ ઌ ૡ, એ, ઐ,
ઓ, ઔ અં અઃ એ સોળ અક્ષરોની સ્થાપના કરવી અને
તેઓની કર્ણિકામાં ર્હં અક્ષર જેને મહામંત્ર કહેવામાં આવે
છે એ વિચારવો એ મહામંત્ર ર્હં અક્ષરની રેફમાંથી પ્રથમ
ધૂમાડાની શિખા આવે છે પછી અગ્નિના તણખા ઊડે છે અને
છેવટે અગ્નિની જ્વાળા પ્રબળ જોરથી નીકળે છે આ નાભિસ્થ
કમળની સામી બાજુ હૃદયસ્થ કમળ જેને આઠ પાંખડીઓ
હોય છે તેને અધોમુખ ચિંતવવું એ નાભિસ્થ કમળમાંથી
નીકળતી અગ્નિની જ્વાળા હૃદયસ્થ અષ્ટદળ કમળ જેની પ્રત્યેક
પાંખડી પર એક એક કર્મની સ્થાપના કરેલી હોય છે તેને
બાળી નાખે છે એમ ચિંતવવું આવી રીતે મહામંત્રમાંથી
નીકળેલો અગ્નિ આઠ કર્મોને બાળી નાખે છે એમ વિચારવું
વળી એ ઉપરાંત શરીરની બહાર ત્રિકોણ અગ્નિ બહુ જોરથી
બળતો હોય એમ ચિંતવી તે અગ્નિ જાણે ધૂમ વગરનો [illegible]
વડવાનળ જેવો પ્રબળ છે એમ ધ્યાવવું તે બહારનો અગ્નિ
અંતરના મહાગ્નિને દગ્ધ કરે છે શરીરને ભસ્મ કરે છે
અને સાથે નાભિસ્થ સોળ પત્રવાળા કમળને પણ ભસ્મ કરી
છેવટે પોતે શાંત થઈ જાય છે આ પ્રમાણે ચેતનનું આત્મામાં

ભડભડનાર જ્વાળાઓથી ધારણા થાય છે. એમાં પણ કર્મસમૂહને નાશ કરનાર ચેતનની અતિ વિપુલ આંતરદશા સફળ સ્વરૂપે બળતી જણાય છે એ ખાસ લક્ષમાં રાખવું. ત્રીજી મારુતી ધારણાને વાયવી અથવા શ્વસના એવું પણ નામ આપવામાં આવે છે. એમાં આકાશભાગને પૂરનાર મહાવેગથી અતિ પ્રસાર પવનનું ચિંતવન કરે. એમ વિચારે કે—પવન દેવની સેનાને ચલાયમાન કરે છે, સ્વર્ગને કંપાવે છે, વાદળાંને વિખેરે છે, સમુદ્રને ક્ષોભ કરે છે, વળી તે લોકમાં પ્રચાર કરે છે તથા દિશાઓમાં ગમન કરે છે અને પૃથ્વીના તળિયામાં પેસે છે. આવા પ્રબળ વાયુથી રજને ઊડાડી દે છે (કર્મરજને એમ લાગે છે) અને પછી તે જ પવનને શાંત કરવાનો અભ્યાસ પાડી તેને નરમ બનાવી દે છે. આવી રીતે પવનને અંગે ક્રમસર ચિંતવનની ધારણા કરવી તે ત્રીજી વાયવી ધારણા છે. એમાં પણ હેતુ અને હકીકત એક જ છે એ ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે. ચોથી વારુણી ધારણામાં ઇંદ્રધનુષ, વિજળી, ગર્જનાદિથી યુક્ત અને વાદળાંઓ સહિત આકાશ ચિંતવે. એ વાદળામાંથી અમૃતની જેમ અથવા મોતીનાં બિંદુઓની ધારા જેમ વરસાદ ધીમે ધીમે પડે છે એમ વિચારે. તેમાં અર્ધ ચંદ્રાકાર મનોહર અમૃતમય જળનો પ્રવાહ આકાશને ભરપૂર કરી દે છે એમ ચિંતવે અને તે આ દિવ્ય ધ્યાનથી પેદા જળના અચિંત્ય પ્રભાવથી અમરત કર્મરજ ધુએ છે એમ ચિંતવન કરે. જળના પ્રતાપથી કર્મરજ સાફ થાય છે એનો અત્ર વિચાર કરવાનો છે. પણ જળના આકાશ વિખેરની કૃપાથી બહુ આનંદમાં આવે છે. ધ્યાનના વિષયોમાં અમર

ઝરમર વરસાદ આવતો હોય, ગરમી જરા પણ હોય નહિ અને સર્વ દિશાઓ શાંત હોય એ વિચાર જ એક પ્રકારની શાંતિ આપે છે. પાંચમી તત્ત્વભૂ અથવા તત્ત્વરૂપવતી ધારણામાં સાત ધાતુ રહિત, પૂર્ણચંદ્ર જેવો નિર્મળ અને સર્વજ્ઞ સમાન પોતાના આત્માને ચિંતવે. ત્યાં ભાવે છે કે–પોતાના ચેતનજી અથવા પોતે યોગસિંહાસન પર આરૂઢ થએલા છે, દિવ્ય અતિશયથી વિરાજમાન છે કલ્યાણમહિમા સહિત છે દેવ અને દૈત્યથી પૂજિત છે જેવો તેનાં સર્વ કર્મો લય પામી ગયા છે–આવી રીતે અંગમાં આત્મસ્વરૂપ ભાવવું એ પાંચમી ધારણાનું સ્વરૂપ છે આવી રીતે પિંડસ્થ ધ્યેયનું સ્વરૂપ યોગના વિષયમાં નિષ્ણાત થયેલા પુરુષોએ બતાવ્યું છે. એ ધ્યેયમાં ચેતનજીને કલ્પના પર આધાર રાખી આલંબનરૂપ ચિંતવવાનો છે અને તેનાથી તેની મહત્તા સમજવા ઉપરાંત ચિત્તની સ્થિરતા એક વસ્તુ પર ધીમે ધીમે થતી જાય છે યોગસિંહાસન પર આરૂઢ થયેલ ચેતનજીનું ચિંતવન કરવાનું શ્રીમદ્ આનંદઘનજીએ છવીશમા પદમાં બતાવ્યું છે તે આ પિંડસ્થ ધ્યેયનું સ્વરૂપ સમજવું ધર્મધ્યાનને અંગે આ પિંડસ્થ ધ્યેય ઘણું ઉત્તમ પ્રકારનું આલંબન પૂરું પાડે છે. અહીં સ્વાભાવિક રીતે સવાલ થાય કે–આત્મતત્ત્વચિંતનમાં આવી રીતે પૃથ્વી આદિ તત્ત્વનું ચિંતવન કરવાની આવશ્યકતા શા માટે વિચારવામાં આવી હશે, તો તેના સંબંધમાં કહેવાનું એ કે–શરીર પૃથ્વી આદિ ધાતુમય છે અને કર્મથી ઉત્પન્ન થયેલું છે એનો આત્મા સાથે સંબંધ છે એ સંબંધથી આત્મા મલિન રહે છે અને જ્યાંસુધી એનું સ્વરૂપ આ પ્રકારે વિચાર્યું નથી ત્યાંસુધી

તેને અનેક વિકલ્પો થયા કરે છે અને સ્થિરતા પ્રાપ્ત થતી નથી. એ સ્થિરતા પ્રાપ્ત કરવા માટે પ્રથમ સ્વાધીન ચિંતવનોથી મનને વશ કરવું જોઈએ. તેને માટે શરૂઆતમાં આલંબનની ખાસ જરૂર છે. પૃથ્વી આદિ તત્ત્વની ધારણા કરવાની જરૂર છે. પૃથ્વી સંબંધી ધારણાથી મન સ્થિર થાય, અગ્નિની ધારણાથી મન અને શરીરને તેમ જ કર્મોને ભસ્મ કરવાની કલ્પનાથી મનનું સ્થાન થાય, પવનની ધારણાથી શરીર અને કર્મની ભસ્મને ઉડાડીને મનને શોધાવે, જળની ધારણાથી રહી ગયેલી રજને ધોઈ નાખી મનને સ્થિર કરે અને પછી આત્મા પોતે જ્ઞાનાનંદમય છે અને શરીર અને કર્મ રહિત છે એમ ચિંતવી તેનામાં મનને સ્થિર કરે. આવી રીતે આલંબન ધ્યાનથી અભ્યાસ દૃઢ થતો જાય છે અને છેવટે આત્મસ્થિર એવા આલંબનથી ચેતન શુદ્ધધ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. નિરાલંબન ધ્યાન કેવી રીતે થાય છે તે હવે પછી જોવામાં આવશે. આ પિંડસ્થ ચેતનને ધ્યેય કરવાની અભિનવ કલ્પના પર વિચાર કર્યો, હવે તેથી આગળ વધીએ.

પદસ્થધ્યેય—આ ધર્મધ્યાનના ભેદમાં જુદાં જુદાં પદો લઈને આત્મસંબંધી ધ્યાન કરવામાં આવે છે. આલંબન અહીં પદોનું રહે છે. પ્રથમ વર્ણમાતૃકા નામનું ધ્યાન કહે છે: તેમાં નાભિ ઉપર કમળની સ્થાપના કરવી, તેની સોળ પાંખડી ચિંતવીને પ્રત્યેક પર અ થી અઃ પર્યંત સોળ સ્વરોની સ્થાપના કરવી અને તે સર્વ ફરતા જાય છે એમ ચિંતવવું. તેની ઉપર હૃદયમાં ચોવીશ પાંખડી અને કર્ણિકાવાળા કમળની સ્થાપના કરવી અને તે પ્રત્યેક પાંખડી પર અને કર્ણિકા પર પચીસ

ક થી માંડીને મ સુધીના અક્ષરોની સ્થાપના કરવી. વદન ઉપર આઠ પાંખડીવાળા કમળની સ્થાપના કરવી અને તે પ્રત્યેક પાંખડી પર ય થી માંડીને હ સુધીના આઠ અક્ષરોની સ્થાપના કરવી. આવી રીતે નાભિ પર સોળદળ કમળ, હૃદય પર ચતુર્વિંશતિદળ કર્ણિકાયુક્ત કમળ અને વદન પર અષ્ટદળ કમળની સ્થાપના કરી વર્ણમાતૃકાનુ ધ્યાન કરવુ આ સુપ્રસિદ્ધ ધ્યાનથી શ્રુતજ્ઞાનસમુદ્રનો પાર પમાય છે જેમાં ૪૯ અક્ષરો આવે છે તેનાથી નષ્ટાદિ વિષયનુ જ્ઞાન થાય છે અને અનેક વ્યાધિઓનો નાશ થવા ઉપરાંત વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને ભવાંતરમાં ઉત્તમ ગતિ થાય છે

મંત્રરાજનુ ધ્યાન એ આ વિભાગનો બીજો પ્રકાર છે જેમાં ‘અર્હં’ અક્ષરનુ ચિંતવન કરવાનુ છે એને બીજાક્ષર કહે છે કનકકમળના ગર્ભમાં કર્ણિકા ઉપર સ્થિત થયેલ અને શુદ્ધ ચન્દ્ર જેવુ નિર્મળ, ગગન વ્યાપી રહેલુ અને સર્વે દિશામાં ગમન કરતુ આ પદ છે તેનુ સ્મરણ કરે આ અક્ષરમાં બુદ્ધ, શિવ, બ્રહ્મ અને વિષ્ણુની કલ્પના બીજાઓ કરે છે તે ન કરતાં તેમાં દેવાધિદેવ શ્રીજિનેશ્વર ભગવાન જેઓ સર્વજ્ઞ સર્વવ્યાપી અને શાંત છે તેની કલ્પના કરવી. એ અતિ વિશિષ્ટ બીજતત્ત્વ કુંભક પ્રાણાયામથી ભ્રૂલતામાં, વદનકમળમાં, તાલુદ્વારમાં સ્ફુરતુ અને અમૃત વર્ષાવતુ સ્મરે; વળી તેને નેત્રમાં જતુ કેશોમાં સ્થિત થતુ અને જ્યોતિવૃંદમાં સંચાર કરતુ જુએ અને તેવી રીતે તેને સર્વ દિશાઓમાં ગમન કરતુ, આકાશમાં ઉછળતુ કલંકને છેદતુ અને ભ્રમને ભાંગી નાખતુ જુએ અને છેવટે તેને પરમસ્થાનમાં લઈ જતુ, શિવશ્રી સાથે જોડતુ અને

અતિ આત્મિક આનંદ કરાવતું જુએ. આ મંત્રરાજનું ધ્યાન એકાગ્ર વૃત્તિથી કરવું. એમાં રમતાં થવા દેવી નહિ. પછી એ મંત્રરાજની નાસાગ્ર તથા ભ્રકુટીમાં સ્થાપિત કરવી. વખત તેની સાથે વપુની સ્થાપના કરવાનું કેટલાક આચાર્યો કહે છે. ત્યારપછી એ મંત્રરાજમાંથી બીંદુ કાઢી લેવું. પછી કળા (અર્ધ ચન્દ્રાકાર) કાઢી લેવી, પછી રેફથી રેફ કાઢી લેવો અને છેવટે તેને અનક્ષરત્વ પ્રાપ્ત કરી શકે એવી રીતે ધ્યાવવું અને ઉચ્ચાર કર્યા વગર તેનું ચિંતવન કરવું. આ અનક્ષરત્વ પામેલ અનાહત દેવ જોવામાં આવે છે. એ ચંદ્રલેખા સમાન સૂક્ષ્મ, સૂર્ય પ્રકાશમાન, સૂર્યની જેવી કાંતિવાળા છે. ક્રમશઃ એ અક્ષરમાંથી અનક્ષર સ્થિતિમાં અથવા લક્ષ્યમાંથી અલક્ષ્યમાં ગમન થતું બતાવે છે. એ મંત્રરાજ સૂક્ષ્મ થતાં થતાં છેવટે વાલાગ્ર જેટલો સૂક્ષ્મ થઈ જાય છે અને એટલી સૂક્ષ્મ સ્થિતિએ જતાં જગતને જ્યોતિર્મય જુએ છે. આટલી હદે પહોંચે છે ત્યારે તે નિરાલંબન ધ્યાનથી એટલો નજીક આવી જાય છે કે એને અણિમા વિગેરે સિદ્ધિઓ સિદ્ધ થાય છે. દેવો એની સેવા કરે છે અને એને અતિ અદ્ભુત ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, પરંતુ તે તેમાં રાચી ન જતાં લક્ષ્યમાંથી અલક્ષ્યમાં ગમન કરવા, સાલંબનમાંથી નિરાલંબન ધ્યાનનો ક્રમ આદરવા અને સ્થૂલમાંથી સૂક્ષ્મમાં જવા યત્ન કરે છે. આ અનાહત પદ અતિ આનંદ જનક છે. મહાકામશત્રુનો નાશ કરનાર છે અને શુક્લધ્યાનની તદ્દન નજીક મૂકી દેનાર છે. આ મંત્રરાજની ચિંતવનામાં વચ્ચે પરમ તત્ત્વનું ચિંતવન થઈ શકે છે તે ઉપર બતાવાઈ ગયું છે.

પ્રણવ બીજના ધ્યાનમાં ॐ પદનું ધ્યાન આવે છે. અહિ

દેવ, અશરીર, આચાર્ય ઉપાધ્યાય અને મુનિ એ પાંચ પરમેષ્ઠી છે. એના પ્રથમ અક્ષરની સંધિ કરવાથી આ પ્રણવ બીજ વ્યાકરણના નિયમાનુસાર થાય છે આ પ્રણવના વાચ્ય પરમેષ્ઠી છે અને એ પદ પરમેષ્ઠીનું વાચક છે તેથી વાચ્યવાચક સબંધને લઈને તે અત્યંત નિર્મળ પદ છે ઉપર જે હૃદયકમળ બતાવ્યું છે તેની કર્ણિકામાં આ પદને સ્થિત કરવું અને એવું તેના પર મસ્તકમાં સ્થિત ચંદ્રમા અમૃતનો વરસાદ કરે છે તેથી તે આર્દ્રિત છે અને મહાપ્રભાવશાળી પદ છે એવા એ મહાબીજ અક્ષર પદસ્વરૂપ ૐ પદને કુંભક પ્રાણાયામથી ધ્યાવવું. આ પ્રણવપદનું ધ્યાન અતિ આનંદજનક છે અને તેને માટે અનેક પ્રકારે બીજના વિશિષ્ટ ગ્રંથોમાં બહુ સુવિસ્તર બતાવી છે પોતાના હૃદયકમળમાં આવા અતિ ઉત્કૃષ્ટ શુભકારક પરમેષ્ઠીની સ્થાપના કરવી એ વાત જ બહુ આનંદ આપનારી લાગે છે સ્તંભન, વશીકરણ વિગેરે માટે એનો ધ્યાનવિધિ બતાવ્યો છે પણ મોક્ષાભિલાષીને માટે તે કામનો નથી.

પંચ પરમેષ્ઠી પદ ધ્યાનનો પ્રકાર બતાવતાં અષ્ટદળ કમળનું સ્થાપન કરવું અને તેની વચ્ચે કર્ણિકા ઉપર નમો અરિહંતાણં એ પદનું સ્થાપન કરવું. ચાર દિશાના ચાર પત્રો ઉપર મધ્યમ વર્ગનાં ચાર પદોનું સ્થાપન કરવું અને ચાર વિદિશાઓના ચાર પત્રો ઉપર શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના મત પ્રમાણે એસો પંચ નમુક્કારો આદિ ચાર પદોનું અનુક્રમે સ્થાપન કરવું અથવા જ્ઞાનાર્ણવકારના મત પ્રમાણે सम्यग्‌दर्शनाय नमः सम्यग्‌ज्ञानाय नमः, सम्यक्‌चारित्राय नमः, सम्यक्‌तपसे नमः

એ ચાર પદની અનુક્રમે સ્થાપના કરવી. આ મહામંત્ર અને અતિ અદ્ભુત સૂક્ષ્મ અને આધ્યાત્મિક ફળ આપનાર મહાકી-થી બહુ લાભ થાય છે અને આત્મતત્ત્વનું ચિંતવન થાય છે તેના એટલા બધા લાભો બતાવ્યા છે કે તેનું વર્ણન કરવું અશક્ય છે એ પદોથી અનેક પ્રાણીઓનાં સાંસારિક દુઃખો નાશ પામી આત્માની ઉન્નતિ સાધ્યપ્રસિદ્ધ છે, પરંતુ તે ઉપરાંત તેમાં જે પરમેષ્ઠીનાં નામો છે અને તેની વિચારણાને અંગે જે આત્મિક પ્રબોધ ઉપજવું થાય તેમ છે તે વિચારવાથી આત્મામાં એક પ્રકારની શાંતિ આવી જાય છે એ અતિ આહ્લાદજનક મહામંત્રનું ધ્યાન કરવાનો વિધિ આપ્યો સિદ્ધચક્રના યંત્રમાં અને નમસ્કારમંત્રમાં હકીકત કહીએ છીએ. એની સ્થાપના હૃદયમાં થાય ત્યારે સાધારણ રીતે પણ બહુ લાભ થઈ જાય, આનંદ આવે અને સાંસારિક ઉપાધિઓ વિસારી જવાય તેમ લાગે છે.

આ ઉપરાંત બીજાં અનેક પદો બતાવ્યાં છે તેનો આધાર આત્મગુણની વિચારણા કરી અમે તે પ્રકારે તેને શુદ્ધ સ્વરૂપે ઓળખવો, આળખવો, ચિંતવવો, ધ્યાવવો અને સાધ્ય તરીકે નિર્ણય કરી અંતે પ્રાપ્ત કરવો તે છે. ષોડશાક્ષરી (સોળ અક્ષરની) વિદ્યા એવી અક્ષરનો જાપ કરવો. અર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યો નમઃ—એ અક્ષરના જાપમાં અરિહંત સિદ્ધ અને ચાર અક્ષરના જાપમાં અરિહંત પદનું ધ્યાન કરવાનું છે બે અક્ષરમાં સિદ્ધ પદ અને એક અક્ષરમાં અ અક્ષરનું ધ્યાન કરવાનું છે. અને એવી રુચિ થાય તેવું તે પ્રમાણે પદનો જાપ કરવો. અસિઆઉસા એ પંચ પરમેષ્ઠી નામના પ્રથમાક્ષરનો જાપ ઉત્તમ ફળ આપનાર છે એમ સિદ્ધાન્તમાં બતાવ્યું છે

આવી રીતે અનેક પ્રકારના ધ્યાન કરવાથી આત્મગુણમાં સ્થિરતા
પ્રાપ્ત થાય છે એના અભ્યાસથી બહુ આનંદ થાય છે આશય
ની સ્થિરતા થાય છે પણ એનો વિધિ શરૂ કર્યો પછી નિરંતર
તેનો અભ્યાસ ચાલુ રાખવો જોઈએ. એનો સ્થિર ચિત્તે
અભ્યાસ કરતાં પોતાના મુખમાંથી જ્વાળા નીકળતી હોય તેમ
ભાસીને લાગે છે ત્યારપછી તેને શાંતિ થાય છે જ્વાળા
રોકાતી બંધ થાય છે અને શ્રીમત્ સર્વજ્ઞને શાંતિથી સ્થિર
બેઠેલા પ્રત્યક્ષ જુએ છે આવી રીતે સર્વજ્ઞનુ ધ્યાન કરી ધીમે
ધીમે ક્ષેત્રમાં પોતે આગળ વધતો જઈ સામ્યપ્રસ્થિની સમીપ
આવતો જાય છે આવી જ રીતે ચત્તારિ મંગલં–અરિહંતા મંગલં,
સિદ્ધા મંગલં, સાહુ મંગલં કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં। ચત્તારિ
લોગુત્તમા અરિહંતા લોગુત્તમા સિદ્ધા લોગુત્તમા સાહૂ લોગુ
ત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમા। ચત્તારિ સરણં પવ
જ્જામિ–અરિહંતે સરણં પવજ્જામિ સિદ્ધે સરણં પવજ્જામિ સાહૂ
સરણં પવજ્જામિ કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવજ્જામિ એ અરિ
હંત સિદ્ધ, સાધુ અને શુદ્ધ ધર્મ માંગલ્યકારી છે એમ
ધ્યાવવું, ચાર સર્વોત્કૃષ્ટ છે એમ વિચારવું અને ચારેનું શરણ
આદરવું એમ ચિંતવવું એ પણ એવી જ રીતે ધ્યાનને યત્ન
ભ્યાસમાં રમ્ય કરે છે અને ચેતનની પ્રગતિ કરે છે

વળી મુખમાં આઠ દળવાળા કમળનુ ચિંતવન કરી દરેક
છે એના પવિત્ર પર ॐ નમો અરિહંતાણં એ મંત્રના એકેક
અક્ષરની સ્થાપના કરવી. પ્રત્યેક અક્ષરનુ ધ્યાન કરતા ચારેની
કર્ણિકામાં ચારે કેશરની પંક્તિ હોય તેમ ચિંતવે અને તેમા
અમૃત સમ શાંત ભાવાભીજનુ સ્થાપન કરે. એ ભવાભીજ
ચારે તેજમય, અવિશ્વેત પ્રમાણુ અને મુખાભ્યાસ કર્ણિક

ઉપર રહેલું ચિંતવી, અથવા મુખમાં તે પ્રતિબિંબ ઉપર જતું હોય, મુખમાં આકાશમાં જતું હોય, મુખમાં મનનો અજ્ઞાન અંધકાર દૂર કરતું હોય, જ્યાં વાયુમાં તાલુપ્રદેશમાં પ્રવેશ કરતું હોય એવી રીતે તેનું ચિંતવન કરે. આ પ્રકારના અભ્યાસથી ધીમે ધીમે ટેવ પડવાથી ધ્યાનસ્થિરતામાં ઉત્તરોત્તર બહુ પ્રગતિ થતી જાય છે; છ માસ સુધી એ પ્રકારનું ધ્યાન કરતાં નિરંતર પોતે મુખકમળમાં વિશેષ અવગાહન કરતો જાય છે, પછી એને મુખમાંથી ધૂમપંક્તિ નીકળતી જણાય છે ત્યાર પછી વિશેષ અભ્યાસ કરતાં તેને એમ જણાય છે કે—એને પોતાના મુખમાંથી અને ઉદરમાંથી અગ્નિની જ્વાળા બહાર નીકળે છે; ત્યાર પછી એનો અભ્યાસ ચાલુ રાખવાથી સ્વયં મુખકમળનું દર્શન થાય છે—આવી રીતે વિશુદ્ધ દેવાધિદેવનું ધ્યાનમાં દર્શન કરી બહુ આનંદ પામી સ્વકર્મનો નાશ કરતો જઈ આગળ પ્રગતિ કરી છેવટે સાધ્ય સુધી પહોંચી જાય છે.

આ ઉપરાંત અનેક રીતે વિદ્યાનો જાપ થાય છે. કપાળમાં હ્રીં નામની વિદ્યાને સ્થાપવી. એનું સ્મરણ કરતાં મનમાં બહુ આનંદ આવે છે અને ચંદ્રમાંથી અમૃત ઝરતું હોય એવી શાંતિ લાગે છે અને પરમ સુખ જણાય છે. મહાત્માને કપાળમાં સ્થાપવી, નાસિકામાં પ્રણવ(ૐ)નું ધ્યાન કરવું. કોઈ વાર શૂન્યનું ધ્યાન કરવું અને કોઈ વાર અનાહતનું ધ્યાન કરવું. એ ઉપરાંત બે ભ્રમરોની બન્ને બાજુએ ક્રમાનુસાર અને મધ્યે હંસનો જાપ પણ બહુ ઉત્તમ જણાય છે. હ્રીં ૐ ૐ હ્રીં હંસ અથવા હંસ પદને બદલે સોઽહં મૂકવાથી બહુ સુંદર ધ્યાન થાય છે

આવી રીતે અલગ અનેક પ્રકાર છે ધ્યાનના અનેક પ્રકાર છે તેમાં પણ કેટલીક રીતે જાપ કરવાથી સાંસારિક યોગસાધન મળે છે મહિમા કીર્તિ થાય છે ધર્મ જનનો પ્રભાવ થાય છે અને કેટલીક રીતે મોક્ષ તરફ ગમન થાય છે જે પરંતુ ધ્યાન કરવાથી આત્મા વીતરાગ થાય, સંસાર પર ભાવ ઓછો થાય, વસ્તુસ્વરૂપનો બોધ થાય અને આત્મિક ગુણ ઓળખાય એવું ધ્યાન કરવું અનેક પ્રકારની પદોની વ્યવસ્થા યોગગ્રંથકારોએ બતાવી છે તે એવી વિચારવી અને પોતાને અનુકૂળ લાગે તે આદરવી, પરંતુ એ પદના જાપથી લબ્ધિઆદિ સિદ્ધિઓ કે બીજી ઋદ્ધિપ્રાપ્તિ કરવાનો આશય રાખી યોગભ્રષ્ટ થવું નહિ. આ પદસ્થ ધ્યાનમાં શબ્દોનું આલંબન લેવાનું છે અને અનુભવીઓએ એ સંબંધમાં ઘણું સ્પષ્ટ રીતે કહી ગયા છે કે એ જાપના પ્રકારથી અને ૐકારાદિ પદસ્થ ધ્યાનથી ચિત્તની સ્થિરતા, નિર્મળતા અને એકાગ્રતા બહુ સારી થાય છે અને નિરાલંબનતત્ત્વની પાસે આવી બહુ જલદી આવી જઈ બેઠે પ્રગતિ કરી સાધ્ય પ્રાપ્ત કરે છે જો કે તે ધ્યેયવિષય થઈ શકે તેમ છે તે આટલા ઉપરથી જોવામાં આવ્યું હશે. પોતાને કયો વિષય ધ્યેય કરવો યોગ્ય છે તે પૃથક્કરણ કરીને વિચારી લેવું હવે આપણે રૂપસ્થ ધ્યેયનો વિચાર કરીએ. એ રૂપસ્થ ધ્યેયના વિચારમાં પણ બહુ આનંદ આવશે.

રૂપસ્થ ધ્યેય-વિચાર અને પદસ્થ ધ્યેયનું આપણે સ્વરૂપ જોયું હવે રૂપસ્થ ધ્યેયમાં તીર્થંકર મહારાજનું ધ્યાન કરવાનું છે તે આ પ્રમાણે-મિથ્યાત્વીની નજીક ગયેલા, ઘાતી કર્મોનો ક્ષય કરનાર અનુક્રમે કેવળ કેવળી અને અધિક ગુણ,

પુષ્પવૃષ્ટિ દિવ્ય ધ્વનિ, ચામર, દેવતાધિષ્ઠિત સિંહાસન, સૂર્યથી પણ વિશેષ પ્રકાશવાળું ભામંડળ, આકાશમાં દિવ્ય દુંદુભિ અને આશ્ચર્યકારક આતપત્ર—આ આઠ મહાપ્રાતિહાર્ય યુક્ત શ્રી જિનેશ્વરદેવ સમવસરણમાં ભિન્ન ભિન્ન ભવ્ય પ્રાણીઓને દેશના આપે છે, એઓ જે પ્રદેશમાં વિચરે છે ત્યાં તેઓના અચિંત્ય મહિમાથી ઈતિ ઉપદ્રવ નાશ પામે છે તેઓની નજીકમાં સર્વ પ્રાણીઓ પોતાનું કુદરતી વેર ભૂલી જઈ એક સાથે આનંદથી રહે છે હાથી અને સિંહ જેવા નિસર્ગ વૈરબુદ્ધિવાળા પ્રાણીઓ પ્રભુના અતિશયથી દુશ્મનાવટને યાદ પણ કરતા નથી, આવા વિશાળ સમવસરણમાં વર્દ્ધમાન પ્રભુ પધારેલ હોય છે અનેક દેવ દેવીઓ અને મનુષ્યો ભગવાનની વાણીનો પ્રસાદ લે છે અને પોતાના કર્ણને પવિત્ર કરે છે દરેક એમ સમજે છે કે તેને ઉદ્દેશીને શ્રીભગવાન પ્રભુ દેશના આપે છે ધીર ગંભીર સ્વરથી દેવાતી દેશના સાંભળી તેમાં અનેક ભવ્ય પ્રાણીઓ લીન થતાં દેખાય છે અનેક સાધુઓ ને મુનિઓ પ્રભુની વૈયાવચ્ચ કરી રહ્યા છે ચિત્તમાં આનંદ આનંદની ઊર્મિઓ ઉછળી રહી છે, જ્યારે સિંહાસન ઉપર ચતુર્મુખે પરમાત્મપદ પ્રાપ્ત કરનાર આત્મવિકાસક્રમથી પુણ્યવાન્ મહાત્મા સર્વોચ્ચ અવસ્થાએ પહોંચેલા બેઠા છે સર્વ પ્રકારના વિકારનો નાશ થયેલો હોવાથી અતિ અસરકારક રીતે એકાંત ઉપકાર કરવાની બુદ્ધિથી ભવ્યજીવોને વિસ્તાર કરે તેવી રીતે અનેક ગુણથી ભરપૂર વાણીનો વિલાસ કરે છે, દેવતાઓ ઇંદ્રો, ચક્રવર્તીઓ, મનુષ્યો અને તિર્યંચો પ્રભુ પાસે મસ્તક નમાવી પોતાના આત્માને ધન્ય માને છે—આવી રીતે કેવળજ્ઞાનાવસ્થા

અતિશયયુક્ત અર્હંતના રૂપનું અવલંબન કરવું તે રૂપસ્થ ધ્યેય છે. એ રૂપસ્થ ધ્યેયનું વર્ણન કરતાં હજારો વિશેષણો આપી શકાય તેમ છે એમના એક એક પ્રતિહાર્યનું અલગ રૂપનું તથા દેહના આકારનું વર્ણન કરતા પુસ્તકો લખાય તેમ છે એમના ત્યાગ વૈરાગ્ય અને એમણે મોહરાજાનો જે વિજય કર્યો છે તે પર વિચાર કરતાં આખું જીવન પૂર્ણ થઈ જાય. એવા અચિંત્ય રૂપ મહિમા કીર્તિ અને આત્મોન્નતિથી પ્રગટ થયેલા અને જેમનાં અઘાતી કર્મો નામમાત્ર શેષ રહ્યાં છે તેવા શ્રી અરિહંત પરમાત્માને ધ્યેયનો વિષય કરવાથી બહુ આનંદ આવે છે એમનો ઇન્દ્રિયો પર સંયમ સમાધિ અજ્ઞાનનો નાશ, સ્યાદ્વાદશ્રવણ, નયપ્રમાણયુક્ત ગંભીર વચન સર્વ જંતુ ઉપર અપરિમિત કરુણા વિગેરે એટલા આકર્ષક સુંદર અને રમ્ય છે કે એના પર જેમ વિચાર કરવામાં આવે તેમ અતિ આનંદ થાય તેમ છે. આવી રૂપસ્થ સ્થિતિમાં ધ્યાનને સ્થિર કરવાથી આત્મા પોતાનું સ્વરૂપ અનુભવે છે જેમ સ્ફટિક રત્નની પછવાડે જેવા રંગનું કુસુમ રાખ્યું હોય તેવું રૂપ તે ધારણ કરે છે તેવી રીતે ચેતનની પછવાડે જેવો આદર્શ મૂક્યો હોય તેવું રૂપ થોડા વખત માટે તે ધારણ કરે છે; માટે જેમણે ચેતનની ઉત્ક્રાન્તિ કરવી હોય તેમણે આદર્શ સાધારણ પ્રકારનો કદિ રાખવો નહિ. બરાબર તપાસ કર્યા વગર રાગદ્વેષ જેના નાશ પામ્યા ન હોય તેવા આદર્શને આદરી–સ્વીકારી લેવામાં આવે તો ઇચ્છતો લાભ કદિ મળતો નથી અને એક વાર આડા માર્ગે ચડી ગયેલું વલણ પાછું જલદી ફેરવી શકાતું નથી અને આવતાં આવતાં વચ્ચે શક્તિનો નાશ અને

ભગવતનો નાશ થાય છે. શિવ, શાંત, વીતતૃષ્ણ, નિઃસ્પૃહી, પરમેશ્વર, સનાતન, યોગીનાથ સિદ્ધ, વીતરાગ ભગવાનનો અતિ ઉત્કૃષ્ટ આદર્શ રૂપસ્થ ધ્યેયની પરાકાષ્ઠા બતાવે છે અને એવી વિશિષ્ટતર ભાવના અત્યાર સુધી અન્યત્ર કોઈ પણ સ્થળે વાંચવામાં, જોવામાં કે સાંભળવામાં આવી નથી. આવી વિશિષ્ટ ભાવનાને હૃદયમાં લાવી, હૃદયપૂર્વક તેનું દર્શન કરી, તેમાં આત્મભાવ કરવા ઉદ્યત થવું એ આ ધ્યાનની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવે છે એ રૂપસ્થ ધ્યેયના અવલંબનથી આત્માને પ્રગટ કરી અનેક મહાત્માઓ ધ્યેયરૂપ થઈ સાધ્યસ્થાન પામી ગયા છે આ સર્વજ્ઞ મહાત્માને બતાવનાર શાંત, દાંત, મનોહારી શ્રી જિનદેવની મુખમુદ્રાને બતાવનાર, પ્રશમરસનિમગ્ન શ્રી વીતરાગ ભગવાનની પ્રતિમાને નિર્મળ મનથી ધ્યાવવી, નિર્નિમેષ દૃષ્ટિએ તેની સામું જોઈ રહેવું એ પણ રૂપસ્થ ધ્યેયનો વિષય છે તેમાં પણ પોતાને જે રૂપ અતિ આકર્ષક લાગ્યું હોય એવી તીર્થસ્થાનની શાંત મૂર્તિઓ બહુ આહ્લાદજનક રીતે આ ધ્યાનનો ધ્યેય વિષય પૂરો પાડે છે આ ધ્યાન કરવામાં બહુ આનંદ આવે છે કારણ કે પ્રભુની અતિશય વિશેષ ઉપશમી શાંત દૃષ્ટિને બહુ ચૈત્યાનુસાર લાવે છે, જો કે વીતરાગ ભગવાનને તેના ઉપર રાગ હોતો જ નથી અને આત્માએ વિચારે તો તે જ ધ્યાન અને તે જ લાભ પ્રાપ્ત કરવાનો છે આવી રીતે રૂપસ્થ ધ્યાનમાં તીર્થંકર મહારાજનું ધ્યાન કરવાની વાત બતાવી તે પોતાની યોગ્યતા પ્રમાણે ભાવનાથી તો જરૂર આદરવી. શાંત તીર્થસ્થાનમાં જ્યાં ગરબડાટ ન હોય તેવે વખતે એકાંતે બેસી પ્રભુની દૃષ્ટિ સામું જોઈ બે મિનીટ જોવું ત્યારે મન

કરી જોઈએ છીએ એમ વિચારવું અને એમ કરતાં કરતાં ચિત્તમાં મૂર્તિને સ્થિર કરી દેવી—આ ત્રાટક વિશિષ્ટ ધ્યાન કરવાનું પ્રથમ પગથિયું છે. એ બાબતમાં પ્રગતિ કરતાં કરતાં આગળ વધો લાભ થાય છે અને વિશિષ્ટ ધ્યાન આદરી શકવા માટે અધિકાર અને યોગ્યતા પ્રાપ્ત થાય છે આ ધ્યાનમાં ધીમે ધીમે પ્રગતિ કરતાં નિરંતર અભ્યાસ કરવાથી સર્વત્ર સર્વ અવસ્થામાં એ જ રૂપસ્થ પરમેષ્ઠીને જોવાની ટેવ પડી જાય છે આવા ઉત્કૃષ્ટ અવલંબનથી અને તેના ગુણગ્રામવડે રંજન થવાની ટેવથી મનની અવ્યાક્ષિપ્ત અવસ્થા થાય છે અને પ્રાણી છેવટે તે ગુણ પ્રાપ્ત કરવાની હદ સુધી પહોંચી જાય છે અને પછી તેનામાં એટલી સ્થિરતા આવી જાય છે કે તે સ્વપ્નમાં પણ ધ્યાનથી ચ્યુત થતો નથી. આવા પણ યોગના ઐશ્વર્યને પ્રાપ્ત થયેલા પરમાત્માના ગુણગ્રામમાં રંજન થતાં થતાં છેવટે તન્મયપણું પ્રાપ્ત થાય છે અને તે વખતે પોતાના આત્માને સર્વજ્ઞરૂપ થયેલો પ્રાણી અનુભવે છે આ વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું ધ્યેયરૂપે આલંબન કરવાનું રૂપસ્થ ધ્યેય થયું

રૂપાતીત ધ્યેય—રૂપસ્થ ધ્યેયમાં ચિત્ત રૂપમાં સ્થિર થાય છે ત્યાર પછી આગળ વધતાં અમૂર્તમાં ચિત્તને સ્થિર કરવાની જરૂર છે ચિદાનંદમય, શુદ્ધ, પરમાક્ષરરૂપ અમૂર્ત આત્માનું સ્મરણ કરે તે રૂપાતીત ધ્યેય કહેવાય છે. રૂપાતીતને ધ્યેય કેમ બનાવી શકાય એવી શંકા સહજ છે કારણ કે ધર્મધ્યાન સાલંબી છે ત્યારે રૂપાતીતનું આલંબન કેમ થઈ શકે ? એના સમાધાનમાં એટલું કહેવાનું કે—સિદ્ધસ્વરૂપમાં રહે લા જીવ તેને સમજી વિચારી, તેઓની એક મૂળ અવસ્થા

કરવી. પરમાત્મામાં જે ગુણો વ્યક્તરૂપે છે અને પોતામાં એ ગુણો શક્તિરૂપે છે એમ વિચારી તે ગુણગ્રામમાં લીન થવું એ રૂપાતીત ધ્યેય કહેવાય છે. પિંડસ્થાદિ ક્રમમાં ધ્યાન કરવું અહીં સાધારણ રીતે અવલંબન આપી શકે છે એ ખરું છે, પરંતુ નિરાલંબન ધ્યાન કરવાની યોગ્યતાવાળા એમ સૂક્ષ્મ ધ્યેય ધ્યેયમાંથી ધ્યાનક્રિયા ન જાય તો પ્રગતિ થતી અટકી પડે. એથી અવલંબન ધીમે ધીમે ઓછાં થતાં જાય છે એ ધર્મધ્યાનના ઉત્તરોત્તર ભેદોમાં અને લિંગોમાં જોવામાં આવ્યું હશે. આ શક્તિગત ગુણો અને વ્યક્તિગત ગુણોને બરાબર ઓળખવા માટે નય અને પ્રમાણ જ્ઞાનની ખાસ જરૂર રહે છે. કારણ કે તે વગર શક્તિગત ધર્મો અને તેને વ્યક્ત કરવાની રીત, ચૈતન્ય અતિ વિશુદ્ધ સ્વરૂપ અને પોતામાં તે ગુણોનું અસ્તિત્વ સમજવામાં આવે તેમ નથી. આટલા માટે વિવેકપૂર્વક અભ્યાસ કરીને ચેતનજીએ તે સર્વ બાબત બરાબર સમજવાની ખાસ જરૂર છે. આકાશના આકારનું અમૂર્ત પુદ્ગલ આકારથી રહિત, નિર્મળ રૂપ (જેમાં વધારો કે ફેરફાર થવાના નથી તેવું રૂપ) શાંત રૂપ, અચ્યુત રૂપ સ્વયંનીકૃત પ્રદેશરહિત, લોકાગ્રસ્થિત રૂપ અને અનામય (રોગ રહિત) રૂપ આ રૂપાતીત ધ્યેયને આકૃતિ આપીને ધ્યાવે. આકાશને જેમ આકૃતિ નથી છતાં અમુક ખાલી શીશીમાંથી પવન કાઢી લેતાં જે રહે તેને આકૃતિ આપી શકાય છે તેવી રીતે આ અમૂર્ત પરમાત્મરૂપની આકૃતિ અપેક્ષાએ કરવી. પછી પોતે વિચારે કે હું પોતે આવો સિદ્ધ સનાતન, શુદ્ધ સર્વજ્ઞ સર્વદર્શી છું પરમાત્મા, પરમ જ્યોતિરૂપ, નિરંજન છું આવી રીતે ધ્યાન કરતાં પોતે ધ્યેય ધ્યાન, ધ્યાતા અને

એથવી અલોકાળો હોય, એવો સ્વયં સાક્ષાત્ શુદ્ધ સ્વરૂપી
પરમાત્મમય હોય અમૂર્ત નિર્મળ, નિષ્કલંક હોય એમ તેને
લાગે છે અને એવી રીતે તે પરમાત્મમય દશા અનુભવે છે
આવી રીતે પૃથક્ભાવનો ત્યાગ કરી પરમાત્મભાવ સાથે અનન્ય
ભાવને પ્રાપ્ત થાય છે અને તેને તે પ્રસંગે એકરૂપતાનો-સ્વાત્મ
સમાધિનો સાક્ષાત્કાર થાય છે કોઈ પણ પ્રકારના વિકલ્પ વગર
તે વખતે તેને મનમાં થાય છે કે પોતે દેહરહિત પરમાત્મા છે
લોકાલોકના સ્વરૂપને જોનાર છે વિશ્વવ્યાપી છે અને સ્વભાવસ્થિત
છે તથા વિકારથી રહિત છે. પરમપુરુષને આવી રીતે નિશ્ચલ
મનથી, વિકાર રહિતપણે ધ્યેયરૂપે સ્થાપન કરી ઉત્કૃષ્ટ ભાવના મન
આદરવાની વાત અત્ર જણાવી તે બરાબર વિચારી મનમાં
સમજવા યોગ્ય છે

ઉપસંહારે અહીં ધર્મધ્યાનનો વિષય પૂર્ણ થાય છે ધ્યાનના
સંબંધમાં કેટલીક સામાન્ય બાબતો અહીં જણાવવી પ્રસ્તુત છે
વીતરાગનું ધ્યાન કરવાથી વીતરાગ થવાય છે અને રાગી દ્વેષીનું
ધ્યાન કરવાથી રાગી દ્વેષી કષાયી કરવા વૃત્તિ થાય છે જેવું
ધ્યાન કરવું હોય તેવી વૃત્તિ થાય છે માટે કદિ પણ રાગીનું
ધ્યાન રાખવું નહિ. બહુ વિચાર કરી તેનો નિર્ણય કરવો અને
તે નિર્ણયને અંતે અતિ વિશિષ્ટ ધ્યેય રાખવું ધ્યાનની બાબત
માં જો એક વખત કુમાર્ગ પર ઉતરી જવાનું બની જાય છે તો
પાછું સેંકડો વરસે પણ ઠેકાણું આવી શકતું નથી. ઐહિક હેતુ
મનમાં રાખીને જેઓ ધ્યાન કરવામાં ઉદ્યત થઈ જાય છે એટલે કે
વશીકરણ, ધનપ્રાપ્તિ, છત્ર ચક્રવર્તીત્વ ઐશ્વર્ય વિગેરે હૃદયમાં
રાખી જેઓ આ અતિ વિશુદ્ધ માર્ગ પર આદર કરે છે તેઓ

તે સર્વ પ્રાપ્ત કરી શકાય તેવી સ્થિતિમાં પોતાની જાતને
સન્મુખ મૂકી શકે છે, પરંતુ તેથી સંસારવૃદ્ધિ થાય છે,
પરિણામે આત્મિક ગુણની હાનિ થાય છે અને એવી ખરાબ
રીતે ચેતનને સંસારમાં રખડતો કરી દેવાય છે કે પાછા ચેતન
માર્ગ પર આવતાં અનંતો કાળ ચાલ્યો જાય છે. કેટલીક લબ્ધિ
અને સિદ્ધિઓ એવી ખાસ રીતે આકર્ષક લાગે છે કે એના
મોહમાં પડી જઈ પ્રાણી આવા અમૂલ્ય ધ્યાનને તેનું સાધન
બનાવી દે છે. આ બાબતમાં બહુ વિચાર કરવાની જરૂર છે
એટલા માટે સાંસારિક ભોગ ઉપભોગની કિંમત સમજી, તેને
સુખપણાની બુદ્ધિ જેવા ખાતર તેનો પણ ત્યાગ કરવાનું ખાસ
ગુરુમુખે ખાસ લક્ષમાં રાખવાની બહુ જરૂર છે. ઘણા
પ્રાણીઓ આ બાબતમાં લક્ષ ન રાખવાથી પતિત થઈ ગયા છે
અને અમૂલ્ય અવસરને માત્ર નજીવા પદાર્થો પ્રાપ્ત કરવાની
ઇચ્છામાં એવી નાખી આખર મહાપશ્ચાત્તાપ પામ્યા છે તેથી
તેનાથી ચેતવાની બહુ જરૂર છે. બીજું આ મનનાથ ચેતનજી
એટલા સામર્થ્યવાળા છે એનો પ્રભાવ એટલો સુંદર છે, એની
શક્તિ એટલી અચિંત્ય છે કે એ પોતાનાં અને જગતનાં
બીજા સર્વ જીવોના સર્વ કર્મોને એકદમ હણી શકે એને
બરાબર લાઈન પર મૂકવામાં આવ્યો હોય તો એને કોઈ પણ
રીતે જરા પણ અડચણ આવતી નથી, એ જરા પણ આઘાત
વગર આગળ વધતો જાય છે અને પોતાની શક્તિના સામર્થ્યથી
આખા વિશ્વને પોતાના શરણ આગળ લીન કરી શકે
છે એ આ આપણા ચેતનજીની શક્તિ કેટલી છે અને અત્યારે
તે કેટલી દબાઈ ગઈ છે તે બરાબર લક્ષમાં રાખવું જરૂરી

રીતે સાંસારિક સંબંધનું અસ્થિરપણું, વિષયોનું વિરસપણું, સ્નેહનું મારકપણું વસ્તુઓનું પરતંત્રપણું અને કર્મનું વિપાક દેવાપણું એક બાજુએ બરાબર વિચારવું મતલબ ટૂંકામાં પૌદ્ગલિક બાબતોનો સંબંધ બરાબર સ્વરૂપજ્ઞાનથી સમજવો અને ચેતનજીની અચિંત્ય શક્તિ વિચારવી અને એ બે બાબત લક્ષમાં રાખી યોગમાર્ગમાં એવી રીતે પ્રવર્તવું સામ્ય પર ચિત્તને સ્થિર કરવા પહેલાં આ બાબતનો નિર્ણય એટલો સ્પષ્ટ રીતે કરવો કે ભવિષ્યમાં અતિ મહેનત કર્યા પછી, અનેક પ્રકારના તપજપ કર્યા પછી પાછા પુદ્ગલાસક્તિમાં લેવાઈ ન જવાય અને આત્માને વીસરી ન જવાય. આટલા માટે યોગ ગ્રંથકારો એ વારંવાર કહ્યું છે કે બુદ્ધિમાન્ પુરુષોએ તેવું જ ધ્યાન કરવું તેવું જ અનુષ્ઠાન કરવું અને તેવું જ ચિંતવન કરવું કે જેથી જીવ અને કર્મનો સંબંધ છૂટી જાય અથવા ઓછો થતો જાય એવી સ્થિતિમાં આત્માને મૂકી શકાય. આ ઉપરાંત ચિત્તને જેમ અને તેમ ચેતન સન્મુખ સામ્યપ્રાપ્તિ માટે ઉત્સુક અને પુદ્ગલભાવથી દૂર રહે તેવું કરવું અને તેને સામ્ય સન્મુખ કરવામાં જેમ અને તેમ તે અનુકૂળ અને એકાગ્ર રહે તેમ કરવું આવી રીતે શાંત મન જે કામ કરી શકે છે તે અચિંત્ય છે અને આ ધર્મધ્યાનના વિષયમાં ચિત્તની એકાગ્રતા કરવાની ખાસ જરૂર હોવાથી તેને આકુળવ્યાકુળ થવા ન દેવા માટે જ્યારે જ્યારે અવસર મળે ત્યારે ત્યારે ચેતનજીના અનંત ગુણો તેની પાસે રજૂ કરવા અને તેને પુદ્ગલભાવના સદૈવ વિરસપણું સ્પષ્ટ રીતે બતાવ્યા કરવું આ આલંબન ધ્યાનમાં જે બે વસ્તુ આલંબન હેતુ યોગ્ય લાગે

અને જેમાં પોતાના ચિત્તની સ્થિરતા થાય, નિર્વિઘ્ન ધ્યાન થઈ
લીનતા થાય અને ચિત્તનો આત્મામાં આલંબનરૂપે લય થાય
તેવી રીતે વ્યવસ્થા કરવી. પોતાની ધ્યાનની બાબતમાં યોગ્યતા
કેટલી છે તે વિચારવી અને અધિકાર વગર આગળ પગલું ભરવું
નહિ તેમ નિરંતર એકદમ કુદકા મારવા નહિ. ધ્યાનનો અભ્યાસ
અંતર રહિત અને દીર્ઘ કાળ સુધી રાખવો, કારણ અત્યાર
સુધી ચેતનની એવી દશા થઈ ગઈ છે કે—એને જરા પણ
આલસ્યની અવસ્થામાં મૂકવામાં આવે જરા પણ એના સંબંધમાં
પ્રમાદ થઈ જાય કે એ તુરત વિભાવમાં આવી જાય છે
અને પરભાવમાં રમવા મંડી જાય છે. આ પ્રસંગે જેણે
ખાસ વિચાર કરીને ચેતનજીની દશા ભવિષ્યમાં કેમ સુધરે
તેને માટે નિરંતર વિચારણા કરવી, ધ્યાનપૂર્વક ધ્યાન કરવું અને
વર્તનના બાબતમાં સુંદર આચરણો, આત્મનિરીક્ષણ અને યોગ
માર્ગ નિર્ધારણ કર્યા કરવું; નિર્વિઘ્ન સ્થાનમાં રાખવી, ધ્યાનની
વસ્તુ અને ચેતનજીની અચિંત્ય શક્તિ ખાસ લક્ષમાં રાખવી,
આવી રીતે આલંબન ધ્યાન, તેના ભેદપ્રભેદ અને સ્વરૂપ પ્રાપ્ત
થાય વિસ્તારથી વિચાર્યું. વિચારણીય પૂર્વે જે ધ્યાનથી
બહુ લખાયું છે એમ યોગ ગ્રંથકારો કહે છે તે તો ખાસ કહેવા
નથી પરંતુ કહેવું જે હતું છે તેનો પણ વારંવાર અભ્યાસ
કરવામાં આવે તો બહુ સુંદર આનંદ તેમાંથી પ્રાપ્ત થાય તેવું
છે. આ અતિ આવશ્યક વિષયનો વિચાર લાભ હવે જોઈએ.

નિરાલંબ ધ્યાનાધિકારી—ઉપર મનને શાંત કરી એકાગ્ર
કરવાની વાત કરી તે ખાસ ધર્મધ્યાનના વિષયને અંગે
ઉપયોગી છે યદ્યપિ મનનો રોધ કરવાનું ન બની શકે તો

રાગદ્વેષ પર વિજય મેળવી મનને નિર્મળ બનાવવું અને આત્માદિકને સ્થિર કરી સ્વસ્વરૂપની નિરૂપણા કરવી. જ્યાંસુધી ચિત્તની અસ્થિરતા હોય અને તેને સ્થિર કરવા જેટલી શક્તિ ન હોય ત્યાંસુધી શુક્લધ્યાન ધ્યાવાનો પ્રસંગ મળતો જ નથી, કારણ શારીરિક બળમાં ઉત્તમ સંઘયણ ધારણ કરનારને જ એ ધ્યાન ધ્યાવાનો અધિકાર છે એમ યોગીઓ કહી ગયા છે. આટલા ઉપરથી સાધારણ બળવાળાએ અને મનને સ્થિર કરવાની શક્તિ વગરનાએ શુક્લધ્યાન ધ્યાવાનો વિચાર કરવો નહિ. શરીરના કટકા થાય તો પણ જેની ચિત્તવૃત્તિમાં વિકાર થતો નથી એવો પ્રાણી જ શુક્લધ્યાન ધ્યાવી શકે તેથી ધર્મ ધ્યાનમાં સારી રીતે પ્રગતિ કરી પોતાની યોગ્યતા થાય ત્યારે જ શુક્લધ્યાનમાં પ્રવેશ કરવો. શારીરિક બળ અતિ વિશિષ્ટ પ્રકારનું હોવા સાથે વૈરાગ્યવાસિત મન હોય નિર્વેદપદ પ્રાપ્ત કરવા તીવ્ર ઇચ્છા હોય તે જ આ શુક્લધ્યાનનો અધિકારી છે આવી રીતે શરીરયોગ્યતારૂપ બાહ્ય સામગ્રી અને નિર્વેદ પદ પર પ્રેમરૂપ અંતરંગ સામગ્રીની જરૂરીઆત શુક્લધ્યાન માટે છે ધર્મધ્યાનના ફળ વડે પ્રાણી દેવગતિમા ઉત્તમોત્તમ સુખ અનુભવી પાછો મનુષ્યગતિમાં આવી આદિનો યોગ પૂરો કરી કર્મનો ક્ષય કરી અનન્ત પદ પ્રાપ્ત કરે છે જ્યાંસુધી શુક્લ-ધ્યાનની યોગ્યતા ન થાય ત્યાંસુધી જીવનની પ્રગતિ કરવા માટે ધર્મધ્યાનમા સ્થિરતા કરવી. એનો અવિચળ સ્થિતિકાળ અન્તર્મુહૂર્તનો છે અને એમાં ક્ષાયોપશમિક ભાવ છે તેથી અવસ્થાંતર થયા કરે છે એ વિશિષ્ટ ધ્યાનની અપેક્ષાએ અલ્પ છે પણ આવરોહ કરતાં એની સ્થિતિ પછી ઉત્તમ છે અને

પ્રગતિ કરવાની ઇચ્છાવાળાને તે અતિ ઉપયોગી સાધન છે. પરન્તુ હોવાથી એના પ્રત્યેક વિભાગની બારીકીઓ અવલોકન કરવી, ચર્ચા કરવી સમજણ મેળવવી એ અતિ આવશ્યક છે. હવે ઉત્કૃષ્ટ આત્મસ્થિતિ બતાવનાર વિશિષ્ટ ધ્યાનનો વિચાર કરીએ.

શુક્લધ્યાન–શુક્લધ્યાન ઉત્તમ સંઘયણવાળા શરીરથી જ બની શકે છે એમ કેટલાક યોગાચાર્યોનો મત છે. મનની અહીં નિષ્કંપાવસ્થા ઉત્કૃષ્ટ પ્રાપ્ત થાય છે તે તેના ઉત્તરોત્તર ભેદ જોવાથી જણાશે. ધર્મધ્યાનમાં જ્યારે મન સ્થિર થાય એટલે સમાધિ દૂર થાય, ઇંદ્રિયોમાં પ્રવૃત્તિ થતી અટકે લિંગ ઉપર ચિત્ત જતું અટકે અને આત્મા સ્વભાવ પર રમતું થઈ જાય ત્યારે પછી આગળ પ્રગતિ થાય છે. મોહનો ત્યાગ કરી, વિવેક આદરી વૈરાગ્યભાવ ધારણ કરી, શરીર આત્માનો ભેદ બરાબર સમજી ધર્મધ્યાનમાં જ્યારે સ્થિરતા થાય છે ત્યારે પછી ચેતન વિશિષ્ટ ધ્યાનમાં પ્રવેશ કરે છે. ક્રિયા રહિત ઇંદ્રિયાતીત, ધ્યાનની ધારણાથી રહિત અને સ્વરૂપ સન્મુખ ચિત્ત થાય તેવા ચિત્તને શુક્લ કહેવામાં આવે છે. ક્લેશરૂપ મેલથી રહિત, પ્રથમના શુદ્ધ ચિત્ત થાય તેને શુક્લ કહેવામાં આવે છે. આથી શુક્લ શબ્દ બરાબર થાય તેવે આ અર્થમાં વપરાયેલો છે. શુક્લધ્યાનના પ્રથમ બે ભેદ છદ્મસ્થ યોગીને સંભવે છે અને છેવટના બે ભેદ ક્ષીણમોહવાળા કેવળજ્ઞાનીને અવસ્થામાં હોય છે. પ્રથમના બે ભેદમાં કોઈ પણ વસ્તુનું અવલંબન લેવું રહેતું નથી પણ શ્રુતજ્ઞાન અને યોગનું અવલંબન રહે છે અને આખરના બે ભેદમાં તો કોઈ પણ પ્રકારનું આલંબન લેવું રહેતું નથી (બે) ત્રીજા ભેદમાં

હોય તો હોય છે) તેથી એક દૃષ્ટિથી જોઈએ તો પ્રથમના બે ભેદ સાલંબન શુક્લધ્યાન કહેવાય અને અંતિમ બે ભેદ કૈવલ્યધારીઓને હોવાથી નિરાલંબન શુક્લધ્યાન કહી શકાય. આપણે આ ચારે ભેદને બરાબર વિચારી જોઈએ.

આ શુક્લધ્યાનના ચાર ભેદોનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે—પૃથક્ત્વવિતર્કસપ્રવિચાર, એકત્વવિતર્ક અપ્રવિચાર, સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી અને સમુચ્છિન્ન ક્રિય અથવા વ્યુપરતક્રિયા અનિવૃત્તિ પ્રથમ વિભાગ ત્રણ યોગવાળાને હોય છે બીજો વિભાગ એક યોગવાળાને હોય છે, ત્રીજો વિભાગ તનુયોગવાળાને હોય છે અને ચોથો વિભાગ અયોગીને હોય છે પ્રથમના બે વિભાગમાં ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન હોય છે બાકીના બે વિભાગમાં કેવલજ્ઞાન હોય છે હવે અહીં પ્રથમના બે ભેદમાં ચિત્તની શી દશા હોય છે તે જરા વિસ્તારપૂર્વક તપાસીએ. અહીં જે ભાવ બતાવવાનો છે તે અતિ સૂક્ષ્મ હોવાથી બહુ વિચાર કરીને તે સમજવા યોગ્ય છે

પ્રથમ પૃથક્ત્વવિતર્કસપ્રવિચાર નામના શુક્લધ્યાનના ભેદમાં પૃથક્ને આશ્રિત થયેલો વિતર્ક જે વિચાર તે થાય છે પૃથક્ત્વ એટલે ઘણા ભાવ હોવાપણું વિતર્ક એટલે શ્રુત, અર્થ, વ્યંજન અને યોગના સંક્રમણને વિચાર કરવામાં આવે છે એક અર્થ એટલે પદાર્થનો વિચાર કરીને થોડા વખત પછી બીજા પદાર્થનો વિચાર કરવો, એક પદાર્થ પર થોડા વખત સુધી બરાબર નિરીક્ષણ કરવી એ પદાર્થસંક્રમણ કહેવાય છે એક શબ્દ પર વિચાર કરીને બીજા શબ્દ પર સંક્રમણ કરવું

એટલે એક શબ્દનો લાગલગાટ વિચાર કરીને બીજા શબ્દનો વિચાર કરવો એ વ્યંજનસંક્રમણ કહેવાય છે. મન, વચન ને કાયાના યોગો પૈકી એક યોગ પર કોઈ વખત સ્થિર રહી, બીજા પર ત્યારપછી સંક્રમણ કરવું એનું નામ યોગસંક્રમણ કહેવાય છે એવી રીતે આ પ્રથમ શુક્લધ્યાનના વિભાગમાં એક પદાર્થથી બીજા પદાર્થ પર, એક શબ્દથી બીજા શબ્દ પર અને એક યોગમાંથી બીજા યોગમાં સંક્રમણ થયા કરે છે. અત્યાર સુધી ધર્મધ્યાનમાં બહારની વસ્તુનું અવલંબન હતું તે દૂર થઈને હવે પોતાનું જ્ઞાનદ્વારા અવલંબન થાય છે, વિશુદ્ધ અવલોકનાપૂર્વક તેની આલોચના થાય છે અને કોઈ વખત સુધી તેમાં સ્થિરતા થાય છે; તેની જ રીતે યોગમાંના ગમે યોગ પર વારાફરતી સંક્રમણ થયા કરે છે. એક વસ્તુનો નિત્ય પર્યાય લીધો તો તે પર કેટલોક વખત સ્થિરપણે ધ્યાન થાય છે, વળી બીજા પર્યાય પર વિચારણા થાય છે ને પ્રથમનું વિચારણાપણ ચાલ્યા કરે છે આવી રીતે અમુક દ્રવ્યના પર્યાય પર એક પછી એક વિચાર ચાલ્યા કરે છે. ચૌદ પૂર્વધર અને શાસ્ત્રયોગીના અભ્યાસથી આ ધ્યાનમાં સ્થિર થઈ શકે છે. આટલા ઉપરથી આ ધ્યાન શ્રુતજ્ઞાનઅપેક્ષિએ ઘણું ઊંચું પ્રસન્ન છે એમ સમજાય છે વાત એમ છે કે—શ્રુતજ્ઞાનમાંથી કોઈ વખત એક પદાર્થ અથવા તેનો પર્યાય લઈ તેના પર એક પછી એક પર્યાયદૃષ્ટિએ ધ્યાન કરે છે આ ધ્યાનને સવિતર્ક અને સવિચાર કહેવાનું કારણ એ છે કે—અહીં એક પછી એક વિતર્ક શ્રુતોપદેશના અવલંબને હોય છે એક પર્યાયથી બીજા પર્યાય પર વિચારણા ચાલ્યા કરે છે અને પર્યાયોએ શબ્દસંક્રમણ

પણ થયા કરે છે આવી રીતે વસ્તુતત્ત્વ પર વિચારણા સ્થિર
કરવાથી અને એક પર્યાયથી બીજા પર અને એક યોગથી બીજા
યોગ પર ગમન કરવાથી પ્રાણી એકત્વવિચારણા સ્થિર કરે છે
અને પછી શુક્લધ્યાનના બીજા પાયા પર આવતાં બીજા એકત્વ
વિતર્ક અપ્રવિચાર ભેદ પર આરોહણ કરે છે પ્રથમ પૃથક્ત્વપણા
ઉપર વિચાર કરતાં કરતાં જ્યારે તેને સ્થિરતા થાય છે અને
મનની શુદ્ધિ થાય છે ત્યારે આત્મવીર્યથી તે એકત્વપણાનો
વિચાર કરવાને યોગ્ય થાય છે આ એકત્વવિચારણામાં એક જ
યોગથી પરોવાય છે વસ્તુઓમાં એકત્વ દેખે છે અને તેના પર
જ સ્થિરતા થાય છે અહીં એક યોગમાંથી બીજા યોગમાં
સંક્રમણ કરવાનું રહેતું નથી. અહીં એક દ્રવ્ય એક પર્યાય
અને એક પુદ્ગલનું તે ધ્યાન કરે છે દ્રવ્યમાં રહેલ પર્યાયમાં
ભિન્ન હોવા છતાં રહેલી અંતિમ એકતા અનુભવે છે અને
તેના વિશિષ્ટ અનુભવને લીધે પ્રથમ જે પૃથક્ત્વનું ધ્યાન તેને
થતું હતું તેના કરતાં અતિ ઉન્નત સ્થિતિ અનુભવે છે આ
વિશિષ્ટ ધ્યાનથી તેનામાં એટલો બધો વધારો થઈ જાય છે
અને શુદ્ધિ એટલી સારી થઈ જાય છે કે અત્યાર સુધી સર્વ
વસ્તુઓનો બોધ થઈ શકે એવું જ્ઞાન આવરણ પામ્યું હતું
તે આવરણ આના પ્રભાવથી ખસી જાય છે અને આવરણ દૂર
થયે અંદર રહેલ અચિંત્ય પ્રભાતેજયુક્ત સૂર્યનો પ્રકાશ પ્રગટ
થાય છે આ દ્વિતીય વિભાગને તેટલા માટે એકત્વવિતર્ક
અપ્રવિચાર ધ્યાન કહેવામાં આવે છે અહીં પૃથક્ત્વવિચારમાં
અને એકત્વવિચારમાં દ્રવ્યની ચિંતવના થાય છે તે શાસ્ત્ર
આધારપૂર્વક થાય છે અને તેથી સ્થિર યોગથી વિચારણા કરવાની

યોગવાળા પૂર્વધરને થાય છે આ બન્ને ભેદોમાં અવકાશ નામનું રહે છે અને તે શુક્લધ્યાનનું ક્ષેત્ર છે. જ્યારે ઉત્પાદ, વ્યય સ્થિતિ વગેરે પર્યાયોની એકયોગવાળું રહસ્ય પોતાપણે સ્પષ્ટ દેખાય છે ત્યારે શુક્લધ્યાનનો બીજો ભેદ પ્રાપ્ત થાય છે.

આ બીજો ભેદ પ્રાપ્ત થાય છે એટલે તેની ઉપરની સ્થિતિમાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મોનો સર્વથા ક્ષય અને સત્તામાંથી નાશ થાય છે અને પછી તેને કેવળ જ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થાય છે અહીં નિરાલંબનપણું પ્રાપ્ત થાય છે પછી અનેક પ્રકારના પરોપકાર કરી અનેક જીવોને ઉપદેશ આપી તીર્થંકરપણે અથવા જિન(સામાન્ય કેવળી) તરીકે આ લોકમાં વિચરી ઉદયે આવતી કર્મો (વેદનીય નામ, ગોત્ર અને આયુષ્ય)નો પણ ક્ષય કરવાની સ્થિતિએ તે આવે છે. જ્યારે આ પ્રાણી સામાન્ય કેવળી તરીકે હોય છે ત્યારે તેની જે સ્થિતિ થાય છે અને તે યોગ સંબંધમાં તથા ધ્યાન સંબંધમાં કેવી રીતે વર્તતા હોય છે તે વિચારવા પહેલાં આપણે તીર્થંકરપણાની મહિમા જરા ખ્યાલ કરી જઈએ.

કેવળ જ્ઞાનદર્શન આવરણીય કર્મોના નાશથી કેવળ જ્ઞાન દર્શન થાય છે ત્યારે અતીત, અનાગત અને વર્તમાન સર્વ વસ્તુઓના ભાવો તે પ્રાણી દરેક સમયે દેખે છે અને જાણે છે અથવા અન્ય મતે સમયાંતરે જ્ઞાનદર્શનનો ઉપયોગ થયા કરે છે આની સાથે પૂર્વ ભવમાં તીર્થંકરનામકર્મનો જે બંધ કરી

* ધ્યાનના પ્રથમ ભાગ વખતે હોય છે

હોય છે તેનો ક્ષય થવું થાય છે એ તીર્થંકરનામકર્મના ઉદય-
થી અનેક દેવો, સુરો અને અસુરો પ્રભુની સેવા કરે છે તેને
અતિ માન આપે છે અને તેની પૂજા અસાધારણ રીતે થાય
છે દેવતાઓ પ્રભુને માટે અતિ અદ્ભુત સમવસરણ કરે છે
અને તેમાં સ્ફટિક ઉપર બેસી પ્રભુ દરરોજ એક પહોર સુધી
ભવ્ય પ્રાણીઓ પર ઉપકાર કરવાની બુદ્ધિથી દેશના આપે છે તે
વખતે બાર પર્ષદા જેમા દેવ દાનવ અને મનુષ્યો પોતાની
યોગ્યતા પ્રમાણે બેઠા હોય છે તે સર્વ બહુ ધ્યાનથી સાંભળે
છે પ્રભુને ચોત્રીશ અતિશય હોય છે તે સર્વ અતિ એશ્વર્ય
બતાવનાર, મહાપુણ્યકર્મસંચયનું ફળ બતાવનાર અને દુનિયા
માં પૂજા કરાવનાર હોય છે સમવસરણમાં જ્યારે પ્રભુ દેશના
આપે ત્યારે ચતુર્મુખે બેઠેલા દેખાય છે (કારણ કે ત્રણ બાજુ
ભગવાનની જેવી જ મૂર્તિઓ દેવતાઓ સ્થાપિત કરે છે) અતિ
ચમત્કારિક વાણીથી પ્રભુ દેશના આપે છે અને વાણીના અતિ
શયથી દરેક પ્રાણીને પોતાને ઉદ્દેશીને અને પોતાની ભાષામાં
પ્રભુ બોલતા હોય એમ લાગે છે પ્રભુની દેશના એવી સુંદર
રીતે સ્યાદ્વાદી અને એવો સુંદર બોધ કરનારી હોય છે કે એના
શ્રવણથી અનેક પ્રાણીઓ મિથ્યાત્વ દૂર કરી સમ્યગ પર આવી
જાય છે અને પોતાની જાતને પ્રગતિમાં મૂકી દે છે પ્રભુના
જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય અને અપાયાપગમાતિશય
બહુ આશ્ચર્યકારક હોય છે અનંત જ્ઞાન હોવાથી દેશના બહુ અર્થ
યુક્ત અને વચનાતિશયથી વચનના અનેક (૩૫) ગુણોવાળી
ગંભીર નીકળે છે પૂજાતિશયથી તેઓ જ્યાં જાય ત્યાં તેમની
દેવસુરોથી પૂજા થાય છે તે અસાધારણ પ્રકારની કે ઉપર ઉપર-

ના દેખાવથી નહિ, પણ તેઓની અસાધારણ શક્તિથી પ્રાણીના અંતરમાંથી શત્રુભાવ છૂટે છે અને તેઓની પૂજા કરી એમાં આવું પોતે પોતાની ફરજ બજાવતા હોય એમ અંતઃકરણપૂર્વક સમજે છે એ ઉપરાંત પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં વ્યાધિનો ઉપદ્રવ, દુકાળ કે એવી કોઈ ઉપાધિ થતી નથી. વળી તીર્થંકરનામકર્મના ઉદયથી આઠ મહાપ્રાતિહાર્ય નિરંતર સાથે રહે છે: પ્રભુની પાછળ ભામંડળ ચાલે છે તેની પ્રભા સૂર્યની પ્રભા કરતાં પણ વિશેષ હોય છે અને તે સર્વ દિશાને પ્રકાશ કરતું હોય છે. સમવસરણમાં સુંદર અશોક વૃક્ષ હોય છે તે પ્રભુ વિહાર કરે ત્યારે પણ આકાશમાં ચાલે છે અને તેની ડાળીઓ પવનથી ચાલ્યા કરે છે. દેવતાઓ પુષ્પની વૃષ્ટિ સમવસરણમાં અને પ્રભુ વિચરે ત્યાં કર્યા કરે છે. પ્રભુ દેશના દે છે ત્યારે તેમના સ્વરમાં દિવ્ય ધ્વનિનો ઝણકાર દેવો તરફથી થયા કરે છે, પ્રભુ દેશના દે તે વખતે તેમ જ વિહાર કરે ત્યારે પણ બન્ને બાજુ ચામર વિંઝાયા કરે છે. અતિ વિશિષ્ટ પાદપીઠવાળા સિંહાસન ઉપર પ્રભુ આસન કરે છે, પ્રભુ વિહાર કરે છે ત્યારે સિંહાસન પણ આકાશમાં ચાલે છે. આકાશમાં દેવતાઓ દુંદુભિ વગાડે છે અને પ્રભુના મસ્તક પર ત્રણ છત્ર નિરંતર રહે છે. આ આઠ મહાપ્રાતિહાર્યોની અતિ અદ્ભુત શોભા બહુ આકર્ષક લાગે છે અને આમ, મધ્યમ અને ઉત્તમ અધિકારી પર બહુ સારી જુદી જુદી પ્રકારની અસર કરે છે. પ્રભુ જ્યાં વિચરે છે ત્યાં પવન અનુકૂળ વાય છે. પ્રભુ વિચરે છે ત્યારે વૃક્ષો પણ નમતા જાય છે. પ્રભુ જે પ્રદેશમાં વિચરે છે ત્યાં પ્રાણીઓ પોતાનું કુદરતી વેર ભૂલી જાય છે અને સર્વ

ઇંદ્રિયના અર્થો [illegible] મનોજ્ઞ થઇ જાય છે. પ્રભુનાં નખ અને રોમ વધતાં નથી. પ્રભુનો આહારવિહાર માણસ આદિ દેખી શકતા નથી અને પ્રભુનો શ્વાસોચ્છ્વાસ કમળ જેવો સુગંધી હોય છે. પ્રભુ જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાં દેવો તેમની આગળ રત્નનિર્મિત ધર્મધ્વજ ચલાવે છે. પ્રભુની સાથે જમીન પર નવ કમળો ચાલે છે. તેમાંનાં બે બે દરેક પગલે આગળ આવે છે. તેના પર પગ મૂકે છે અને કરોડોની સંખ્યામાં દેવો નિરંતર પ્રભુની સેવામાં તેમના અતિ ઉજ્જ્વળ ગુણોથી આહ્લાદિત રહે છે અને પોતાની શક્તિ પ્રમાણે પ્રભુપદની સેવા કરી જન્મને ધન્ય માને છે. આવી અનેક સમૃદ્ધિ તીર્થંકર-નામકર્મના ઉદયથી થાય છે પણ પ્રભુ તેમાં અલિપ્ત રહે છે. એમના મન પર ઇંદ્રભૂતિ-ગૌતમ જેવાની એકાંત પ્રીતિ અને ગુણદૃષ્ટિએ અસર કરી નહિ. એમના પર અનેક દેવોની પૂજાએ અસર કરી નહિ અને ગોશાળાના ઉપદ્રવે પણ અસર કરી નહિ એ તેઓના ચિત્તની અતિ ઉચ્ચ સ્થિતિ બતાવે છે. આવી રીતે તીર્થંકરનામકર્મના ઉદયથી અનેક પ્રકારની ઋદ્ધિ પ્રાપ્ત થાય છે તેનું જો વર્ણન કરવામાં આવે તો પુસ્તકો ભરાય. એમના પ્રાતિહાર્યનું વર્ણન, ચોત્રીશ અતિશયની મહત્તા અને વાણીના રૂપ-ગુણો જનની ધારણામાંથી ઘણું ઉત્કૃષ્ટ હોવાથી અત્યંત આનંદ આપે છે.

હવે સામાન્ય કેવળીની શુક્લધ્યાનને લીધે ઉત્પન્ન થયેલ જ્ઞાન થયા પછી થતી સ્થિતિ, યોગને અંગે થતી આશ્રવ વગેરે અને કર્મક્ષયને અંગે થતી અતિ વિશુદ્ધ અવસ્થા આપણે વિચારીએ. સામાન્ય કેવળીઓ પણ આયુષ્યકર્મ બાકી હોય તો

પૃથ્વી ઉપર વિહાર કરી અન્ય જીવોને સન્માર્ગ બતાવનારૂં દેશના આપે છે એમને પણ ચાર બાકી કર્મોનો ક્ષય કરવો હોય છે અને આયુનાં ચાર અઘાતી કર્મો રહેલાં હોય છે. આયુકર્મના પ્રમાણમાં જેમને બાકીનાં કર્મો વધારે રહે છે તેઓ આયુષ્યના છેલ્લા છ માસ બાકી રહે તે વખતે કેવળી-સમુદ્ઘાત કરે છે અને તે ક્રમ બાકીનાં નામ, ગોત્ર ને વેદનીય કર્મોને આયુકર્મની સમાન સ્થિતિમાં લાવી મૂકે છે. એટલે એ કેવળીસમુદ્ઘાતદ્વારા વધારાનાં કર્મો પ્રદેશથી ભોગવી ફેંકી દે છે તીર્થંકર અને સામાન્ય કેવળી બન્ને સમુદ્ઘાત કરે છે કેવળીસમુદ્ઘાત આઠ સમયમાં થાય છે. પ્રથમ સમયે દંડ કરે છે એટલે ઊર્ધ્વ શ્રેણીએ અને અધો શ્રેણીએ લોકાન્તપર્યંત આત્મપ્રદેશને સીધા ગોઠવે છે બીજા સમયે કપાટ કરે છે એટલે દંડની બન્ને બાજુએ આત્મપ્રદેશને વિસ્તારી લોકાન્તપર્યંત લઈ જાય છે ત્રીજે સમયે મંથાન કરે છે એટલે મંથાનની જેમ ચોતરફથી આત્મપ્રદેશ વિસ્તારે છે અને ચોથે સમયે વચ્ચે રહેલા આંતરાઓ આત્મપ્રદેશથી પૂરે છે; આવી રીતે ચોથા સમયે દરેક આત્મપ્રદેશ પર એક આ પ્રદેશ ચૌદ રાજલોકમાં પૂરી તેના પર રહેલી વધારાની કર્મવર્ગણાને ખંખેરી નાખે છે પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે તેથી ઉલટી ક્રિયા કરી અંતર, મંથાન, કપાટ અને દંડને ખેંચી લે છે. આવી રીતે સમુદ્ઘાત કરી આઠમા સમયે અસલ સ્થિતિમાં આવે છે. આ કેવળીસમુદ્ઘાત અતિ આશ્ચર્ય ઉપજાવે તેવી હકીકત છે અને તે જેમને આયુકર્મ કરતાં બીજાં ત્રણ કર્મોનાં દળો વધારે રહેલાં હોય


એવા કેવલજ્ઞાનવાળાને જ થાય છે. કેવળી ભગવાન આ વખતે યોગનિરોધ કરતાં પ્રથમ બાદર કાયયોગમાં સ્થિતિ કરી બાદર વચનયોગને સૂક્ષ્મ કરી નાખે છે. (બાદરનો ક્ષય કરે છે.) ત્યારપછી સૂક્ષ્મ વચનયોગ અને મનોયોગમાં સ્થિતિ કરી બાદર કાયયોગને પણ સૂક્ષ્મ કરી નાખે છે અર્થાત્ બાદર કાયયોગનો ક્ષય કરે છે, અને છેવટે સૂક્ષ્મ કાયયોગમાં સ્થિતિ કરીને સૂક્ષ્મ વચનયોગ અને મનોયોગનો પણ નિગ્રહ કરે છે આ પ્રમાણેની સ્થિતિને સૂક્ષ્મક્રિય ધ્યાન કહેવામાં આવે છે એ શુક્લધ્યાનનો ત્રીજો વિભાગ છે પછી અયોગી ગુણસ્થાનકનો ઉદય આવે છે અને જેટલો પંચહ્રસ્વાક્ષરનો કાળ બાકી રહે એટલે અ ઇ ઉ ઋ લૃ એટલા અક્ષરોનો ઉચ્ચાર થાય તેટલો વખત બાકી રહે ત્યારે અયોગી ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. ત્યાં સર્વ યોગનો નિરોધ પ્રાપ્ત થાય છે સમુચ્છિન્ન ક્રિયા નામનો શુક્લધ્યાનનો એ ચોથો ભેદ છે અને તે વખતે દ્વિચરમ સમયે કર્મની ૭૨ પ્રકૃતિનો ક્ષય થાય છે અને ચરમ સમયે બાકી રહેલી તેર પ્રકૃતિનો ક્ષય થાય છે સર્વ કર્મો આ ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થવાની સાથે પૂર્ણ થાય છે અને આત્મા તેની અતિ વિશુદ્ધ મૂળ સ્થિતિ પ્રાપ્ત કરવા ઊર્ધ્વ ગમન કરે છે અને જેમ વાયુનો પૂર્ણ પ્રયોગ કરી શક્યો હોય તેથી બાણ એકદમ ધનુષમાંથી છૂટીને ચાલ્યું જાય છે તેમ તે આત્માની ઊર્ધ્વ લોકાન્ત સુધી ગતિ થાય છે તે વખતે તે વદન નિર્મળ, શાંત, નિષ્કલંક, નિરામય નિષ્ક્રિય, નિર્વિકલ્પ થઈ જાય છે અને તે ઉત્કૃષ્ટ સ્થિતિને પ્રાપ્ત કરે છે. અયોગી અવસ્થાનો

થી અનંત સુખાત્મક ચિદ્ઘનાનંદ સ્વરૂપને શાશ્વત કાલ
નિવૃત્તિ નગરીએ જતાં તેને જરા પણ વખત લાગતો નથી.

મોક્ષમાં એવા પ્રકારનું સુખ છે કે તેનું વર્ણન કરવું
અશક્ય છે. કારણ કે મનુષ્યનાં કે દેવતાદિનાં ઉત્કૃષ્ટ સુખ
કરતાં તે અનંતગણું વધારે છે. ત્યાં નિદ્રા નથી, તંદ્રા નથી,
કોઈનો ભય નથી, જરા પણ ભ્રાન્તિ નથી, રાગ નથી, દ્વેષ
નથી, પીડા નથી, દુઃખ નથી, શોક નથી, મોહ નથી, જરા
નથી, જન્મ નથી, મરણ નથી અને બીજી કોઈ પણ પ્રકારની
ઉપાધિ નથી; એટલું જ નહિ પણ ત્યાં ક્ષુધા નથી, તૃષા નથી,
ખેદ નથી મદ નથી, ઉન્માદ નથી, મૂર્છા નથી અને વૃદ્ધિ કે
ક્ષય નથી. તેમને એટલો આત્મિક વૈભવ હોય છે કે તેનો
ખ્યાલ કરવો–તેની કલ્પના કરવી તે પણ અશક્ય છે. એ
સિદ્ધ ભગવાન્ શરીરરહિત છે, ઇન્દ્રિયરહિત છે, વિષયરહિત
છે, નવીન કર્મના બંધથી રહિત છે અને અનંત વીર્યથી યુક્ત
છે; વળી તેઓ પરમાત્મસ્વરૂપને પામેલા છે, પરિપૂર્ણ છે,
સનાતન છે, પરમજ્યોતિનો આવિર્ભાવ અનુભવનારા છે, સંસાર-
સાગરને તરી ગયેલા છે, કૃતકૃત્ય છે અને અચલ સ્થિતિમાં
નિરંતર રહેનારા છે.

સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થવા પહેલાં ચૌદમા ગુણસ્થાનકે
અયોગી અવસ્થા પ્રાપ્ત થાય છે અને એ શુક્લધ્યાનની અતિ
ઉત્કૃષ્ટ દશા છે તેથી અહીં સમાધિની જરૂર રહેતી નથી અને
યોગાંગ તરીકે સમાધિની જે વ્યાખ્યા આપી છે તેવી સમાધિ
તો શુક્લધ્યાનની શરૂઆતથી જ થાય છે. આટલાજ યોગકાર
ધ્યાન અને સમાધિમાં ફેર બતાવતા કહે છે કે-ધ્યાનમાં ધ્યેયનું

અને વૃત્તિનું પૃથક્ ભાન હોય છે અથવા ધ્યાનમાં એકાકાર વૃત્તિનો પ્રવાહ વિચ્છિન્ન હોય છે ત્યારે સમાધિમાં તે અવિચ્છિન્ન હોય છે આ સ્થિતિ એકત્વવિચાર શુક્લધ્યાનમાં પણ પ્રાપ્ત થાય છે, આથી જૈન યોગમહર્ષિઓએ શુક્લધ્યાનના ચતુર્થ વિભાગમાં ધ્યાનની–યોગની ઉત્કૃષ્ટ અવસ્થા સ્વીકારી છે કેવળજ્ઞાની કેવલાવસ્થામાં વર્તે છે ત્યારે તેની ધ્યાનાંતર દશા હોય છે, તે વખતે તે કંઈ ધ્યાન કરતા નથી. શુક્લધ્યાનના બે વિભાગ ધ્યાતા હોય છે. બાકીના બે વિભાગ અન્તાવસ્થાએ આવવાના હોવાથી બાકી હોય છે આ પ્રમાણે શુક્લધ્યાનની સ્થિતિ છે સમાધિ નામના યોગના આઠમા અંગની પણ અહીં વિચારણા થઈ ગઈ. તેની જુદી વિચારણા કરવાની જરૂર નથી.



વિષયાનુક્રમ*

આ પુસ્તકની સૂચિના છે.

* અનુક્રમ ગુજરાતી અક્ષર અ થી જ્ઞ સુધી રાખ્યો છે. [illegible]

વિષય	પૃષ્ઠ

વિષય પૃષ્ઠ

વિષય	પૃષ્ઠ